# Tribal Movement of Motilal Tejawat and Govind Guru : A Comparative Study

# મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂનું આદિવાસી આંદોલન : એક તુલનાત્મક અભ્યાસ

❀❀❀

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિષયમાં
પીએચ.ડી.ની પદવી માટે રજૂ કરેલ
**મહાશોધ નિબંધ**

❀❀❀

❖ સંશોધક ❖
**ભણાત સ્ટેન્લી એ.**
*આસિસ્ટન્ટ પ્રોફેસર,*
*સમાજશાસ્ત્ર ભવન,*
*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,*
*રાજકોટ.*

❀❀❀

❖ માર્ગદર્શક ❖
**ડૉ. હેમીક્ષાબેન રાવ**
*પ્રોફેસર અને અધ્યક્ષ,*
*સમાજશાસ્ત્ર વિભાગ,*
*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,*
*રાજકોટ.*

૨૦૦૬

# પ્રમાણ પત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે *પ્રા. ભણાત સ્ટેન્લી એ* પીએચ.ડી.ની પદવી માટે મહાશોધ નિબંધ *"મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂનું આદિવાસી આંદોલન : એક તુલનાત્મક અભ્યાસ"* મારા માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ છે. હું આ મહાશોધ નિબંધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિષયની પીએચ.ડી.ની પદવી રજૂ કરવાની આથી અનુમતિ આપુ છું. આ તેમનું મૌલિક કાર્ય છે. જેનો કોઈ અંશ ક્યાંય પ્રકાશિત થયેલ નથી.

સ્થળ : રાજકોટ

તારીખ : માર્ગદર્શક

**ડૉ. હેમીક્ષાબેન રાવ**
***પ્રોફેસર અને અધ્યક્ષ***
***સમાજશાસ્ત્ર વિભાગ***
***સૌરાષ્ટ્ર યુનિવર્સિટી***
***રાજકોટ.***

## આભાર દર્શન

વિભિન્ન સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં સામાજિક આંદોલન અને તેમાં આદિવાસી આંદોલન વિશેના અભ્યાસો તરફનો ઝોક ધીમે ધીમે વધતો જોવા મળે છે. મારા આ અભ્યાસમાં સ્વાતંત્ર્ય પૂર્વે થયેલાં આદિવાસી આંદોલનો તેમજ વિશેષ મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂના આદિવાસી આંદોલનો કે જે આદિવાસી વિસ્તારમાં અત્યાચાર અન શોષણની સામે ગુજરાત અને રાજસ્થાનની સરહદી વિસ્તારમાં આદિવાસીઓ દ્વારા મોટા પાયે વિરોધ કરવામાં આવ્યો હતો. આ વિરોધને આંદોલન સ્વરૂપે સમાજશાસ્ત્રીય દષ્ટિબિંદુથી તુલનાત્મક અભ્યાસ કરવાનું વિચાર્યુ હતું.

પ્રસ્તુત અભ્યાસમાં મારા માર્ગદર્શક અને સમાજશાસ્ત્ર ભવનના અધ્યક્ષ ડો.હેમીક્ષાબેને સંશોધન વિષયમાં સતત પ્રોત્સાહન અને પ્રેરણા પુરી પાડી છે તેમજ તેમણે વિષયમાં સ્પષ્ટીકરણ અને યોગ્યે માર્ગદર્શન પૂરું પાડયું છે. તેમજ તેમનો કિમતી અને અમૂલ્ય સમય આપી સલાહ સૂચનો પૂરાં પાડયાં છે. તેમનો સંપૂર્ણ સહકાર આ સંશોધનમાં મને પ્રાપ્ત થયો છે. જે એક જ શબ્દમાં કહું તો તે મારા માટે અવિસ્મરણીય છે તેમનો અંતઃકરણ પૂર્વક હું આભાર માનું છું અને મારું ૠણ વ્યકત કરું છું.

આ મહાશોધ નિબંધમાં તુલનાત્મક મૂલ્યાંકન કરવામાં કેટલીક ગેરસમજો દૂર કરવા માટે ડો. વિદ્યુતભાઈ જોશીનો પણ અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. તેમજ ડો.ચન્દ્રકાન્તભાઈ વાઘેલાનો પણ કેટલાંક સૂચનો પ્રાપ્ત થયા છે માટે તેમનો પણ આભાર વ્યકત કરું છું.

આ મહાશોધ નિબંધ રજૂ કરવામાં સતત પ્રેરણારૂપ એવા પૂર્વ કુલપતિ, ડો.આમ્રપાલિબેન મર્ચન્ટનો આભારી છું તેમજ ડો. મનુભાઈ મકવાણા, ડો. જયપ્રકાશભાઈ ત્રિવેદીનો આભાર માનું છું અને સંશોધનમાં પ્રોત્સાહિત કરનાર ડો. ઝવેરભાઈ પટેલ, ડો. કાન્તાબેન, ડો. હરેશભાઈ, ડો. ચંદ્રિકાબેન, ડો. ગૌરાંગભાઈ, ડો. લીનાબેન તથા પ્રા. જયશ્રીબેનનો પણ આભાર માનું છું.

આ સંશોધનમાં મારા પત્ની શારોની, માતાપિતા શ્રીમતી મંજૂલાબેન અને શ્રી અનિલભાઈનો ઉત્સાહ ટકાવી રાખવામાં ફાળો અનન્ય છે. તેમજ શ્રીમતી પુષ્પાબેન, ડો. નોયલેટબેન, શ્રીમતી મનોરમાબેન, શ્રીમતી આફિયાબેન, શ્રી જોયેલ ભણાત અને સ્મિતાબેન જે. ભણાતનો પણ સંશોધન કાર્યમાં સહકાર સાંપડયો છે જેનો આભારી છું.

મારા મિત્રો ડો. રાકેશભાઈ જોશી, ડો. યજ્ઞેશભાઈ જોશી, ડો. બી.કે. કલાસવા, ડો. પંકજ વલવાઈ, ડો. દીપક પટેલ, ડો. રાજેન્દ્રસિંહ રાઠોડના સહકાર માટે આભાર માનું છું. આ મહાશોધ નિબંધને ટાઈપ કરી આપનાર શ્રી શાહભાઈનો આભાર માનું છું.

સ્ટેન્લી ભણાત

# અનુક્રમણિકા


| | પૃષ્ટ ક્રમાંક |
|---|---|
| **પ્રકરણ-૧ સંશોધન આયોજન** | ૦૦૧-૦૧૯ |
| ❀ પ્રસ્તાવના | |
| ❀ સંશોધન સમસ્યા | |
| ❀ અભ્યાસ વિષયની પસંદગી | |
| ❀ અભ્યાસ ક્ષેત્ર | |
| ❀ અભ્યાસના હેતુઓ | |
| ❀ અભ્યાસનું મહત્વ | |
| ❀ અભ્યાસ પદ્ધતિ | |
| ❀ માહિતીનું એકત્રિકરણ | |
| ❀ અભ્યાસની મર્યાદા | |
| ❀ અભ્યાસનું પ્રકરણીકરણ | |
| **પ્રકરણ - ૨ સામાજિક આંદોલનની ઐતિહાસિક પૃષ્ટભૂમિકા** | ૦૨૦-૦૯૩ |
| ❀ પ્રસ્તાવના | |
| ❀ સામાજક આંદોલનનો અર્થ | |
| ❀ સામાજિક આંદોલનના લક્ષણો | |
| ❀ સામાજિક આંદોલનના અભિગમો | |
| ❀ સામાજિક આંદોલનના પ્રકારો | |
| ❀ ભારતમાં આદિવાસી આંદોલન | |
| ❀ આદિવાસીમાં સામાજિક સુધારણા | |
| **પ્રકરણ - ૩ સંદર્ભ સાહિત્યની સમીક્ષા** | ૦૯૪-૧૨૩ |
| ❀ પ્રસ્તાવના | |
| ❀ આદિવાસી આંદોલનના અભ્યાસો | |

**પ્રકરણ-૪** ૧૨૪-૧૫૭

**મોતીલાલ તેજાવતનું આંદોલન**

❀ પ્રસ્તાવના

❀ મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન

❀ સામાજિક સુધારણા

❀ ધાર્મિક સ્વરૂપ

❀ સમાપન

**પ્રકરણ - ૫** ૧૫૮-૨૧૨

**ગોવિંદગુરૂનું આદિવાસી આંદોલન**

❀ પ્રસ્તાવના

❀ ગોવિંદગુરૂનું આંદોલન

❀ *ભગત આંદોલનના સિદ્ધાંતો*

❀ સામાજિક અને ધાર્મિક સુધારણા ચળવળ

❀ *આંદોલનનાં કારણો*

❀ ૧૯૧૩ ના ભીલોના બળવાની ઘટનાઓ

❀ આંદોલનનાં પરિણામો

❀ માનગઢ હત્યાકાંડ

❀ ભગત આંદોલનની અસર

❀ રાજકીય અસર

❀ સમાપન

**પ્રકરણ-૬** ૨૧૩-૨૪૯

**તુલનાત્મક મૂલ્યાંકન**

**પરિશિષ્ટ** ૨૫૦-૨૬૦

૧. સંદર્ભ ગ્રંથો

૨. મોતીલાલ તેજાવતના આંદોલનની – તવારીખ

૩. ગોવિંદગુરૂના આંદોલનની – તવારીખ


❀❀❀

# પ્રકરણ-૧
# સંશોધન આયોજન

- ❀ પ્રસ્તાવના
- ❀ સંશોધન સમસ્યા
- ❀ અભ્યાસ વિષયની પસંદગી
- ❀ અભ્યાસ ક્ષેત્ર
- ❀ અભ્યાસના હેતુઓ
- ❀ અભ્યાસનું મહત્ત્વ
- ❀ અભ્યાસ પદ્ધતિ
- ❀ માહિતીનું એકત્રિકરણ
- ❀ અભ્યાસની મર્યાદા
- ❀ અભ્યાસનું પ્રકરણીકરણ

# પ્રકરણ-૧
# સંશોધન આયોજન

## ❀ પ્રસ્તાવના :

માનવ સમાજ સામાજિક સબંધોની જટીલ સંરચના છે. તેમાં સતત પરિવર્તન થયા કરતું હોય છે. સમાજમાં સામાજિક સબંધો ઉપર વિભિન્ન પરિબળોની અસર થયા કરે છે. ભારતમાં બ્રિટિશ શાસનના ૨૦૦ વર્ષોએ ભારતીય સમાજ, પરંપરા, વિચારધારા અને વ્યવસ્થા ઉપર મોટી અસર ઊભી કરી હતી. ભારતમાં વિભિન્ન પ્રદેશ, જૂથ સમુદાયની સંસ્કૃતિ અને બીજી સંસ્કૃતિનું મિશ્રણ, જુદા જુદા સમયે પડેલા વિવિધ પ્રભાવો પરિવર્તનની પ્રક્રિયાએ દરેક પ્રદેશ, સમૂહ, જૂથના સમૂહમાં અલગ અલગ સ્વરૂપે અસર કરેલી જોવા મળે છે. વિકસિત સમાજ, શહેરી સમાજમાં સંપર્કનાં માધ્યમો અને ઉચ્ચ ટેકનોલોજીને કારણે સમાજમાં પરિવર્તન ઝડપથી આવે છે. જ્યારે દુર્ગમ વિસ્તારોમાં વસતા લોકોની સામાજિક, આર્થિક સ્થિતિ ભિન્ન પ્રકારની હોય છે આથી પરિવર્તનની અસર પણ અલગ સ્વરૂપે જોવા મળે છે, પરંતુ કોઈપણ સમાજ તે પછી વિકસિત હોય કે વિકાસના પરિબળોથી વંચિત હોય, પરંતુ પરિવર્તન તેમાં અવશ્ય જોવા મળે છે. તે ઝડપી ગતિનું હોય કે ધીમી ગતિનું પરંતુ પરિવર્તતના અભાવવાળો સમાજ કહી શકાય નહીં.

પરિવર્તનની પ્રક્રિયામાં ઔદ્યોગિક ક્રાન્તિ, શહેરીકરણ જીવનના વિભિન્ન ક્ષેત્રમાં નવી નવી શોધ, યંત્રો, વાહન વ્યવહાર, સંદેશા વ્યવહારની સુવિધા વગેરેને કારણે દરેક ક્ષેત્રમાં બદલાવ જોવા મળે છે. તેવી જ રીતે સામાજિક વ્યવસ્થામાં સ્ત્રી, પુરુષ, માલિક મજૂર, રાજાપ્રજા, તથા વિભિન્ન વર્ગો વચ્ચે પારસ્પારિક માળખાઓમાં પરિવર્તન અવશ્ય જોવા મળે છે.

મૈરિલ અને એલ્ડ્રીજ : 'Culture and Society' માં જણાવે છે કે "સામાજિક પરિવર્તન એટલે મોટાભાગના લોકો એવી ક્રિયામાં જોડાયેલા છે કે જેમાં તે ક્રિયામાં હતા તેનાથી અલગ ક્રિયામાં જોડાયેલા હોય છે. સમાજના નિયમ આધારિત માનવ સબંધો એક વિશાળ જાળ અને જટીલ સબંધો આધારે બને છે. જેમાં બધા લોકો ભાગ લે છે અને જયારે માનવ વ્યવહાર સંશોધનની પ્રક્રિયામાં હોય છે ત્યારે એ જુએ છે કે તેનો ઉપાય એ છે કે જેમાં સામાજિક પરિવર્તન થાય"[1]

*ગિલિન અને ગિલિન :*

'Cultural Sociology' તેઓ જણાવે છે કે "સામાજિક પરિવર્તન જીવનનો સ્વીકૃત પ્રકારોમાં પરિવર્તન છે પછી તે ભૌગોલિક પરિસ્થિતિઓમાં વિચારોમાં સાંસ્કૃતિક સાધનોમાં, જન સંખ્યામાં અથવા વિચારધારાઓની રચનામાં પરિવર્તનથી થાય છે અથવા સમૂહની અંદર જ પ્રસાર કે શોધના આધારે લાવવામાં આવે છે."[2]

સામાજિક પરિવર્તના સંદર્ભમાં મેકાઈવર અને પેજ "સામાજિક સબંધોમાં થતા ફેરફારને સામાજિક પરિવર્તન ગણે છે"[3] સામાજિક પરિવર્તન વિભિન્ન સ્ત્રોતો દ્વારા થતું જોવા મળે છે. તેમાં સામાજિક આંદોલન પરિવર્તન માટેનો એક અગત્યનો સ્ત્રોત છે. સામાજિક આંદોલન હંમેશા સમાજમાં કોઈને કોઈ પરિવર્તન અવશ્ય લાવે છે. સામાન્ય રીતે પરિવર્તન સામાજિક વ્યવસ્થામાં બે પરિસ્થિતિઓ દ્વારા પ્રભાવિત થાય છે (૧) બાહ્ય (૨) આંતરિક

(૧) બાહ્ય :

બાહ્ય પરિસ્થિતિ એટલે તેમાં સમાજમાં પરિવર્તન પોતાની મેળે બહારના પરિબળો દ્વારા આવે છે જેમ કે પુર ભૂકંપ, કુદરતી આફતો વગેરે આ પ્રકારના બદલાવ જેમાં ભૌગોલિક પરિબળોનો પ્રભાવ વિશેષ જોવા મળે છે.

(૨) આંતરિક :

આંતરિક પરિસ્થિતિ સમાજની આંતરિક સ્થિતિમાં ફેરફાર થતા પરિવર્તનથી પ્રક્રિયા ઉદ્‌ભવે છે. સામાજિક આંદોલન પરિવર્તનનો એવો સ્ત્રોત છે જેમાં લોકો પરિવર્તન કરવા માટે પ્રયત્ન કરે છે લોકો સંગઠિત બને છે. આવી પરિસ્થિતિ સમુદાયને અસર કરે છે. આ અસર કોઈ હેતુ, ધ્યેય કારણોને લીધે સમુદાયના ઘણા બધો લોકોને અસરકતા બને છે તેમાંથી આંદોલન જન્મે છે આવી પ્રક્રિયા અત્યંત વેગવાન બને છે ત્યારે તે ક્રાન્તિ બને છે.

લેવિસ કિલિયન જણાવે છે કે "સામાજિક આંદોલનના કોઈપણ અભ્યાસમાં એ બાબત જોવા મળે છે કે મનુષ્યમાં જ્યારે એવી ભાવના ઊભી થાય છે. જેમ કે વ્યક્તિને એવો વિશ્વાસ હોય છે કે તે સામૂહિક રીતે પોતાના હિતો દ્વારા સાંસ્કૃતિક અને સામાજિક પરિવર્તન લાવી શકશે."[૪]

તેમજ એલન ટુરેન જણાવે છે કે "સામાજિક પરિવર્તનની વ્યાખ્યા સમજવા માટે કેટલાક સિદ્ધાંતો જાણવા આવશ્યક છે. જેના આધારે જાણી શકાય કે આંદોલન સામાજિક પરિવર્તનનું કારણ છે. તેમના જણાવ્યા પ્રમાણે પ્રત્યેક આંદોલન ત્રણ સિદ્ધાંતો સાથે જોડાયેલું છે.

(૧) પ્રસ્થાપિતતાનો સિદ્ધાંત :

સામાન્ય રીતે આંદોલનમાં પ્રથમ એ સ્પષ્ટ હોવું જોઈએ કે આંદોલન કોનું પ્રતિનિધિત્વ કરે છે કોના હિતોની રજૂઆત કરવામાં આવે છે આ દષ્ટિકોણ કોઈપણ એક વિશિષ્ટ સમૂહ અથવા સંપૂર્ણ સમાજના સંદર્ભમાં હોઈ શકે છે. જેમાં કામદાર વર્ગ ખેડૂતો, દલિતો, મહિલા, આદિવાસી વગેરે જૂથો તેમના અધિકારો, અત્યાચાર, શોષણ વગેરેના સંદર્ભમાં વિરોધ નોંધાવી આંદોલન ચલાવવામાં આવે છે.

(૨) વિરોધ :

આંદોલનમાં વિરોધની ભાવના મોટાભાગે વિભિન્ન આંદોલનમાં જોવા મળે છે. કેટલાક લોકો વ્યવસ્થાની સામે વિભિન્ન કારણોને લઈને વિરોધ કરે છે. કેટલોક વર્ગ પોત પોતાના જુદા જુદા હિતોની રજૂઆત સત્તા સામે કરે છે તેમાં કયારેક સૂત્રોચ્ચાર થાય છે. આવા સંજોગોમાં સત્તા અને લોકો વચ્ચે વિરોધની સ્થિતિ જોવા મળે છે.

(૩) સમગ્રતા :

જે વ્યવસ્થાઓમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેના માટે આદર્શો, મૂલ્યોનો પ્રભાવ વિશેષ જોવા મળે છે. જેના આધારે સમગ્ર સમાજ ઉપર આ તત્ત્વોના આધારે સાંકળી પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે."[૫]

સામાજિક આંદોલનના સંદર્ભમાં ટુરેન જણાવે છે કે "સામાજિક આંદોલન નિશ્ચિત રૂપથી સામાજિક ક્રિયાનો ભાગ છે. તે સામૂહિક આધાર પર કોઈને કોઈ પરિવર્તન અવશ્ય લાવે છે તેમનું માનવું છે કે સામાજિક આંદોલનના માધ્યમથી નવા મૂલ્યો સ્થાપિત કરી શકાય છે. આધુનિક સમયમાં સમાજ ઝડપથી બદલાઈ રહ્યો છે. તેમાં સામાજિક આંદોલન બદલાતાં સમાજના સંદર્ભમાં પરિવર્તન માટે ખૂબ મહત્ત્વપૂર્ણ જોવા મળે છે."[૬]

ભારતમાં સામંતશાહી વ્યવસ્થાથી માંડી આધુનિક સમાજ સુધી વિભિન્ન જાતિ સમૂહોમાં આંદોલન થતા આવ્યા છે. તેવી જ રીતે આદિવાસી સમાજોમાં પણ ઘણા વર્ષોથી આદિવાસી આંદોલનો અને વિદ્રોહ થતા આવ્યા છે. આદિવાસીઓ દ્વારા તેમની ઉપર થતા અત્યાચાર, શારીરિક, આર્થિક શોષણ વગેરેના સંદર્ભમાં અનેક વિરોધ અને વિદ્રોહ કર્યા છે. આ રીતે જોઈએ તો આંદોલનમાં લોકો પોતાને થતા અન્યાયની સામે પરિવર્તન કરવા માટે લોકો સાથે મળીને કોઈ ચોકકસ વ્યક્તિ અથવા નેતાના નેતૃત્ત્વ આધારે તેમની માગણીઓ પૂરી કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

આદિવાસી આંદોલનોમાં ભારતમાં અને ગુજરાતમાં કેટલાક આંદોલનાં સ્વાતંત્ર્ય પૂર્વે અને બાદમાં થયા હતા. જેમાં ભારતમાં સાંથાલ લોકોનું ઝારખંડ આંદોલન, બોડો આંદોલન, દેવી આંદોલન, વેડછી આંદોલન, ગોવિંદગુરૂનું આંદોલન, મોતીલાલ તેજાવતનું આંદોલન વગેરે આંદોલનો થયાં હતાં.

પ્રસ્તુત અભ્યાસનાં આંદોલનને વૈજ્ઞાનિક રીતે સંશોધન આયોજન આધારે તપાસવામાં આવ્યો છે તેમાં સંશોધન સમસ્યા, અભ્યાસ વિષયની પસંદગી અભ્યાસ ક્ષેત્ર, અભ્યાસના હેતુઓ, અભ્યાસનું મહત્ત્વ, અભ્યાસ પદ્ધતિ માહિતીનું એકત્રિકરણ અને તેની મર્યાદા આધારે વિષયને તાર્કીક રીતે સમજવાનો પ્રયત્ન કર્યો છે.

આ અભ્યાસ સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુ આધારે આંદોલને પરિવર્તનના સ્ત્રોત તરીકે આદિવાસી સમાજમાં કેવા પ્રકારના પરિવર્તનો ઊભાં કર્યા ? આદિવાસી સમાજમાં તેની કેટલી અસર થઈ, કેવા પરિણામો ઊભાં થયાં જેવી બાબતોની મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂના આંદોલનની તુલના કરવાનો હેતુ આ સંશોધન પદ્ધતિમાં રહેલો છે.

## ❀ સંશોધન સમસ્યા :

સામાજિક સંશોધનમાં સંશોધન પ્રશ્નની પસંદગી સંદર્ભમાં કેટલાંક કારણો અને પરિબળો અને પરિસ્થિતિઓની ચર્ચાઓ થાય છે. સામાજિક વિજ્ઞાનોમાં સૈદ્ધાંતિક વિકાસ અને તેના આધારે વિષય પસંદગી વૈજ્ઞાનિકતાના સંદર્ભમાં એક નિર્ણાયક બાબત છે ખાસ કરીને સમાજશાસ્ત્ર અન્ય સામાજિક વિજ્ઞાનોની તુલનામાં મોડુ વિકાસ પામ્યું છે. તેમાં પણ ભારત જેવા વિકસતા દેશોમાં સમાજશાસ્ત્રીય સંશોધનની વ્યવહારુ ઉપયોગીતા કેટલી છે તે અંગેની અસ્પષ્ટતાઓને સંશોધનના પ્રશ્નો આધારે તપાસવા જોઈએ. સમાજશાસ્ત્રીય સંશોધનમાં સામાજિક સમસ્યાઓ મુખ્ય રહેલી છે. ફ્રાન્સની રાજ્ય ક્રાન્તિ, ઈંગ્લેન્ડની ક્રાન્તિ, રશિયન ક્રાન્તિ, ઔદ્યોગિક ક્રાન્તિ, અમેરિકન ક્રાન્તિ વગેરે ક્રાન્તિઓના કારણે સમાજ વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ છે. સમાજો તૂટી ગયા છે તે સમયે આવા સમાજોમાં અનેક સમસ્યાઓ ઊભી થઈ તેનો ઉકેલ કેવી રીતે લાવી

શકાય તેના સંદર્ભમાં સમાજ શાસ્ત્રના ચિંતકો કોમ્ટ, માર્કસ, દર્ખાઈમ, વેબર વગેરે પાયાના સમાજશાસ્ત્રીઓ આગળ આવી સમાજ વિશેના ચિંતનો ચાલુ કર્યા આવી સમસ્યાઓ સંશોધન પ્રશ્ન ઊભો કરે છે સંશોધન પ્રશ્નમાં ગરીબી બેકારી, સ્ત્રીઓના પ્રશ્નો, કામદાર પ્રશ્નો શોષણ દમન વગેરે એવા મુદ્દા છે જેના આધારે સંશોધન કરી વ્યવહારૂ ઉકેલ લાવી શકાય છે.

સામાજિક પરિવર્તન સંદર્ભમાં કેટલાંક પ્રશ્નોને લઈને સમાજમાં લોકો પરંપરાથી માંડી વર્તમાની વ્યવસ્થા બદલવા સામુહિક પ્રયત્નો કરતા આવ્યા છે. લોકોના સ્થાપિત હિતોને લઈને તેઓ વિરોધ કરતા આવ્યા છે. આવા પ્રકારે બ્રિટિશ અને જાગીરદારી સમયમાં કેટલાક પ્રશ્નોને લઈને પ્રસ્તુત અભ્યાસના આંદોલનોમાં વિરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તુત અભ્યાસના સંશોધન પ્રશ્નમાં આંદોલનની સમજૂતી મેળવવી મુખ્ય મુદ્દો છે.

## ❀ અભ્યાસ વિષયની પસંદગી :

બદલાતા સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા જટિલ સમાજ રચનાવાળા સમુદાયો કરતા વધુ અને આગવી સાંસ્કૃતિક રચનાવાળા પ્રજાતિય સમુદાયોમાં વધુ સ્પષ્ટ તથા અસરકારક રીતે ભાગ ભજવતી જોઈ શકાય છે ભારતમાં આવા પ્રજાતિય સમુદાયોની સંખ્યા ઘણી છે જેમાં મુખ્યત્વે આદિવાસી સમુદાયોનો સમાવેશ થાય છે અને સમુદાયો વિશિષ્ટ ભૌગોલિક વિસ્તાર અને આગવું સાંસ્કૃતિક રચનાતંત્ર ધરાવે છે. આઝાદી પછી વિકાસલક્ષી યોજનાઓના સંપર્કની વિપુલતા, વાહનવ્યવહાર, શિક્ષણનો વિકાસ, ઉદ્યોગ અને શહેરોનો વિકાસ વગેરેની આદિવાસી સમુદાય પર ઘણી અસર થઈ રહેલી જોવા મળે છે.

બ્રિટિશ શાસન દરમિયાન આદિવાસીઓ દેશી રાજ્યો અને જાગીરદારોના સંપર્કમાં આપ્યા હતા આ સંપર્કો ઊભા થવાના કારણે દેશી રાજાઓ દ્વારા આદિવાસી પ્રજાઓ પર ભારે અત્યાચાર અને શોષણ કરવામાં આવતું હતું. તેમની સામે

આદિવાસીઓ દ્વારા સ્વાતંત્ર્ય પૂર્વે ઘણા વિદ્રોહ અને બળવાઓ થયા હતા. તેમાં સાંથાલ વિદ્રોહ, ભૂમિજ વિદ્રોહ, ભીલ વિદ્રોહ, મોતીલાલ તેજાવતનું આંદોલન, ગોવિંદગુરૂ આંદોલન, દેવી આંદોલન વગેરે ગણી શકાય આ સંદર્ભમાં અભ્યાસ વિષયના આંદોલનો એક અલગ સ્વરૂપે ઊભા થયા હતા. આ આંદોલનોની નેતાગીરી બિનઆદિવાસી વ્યક્તિઓએ લીધી હતી. આ આંદોલનમાં નેતૃત્વ સંપૂર્ણ જંગલ વિસ્તારમાં ઊભું થયું હતું. આ આંદોલન ભારતમાં ઊભા થયેલા નેતૃત્વના બાબતે જુદાં પડતાં હતાં. લોકો બિનઆદિવાસી નેતાના સંગઠનમાં જોડાયા હતા તેમાં બંન્ને આંદોલનોનું સ્વરૂપ મોટા પાયા પર ઊભું થયું હતું. તેમાં કેટલાક હત્યાકાંડ પણ સર્જાયા હતા અને આંદોલનાં ને સત્તા દ્વારા દબાવી દેવામાં આવ્યું હતું. ઉપરોક્ત પાસાઓને ધ્યાનમાં રાખી અભ્યાસ વિષયની પસંદગી કરવામાં આવી છે.

## અભ્યાસ ક્ષેત્ર

આદિવાસી આંદોલન ભારતમાં અનેક વિસ્તારમાં આદિવાસી ક્ષેત્રમાં થયા હતા. તેમાં ગુજરાતમાં કુલવસ્તીના ૧૪.૮ ટકા આદિવાસી વસ્તી અને રાજસ્થાનમાં ૧૨.૬ ટકા આદિવાસી વસ્તીના પ્રમાણમાંથી ગુજરાત અને રાજસ્થાનને સરહદી ક્ષેત્રમાં મોટા ભાગે આદિવાસી વસ્તી જોવા મળે છે. તેમાં અભ્યાસ વિષય મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂના આંદોલનો થયા હતા. આ આદિવાસી જાતિઓમાં સમાજશાસ્ત્રીઓ કે માનવ શાસ્ત્રીઓના સામાજિક વ્યવસ્થા અને પરિવર્તન સંદર્ભમાં ઘણા ઓછા અભ્યાસો અને તે પણ ૨૦મી સદીના અંત ભાગમાં થયેલા છે જેથી આ ક્ષેત્રે અભ્યાસની દષ્ટિએ વણખેડાયેલી સ્થિતિમાં છે.

આ વિસ્તાર ગુજરાત અને રાજસ્થાનના સરહદી વિસ્તારમાં મોટા ભાગે આદિવાસી લોકો વસવાટ કરે છે. આ પ્રદેશ અરવલ્લીની પર્વતમાળા અને ડુંગરાળ સ્વરૂપ નો છે. તે આખો જંગલ વિસ્તાર છે. આ જંગલ વિસ્તાર આધારે આદિવાસી લોકોનું આર્થિક, સામાજિક માળખું જોડાયેલું હતું. આ વ્યવસ્થા ઉપર જાગીરદારી

વ્યવસ્થામાં કેટલાક નિયંત્રણો ઊભાં થયાં. તેમાં જંગલ અને જમીનના આદિવાસી અધિકારો સીમિત બન્યા હતા આ બંન્ને પ્રદેશમાં મોટાભાગે આદિવાસી લોકો વસવાટ કરતા હોવાના કારણે તેમની આર્થિક અને સામાજિક વ્યવસ્થા સત્તાના નિયંત્રણોથી પ્રભાવિત બની હતી. આથી આદિવાસી લોકો દ્વારા સત્તા અને વ્યવસ્થાની સામે વિરોધ કરી આંદોલન ચલાવ્યું હતું.

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતમાં અને રાજસ્થાનના સરહદી વિસ્તારમાં મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂના આંદોલનને તુલનાત્મક સ્વરૂપે જોવાનો એક પ્રયત્ન કરવામાં આવ્યો છે. સામાજિક આંદોલન પરિવર્તનનો સ્ત્રોત છે અને જેના કારણે સમાજનું માળખુ અંશતઃ કે પૂર્ણ બદલાય છે. તેના માટે સમાજના લોકો સામૂહિક પ્રયત્ન કરે છે. આવા જ પ્રયત્નો આ આંદોલનમાં થયા હતા. લોકો અત્યાચાર અને શોષણનો ભોગ બનવાના કારણે સામાજિક વ્યવસ્થા બદલવા માગતા હતા, પરંતુ બંન્ને આંદોલનો અલગ અલગ પ્રદેશ સાથે જોડાયેલા હતા. બંન્ને પ્રદેશના આંદોલનો તુલનાત્મક અભ્યાસ માટે પસંદ કર્યા તેમાં આ પ્રદેશમાં આંદોલન સબંધી વિસ્તાર મોતીલાલ તેજાવતનું આંદોલન ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા અને રાજસ્થાનના ઉદયપુર, સિરોહી, ચિત્તોડ વગેરે ક્ષેત્રમાં વિશેષ પ્રભાવ જોવા મળે છે. જ્યારે ગોવિંદગુરૂનું આંદોલન ગુજરાતના પંચમહાલ, સાબરકાંઠા અને રાજસ્થાનના વાંસવાડા, ડુંગરપુર, પ્રતાપગઢ, સુંથ ક્ષેત્રમાં વિશેષ પ્રભાવ હતો.

## ❀ અભ્યાસના હેતુઓ :

સામાજિક આંદોલનમાં હેતુઓ અને ધ્યેયો કદી બધા જ આંદોલનમાં એક સરખા હોતા નથી. પ્રદેશે પ્રદેશે તેના વિકાસની પ્રક્રિયાના સંદર્ભમાં ભિન્નતાઓ જોવા મળે છે. તેમાં વૈજ્ઞાનિક નહીં, પરંતુ સામૂહિક ધોરણે સમાન સંકલ્પ અને અભિગમ હોય છે.

સમાજમાં રાજકીય, આર્થિક ચળવળ, બળવા કે આંદોલનો ઉદ્ભવે છે. તેઓ આંતરિક રીતે સમુદાયોમાં પણ ક્રાન્તિ લાવી શકે છે. તેથી સામાજિક પરિવર્તન સંભવે

છે. સમાજમાં હંમેશા દરેક પ્રદેશ સમયે દરેક આંદોલન આવા શકિતવાળા સંભવી શકે તેવું ન પણ બને. કેટલાંક આંદોલનો નિષ્ફળ જાય છે. કેટલાંક કચડી નાંખવામાં આવે છે, કેટલાક આંતરિક ભેદ વિખવાદથી તૂટી જાય છે દરેક આંદોલનોમાં શકયતા, શરતો જુદાં જુદાં હોય છે, પરંતુ તેના મૂળમાં અસંતોષ પાયાની બાબત છે.

આ અભ્યાસમાં મુખ્ય હેતુ ગુજરાત અને રાજસ્થાનના સરહદી વિસ્તારમાં થયેલા મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂના આંદોલનને સમજવા નીચેની બાબતો ધ્યાનમાં રાખી અભ્યાસ કર્યો છે.

(૧) આદિવાસી સમાજની સમજૂતી મેળવવી.
(૨) આ આંદોલનો સબંધી વિસ્તાર અને પ્રસારની સમજૂતી મેળવવી.
(૩) આ આંદોલનનોના ઉદ્ભવના કારણો જાણવાં.
(૪) બંન્ને આંદોલનોમાં સામ્યતા ભિન્નતા અને પારસ્પારિકતાની તપાસ કરવી.
(૫) બંન્ને આંદોલનોમાં બિનઆદિવાસી નેતૃત્વ અને લોકોનું સમર્થન કયા કારણો સર ઊભું થયું તે સમજવું.
(૬) આ આંદોલનમાં અસંતોષનું સ્વરૂપ અને લોકોની પરિસ્થિતિની જાણકારી મેળવવી.
(૭) આ બંન્ને આંદોલનોમાં આદિવાસી લોકોના સામાજિક જીવન પર કેવા પ્રકારે અસર ઊભી થઈ તેની સમજૂતી મેળવવી.
(૮) આ આંદોલનના પરિણામો તપાસવા.

પ્રસ્તુત આ અભ્યાસમાં મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂના આદિવાસી આંદોલન સંદર્ભમાં એક તુલનાત્મક સ્વરૂપે આંદોલનોનો ઉદ્ભવ, સમયગાળો, વિસ્તાર, વિરોધ ઊભો થવા પાછળનાં કારણો કોની સામે વિરોધ ઊભો થયો હતો વિરોધ કરનાર લોકોની સામાજિક, આર્થિક સ્થિતિ કેવા પ્રકારની હતી, બંન્ને આંદોલનમાં સામ્યતા તફાવત કેવા પ્રકારનાં હતાં. નેતૃત્વ કોનું હતું અને આ

આંદોલનની સફળતા નિષ્ફળતા અંગે દ્વૈતીયક માહિતી આધારે તુલનાત્મક અભ્યાસ કરી નિષ્કર્ષ કાઢવાનો આ અભ્યાસનો મુખ્ય હેતુ છે.

## ❀ અભ્યાસનું મહત્વ :

સામાજિક આંદોલન પરિવર્તનના સ્ત્રોત તરીકે પાયાની ભૂમિકા ભજવે છે. સમાજમાં સામાજિક વ્યવસ્થા જુદા જુદા એકમો આધારે નિર્મિત થાય છે. તેમાં વિભિન્ન પાસાઓ સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજનૈતિક વગેરે સામાજિક વ્યવસ્થા ઉપર અસર ઊભી કરી છે. સમાજમાં જયારે સમાજના સભ્યો વ્યવસ્થાથી સંતુષ્ઠ હોતા નથી અને સતત એવા પ્રયત્નમાં રહ્યા કરે છે કે આ વ્યવસ્થાને બદલવી છે. આથી તેઓ સંગઠિત બની જુદા જુદા અભિગમો આધારે આંદોલનમાં જોડાય છે જેને સંઘર્ષવાદી અભિગમ, કાર્યાત્મકવાદી અભિગમ અને મુલ્ય અભિમુખ અભિગમ તરીકે ઓળખવામાં આવે છે. જેનાથી અભ્યાસ વિષયની સમજૂતી આધારે પરિવર્તન સમજી શકાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસનું મહત્ત્વ જુદા જુદા અભિગમો દ્દષ્ટિબિંદુના આધારે આદિવાસી વસ્તી અને સંસ્કૃતિ ધરાવતા લોકો, શિક્ષણનું નહિવત પ્રમાણ ધરાવતા હતા. તેમાં સત્તાની સામે સંઘર્ષવાદી અને સુધારાવાદી અભિગમથી સામાજિક આર્થિક માળખામાં ફેરફાર કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તેને સમજવાનું મહત્ત્વ જોવા મળે છે.

આદિવાસી સામાજિક સુધારણા ઊભી થવાના કારણે આદિવાસી લોકોમાં સામાજિક, આર્થિક, ધાર્મિક ચેતનાનો વિકાસ થવાથી રાજકીય વ્યવસ્થા પર તેની અસર જોવામાં અભ્યાસનું મહત્ત્વ રહેલું છે.

આંદોલનમાં બિનઆદિવાસી નેતૃત્વ આધારે આદિવાસી લોકોનું સંગઠન ઊભું થવાનાં કારણો અને લોકોમાં સહકાર કયા પાયા આધારે ઊભો થયો હતો. તેની જાણકારી મેળવી શકાય છે. સ્વાતંત્ર્ય પૂર્વે ૧૯–૨૧–૨૨માં થયેલી ચળવળ ના કારણે

રાષ્ટ્રીય ચળવળમાં આ આંદોલનની સક્રિયતાનું પ્રમાણ અને વિરોધ સમજવાનું મહત્ત્વ જોવા મળે છે.

આંદોલન સબંધી ઘટના બન્યાનાં કારણો અને પરિણામો વિશેની સમજૂતી મેળવી શકાય છે.

આદિવાસી વિસ્તારમાં વિરોધ ઊભો થવાના કારણે આંદોલન અને સંગઠનના પ્રભાવે સામાજિક, આર્થિક, અને ધાર્મિક પાસાઓમાં કેટલાક પરિવર્તનો ઊભાં કર્યાઃ તેમજ સત્તાના નિયમોમાં કેટલાક ફેરફારો પણ કરવામાં આવ્યા જે એક આંદોલનની અસર અને પરિવર્તન સ્વરૂપે તેમાં જોવા મળ્યા હતા, જે સમાજશાસ્ત્રમાં પરિવર્તનને સમજવામાં મહત્ત્વની ભૂમિકા ધરાવે છે.

આમ પ્રસ્તુત અભ્યાસ સામાજિક વ્યવસ્થામાં સમૂહ દ્વારા ઈચ્છિત દિશામાં થતા ફેરફાર અને તેનાથી પ્રભાવિત થતા સામાજિક માળખાને સમજવામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

## ❀ અભ્યાસ પદ્ધતિ :

સમાજશાસ્ત્રીય ઘટનાઓના અભ્યાસમાં તુલનાત્મક પદ્ધતિ સ્પષ્ટ સ્વરૂપે સૌથી પહેલાં ઈમાઈલ દુર્ખિમે તેમના પુસ્તક 'The Rules of Sociological Method' માં રજૂ કરી છે દુર્ખિમ અનુસાર "સમાજની સામાજિક વ્યાખ્યા કાર્યકારણ સબંધોની સ્થાપના દ્વારા થાય છે અને એક ઘટના બીજી ઘટનાનું કારણ છે. એ જોવા માટે આવી ઘટનાઓનો અભ્યાસ જરૂરી છે. જેમાં બે ઘટનાઓ એક સમયે ઉપસ્થિત છે અથવા અનઉપસ્થિત છે, એમાં એ જોવામાં આવે છે કે એક ઘટના બીજી ઘટના પર કયા સુધી નિર્ભર છે ભૌતિક વિજ્ઞાનમાં કાર્યકારણ સબંધ તપાસવા માટે નિયંત્રિત પરિસ્થિતિઓ પર પ્રયોગ પદ્ધતિથી અભ્યાસ કરવામાં આવે છે"[૭], પરંતુ સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં સામાજિક ઘટનાઓનું નિયંત્રણ મુશ્કેલ હોય છે કારણ કે પ્રયોગ પદ્ધતિથી કાર્યકારણ સબંધની તપાસ થઈ શકતી નથી. આથી દુર્ખિમ અનુસાર, "સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં તુલનાત્મક, પદ્ધતિનો

પ્રયોગ અનિવાર્ય બની જાય છે"[૮] આને દુર્ખિમ અપ્રત્યક્ષ પ્રયોગ પદ્ધતિ તરીકે પણ ગણાવે છે.

રામનાથ શર્મા અને રાજેન્દ્રકુમાર શર્માના મતે "સમાજશાસ્ત્રના અનેક ક્ષેત્રમાં અનેક અભ્યાસોમાં તુલનાત્મક પદ્ધતિથી અભ્યાસ કરવામાં આવ્યો છે. હોબહાઉસ વ્હીલર અને ગિન્સબર્ગ એ આદિમ સમાજોમાં મુખ્ય સામાજિક સંસ્થાઓનો તુલનાત્મક પદ્ધતિથી અભ્યાસ કર્યો છે. તે અભ્યાસમાં આદિમ સમાજોમાં વિભિન્ન પ્રકારની આર્થિક વ્યવસ્થાઓ વચ્ચે તફાવત બતાવવામાં આવ્યો છે અને તે પણ જોવામાં આવ્યું છે કે આર્થિક વ્યવસ્થાના તફાવતના કારણે રાજનૈતિક સંસ્થાઓ અને સામાજિક સ્તરીકરણ પર કેટલો પ્રભાવ પડયો છે. આધુનિક સમયમાં આંતરરાષ્ટ્રીય સમિતિ દ્વારા અમેરિકામાં ઔદ્યોગિક સમાજોમાં સામાજિક સ્તરીકરણ અને સામાજિક ગતિશીલતાના અભ્યાસોમાં તુલનાત્મક પદ્ધતિ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો છે. તુલનાત્મક પદ્ધતિના પ્રયોગના કેટલાક ઉદાહરણો એસ.એમ. લિપસેંટની પુસ્તક 'Political Man" અને બેંડિક્સનું પુસ્તક "Social Mobility in Industrial Society" માં જોવા મળે છે."[૯]

તુલનાત્મક પદ્ધતિઓનો ઉપયોગ વિભિન્ન સમાજોના તુલનાત્મક અભ્યાસ માટે કરવામાં આવે છે. તેમજ આ પદ્ધતિનો પ્રયોગ વિશિષ્ટ સમાજોમાં થતા પરિવર્તનોના અભ્યાસ માટે પણ કરવામાં આવે છે. તેનું ઉદાહરણ દુર્ખિમનો "The Suicide" નો અભ્યાસ છે તેમાં વિભિન્ન સામાજિક સમૂહોના લક્ષણો અને તેમાં આત્મહત્યાનો દર અને કાર્ય કારણ સબંધોની તપાસ કરવામાં આવી છે. તુલનાત્મક પદ્ધતિ દ્વારા વિશિષ્ટ સમાજોના સમિતિ ક્ષેત્રોમાં અનેક મહત્ત્વપૂર્ણ અભ્યાસ કરવામાં આવ્યા છે. જેમાં અનેક મહત્ત્વપૂર્ણ સામાજિક તથ્ય પ્રકાશમાં આવે છે જેવા કે શહેરી જીવનના તલાક અને કિશોર અપરાધના દરો વચ્ચેનો સબંધ, કુટુંબનું કદ અને સામાજિક ગતિશીલતામાં સબંધ, સામાજિક વર્ગ અને શૈક્ષણિક સબંધ તેમજ ઓગણીસમી સદીમાં તુલનાત્મક પદ્ધતિનો સામાન્ય સમાજોના અભ્યાસ માટે પ્રયોગ કરવામાં આવતો હતો. ત્યારબાદ

સમાજમાં વિશિષ્ટ સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ થવા લાગ્યો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસી વિસ્તારમાં થયેલા આદિવાસી આંદોલનોમાં મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂના આંદોલનમાં તુલનાત્મક પદ્ધતિના આધારે વિભિન્ન પાસાઓની તપાસ કરવામાં આવી છે. તેમાં નેતૃત્વ, અસંતોષનાં કારણો, વિસ્તાર સમય સામાજિક આધાર, રાજનૈતિક આધાર, પરિણામ વગેરે પાસાઓ આધારે બંન્ને આંદોલનોને તપાસવામાં આવ્યાં છે. આ પાસાઓ વચ્ચેનો કાર્યકારણ સબંધ સામ્યતા તફાવત અને પ્રભાવ કેવા પ્રકારનો હતો તેને તુલનાત્મક પદ્ધતિ આધારે તપાસવાનો પ્રયત્ન કર્યો છે.

## ❀ માહિતીનું એકત્રિકરણ :

સમાજમાં રોજબરોજ અનેક ઘટનાઓ બનતી હોય છે. ભૂતકાળથી માંડી વર્તમાનકાળ સુધી અનેક ઘટનાઓ કોઈ ને કોઈ સંદર્ભ સાથે જોડાયેલી હોય છે. જેમાં સંશોધકો તેમના સંશોધન આધારે જુદી જુદી ઘટનાઓના કાર્યકારણ સબંધ જોવા પ્રયત્ન કરતા હોય છે. સામાજિક સંશોધનમાં વિભિન્ન પ્રકારની માહિતી કે તથ્યોની જરૂરીયાત જોવા મળે છે. જેને મુખ્ય રીતે બે વિભાગમાં વિભાજિત કરી શકાય છે. (૧) પ્રાથમિક માહિતી (૨) દ્વૈતીયક માહિતી.

પ્રાથમિક માહિતીમાં તથ્ય સંશોધનમાં ક્ષેત્રકાર્ય આધારિત વિવિધ પ્રયુકિતઓથી માહિતી એકત્રિત કરવામાં આવે છે. જ્યારે દ્વૈતિય માહિતી તથ્ય પ્રકાશિત અથવા અપ્રકાશિત સાહિત્ય આધારે તેમજ રીપોર્ટ આંકડાકીય સાહિત્ય આધારે તેમજ રીપોર્ટ આંકડાકીય વિગત, પત્ર ડાયરી વગેરે આધારે પ્રાપ્ત કરવામાં આવે છે. આ સ્ત્રોતને મુખ્યત્વે બે ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. (૧) વ્યકિતગત દ્વૈતીયક માહિતી (૨) સાર્વજનિક સ્ત્રોત.

➢ *વ્યક્તિગત સ્ત્રોત :*

વ્યક્તિગત લેખન સ્ત્રોતમાં એવી સામગ્રી સંકળાયેલી છે. જેમાં એક વ્યક્તિ દ્વારા સ્વયં પોતાના વિષયમાં સામાજિક ઘટનાઓ પર પોતાના દષ્ટિકોણથી લખવામાં આવે છે. વ્યક્તિગત સ્ત્રોત નિમ્ન ચાર પ્રકારોમાં જોવા મળે છે. (૧) જીવન ઈતિહાસ (૨) ડાયરી (૩) પત્રો (૪) સંસ્મરણો.

જીવન ઈતિહાસ દ્વારા લોકો વ્યક્તિગત જીવન દ્વારા જ નહી પણ તેના સમાજ અને સમૂહ સબંધી અનેક ઘટનાઓ વચ્ચેનો સબંધ જોવા મળે છે, તેમજ ડાયરીમાં પણ વ્યક્તિના જીવનની ઘટનાઓની નોંધ જોવા મળે છે. પત્રો દ્વારા વ્યક્તિના સામાજિક સમ્બન્ધોની જાણકારી પ્રાપ્ત થાય છે અને વ્યક્તિના સંસ્મરણો સામાજિક સંશોધનમાં મહત્ત્વની સામગ્રી પૂરી પાડે છે.

➢ *સાર્વજનિક સ્ત્રોત :*

માહિતી તથ્ય પ્રાપ્ત કરવાનો બીજો સ્ત્રોત સાર્વજનિક આધાર છે. જેમાં સરકારી તેમજ બિન સરકારી સંસ્થાઓ દ્વારા રેકર્ડ તૈયાર કરવામં આવે છે. દસ્તાવેજ સભાઓ સમિતિઓના રેકર્ડ વગેરે આધારિત માહિતી આધારભૂત ગણાય છે. તેમજ પ્રકાશિત આંકડા દરેક જુદા જુદા ક્ષેત્ર સંદર્ભમાં પ્રકાશિત કરવામાં આવે છે સમાચાર પત્ર, પત્રિકાઓ સમય સમય પર સામાજિક જીવનની સબંધી રીપોર્ટ અને માહિતી પ્રકાશિત થતી રહે છે. જેનો ઉપયોગ આવશ્યકતા અનુસાર સામાજિક સંશોધનમાં કરવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂના તુલનાત્મક અભ્યાસ માટે દ્વૈતીયક કે ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અભ્યાસ અંતર્ગત આ આંદોલન સ્વાતંત્ર્ય પૂર્વે ૨૦મી સદીના બીજા અને ત્રીજા દશકમાં થયેલા હતા. જેના કારણે દ્વૈતીયક કે ગૌણ માહિતીનો જ સ્ત્રોત દ્વારા અભ્યાસ અનિવાર્ય બને છે. આ અભ્યાસમાં સમાવેશ કરેલા આંદોલનના અલગ અલગ સ્ત્રોતોમાંથી માહિતી એકત્રિત

કરવામાં આવી છે. જેમાં ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય કેન્દ્રસ્થાને છે. આ અભ્યાસના સંદર્ભમાં આંકડાકીય માહિતી માટે સેન્સસ કે જેમાં આ આંદોલન સબંધી ગુજરાત અને રાજસ્થાનના સરહદી વિસ્તારમાં વસતા આદિવાસી લોકોની વસ્તી અંગે જાણકારી મેળવવામાં આવી છે. તેમજ ગેઝેટીયર્સમાં આદિવાસી જીવન વિશેની અને સામાજિક સ્થિતિ અંગેની જાણકારી પ્રાપ્ત કરી છે. ખાસ કરીને આ આંદોલનમાં ઐતિહાસિક સામગ્રીનો ઉપયોગ વિશેષ કરવામાં આવ્યો છે. તેમાં આ આંદોલન સબંધી સામાયિકોના આંદોલન સબંધી અભ્યાસોના લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આંદોલન સબંધી સરકાર દ્વારા આદિવાસી લોકો દ્વારા જે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો તેની નોંધનો આધાર લેવામાં આવ્યો છે. તેમજ આંદોલન સબંધી વિભિન્ન પ્રવૃત્તિની જાણકારી અને લોકો વચ્ચેના સંપર્કોની માહિતી ધરાવતા પત્રો, આંદોલનકારીઓની ડાયરીઓ તેની નોંધ અભ્યાસ સબંધી જુદાં જુદાં પુસ્તકોમાં આંદોલન સબંધી ચર્ચા અને લખાણો ધ્યાનમાં રાખી પ્રસ્તુત અભ્યાસના આંદોલન વચ્ચેની સામ્યતા, તફાવત, સ્વરૂપ, સફળતા, નિષ્ફળતાના તુલનાત્મક આધારે ચકાસવાનો પ્રયત્ન કર્યો છે.

## ❀ અભ્યાસની મર્યાદા :

પ્રસ્તુત અભ્યાસમાં કેટલીક વિશેષતાઓ સાથે કેટલીક મર્યાદાઓ પણ જોડાયેલી છે. આ અભ્યાસ વિષયની પદવી પ્રાપ્ત કરવાના ભાગરૂપે સંશોધન કરવાનું હોઈ વિષયનું ખેડાણ મર્યાદિત સમયમાં કરવાનું હોવાથી બધી જ સામગ્રીનાં સમાવેશ કરી શકાતો નથી તે એક મર્યાદા છે. આ અભ્યાસમાં ગુજરાત અને રાજસ્થાનના સરહદી પ્રદેશમાં થયેલા આંદોલન વિશાળ ક્ષેત્ર સાથે જોડાયેલા હોવાથી અને સ્વાતંત્ર્ય પૂર્વે ઘણા વર્ષો અગાઉ થયેલા હોવાથી પૂરતા તથ્યો એકત્રિત કરવાનું મુશ્કેલ બને છે અને તેથી દ્વૈતીયક કે ગૌણ માહિતી આધારે અભ્યાસ કરવો અનિવાર્ય બને છે. વિશેષ આ આંદોલન ૨૦મી સદીના બીજી અને ત્રીજા દશકમાં થવાના કારણે તે સમયે આ વિસ્તારમાં શિક્ષણ સંપર્કના માધ્યમો અને વિકાસની તકોના અછતના કારણે અભ્યાસ

વિષયની અને હત્યાકાંડો સંદર્ભની કોઈ ખાસ વિશેષ નોંધ ઉપલબ્ધ થઈ શકી નથી જે આ અભ્યાસની મુખ્ય મર્યાદા છે.

## ❀ અભ્યાસનું પ્રકરણીકરણ :

પ્રસ્તુત અભ્યાસમાં મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂના તુલનાત્મક અભ્યાસમાં દ્વૈતીયક સ્ત્રોત આધારે માહિતી એકત્રિત કરી જુદા જુદા પરિપ્રેક્ષ્યમાં આ અભ્યાસને જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે જેને નીચે પ્રમાણે જુદા જુદા પ્રકરણમાં વિભાજિત કરવામાં આવ્યા છે.

### *(૧) સંશોધન આયોજન :*

પ્રકરણ–૧ માં પ્રસ્તાવના સંશોધન પ્રશ્ન, અભ્યાસ વિષયની પસંદગી, અભ્યાસક્ષેત્ર, અભ્યાસના હેતુઓ, અભ્યાસનું મહત્ત્વ, અભ્યાસ પદ્ધતિ, માહિતી એકત્રિકરણ અને અભ્યાસ મર્યાદાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### *(૨) સામાજિક આંદોલનની ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા :*

પ્રકરણ–૨માં પ્રસ્તાવના સામાજિક આંદોલનનો અર્થ, લક્ષણો, આંદોલનના અભિગમમો, સામાજિક આંદોલનના પ્રકારો, ભારતમાં આદિવાસી આંદોલન આદિવાસીમાં સામાજિક સુધારણા વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

### *(૩) સંદર્ભ સાહિત્યની સમીક્ષા :*

પ્રકરણ–૩માં પ્રસ્તાવના, ભારતમાં આદિવાસી આંદોલનના અભ્યાસો, તેમાં પુસ્તકો સામાયિકોના લેખોનો સમાવેશ કર્યો છે.

### *(૪) મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન :*

પ્રકરણ–૪માં પ્રસ્તાવના, આદિવાસી આંદોલનના કારણો, આંદોલનનો વિસ્તાર, ગાંધીજી અને મોતીલાલ તેજાવતનાં આંદોલન સબંધી સંપર્ક, આંદોલનમાં

સામાજિક ઘટનાઓના પરિણામો, સામાજિક સુધારણા, ધાર્મિક સ્વરૂપ,સમાપન વિશે રજૂઆત કરવામાં આવી છે.

*(૫) ગોવિંદગુરૂનું આદિવાસી આંદોલન :*

પ્રકરણ–૫માં પ્રસ્તાવના, આદિવાસી આંદોલનનાં કારણો સામાજિક સુધારણા, ધાર્મિક સુધારણા, આંદોલનમાં સામાજિક ઘટનાઓનાં પરિણામો, આંદોલનની અસર, સમાપનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

*(૬) તુલનાત્મક મૂલ્યાંકન :*

પ્રકરણ–૬માં પ્રસ્તાવના, તુલનાત્મક મૂલ્યાંકન તેમાં નેતૃત્વ, અસંતોષ, વિસ્તાર, સમય, સામાજિક આધાર, ધાર્મિક આધાર, રાજનૈતિક આધાર, પરિણામોનો સમાવેશ કર્યો છે.

પાદટીપ :

| સંદર્ભ ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સમાજશાસ્ત્ર કે સિદ્ધાંત | ડૉ. રામનાથ શર્મા<br>ડૉ. રાજેન્દ્રકુમાર શર્મા | ૪૮૫ |
| ૨. | એજન | | ૪૮૫ |
| ૩. | એજન | | ૪૮૪ |
| ૪. | સામાજિક આંદોલન કા સમાજશાસ્ત્ર | પી. સી. જૈન | ૫૩ |
| ૫. | એજન | | ૫૩, ૫૪ |
| ૬. | એજન | | ૫૪ |
| ૭. | સામાજિક સર્વેક્ષણ ઔર અનુસંધાન કી વિધિયાઁ ઔર પ્રવિધિયાઁ | ડૉ. રામનાથ શર્મા<br>ડૉ. રાજેન્દ્રકુમાર શર્મા | ૫૮ |
| ૮. | એજન | | ૫૮ |
| ૯. | એજન | | ૫૮ |

✦✦✦

# પ્રકરણ - ૨
# સામાજિક આંદોલનની ઐતિહાસિક પૃષ્ટભૂમિકા

- પ્રસ્તાવના
- સામાજક આંદોલનનો અર્થ
- સામાજિક આંદોલનના લક્ષણો
- સામાજિક આંદોલનના અભિગમો
- સામાજિક આંદોલનના પ્રકારો
- ભારતમાં આદિવાસી આંદોલન
- આદિવાસીમાં સામાજિક સુધારણા

# પ્રકરણ - ૨
# સામાજિક આંદોલનની ઐતિહાસિક પૃષ્ટભૂમિકા

## ❀ પ્રસ્તાવના :

સામાજિક આંદોલનના અભ્યાસમાં સંશોધન આયોજનમાં તાર્કિક દ્વૈતીયક માહિતી આધારે તુલનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત એકમમાં સામાજિક આંદોલનનો અર્થ, લક્ષણો, સામાજિક આંદોલનના અભિગમમાં સામાજિક આંદોલનના પ્રકારો, ભારતમાં આદિવાસી આંદોલનની ચર્ચા કરવામાં આવી છે. તેમાં ભારતમાં થયેલા મુખ્ય આદિવાસી આંદોલનો ૧૮મી સદીથી થયેલા આંદોલનમાં સંગઠન માટે સામાજિક, આર્થિક અને ધાર્મિક ત્રણેય પાસાઓનો આધાર લેવામાં આવ્યો હતો. આસામ થી માંડી ગુજરાત સુધી વિભિન્ન આંદોલનો જુદા જુદા સ્વરૂપે ઊભાં થયાં હતાં. સાંથાલ વિદ્રોહ ૧૮૫૫–૫૬ માં બિહારક્ષેત્રમાં થયો હતો. ઝારખંડ આંદોલન અલગ રાજ્યની માગણી સાથે ૧૯૦૦ ની સાલથી બિરસા મુંડાએ આંદોલન ચલાવ્યું હતું. બોડો આંદોલન ઉત્તરી પૂર્વ પ્રદેશમાં અલગ ક્ષેત્રની માગણી સાથે ચઢાવ ઉતારની સ્થિતિમાં જોવા મળે છે. તેમજ ગુજરાતમાં દક્ષિણ ક્ષેત્રમાં ધાર્મિક સ્વરૂપે દેવી આંદોલન સામાજિક સુધારણા સાથે જોડાયેલું હતું. તેમજ ગુજરાતના સુરત વિસ્તારમાં વેડછીમાં ગાંધીજી દ્વારા કેટલાક રચનાત્મક કાર્યોને આધારે આદિવાસી વિસ્તારોમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આમ ઉપરોક્ત વિભિન્ન સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજનૈતિક અને રચનાત્મક અભિગમ ઉપરોક્ત આંદોલનો સાથે જોડાયેલા જોવા મળે છે. જેની વિગતે ચર્ચા તેમની વચ્ચે રહેલા સંબંધના આધારે સામાજિક અસર અને પરિણામ વગેરે તપાસવાનો પ્રયત્ન કર્યો છે.

## ❀ સામાજિક આંદોલનનો અર્થ :

સામાજિક આંદોલન હંમેશા સમાજમાં કોઈને કોઈ પરિવર્તન અવશ્ય લાવે છે. પછી તે પૂર્ણ કે આંશિક ગમે તે સ્વરૂપનું હોય છે સમાજશાસ્ત્રીઓ આ સામૂહિક વ્યવહારને સામાજિક પરિવર્તનની પ્રક્રિયા સાથે જોડતા આવ્યા છે. સમાજમાં પરિવર્તન અનેક પરિબળો આધારે આવતું હોય છે. તેમાં આંદોલનને પણ એક મહત્ત્વના અંગ તરીકે ગણવામાં આવ્યું છે. મોટાભાગે સામાજિક પરિવર્તન ધીમુ અને બિન આયોજિત હોય છે પરંતુ લોકોની અપેક્ષાઓ અને દૃષ્ટિકોણ બદલાઈ જતાં કેટલીક વખત પ્રવર્તમાન સમાજના દુષણો ઉપર પ્રહાર કરવા માટે લોકોનું કોઈ સામૂહિક પગલું કામચલાઉ અને છૂટુછવાયું તૂટક તૂટક સામૂહિક પગલા તરીકે ઉદ્ભવે ત્યારે તેને સામાજિક આંદોલન કહી શકાય નહી. પરંતુ બ્રમ અને સેલ્ઝનિક ("Sociology") માં નોંધે છે કે "લોકોનું સામૂહિક પગલું જયારે સંગઠિત થઈ લાંબા સમય સુધી ચાલે એવું હોય ત્યારે તેવા સામૂહિક પગલાને સામાજિક આંદોલન કહેવાય"[૧] જોસેફ ગસફિલ્ડ (એન્સાયકલોપેડિયા ઓફ સોશ્યલ સાય–સીઝ Vol. 13, 14, 455)ના મતે "સામાજિક આંદોલન એ સમાજ વ્યવસ્થાના કોઈક પાસામાં પરિવર્તન લાવવા માટેની સામૂહિક રીતે ભાગીદારીવાળી માંગ તરીકે ઓળખાવે છે".[૨]

સામાન્ય રીતે સામાજિક આંદોલનનું વિષયવસ્તુ, સામૂહિક વ્યવહાર માનવામાં આવે છે અને સામાજિક આંદોલન સામાજિક પરિવર્તનનો ભાગ છે. સામૂહિક વ્યવહાર પર સમાજશાસ્ત્રીઓનું ઘણું ઓછું ધ્યાન ગયું છે. તેનું કારણ સામાજિક આંદોલન અને સામાજિક પરિવર્તન પર ઘણા ઓછા અભ્યાસો થયા છે. આથી સમાજશાસ્ત્રીઓ એ સમૂહ અને માનવને એક જીવ સ્વરૂપે જ જોયા છે નહી કે સામાજિક પરિવર્તન સર્જનાર.

વર્તમાનમાં સામાજિક આંદોલન ના અભ્યાસ અનિવાર્ય વિષયવસ્તુ બની ગયા છે સામાજિક આંદોલન મુખ્ય રીતે સામાજિક સાંસ્કૃતિક પરિવર્તન, સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન તથા માનવ મૂલ્યોમાં પરિવર્તન સાથે જોડાયેલું છે. આમ સામાજિક આંદોલન

સાંસ્કૃતિક પરિવર્તનોની આર્થિક, સામાજિક અને રાજકીય સ્વરૂપની પેદાશ છે. પરિણામે સામાજિક આંદોલન બધે સ્થળે સાર્વત્રિક રીતે કદી અસ્તિત્વમાં આવતાં નથી.

કેમેરોન (૧૯૬૬) ના મત મુજબ "સામાજિક આંદોલન અમુક વિશિષ્ટ પરિસ્થિતિ અને પરિબળોના પરિણામે અસ્તિત્વમાં આવે છે. જેમાં –

(૧) વ્યકિત અસંતોષ પરત્વે જાગૃત હોય અને બીજાઓ સાથે તેની આપલે કરે.

(૨) પોતે તેને નવો વળાંક કે સ્વરૂપ આપી શકશે તેવો આત્મવિશ્વાસ

(૩) વ્યકિત સતત એવી માન્યતામાં રહે છે કે સારૂ અને અસરકારક પરિવર્તન આવશે.

(૪) સમાજના સાધનો વ્યવસ્થા તંત્ર સમાજને હવે કશીજ રીતે ઉપયોગી નથી અને તેમના નેતાઓ વચ્ચે એક સૂરના હોય તેવું જણાય."[3]

આમ સામાન્ય રીતે જોઈએ તો સામાજિક આંદોલન અલ્પજીવી કે દીર્ઘ જીવી હોય છે, તેમાં સંગઠન હોય છે છતા કોઈ સાર્વજનિક નિયમો બાંધી શકાતા નથી. સમાજનાં સર્વ આંદોલનમાં હકારાત્મક સહસબંધ જરૂરી છે.

સામાજિક આંદોલનમાં એક નિશ્ચિત ઉદ્દેશ્ય હોય છે. તેના સંદર્ભમાં સામૂહિક વ્યવહાર થતો જોવા મળે છે. ભારતીય સંદર્ભમાં જોઈએ તો સામાજિક આંદોલનો પરના સંશોધનો અને અભ્યાસો છેલ્લા બે દશકથી શરૂ થયેલા જોવા મળે છે. આ અગાઉ આંદોલનનો અભ્યાસ ઈતિહાસકારો દ્વારા કરવામાં આવતો હતો. ઈતિહાસકારો સામાજિક આંદોલનની ધટનાઓને ક્રમબદ્ધ રીતે પ્રસ્તુત કરતા હતા. આ અભ્યાસોમાં સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યોનો બિલકુલ અભાવ હતો. આ અંગેના અભ્યાસોમાં સૌ પ્રથમ સમાજશાસ્ત્રી પ્રો. એમ. એસ.એ. રાવ (૧૯૭૮) એ ભારતમાં સામાજિક આંદોલનોનો અભ્યાસ કરવાનું કામ હાથ ધર્યુ. "જે Social Movement in India" નામના પુસ્તકમાં જોવા મળે છે. એમ. એસ. એ. રાવ તેમના પુસ્તકમાં જણાવે છે કે "સામાજિક આંદોલન સમાજના એક ભાગ દ્વારા કરવામાં આવેલો એવો સંગઠિત પ્રયાસ છે. જે

સામૂહિક ગતિવિધીઓના માધ્યમથી સમાજમાં આંશિક અને સંપૂર્ણ પરિવર્તન લાવવા માગે છે અને આ પ્રાપ્તિ કોઈને કોઈ વિચારધારા ઉપર આધારિત હોય છે."[૪]

સામાજિક આંદોલન શબ્દ યુરોપમાં ઓગણીસમી સદીની શરૂઆતમાં ઘણો લોકપ્રિય બન્યો હતો કે જ્યાં વ્યવસ્થામાં મોટા પરિવર્તનોનો સમય હતો. પરંપરાગત વ્યવસ્થા સામેનો પડકાર હતો. રાજકીય તંત્રો પ્રભાવી હતા. તેની સામેના પડકારો હતા. લોકો લોકશાહી અધિકારોની માગણી કરતા હતા. તેમજ સ્વતંત્રના અને સમાનતાના હેતુઓ અધિકારીઓનો સમાવેશ થતો હતો. તેમાં શોષિત વર્ગોની મુક્તિ, સંપત્તિના અધિકારો, તેની સાથેના સબંધો, નવા સમાજના સર્જન સાથે સબંધિત હતા. તેની વિચારધારા તેની વ્યાખ્યામાં જોવા મળતી હતી. સામાજિક આંદોલન વિશે અનેક ખ્યાલો જોવા મળે છે. કેટલાક સમાજશાસ્ત્રીઓ, વિદ્વાનો, રાજકીય કાર્યકરોએ રાજકીય પ્રણાલી અને સામાજિક પરિવર્તનના સંદર્ભમાં જુદાં જુદાં મત રજૂ કર્યા છે. પરંતુ દરેક સામાજિક આંદોલનની ધારણામાં એક વાત સર્વ સામાન્ય જોવા મળે છે અને તે છે સામૂહિક પ્રક્રિયા. સામૂહિક પ્રક્રિયા એટલે બધાજ પ્રકારની સામૂહિક ક્રિયા. સામાજિક આંદોલન ગણી શકાય નહી. જેમ કે કોઈ અકસ્માત થતાં લોકો સામૂહિક રીતે એકત્રિત થઈ જાય છે અને છૂટા પડી જાય છે તે એક સામૂહિક પ્રક્રિયા છે. પણ તે આંદોલન નથી કોઈ ટોળું જૂની અદાવત અથવા કોઈ વ્યકિત સમૂહ સાથે વ્યવસ્થા સામે હિંસક રીતે સંઘર્ષમાં આવે ત્યારે તે ફકત આવેગશીલ હોય છે તેમાં સામાજિક પરિવર્તન લાવવાનું ધ્યેય જોવા મળતું નથી. તેમાં કોઈ સ્થિતિ વિશેષની પ્રતિક્રિયા સ્વરૂપે જોવા મળે છે.

બ્રિટિશ સમયગાળા દરમ્યાન ભારતમાં સ્વાતંત્રય ચળવળ પુનરુત્થાનવાદી ચળવળ, મજૂર ચળવળ, ભૂદાન ચળવળ અને ગુજરાતમાં થયેલા નવનિર્માણ આંદોલન, જનજાતિમાં થયેલા આંદોલન, દેવી આંદોલન, વેડછી આંદોલન, મોતીલાલ તેજાવતનું આંદોલન, ગોવિંદ ગુરૂનું આંદોલન વગેરે સામાજિક આંદોલન વ્યવસ્થા બદલવા સ્વરૂપે ઉદ્‌ભવેલાં જોવા મળે છે.

સામાન્ય રીતે આંદોલનમાં કોઈપણ નિશ્ચિત જ્ઞાતિ આદિવાસી જાતિ અથવા સમુદાયના નેતાઓ દ્વારા કોઈક પાસામાં પરિવર્તન લાવવાનો સંગઠિત રીતે જાગૃતપણે પ્રયત્ન કરવામાં આવે અને તેના કારણે સમુદાયના રીત રીવાજો, સામાજિક સબંધો કે મૂલ્યોમાં પરિવર્તન આવ્યું હોય કે જે સમુદાય કે સંસ્કૃતિ નવું સ્વરૂપ ધારણ કરે છે અથવા જૂની સમાજ વ્યવસ્થા કે સાંસ્કૃતિક માળખાને વ્યવસ્થિત કરી નવેસરથી  એવી રીત અપનાવે વિકસાવે કે જે દ્વારા તે સમુદાય ને તે સમયની આર્થિક, સામાજિક અને રાજકીય જરૂરીયાત વધુ સારી રીતે સંતોષાય ત્યારે સામાજિક આંદોલન ગણાય.

સામાજિક આંદોલન સામાન્ય રીતે સામૂહિક વ્યવહાર સાથે જોડાયેલો છે સમાજ હંમેશા બે પ્રકારના વ્યવહાર સાથે જોડાયેલો છે.

*૧:　　વ્યકિતગત વ્યવહાર*

વ્યકિતગત વ્યવહાર એટલે એવી ક્રિયા છે જે વ્યકિત સ્વયં કરે છે તે મુખ્યત્વે એક વ્યકિત પર જ કેન્દ્રિત હોય છે તે વ્યવહારથી સમાજના સભ્યો પ્રભાવિત નથી થતા.

*૨:　　સામૂહિક વ્યવહાર*

આ એવાં પ્રકારના વ્યવહાર છે જેમાં બે અથવા બે થી વધુ વ્યકિત અને સમૂહો વચ્ચે વિશેષ પરિસ્થિતિઓમાં આંતરક્રિયા થાય છે. આવા પ્રકારના વ્યવહારમાં સમાજ અને સમૂહનાં અન્ય સભ્યો પ્રભાવિત થાય છે.

સામાજિક આંદોલન અંગે અનેક સમાજશાસ્ત્રીઓએ વ્યાખ્યા આપવાના પ્રયત્ન કર્યો છે. જેમાં હર્બટ બ્લુમર (૧૯૫૧) જણાવે છે કે "સામાજિક આંદોલન એક એવો સામૂહિક પ્રયત્ન છે જેનાથી જીવનની નવી વ્યવસ્થા નિર્મિત થાય છે."[૫]

રૂડોલ્ફ હીબરલી "Social Movement : An Introduction to Political Sociology" 1951 માં જણાવે છે કે "કોઈપણ સામાજિક આંદોલનની મુખ્ય ભૂમિકા સામાજિક વ્યવસ્થામાં પાયાગત બદલાવ લાવવાનો છે આમ સામાજિક

આંદોલન કોઈ નિશ્ચિત ઉદ્દેશોને પ્રાપ્ત કરવાનો એક સામૂહિક પ્રયાસ છે. વિશેષ કરીને આ પ્રયત્ન કોઈ સામાજિક સંસ્થાઓમાં પરિવર્તન લાવવાનું હોય છે."[૬]

## ❀ સામાજિક આંદોલનનાં લક્ષણો :

વિભિન્ન સમાજ શાસ્ત્રીઓએ સામાજિક આંદોલનને જુદી જુદી રીતે વ્યાખ્યાબદ્ધ કરેલ જોવા મળે છે જેના આધારે કેટલાક મુખ્ય સામાન્ય લક્ષણો તેમાંથી જોવા મળે છે. M.S.A. Rao "સામાજિક આંદોલન ના કેટલાક લક્ષણો બતાવે છે જે નીચે મુજબ છે.

### (૧) સામૂહિક ક્રિયા

સામાજિક આંદોલન મુખ્ય રીતે સામૂહિક ક્રિયા પર આધારિત હોય છે. તેને વ્યક્તિગત ક્રિયાથી અલગ કરવામાં આવે છે. મોટા ભાગની સામૂહિક ક્રિયાઓ આયોજિત તેમજ સંગઠિત હોય છે જયારે વ્યક્તિગત ક્રિયાઓ આયોજિત છે સંગઠિત હોતી નથી. સમાજિક આંદોલનમાં સામૂહિક ક્રિયાઓ સામાજિક પરિવર્તનને સૂચિત કરે છે.

### (૨) સભાનતા

સામાજિક આંદોલનો જયારે સંચાલિત થાય છે ત્યારે તે લોકોમા એક પ્રકારની ચેતના સભાનતા ઊભી કરે છે જેથી કરી લોકો એકબીજા સાથે જોડાઈ એક સંગઠનની રચના કરે છે. ચેતના વગર આંદોલન ગતિ પકડતું નથી અને જયારે લોકો તેમના શોષણખોરોને ઓળખે છે ત્યારબાદ તેની સામે વિરોધ નોંધાવવા તૈયાર થાય છે.

### (૩) સામાજિક સબંધોની વ્યવસ્થામાં પરિવર્તન

જયારે સામૂહિક ક્રિયામાં ચેતના ઊભી થઈ જાય છે. ત્યારબાદ તેનું લક્ષ્ય સામાજિક સબંધોમાં પરિવર્તન લાવવાનું છે આ પરિવર્તન સંપૂર્ણ કે આંશિક બંન્ને પ્રકારનું છે. જયારે વ્યવસ્થામાં સુધાર લાવવાની વાત કરવામાં આવે છે. ત્યારે તે આંશિક પરિવર્તન છે અને જયારે સંપૂર્ણ સામાજિક વ્યવસ્થા બદલવાની વાત કરવામાં આવે છે ત્યારે સંપૂર્ણ સામાજિક પરિવર્તન છે.

(૪) **વિચારસરણી**

દરેક સામાજિક આંદોલન એક વિશેષ વિચારસરણી ઉપર આધારિત હોય છે. વિચારસરણી વગર કોઈપણ આંદોલન સંચાલિત થઈ શકતું નથી. આંદોલનમાં વિચારસરણીનું હોવું અત્યંત આવશ્યક છે."[૭]

**બ્રુમ અને સેલ્ઝનિક** તેમના પુસ્તક Sociology તેમજ હિબરલી અને જોસેફ ગસફીલ્ડનામના સમાજ શાસ્ત્રીઓ "આંદોલનના કેટલાક લક્ષણો બતાવે છે જે આ પ્રમાણે છે.

(૧) **લાક્ષણિક દૃષ્ટિકોણ**

સામાજિક આંદોલનમાં લોકો સામૂહિક રીતે એક ચોકક્સ દૃષ્ટિકોણ ધરાવતા હોય છે. જેના આધારે સામૂહિક પગલું શકય બને છે. ભારતમાં અને વિશ્વમાં જે આંદોલનો થયાં તેમાં દરેક સમૂહ જૂથના પોતાનાં દૃષ્ટિકોણ કારણભૂત હતાં. સ્ત્રી આંદોલન, સ્વાતંત્રય આંદોલન, આદિવાસી આંદોલન, સત્તાની સામે વિરોધ નોંધાવવાનો એક દૃષ્ટિકોણ જોવા મળતો હતો.

(૨) **વિચારસરણી**

સામાજિક આંદોલનમાં વિચારસરણી એક મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આંદોલનમાં જોડાયેલા સમુદાય અને તેમના સામૂહિક પગલાઓને એક ચોકક્સ વિચાર સરણી પૂરી પાડે છે અને આવા પગલાઓનું વ્યાજબીપણું સ્થાપિત કરવામાં આવે છે. આક્રમણ અને સંરક્ષણ માટે તેનો ઉપયોગ થાય છે. વિચારસરણી આંદોલનકારીઓને એક સાથે જોડી રાખે છે. તેમજ સભ્યો વચ્ચે અભિમુખતા તેમજ એકતાનો અભાવ હોય ત્યારે વિચારસણી મુખ્ય ભૂમિકા ભજવે છે. સામાજિક આંદોલનમાં સમાનતા, સ્વતંત્રતા માનવીય હકકો ને ઘ્યાનમાં રાખી વિચારસરણી વિકસાવવામાં આવે છે. જેના આધારે આંદોલન આગળ વધે છે.

### (૩) એકતાની ભાવના

સામાજિક આંદોલનમાં એકતા હોવી ખૂબ જરૂરી છે. ઐકયતાની ભાવના અને જૂથ સભાનતા વગર આંદોલન શકય બનતું નથી. આંદોલનમાં બે કે તેથી વધુ વ્યકિતઓની સામૂહિક ભાગીદારી હોવી ખૂબ અગત્યની બાબત છે. એકતાની ભાવના દરેક સામાજિક આંદોલનમાં જુદી જુદી હોય છે. આંદોલનમાં વ્યકિતની સક્રિય ભાગીદારીથી જૂથ સભાનતા અને એકતાની ભાવના વિકસે છે જે સામાન્ય સામાજિક પ્રવાહોથી અલગ હોય છે.

### (૪) પ્રબળ આદર્શવાદ

પ્રબળ આદર્શવાદ સામાજિક આંદોલનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેમાં વ્યકિત તેનું વ્યકિતત્વ અને વિચારધારા સાથે જૂથને તાદાત્મય સધાયેલું હોય છે. આંદોલનના પ્રારંભિક તબક્કે આદર્શવાદી ભૂમિકા વધારે મહત્ત્વ ધરાવે છે. આવા આંદોલનો જુદા જુદા સ્વરૂપનાં રાજકીય, ધાર્મિક પ્રગતિશીલ પ્રત્યાઘાતી હોય તેમાં આદર્શ ભાવના મુખ્ય હોય છે.

### (૫) ક્રિયા તરફથી અભિમુખતા

સામાજિક આંદોલન સામૂહિક પગલું છે. તેમાં લોકોનો સંપર્ક વધે બીજાઓને તેમા સામેલગીરી વધે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આવી પદ્ધતિઓ માટે જાહેર સભાઓ, પ્રચાર પત્રિકાઓ, સરઘસ, જાહેર દેખાવો, હડતાળો વગેરે કાર્યક્રમોમાં લોકોની સહભાગી, લોકોનાં ઉત્સાહ, રસ ટકાવી રાખવા અગત્યનો ભાગ ભજવે છે જે ક્રિયાઓ આંદોલન અભિમુખ હોય છે.

### (૬) ઔપચારિક સંગઠનનો અભાવ

આંદોલનમાં ઔપચારિકપણાનો અભાવ જોવા મળે છે. કારણ કે આવા સંગઠનોમાં લોકો ક્રિયાત્મક રીતે કેટલાક કાર્યકરો, આગેવાનો, પ્રતિનિધિઓ વગેરે એક ચોકકસ પ્રકારના સામૂહિક પગલાં સાથે જોડાય છે અને તે લાંબા સમય સુધી ચાલે છે.

તેમાં લોકોના સ્થાપિત હીતો જોડાયેલા હોવાથી તે અનૌપચારિક સ્વરૂપે સંગઠન વધુ વિકાસ પામે છે.

### (૭) સામાજિક પાયો

દરેક સામાજિક આંદોલનનું ઉદ્‌ભવસ્થાન સમાજ છે. સમાજ રચનાની અંદર વ્યવસ્થાના ભાગો વચ્ચે સંવાદિતા ઊભી કરવાના પ્રયાસ સ્વરૂપે તે જન્મે છે. આવા પ્રકારના પ્રયાસો લાંબા સમય સુધી ચાલે છે. જેના આધારે જ લોકોમાં ઐકયતા, સંગઠન બને છે અને નેતૃત્વ જન્મે છે. પછી તે એક પરિવર્તન ઈચ્છતા જૂથ તરીકે ક્રમશ : આગળ વધતું જોવા મળે છે.

### (૮) ધ્યેય પ્રાપ્તીના અંતે આંદોલનનુ સંસ્થામાં થતું રૂપાંતર

સામાજિક આંદોલન ચોકકસ ધ્યેયના આધારે રચાય છે. જયારે ધ્યેયની પરિપૂર્તી આંદોલનમાં થઈ જાય છે. ત્યારે તે એક સંસ્થા સ્વરૂપે રૂપાંતરિત બની જાય છે. સામાજિક સુધારણા અથવા સામાજિક પરિવર્તનમાં ધ્યેય પ્રાપ્ત થતાં તે સમાજ વ્યવસ્થાનું અંગ બની જાય છે. રશિયા અને ચીનના ક્રાંતિકારી આંદોલનો વિજય બનીને આજે સંસ્થા તરીકે વિકસ્યા છે."[૮]

## ❀ સામાજિક આંદોલનના અભિગમો :

સામાજિક આંદોલનમાં સામાજિક તથ્યો અને પ્રક્રિયાઓ પર વિચાર કરવા માટે કોઈ એક અભિગમ જોવા મળતો નથી. તેને વિભિન્ન અભિગમોને આધારે સમજી શકાય છે. તેના આધારે સામાજિક ઘટનાના સૈદ્ધાંતિક દ્દષ્ટિબિંદુથી જોઈ શકાય છે. તેમાં માર્કસવાદી અને ગાંધીવાદી અભિગમના સંદર્ભમાં જોઈએ તો તે આ પ્રમાણે છે.

### (૧) માર્કસવાદી અભિગમ

માર્કસવાદી અભિગમમાં મુખ્યત્વે સમાજમાં ક્રાન્તિ દ્વારા પરિવર્તન લાવવાનું જોવા મળે છે. માર્કસવાદી અભિગમ અનુસાર સંઘર્ષ દ્વારા જ સમાજમાં સામાજિક આંદોલન થઈ શકે છે તેવી ધારણા જોવા મળે છે. આવા સંઘર્ષો અનેક પ્રકારના હોય છે.

જેમ કે સામાજિક, નૃજાતિય, ધાર્મિક, ક્ષેત્રીય તેમજ બીજા ભૌતિક હિતોને લઈને એક વર્ગ બીજા વર્ગ પર પ્રભુત્વના આધારે સંઘર્ષ જન્માવે છે. સંઘર્ષ વર્ગના આર્થિક પરિબળને લઈને જોવા મળે છે જેમાંથી વિભિન્ન સમુદાયમાં વિભિન્ન વર્ગોના આર્થિક સંઘર્ષો, નૃજાતિય સંઘર્ષો જન્મે છે. સમાજની આર્થિક સંરચના, ઉત્પાદન, વિતરણ વ્યવસ્થામાં તફાવત ઊભો થવાને કારણે એક વર્ગ આર્થિક વર્ચસ્વ ધરાવતો વર્ગ અને બીજો આર્થિક વંચિતતાના વર્ગનો જન્મ થાય છે. વર્ચસ્વ ધરાવતો એવો વર્ગ જેની પાસે ઉત્પાદન સાધનો છે. સામાજિક રાજનૈતિક વ્યવસ્થા પર પોતાનું વર્ચસ્વ ધરાવે છે. દરેક પ્રકારના વર્ગ સમાજમાં તે પ્રભુત્વ ધરાવે છે. એવા લોકો ઉત્પાદન સાધનો પર નિયંત્રણ રાખે છે તેઓ ઉત્પાદનનો મોટો ભાગ મેળવી જાય છે. પોતાના હિત સાધવા માટે તે વધુને વધુ ધનનો સંચય કરે છે. અને સમાજ પર પોતાનું નિયંત્રણ ઊભું કરે છે પરંપરાગત સામન્તવાદી વ્યવસ્થા અને મૂડીવાદી વ્યવસ્થામાં સામંતો અને મૂડીપતિઓ દ્વારા આવા પ્રકારના નિયંત્રણો ઊભાં કરેલાં છે. ? આથી મૂડીપતિ અને કામદાર વચ્ચે વર્ગ આધારિત સંઘર્ષ જન્મે છે.

એ. આર. દેસાઈ : ૬૦ ના દશકમાં ભારતીય સમાજના સંદર્ભમાં જણાવે છે કે "મૂડીવાદી સમાજ વ્યવસ્થામાં અલ્પ લાભાન્વિત નાગરીકો અને લોકતાંત્રિક અધિકારોની સતત અવગણના કરવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારમાં જમીન, જંગલ, પાણી વગેરે પ્રાકૃતિક સંસાધનો દ્વારા પોતાની આજીવિકા પ્રાપ્ત કરવાથી લોકોને વંચિત કરવામાં આવ્યા છે. આના વિરોધમાં લોકો રાજય અને પ્રભાવશાળી વર્ગો સામે વિરોધ કરે છે. વિભિન્ન સંગઠિત અને અસંગઠિત સંઘર્ષના માધ્યમથી ગરીબ તેના અધિકારોનાં રક્ષણ માટે માગણી કરે છે."[૯]

આમ માકર્સવાદીઓ આ પ્રમાણે સામાજિક આંદોલન એક વિરોધ પ્રદર્શન માત્ર અથવા ફરીયાદની અભિવ્યકિત જ નથી પરંતુ શોષકવર્ગ અને સામાજિક સંસ્થાઓમાં સુધારણાનું કામ તેમજ જૂથ સમુદાયની શકિતમાં વૃદ્ધિ કરવાનું કામ પણ કરે છે. તેમાં

રાજનૈતિક વ્યવસ્થા તોડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જેથી કરીને ઉત્પાદન સાધનોમાં પ્રભુત્વ સામે ક્રાન્તિકારી પરિવર્તન દ્વારા શોષિત વર્ગને દૂર કરી શકાય. શોષિત વર્ગના સંઘર્ષ કયારેક હિંસાત્મક હોય અને આક્રમક સ્વરૂપનો પણ હોઈ શકે છે. તેમજ અહિંસાત્મક સ્વરૂપના પણ હોય છે. અત્યાચાર અને શોષણમાં રાજ્ય અને મૂડીપતિ વર્ગ દ્વારા ઉપયોગ કરવામાં આવેલા બળ અને સાધનો પર હિંસાત્મક સાધનોનો ઉપયોગ થતો જોવા મળે છે તેનો અર્થ એવો નથી કે હંમેશા હિંસાત્મક સાધનોનો ઉપયોગ થાય. તેમાં સાધનો એટલા મહત્ત્વપૂર્ણ નથી હોતાં કે જેટલાં ધ્યેયો હોય છે. આવા ધ્યેય પ્રાપ્તિમાં એવી પરિસ્થિતિ રાજ્ય અને શોષિતો દ્વારા ઉત્પન્ન થવાને કારણે શોષિત વર્ગ પાસે વિરોધ કરવા સિવાય બીજો કોઈ રસ્તો રહેતો નથી.

(૨) ગાંધીવાદી અભિગમ

ભારતમાં સ્વાતંત્ર્ય આંદોલનમાં ગાંધી વિચારનો ઘણો મોટો ફાળો રહ્યો છે. મહાત્મા ગાંધી ઔધોગિકક્રાન્તિ તેમજ પશ્ચિમી આધુનિકતાના વિરોધી રહ્યા છે. તેઓએ મૂડીવાદી આર્થિક વ્યવસ્થાની સામે પોતાના વિચારો રજૂ કર્યા છે. તેમના અનુસાર સમાજમાં સંઘર્ષ સમૂદાય અને વર્ગો વચ્ચે પરસ્પર વિરોધી આર્થિક અને સામાજિક હિતોના કારણે નથી થતો પણ સમાજમાં હિતોની વિભિન્ન સમજ, સારું, નરસું વગેરે ભિન્ન નૈતિક આદર્શો, મૂલ્યો અથવા એક બીજા પ્રત્યે રાખાવમાં આવતા પૂર્વગ્રહના કારણે હોય છે. તેમણે બ્રિટિશ શાસન દક્ષિણ આફ્રિકામાં રંગભેદ સામે તેમજ અસ્પૃશ્યતા, સ્ત્રી પુરુષ વચ્ચેની ભિન્નતા સામે સંઘર્ષ કર્યા હતા. ગાંધીજી અનુસાર સંઘર્ષ ઉકેલમાં જેટલુ ધ્યેયનું મહત્ત્વ છે એટલુ જ સાધનોનું પણ મહત્ત્વ છે. એટલે જ તેમણે હંમેશા અહિંસા અને સ્વાતંત્રતાનું સમર્થન કર્યું હતું.

## ❀ સામાજિક આંદોલનના પ્રકારો

વિભિન્ન સામાજિક આંદોલનનોને એક નિશ્ચિત શ્રેણીમાં મૂકવાં મુશ્કેલી ભર્યાં છે. દરેક સામાજિક આંદોલનમાં આંદોલનનાં હેતુઓ અને ધ્યેયો કદી સમાન હોતાં નથી.

પ્રદેશે પ્રદેશે વિકાસની પ્રક્રિયામાં ભિન્નતા દષ્ટિગોચર થાય છે તેમાં સત્તા અને વિભાજનમાં પણ ભિન્નતા સંભવી શકે તેમજ તેનાથી અનેક ધ્યેયો પણ સંતોષાય કેટલીકવાર સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય ચળવળો અને બળવાઓ પણ થાય છે. જેના કારણે સામાજિક પરિવર્તન આવી શકે. કેટલીકવાર ચોકકસ ધ્યેય ન પણ સંભવી શકે. સમાજના સર્વ વ્યકિતઓ આવા ધ્યેયથી પરિચિત હોતા નથી. સામાજિક, સાંસ્કૃતિક પરિવર્તન ઘણીવાર શકય બને છે. પરંતુ આવા આંદોલનો કાયમ અને દરેક પ્રદેશે સંભવવાને શકિતમાન હોય તો એવા આંદોલનનું રચનાતંત્ર અને કાર્યની દષ્ટિએ કાર્યાત્મક વિશ્લેષણ કરી  શકાય. કારણ કે દરેક રચનામાં શરતો અને શકયતાઓ ભિન્ન ભિન્ન હોય છે. જેના આધારે સામાજિક આંદોલનના કેટલાક પ્રકારો આ પ્રમાણે બતાવી શકાય.

સમાજશાસ્ત્રીઓ સામાજિક આંદોલનોને વિભિન્ન પ્રકારોમાં બતાવે છે જેમાં જોનાથાન ટર્નર (૧૯૫૭) માં સામાજિક આંદોલનના ચાર પ્રકારો બતાવ્યા છે. જ્યારે હર્બટ બ્લુમર (૧૯૫૧) માં સામાજિક આંદોલનના ત્રણ પ્રકારો બતાવે છે. કેટલાક અન્ય સમાજશાસ્ત્રીઓએ સામાજિક આંદોલનના સંદર્ભમાં વિભન્ન પ્રકારો બતાવેલા જોવા મળે છે.

જોનાથાન ર્ટનર "સામાજિક આંદોલનના પ્રકારો આ પ્રમાણે બતાવે છે.

**(૧) સુધારણા આંદોલન**

સુધારણા આંદોલન સામાજિક સંગઠનમાં સંપૂર્ણ પરિવર્તન દર્શાવતું નથી સુધારણાનું ક્ષેત્ર અમુક પાસા પરંતુ મર્યાદિત હોય છે. સામાન્ય રીતે સુધારણા આંદોલનના સંદર્ભમાં જોઈએ તો નારી મુક્તિ આંદોલન, સતી પ્રથા અટકાવવા ચલાવવામાં આવતી ચળવળ બંધવા પ્રથા દૂર કરવા, નશાબંધી વગેરે ગણી શકાય. નારી મુકિત આંદોલન એક સુધારણા આંદોલન તરીકે મહત્ત્વપુર્ણ રીતે જોવા મળે છે. સ્ત્રીઓના અધિકારો, સ્ત્રીઓના સ્થાન માટે ચલાવવામાં આવતા આંદોલનો, રાજકીય

માળખામાં યોગ્ય પ્રતિનિધિત્વ માટેની માગણી વગેરે જોવા મળે છે. પશ્ચિમના દેશો અમેરિકા, યુરોપ વગેરે દેશોમાં પણ આ પ્રકારની ચળવળો ચાલતી હતી.

સુધારણા ચળવળ અનેક જુદા જુદા પાસાના સંદર્ભમાં ફેરફાર સૂચિત કરે છે. ધાર્મિક સુધારણા યુરોપ અને ભારતીય સમાજ માં જોવા મળે છે. સામાજિક વ્યવસ્થામાં ધાર્મિક સંસ્થાનું વર્ચસ્વ અને તેના આધારે જ્યારે વિસંવાદિતા ઊભી થાય છે. ત્યારે બદલાવ પરિવર્તન આવે છે. ભારતીય સમાજમાં બાળલગ્ન, વિધવા પ્રથા, સતી પ્રથા, દહેજ પ્રથા જેવા દુષણો પરંપરાગત માળખામાં જોવા મળતા હતા. જેને દૂર કરવા સમગ્ર ભારતમાં આવા પ્રકારના આંદોલનો થયેલા જોવા મળે છે.

## (૨) ક્રાન્તિકારી આંદોલન

સામાન્ય રીતે ક્રાન્તિકારી આંદોલનમા મુખ્યત્વે હિંસાત્મક તત્ત્વો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આવા પ્રકારના આંદોલનમાં લોકોને સમસ્યા પ્રત્યે આક્રોશ હોય છે. આ આંદોલનમાં સ્થાપિત સામાજિક સંરચનાને એકાએક સંપૂર્ણપણે બદલવાના પ્રયત્ન થાય છે. અમેરિકામાં ન્યૂલેફ્ટ વામપંથી આંદોલન ક્રાન્તિકારી પરિવર્તન સ્વરૂપે જોવા મળે છે. આ પ્રકારના આંદોલનો પ્રસ્થાપિત રાજનૈતિક, આર્થિક અને સામાજિક માળખાને મૂળથી બદલવાનો પ્રયત્ન કરે છે. અમેરિકામાં એવા ક્રાન્તિકારી સમૂહોમાં બ્લેક પેન્થર પાર્ટી અને બ્લેક મુસ્લિમ વગેરે આંદોલનોનો ઉલ્લેખ જોવા મળે છે. ભારતના સંદર્ભમાં જોઈએ તો દલિત પેન્થર પીપલ્સ વોર ગૃપ અને નકસલવાદી ગૃપ વગેરે આ પ્રકારના ક્રાન્તિકારી આંદોલન છે.

આવા પ્રકારના આંદોલનમાં જે તે સમુદાયના લોકો તેમની વ્યવસ્થાથી બિલકુલ સંતુષ્ટ નથી. લોકોના હિતો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા છે વ્યવસ્થાનું એક પણ પાસુ હિતકારક રહ્યું નથી. આથી સંપૂર્ણ વ્યવસ્થાને તોડી નાંખવામાં જ સમુદાય સમૂહનું હિત રહેલું છે. વર્તમાન વ્યવસ્થા જયાં સુધી નષ્ટ નથી કરવામાં આવતી ત્યાં સુધી લોકોના પ્રશ્નોનો ઉકેલ આવી શકશે નહી અને તેને નષ્ટ કરવા માટે દરેક પ્રકારના માર્ગ જેમ કે

હિંસક માર્ગ, તોડ ફોડ વગેરે દ્વારા જ વ્યવસ્થા બદલી શકાશે તેના સિવાય કોઈ વિકલ્પ નથી તેવી સ્થિતિ જોવા મળે છે.

## (૩) પ્રતિક્રિયાવાદી આંદોલન

પ્રતિક્રિયાવાદી આંદોલન પણ ક્રાંતિકારી આંદોલનની જેમ સામૂહિક વ્યવહારોમાં હિંસક અને આક્રમક વૃત્તિ ધારણ કરે છે. પ્રતિક્રીયાવાદી આંદોલન સામાજિક પરિવર્તન ને અટકાવવાના ભાગ સ્વરૂપે ઊભું થાય છે. આવા પ્રકારના આંદોલન સામાજિક રીતે રૂઢીવાદી હોય છે. તેમાં ધર્મ અને પરંપરાઓને સ્ત્રોત માનવામાં આવે છે. તેમાં એવું માનવામાં આવે છે કે સમાજમાં પરિવર્તન આવે છે તે યોગ્ય નથી. લોકો પોતાનું જે સમાજનું માળખુ છે તેને બદલવા માંગતા નથી. કેટલીકવાર આવા પ્રકારના આંદોલનમાં કેટલાક લોકો તેમના સ્થાન સમાપ્ત થવાના ભય સ્વરૂપે પણ ચલાવે છે. અને તેનો વિરોધ કરવામાં આવે છે. ઈરાનના ખુમૈની માળખામાં જ્યારે કોઈ  કાર્યક્રમ રજૂ કરવામાં આવે છે ત્યારે તે પ્રતિક્રીયાવાદી નેતાના સ્વરૂપે જોવા મળે છે. પંડીત, મૌલવી, મુલ્લા  વગેરે પ્રતિક્રિયાવાદી નેતા માનવામાં આવે છે તેઓ પરિવર્તનની સામે પરંપરાગત રૂઢિવાદી વ્યવસ્થાને જ હિતકર માને છે તેમાં જ તેઓ ખુશ છે અને પરિવર્તનને અટકાવવા લડત ચલાવે છે અને તેમાં હિંસાત્મક તત્ત્વો અથવા હિંસાત્મક સ્વરૂપ પણ જોવા મળે છે.

## (૪) અભિવ્યંજક આંદોલન

સામાજિક આંદોલનના ચોથા પ્રકારમાં ટર્નર બતાવે છે કે આવા પ્રકારના આંદોલન જુદા જ પ્રકારના હોય છે જેમાં જે લોકો ભાગીદાર હોય છે તેઓ વધુ સક્રિય હોતા નથી સમાજના માળખાને બદલવાનો આંદોલનકારીઓને રસ હોતો નથી. પરંતુ આસપાસની સ્થિતિની સાથે પોતાને બદલી અનુકૂલન કરવાનું લોકો પસંદ કરે છે. આ આંદોલનમાં એવી ધારણા અને વિશ્વાસ હોય છે કે સમાજમાં જે કાઈ પ્રશ્નો છે તે મૂળભૂત છે. અને તેમાં પરિવર્તન લાવવુ અશકય છે. પરંતુ સમાજ અંદરથી જ પોતાની

રીતે બદલાય તેમાં રસ છે. બહારથી કોઈ પરિબળ તેને બદલી શકશે નહીં. વર્તમાનમાં લોકોનાં દ્દષ્ટિકોણ એવો જોવા મળે છે કે લોકો તટસ્થ રહીને સમાજને જુએ છે તો કોઈપણ સમસ્યા મહત્ત્વની નથી મહત્ત્વપૂર્ણ એ છે કે વ્યકિત શાંત બની જાય અને તો સમાજ પોતાની મેળે જ સારો બની જશે. આમાં આંદોલનમાં લોકો સંગઠિત બની સમાજને બદલવાનો પ્રયત્ન કરતા નથી પરંતુ સંગઠિત બની સમાજના પ્રશ્નોને જોવાનો અને તેને સહન કરવાની વૃત્તિ જોવા મળે છે લોકોનાં ઉદ્દેશ્ય માનસિક શાંતિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન જોવા મળે છે."[૧૦]

## ❀ ભારતમાં આદિવાસી આંદોલન

ભારતમાં ૧૮ મી સદીથી માંડી ૧૯ મી અને ૨૦ મી સદી સુધી આદિવાસી લોકોમાં વિભન્ન સ્વરૂપે આંદોલન અને બળવાઓ થતા આવ્યા છે. આદિવાસીઓ જમીન અને જંગલના વર્ષોથી કેટલાક હકક ભોગવતા હતા પરંતુ સરકારી કાયદાઓથી તેમના હકકો નિયંત્રીત કરવામાં આવ્યા. બીજી બાજુ આદિવાસી ક્ષેત્રમાં શોષણખોરો ખુલ્લેઆમ આદિવાસીઓનું શોષણ કરવા લાગ્યા જેના કારણે વિરોધની સ્થિતિ ઊભી થઈ હતી.

ભારતમાં ૨૦૦૧ ના સેન્સશ પ્રમાણે "૮.૨ ટકા આદિવાસી લોકો ભારતમાં વસવાટ કરે છે તેમાં મોટા ભાગે મિઝોરમ, લક્ષ્યદ્વિપ, નાગાલેન્ડ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ, દાદરા નગર હવેલી, મણિપુર, છતસીગઢ, ત્રિપુરા, ઝારખંડ, ઓરિસ્સા, સિકિકમ, મધ્યપ્રદેશ, ગુજરાત અને રાજસ્થાનમાં વસવાટ કરે છે."[૧૧] આ ક્ષેત્રમાં લગભગ ૧૮ મી સદીમાં બ્રિટિશરો આદિવાસી વિસ્તારમાં વહિવટ કરવાના પ્રયાસ સ્વરૂપે બિહારમાં આવેલા છોટાનાગપુર વિસ્તારમાં પ્રવેશ્યા આદિવાસીએ તેમના વિરોધ કર્યા પરિણામે ૧૮૮૯, ૧૮૦૧, ૧૮૦૭,૧૮૦૮ માં એક પછી એક બળવાઓ થતા રહ્યા. ૧૮૩૧ માં કોલની પોતાની જમીન ઝૂંટવી જમીનદારોએ તેમના નોકરોને આપી દીધી તેના વિરોધમાં બળવો થયો. ૧૮૫૭ નો ઐતિહાસિક વિપ્લવ થયો તે અગાઉ

૧૮૫૫ માં સાંથાલો દ્વારા શાહુકારો અને જમીનદારો સામે મોટા પાયે બળવો કર્યો. જેની અસર ૧૮૫૭ના વિપ્લવ પર પડી. તેને લશ્કરી વ્યવસ્થા આધારે દાબી દેવામાં આવ્યા. ૧૮૬૯ અને ૧૮૭૦ ધનબાદમાં જમીનદારો અને સાંથલો વચ્ચે મહેસુલ વધારો અને જંગલ હક્કો બાબતમાં સંઘર્ષ થયો. ૧૮૮૭માં સરદારી ચળવળ ૧૮૦૩, ૧૮૬૮, ૧૮૭૯ માં વિભન્ન બાબતોમાં બળવાઓ થયા. તેમાં દેશી રાજ્યો સામેનો બળવો ૧૯૧૧માં બસ્તરનો બળવો, ઓરિસ્સાનો તાના ભગતનો બળવો, ૧૯૪૧ના ગોંડ અને કોટડાઓના બળવા, ૧૭૭૮ છોટા નાગપુર પહાડિયા સરદારોનો બ્રિટિશ સરકાર સામેનો વિદ્રોહ, ૧૭૮૪–૮૫ મહારાષ્ટ્રમાં કોલ વિદ્રોહ, ૧૭૮૯, ૯૪–૯૫ છોટા નાગપુરનો તમાર વિદ્રોહ, ૧૭૯૫ ૧૮૦૦ બિહારમાં આંદોલન, ૧૭૯૮ પંચટ રિયાસત વિદ્રોહ, ૧૮૦૧ બિહારમાં તમાર વિદ્રોહ, ૧૮૧૧–૧૮૧૭ બિહાર કૃષિ જનજાતિય વિદ્રોહ, ૧૮૨૦ ૧૮૧૮ કોલી વિદ્રોહ, ૧૮૨૮–૧૮૨૯ અસમના ખાસીઓના વિદ્રોહ, ૧૯૨૦–૧૯૫૦માં રાજસ્થાનમાં મેઓ અને મીણાઓનું આંદોલન તેમજ ગુજરાત અને રાજસ્થાનમાં ૧૯૦૦ ગોવિંદગુરૂનું ભગત આંદોલન ૧૯૨૧–૨૨ મોતીલાલ તેજાવતનું આંદોલન ૧૯૨૧–૨૨ ગુજરાતમાં દેવી આંદોલન, ૧૯૨૬માં સતકેવલા ચળવળ ૧૯૨૨ થી ૬૭ વેડછી આંદોલન, રાજસ્થાનમાં ૧૮૯૭ કિસાન આંદોલન, ૧૯૨૭ કરૌલી આંદોલન, પૂર્વી રાજ્યોમાં બોડો ચળવળ વગેરે. સમગ્ર ઈતિહાસ આદિવાસી સમાજ માટે જુદા જુદા સંદર્ભથી સંઘર્ષનો ઈતિહાસ રહ્યો છે. જયારે જયારે તેઓ શોષણના ભોગ બન્યા છે. ત્યારે ત્યારે ૧૮ મી સદી થી માંડી અનેક વિદ્રોહ સત્તાની સામે કરતા આવેલા જોવા મળે છે. તેમાં મુખ્ય આંદોલનો નીચે મુજબ જોવા મળે છે.

## ૧. સાંથાલ વિદ્રોહ :

ભારતની જનજાતિ વસ્તીમાં સૌથી વધુ ગોંડ જનજાતિ જોવા મળે છે. ત્યારબાદ સાંથાલ લોકો આવે છે. દેશની સંપૂર્ણ જનસંખ્યા ૨૦૦૧ ના આંકડા પ્રમાણે આદિવાસી

જનસંખ્યા ૮.૨ ટકા જેટલી વસવાટ કરે છે. ભારતની આ આદિવાસી જાતિઓમાં ઘણા વિદ્રોહો અને લડતો ચલાવવામાં આવી હતી. સાંથાલ આદિવાસી જાતિ મોટા ભાગે બિહારમાં વસવાટ કરે છે. તેનું પ્રમાણ ૯૮ ટકા જેટલું છે. બાકીના થોડા ઘણા પશ્ચિમ બંગાળમાં વસવાટ કરતા જોવા મળે છે. કેટલાક અંશે સાંથાલ આસામ, મેઘાલય, ઓરિસ્સા, નેપાળ તથા બાંગ્લાદેશમાં પણ જોવા મળે છે. જયોર્જ કેમ્પબેલ જણાવે છે "સાંથાલ એક એવી મહેનત કરનારી જાતિ છે કે જે જંગલને કાપીને જમીનને ખેતી લાયક બનાવે છે. પરંતુ ૧૭૯૩ માં જમીનદારી વ્યવસ્થાની શરૂઆત થઈ. સાંથાલોની ખેતી લાયક જમીન પર જમીનદારોએ કબજો કરી લીધો. જેના વિરોધ સ્વરૂપ સાંથાલોએ વિદ્રોહ કર્યો હતો."[૧૨] M.S.A. Rao જણાવે છે કે "સાંથાલ વિદ્રોહ આદિવાસીઓમાં થયેલો સૌથી પહેલો વિદ્રોહ હતો. ત્યારબાદ બારડોલી તેલંગાના અને દક્ષિણના રાજયોમાં જે પણ ખેતી સંદર્ભે વિદ્રોહ થયા તે બધા જ આંદોલન સ્વરૂપે હતા."[૧૩]

સાંથાલ વિદ્રોહ થવા પાછળ પી.સી. જૈન (૨૦૦૦) કેટલીક પરિસ્થિતિ અને કારણોના સંદર્ભમાં જણાવે છે કે "૧૮૮૫ ની જુલાઈમાં આ આંદોલન ચાલુ થયું હતું.જેના પાછળ એક વિશેષ ઘટના જવાબદાર હતી. ઈતિહાસકાર અને માનવશાસ્ત્રી કે.એસ. સિંહાના જણાવ્યા પ્રમાણે છોટાનાગપુર વિસ્તારના એક ગામમાં ચારભાઈ સિન્ધુ, કાન્દુ, ચષ્ટુ, ભૈરવ રહેતા હતા. આ ભાઈઓ જમીનદારો અને શાસકીય અધિકારીઓથી ખૂબ પીડાતા હતા. આ ચારેભાઈઓ પાસે ખેતી યોગ્ય કોઈપણ પ્રકારની જમીન રહી ન હતી. તેઓ રાત દિવસ જમીનદાર, વ્યાજખોર અને વાણિયાઓના અત્યાચારથી પીડિત હતા. એક દિવસ સિન્ધુ, કાન્દુ ને સપનામાં ભગવાન આવ્યા અને ભગવાને સિન્ધુ અને કાન્દુને આહવાન આપ્યું કે આ શોષણખોરો, જાગીદારો અને વાણીયાઓને સમાપ્ત કરી દો અને સંપૂર્ણ સાંથાલ લોકોને આ લડતમાં સામેલ કરો. આ ઘટનાને સિન્ધુ અને કાન્દુએ અન્ય સાંથાલ લોકોને જણાવી અને એક દિવસ એવો આવ્યો કે સાંથાલોએ સાથે મળી શોષણખોર ગણાતા મુખ્ય શાહુકાર મહેશલાલ દરોગાના માથાને કાપી નાખી વિદ્રોહની શરૂઆત કરી. ત્યારબાદ કેટલીક અફવાઓ પણ ઊભી

થઈ કે સાંથાલ વિસ્તારમાં ચારેબાજુ નાગ ખુલ્લે આમ ફરી રહ્યા છે અને તે સાંથાલોને નુકશાન પહોંચાડે છે. તેથી એક ગામમાં લોકો ભેગા થયા અને એવું નક્કી થયું કે આ અને અન્ય ગામના નાગ આપણને નુકશાન કરે છે. આ એક અફવા હતી. પરંતુ આ અફવાને કેટલાક સાંથાલોએ જમીનદારો અને વાણિયાઓને નાગ બનાવી ખુલ્લેઆમ જમીનદારો અને વાણિયાઓને મારવાનું ચાલુ કર્યું હતું."[૧૪]

આ પ્રકારના વિદ્રોહમાં કોઈ તાત્કાલિક અફવાનાં કારણો જવાબદાર હતા કે હોઈ શકે તેવું માની શકાય નહીં. પરંતુ વાસ્તવિકતા એ છે કે સાંથાલ જમીનદારો, વ્યાપારી અને શાસક અધિકારીઓના દમન અને અત્યાચારથી સાંથાલ લોકોનું ખૂબ શોષણ કરવામાં આવતું હતું અને તેથી સાંથાલો વિદ્રોહ કરવા માટે પ્રેરાયા હતા. સિન્ધુ, કાન્દુ, ચષ્ટુ, ભૈરવ સાથે જોડાયેલા સાપ એ ફકત અફવા અને અટકળો જ હતી. વાસ્તવિકતા એ દૃષ્ટિએ લોકોનું શોષણ મુખ્ય હતું. સંથાલ વિદ્રોહના મુખ્ય કારણો નીચે મુજબ છે.

*સાંથાલ વિદ્રોહનાં કારણો :*

(૧) સાંથાલોને તેમની જમીનથી વંચિત કરવામાં આવ્યા હતા.

સાંથાલ લોકો શરૂઆતથી જંગલમાં રહેતા હતા. શરૂઆતમાં તેઓ ઝુમ ખેતી કરતા હતા. ઝુમ ખેતી એટલે જંગલના એકભાગને બાળી નાખવામાં આવતો હતો અને પછીથી તેમાં અનાજનું વાવેતર કરવામાં આવતું હતું. એ ક્ષેત્રમાં તેઓ બે થી ત્રણ પાક લેતા હતા. ત્યારબાદ જંગલના બીજા ભાગને બાળીને ખેતી યોગ્ય જમીન તૈયાર કરતા હતા. આ પ્રકારની ખેતી સાંથાલ ઉપરાંત અન્ય ઘણી જનજાતિઓ દ્વારા મધ્યપ્રદેશ, ઓરિસ્સા અને રાજસ્થાનમાં કરવામાં આવતી હતી. આ પ્રકારની ખેતી યોગ્ય જમીન ૧૯ મી સદીના મધ્ય અને દક્ષિણ બિહારના છોટાનાગપુર વિસ્તારના સાંથાલો દ્વારા જંગલ કાપી કૃષિ યોગ્ય જમીન બનાવવામાં આવી હતી.

પરંતુ જયારે જમીનની સ્થાયી વ્યવસ્થા બ્રિટિશ સરકારે લાગુ કરી ત્યારે સાંથાલોની જમીન જાગીરદારોના નામે  કરવામાં આવી. તેથી સાંથાલ ખેત જમીન વિહોણા બની ગયા તેમની આજીવિકાનું સાધન તેમની પાસે રહ્યું નહીં.

(૨) બંધવા પ્રથા :

મોટા મોટા જમીનદારો અને ખેડૂતોએ સાંથાલ ખેડૂતોને બંધવા મજૂર બનાવી દીધા. બંધવા મજૂર બે પ્રકારના હતા. (૧) કમૌટી પ્રકારની વ્યવસ્થા આ પ્રકારની વ્યવસ્થામાં બાંધવા મજૂરોને ધિરાણ આપવામાં આવતું હતું. આ ધિરાણના બદલામાં મહાજન તેને ઈચ્છા પડે ત્યારે ધિરાણદારને કામ કરવા બોલાવવામાં આવતો હતો. આ કામના બદલામાં તેને કોઈ વળતર આપવામાં આવતું ન હતું. જયાં સુધી તે ધિરાણ પરત ન કરે ત્યાં સુધી તેને મહાજનના બાંધવા મજૂર બનીને રહેવું પડતું હતું. (૨) બીજા પ્રકારના બાંધવા હાળી તરીકે ઓળખાતા હતા. આ પ્રકારની વ્યવસ્થામાં કર્જદાર સાંથાલ મહાજનના ખેતરોમાં વાવણી, કાપણી અને દરેક પ્રકારના કામ કરતા હતા. તેના બદલામાં પણ તેને કશું જ આપવામાં આવતું ન હતું. આથી કર્જદારને તેની જમીન પર કામ કરવાનો સમય નહોતો મળતો.

(૩) ડીકુ દ્વારા શોષણ :

ડીકુનો અર્થ થાય છે કે બહારના લોકો કે જે સાંથાલ ક્ષેત્રની બહારના ક્ષેત્રમાંથી આવેલા બિનસાંથાલી તરીકે ગણાતા હતા. ડીકુ શબ્દનું તાત્પર્ય બંગાળી વેપારીઓ, શાસક અધિકારી અને જમીનદારો સાથે  છે. આ ડીકુ સાંથાલોનું શોષણ કરતા હતા. અને અત્યાચાર કરતા હતા. આમ આ વિદ્રોહ પાછળ જવાબદાર કારણ ડીકુઓ દ્વારા સાંથાલોનું શોષણ હતું.

### (૪) કર્જ આપનારની ભૂમિકા :

સાંથાલ લોકો પોતાની જમીનથી વંચિત થઈ ગયા હતા. તેમની હાલત કફોડી થઈ ગઈ હતી. આથી તેમના માટે કર્જ અનિવાર્ય બની ગયું હતું. કર્જ પર આપવામાં આવેલી રકમ પર પોતાની મનમાની રીતે વ્યાજ લેવામાં આવતું હતું. આ વ્યાજના દરોએ સાંથાલોની સ્થિતિ દયનીય બનાવી દીધી હતી.

### (૫) રેલમાર્ગ નિર્માણમાં શોષણ :

સાંથાલોનું શોષણ જમીનદારો, વેપારીઓ અને અધિકારીઓ પૂરતુ સિમિત ન હતું. પરંતુ તે સમયે ચાલતા રેલમાર્ગના નિર્માણમાં યુરોપના ઠેકેદારો સાંથાલોને રેલમાર્ગના નિર્માણના કામ કરાવતા હતા. આ કામમાં સાંથાલ પાસે પોતાની મરજી પ્રમાણે કામ કરાવી તેના વળતર સ્વરૂપેનો દર નામ માત્ર જ હતાં.

### (૬) શોષણની ફરિયાદ :

સાંથાલો દ્વારા શોષણખોરો સામે ઘણી ફરિયાદો કરવામાં આવતી હતી. પરંતુ ફરિયાદો કોઈપણ સ્તરે ધ્યાનમાં લેવામાં આવતી ન હતી. આથી સાંથાલોની પાસે બીજો કોઈ વિકલ્પ બાકી બચ્યો ન હતો.

આ ઉપરોક્ત પરિસ્થિતિના સંદર્ભમાં સાંથાલ લોકોએ સરકારને સ્પષ્ટ સૂચના આપી હતી કે તેમની નીતિ સીમા વટાવી ચૂકી છે પરંતુ સરકારે આની ગંભીરતા લીધી ન હતી. આની પ્રતિક્રિયા સ્વરૂપે સાંથાલોએ ૧૮૧૧, ૧૮૨૦ અને ૧૮૩૧ માં સરકાર સામે વિરોધ નોંધાવ્યો અને ૧૮૫૪ માં સાંથાલોએ એ વાત સ્પષ્ટ કરી નાંખી કે વિદ્રોહ સિવાય તેમની પાસ કોઈ રસ્તો નથી. આ આંદોલનનું નેતૃત્વ બિરસિંહ કરી રહ્યા હતા. ૧૮૫૫ ના શરૂઆતના સમયમાં વીરભૂમ બંહુરા, છોટાનાગપુર અને હજરત બાગ વિસ્તારના કુલ ૭૦૦૦ સાંથાલો એકત્રિત થયા તેમનો ઉદ્દેશ્ય તેમનું શોષણ કરનારા

જાગીરદારો, મહાજનો અને શાસકનું પ્રતિનિધિત્વ કરનાર મહેશલાલ દરોગા દ્વારા જે અત્યાચારો કરવામાં આવ્યા હતા.. તેનો પ્રતિકાર કરવા સ્વરૂપે હતો. તેમનું કહેવું હતું કે સાંથાલ સાથીઓએ મહાજન અને જાગીરદારોનું કશુ જ ખોટું નથી કર્યું. તો પણ સરકાર અને શોષણકારો દ્વારા તેમને નુકશાન કરવામાં આવી રહ્યું છે. આમ સરકારે આવા પગલા ભરી કાયદો અને વ્યવસ્થા પોતાના હાથમાં લીધા છે. આ સભામાં જે કઈ નિર્ણયો લેવામાં આવ્યા તેની સૂચના સંપૂર્ણ સાંથાલ સમુદાયમાં પહોંચાડવામાં આવી ત્યારબાદ ૩૦ જૂન ૧૮૫૫ માં ભગનડીહી ગામમાં ૧૦,૦૦૦ લોકો એકત્રિત થયા અને શોષણ અને અત્યાચારની સામે વિદ્રોહ કરવાનું નક્કી કર્યુ. આ સભામાં સાંથાલ નેતાઓએ સરકારને પત્ર દ્વારા સૂચના આપી કે સાંથાલોના શોષણની જવાબદારી સ્વીકારે અને જમીનદારો અને મહાજનોને પણ આ બાબતથી માહિતગાર કરે. સાંથાલોએ આ પત્રમાં એવું પણ જણાવ્યું કે કોઈપણ પરિસ્થિતિમાં જમીનદારો અને મહાજનોના શોષણમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા અમે ગમે તે કરી શકીએ તેમ છીએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સાંથાલ ક્ષેત્ર અમારો છે અને અહીં અમારી સરકાર અમે સ્થાપિત કરીશું. સાંથાલ જયારે પણ વિદ્રોહની તૈયારી કરશે ત્યારે દરેક સાંથાલ એક સાથે સ્વાતંત્ર્યની લડાઈ જાહેર કરીશે. તેવું જણાવ્યું આજ પરિસ્થિતિમાં સાંથાલો સંગઠિત થઈ વિદ્રોહ માટે તૈયારી બતાવી તીરકાંમઠા સાથે સૂત્રોચ્ચાર કરતા નીકળી પડયા હતા અને સીધા શોષણ કરનારની સામે પહોંચી ગયા હતા. તેમાં દરોગા મહેશલાલ દત્ત કે જેણે ૧૮૫૪ માં તીવ્ર શોષણ અને અત્યાચાર કર્યો હતા. તેની સામે પહોંચી ગયા. દરોગાએ એવી સલાહ આપી કે તેઓ શાંતિપૂર્વક છૂટા પડી જાય અને ખેતરોમાં કામ કરી સરકારને તેનો હિસ્સો આપી જાય. આ પ્રકારની સલાહ વિદ્રોહી સાંથાલ પચાવી શકયા નહીં. તેમણે મહેશલાલ દરોગાની હત્યા કરી નાખી અને વિજયી આક્રમણ સાથે જમીનદારો અને તેમના એજન્ટો મહાજનો સામે કૂચ કરી જેના કારણે શોષણકારો ત્યાંથી ભાગી છૂટયા. આ વિદ્રોહની શરૂઆત હતી. ત્યારબાદ બીજા ક્ષેત્ર ભાગલપુર અને રાજમહેલ તરફ તેઓ વિદ્રોહની ચિનગારી સાથે આગળ વધતા હતા. તે સમયના

અધિકારી બંર્નેશ કે જે કોલગોંગ વિસ્તારમાં હતા. તેમણે વિદ્રોહી સાંથાલોની જાણકારી આપતો ભાગલપુર કમિશ્નરને પત્ર લખ્યો તેમાં જણાવ્યું હતું કે આ ક્ષેત્રમાં સાંથાલો વિદ્રોહી ભયાનક સ્થિતિમાં આવી ગયા છે તે માર કાપ કરવા પર ઊતરી આવ્યા છે. જો કે તેઓની સંખ્યા ઘણી ઓછી હતી પણ ઢોલ વગાડતાની સાથે આ સંખ્યા જોત જોતામાં ૧૦૦૦૦ માણસોની થઈ ગઈ છે. આ સાંથાલી વિદ્રોહીઓમાં એક આશ્ચર્યજનક બાબત એ હતી કે કોઈપણ પ્રકારની તાલિમ કે શિક્ષણ વગર વિદ્રોહી સાંથાલોનો વ્યવહાર સંપૂર્ણ રીતે શિસ્તમય હતો. ૧૦,૦૦૦ સાંથાલ સંકેત મળતાં ભેગા થઈ જતા હતા અને સંકેત મળતાની સાથે વિખેરાઈ પણ જતા હતા. સાંથાલ વિદ્રોહીઓએ ભાગલપુર અને રાજમહેલ વચ્ચેનો રેલ અને ટપાલ વ્યવહાર પૂરી રીતે સમાપ્ત કરી દીધો હતો. આ બન્ને શહેરો વચ્ચેનો જમીન ભાગ ઉપર સાંથાલોએ કબજો કરી લીધો હતો. ઘણા સ્થાનો પરથી સૈનિક ટુકડીઓને પણ સ્થળ છોડી ભાગવું પડયું હતું.

આ વિદ્રોહની સ્થિતિના કારણે સરકારે ચાલીસમી અને સાતમી રેજીમેન્ટ સાંથાલ લોકોના વિદ્રોહની સામે મોકલી હતી. પરંતુ રેલ વ્યવહાર સંપૂર્ણ ખોરવાઈ જવાના કારણે સરકારની મુશ્કેલીઓ ઘણી વધી ગઈ હતી. ૧૮૫૫ માં સરકારે માર્શલ લો લાગુ કરી દીધો અને તેની સાથે એવી ઘોષણા કરી કે હવે સાંથાલ વિદ્રોહ દરેક રીતે સરકાર સામેનો બળવો માનવામાં આવશે. સરકારે એવી પણ ઘોષણા કરી કે જેની પાસે હથિયાર મળશે તેને મારી નાખવામાં આવશે. વિદ્રોહીઓનું કપાયેલું માથુ લાવનારને રોકડ ઈનામ આપવું. મુખ્ય નેતાઓના માથાની રકમ ૧૦૦૦૦, મધ્યમ સ્તરના વિદ્રોહીના માથાના બદલે ૫૦૦૦ રૂા. અને સામાન્ય આગેવાનના રૂા. ૧ હજાર ઈનામ જાહેર કરવામાં આવ્યા.

માર્શલ લો લાગુ થયા બાદ પણ આદિવાસી લોકોપર ઘણા અત્યાચાર કરવામાં આવ્યા. છતાં વિદ્રોહ વધુ ને વધુ આક્રમક બનતો ગયો. તે સમય એક વ્યાજખોર દીનદયાલ નામના મહાજને શોષકને સાંથાલ લોકોએ પકડી જાહેર સભામાં તેની હત્યા

કરી અને તેની આંગળીઓને કાપી નાંખી હતી. આ પ્રકારનો સાંથાલોની આક્રમતાના કારણે સરકારે વધુ રેજીમેન્ટ મોકલી. જમીનદારોએ સૈનિકોની મદદ કરી. આથી વિશાળ પાયા પર સૈનિકો એવી સ્થિતિમાં હતા કે વિદ્રોહને ક્રુરતા સાથે દબાવી શકે અને તેના પરિણામ સ્વરૂપે રાજમહેલની પહાડીઓ અને તળેટીઓ સાંથાલોના ખૂનથી લથબથ બની ગઈ હતી. છતાં સાંથાલો તેમની સામે ઝૂકયા ન હતા.

ઓમેલે જણાવે છે કે "સાંથાલ અને સરકાર વચ્ચે થયેલા યુદ્ધનું વર્ણન કર્યું છે કે આ વિદ્રોહ એવા પ્રકારનો હતો કે કોઈનું પણ મસ્તક સાંથાલોની વીરતા અને સાહસની સામે ઝૂકી જાય તેમ છે. તેઓ વધુમાં જણાવે છે કે યુદ્ધમાં એક સમય એવો આવ્યો કે જયારે સેનાના હુમલાથી બચવા માટે ૪પ સાંથાલી એક ઝૂંપડીમાં ઘુસી ગયા હતા. સૈનિકોએ તેમને મારવા માટે ગોળીઓ ચલાવી સામે સાંથાલોની માટીના ઘરોમાંથી તીરકામઠામાંથી તીર ચાલું રાખ્યા હતાં. બીજી બાજુ સૈનિકોની ગોળીઓ સામે છેવટે સાંથાલો લાંબો સમય લડત આપી શકયા ન હતા. એક પછી એક મૃત્યુ પામ્યા હતા. સૈનિકોની ટુકડી આદિવાસી ઝૂંપડીઓ સુધી પહોંચી ગઈ હતી એક આદિવાસી ઝૂંપડીમાં કેટલાક સૈનિકોએ જઈને જોયું તો એક વૃદ્ધ સાંથાલ એક ખૂણામાં તીર કમાન સંભાળીને બેઠો હતો. સૈનિકોએ તેને આત્મ સમર્પણ માટે જણાવ્યું હતું પરંતુ તે વૃદ્ધનું લોહી જુવાન હતું. લોખંડી તાકાત હતી તેણે સૈનિકને મારી નાખ્યો અને છેલ્લે તે પણ અન્ય સૈનિકોની ગોળીઓથી મૃત્યુ પામ્યો."[૧૫]

સૈનિકો દ્વારા સાંથાલ લોકો સાથે ક્રુર વ્યવહાર કરવામાં આવ્યો. ૧૮૫૫ ની ઓગષ્ટ સુધી સાંથાલ અને સૈનિકો વચ્ચે સંઘર્ષ રહ્યો પરંતુ સૈનિકોની વધુ કંપનીઓને યુદ્ધ મેદાનમાં ઊતારવામાં આવતા સૈનિક શકિત ઘણી વધી ગઈ હતી. પરિણામે ૫૦ હજાર થી વધુ સંખ્યામાં સાંથાલો યુદ્ધ સમયે મૃત્યુ પામ્યા હતા. ત્યારબાદ સાંથાલ વિદ્રોહ સંપૂર્ણ દબાઈ ગયો હતો. સાંથાલોના કેટલાક નેતાઓને જેલમાં પૂરવામાં આવ્યા અને

આ રીતે સાંથાલોનું મનોબળ તૂટી ગયું હતું. છતાં સરકાર દ્વારા આદિવાસી કિસાન નીતિઓમાં કેટલાક ફેરફારો ઊભા કર્યા હતા.

સાંથાલ વિદ્રોહના પરિણામે અન્ય સાંથાલ વિસ્તારો સિવાયના ક્ષેત્રોમાં વિદ્રોહની શરૂઆત થઈ ચૂકી હતી.

૧૮૭૨ માં પુનામાં મરાઠા કિસાન વિદ્રોહ ૧૮૭૫–૭૬ માં અમદાવાદમાં પણ કિસાન વિદ્રોહ શરૂ થઈ ગયો હતો. દરેક વિદ્રોહમાં સમાન પ્રકારની માગણીઓ હતી કે જમીનદારો અને મહાજનોના શોષણને સમાપ્ત કરવામાં આવે અને છેવટે સાંથાલ વિદ્રોહની અસર સમગ્ર દેશમાં જુદી જુદી જગ્યાએ કિસાન આંદોલન ઊભાં થઈ ગયાં હતાં. સાંથાલ વિદ્રોહનું મહત્ત્વપૂર્ણ પરિણામ સાંથાલના આખા ક્ષેત્રના નિર્માણ તરીકે જોવા મળે છે. બ્રિટિશ સરકારે પણ એવું નક્કી કર્યું કે જે વિસ્તારમાં સાંથાલ જનજાતિ વધુ છે તેને સાંથાલ પરગણાનો ભાગ તરીકે જાહેર કરવો જે વર્તમાનમાં પણ બિહારમાં સાંથાલ પરગણા તરીકે ઓળખાય છે.

## ૨. ઝારખંડ આંદોલન :

પ્રત્યકે સમાજમાં નાના મોટા પાયા પર પરિવર્તન અવશ્ય જોવા મળે છે. પછી તે આદિવાસી સમાજ હોય કે પછાત વર્ગ હોય દરેક તેમના વિકાસ માટે સતત પ્રયત્નશીલ હોય છે. તે પ્રયત્ન સામૂહિક અને સંગઠિત સ્વરૂપે હોય છે. જેમાં વ્યવસ્થાને બદલવાની આકાંક્ષાઓ હોય છે. આવી જ રીતે આદિવાસીઓએ પણ પોતાના હિતો અને માંગોની પૂર્તિ માટે આંદોલનો કર્યાં હતાં. તેમાં ઝારખંડ નાગા, બિરસા, મુંડા, સાંથાલ લોકો, દેવી વેડછી મોતીલાલ તેજાવત, ગોવિંદગુરૂ વગેર આંદોલનોનો સમાવેશ થાય છે.

આદિવાસી આંદોલનના સંદર્ભમાં કે. એલ. શર્મા જણાવે છે કે "જનજાતિઓમાં સામજિક આંદોલનનો ઉદેશ્ય, સામૂહિક ક્રિયા દ્વારા સામાજિક સંરચનાને બદલવા પુનઃસ્થાપિત કરવા અને સલામતી પ્રદાન કરવાનું છે. જેનાથી તેની સામાજિક,

સાંસ્કૃતિક, આર્થિક અને રાજનૈતિક વ્યવસ્થાઓમાં સુધારો થઈ શકે. હિન્દુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, બ્રિટિશ શાસન, આધુનિક શિક્ષણ અને સ્વાતંત્ર્ય બાદ બંધારણીય જોગવાઈ દ્વારા જનજાતિઓમાં એક પ્રકારની ચેતના ઉત્પન્ન થઈ. જેના કારણે સામાજિક આંદોલનને પ્રોત્સાહન મળ્યું તથા જનજાતિય ઓળખ અને રાજનૈતિક એકાત્મકતાને પ્રગટ કરવા આંદોલન થયા. આ આંદોલન માટે પરિસ્થિતિકીય અને સાંસ્કૃતિક વિસંગતતા અને આર્થિક પછાતપણાની ભાવના મુખ્ય જવાબદાર હતી."[૧૬]

ઝારખંડ આંદોલન ૧૯૦૦ ની સાલથી શરૂ થયું હતું. તેના પ્રભાવથી દેશની રાજનૈતિક ગતિવિધીઓ પણ પ્રભાવિત થઈ હતી. જેના કારણે બિહારમાં ઘણી અસ્થિરતા ઊભી થઈ હતી. ઝારખંડનો મૂળ અર્થ ઝાડ ધરાવતો પ્રદેશ, જંગલથી છવાયેલો પ્રદેશ એવો થાય છે. આ વિસ્તારમાં મોટાભાગના આદિવાસી લોકો વસવાટ કરતા હતા. ભૌગોલિક દૃષ્ટિએ આ ક્ષેત્ર પશ્ચિમ બંગાળ, બિહાર ઓરિસ્સા અને મધ્યપ્રદેશના કેટલાક વિસ્તારમાં ફેલાયેલ છે. આ ક્ષેત્રના આદિવાસીઓ દ્વારા છેલ્લા સો વર્ષથી અલગ રાજ્યની માગણી કરવામાં આવી હતી. આ માગણી ૧૯૦૦ ની સાલથી બિરસા મુંડાના નેતૃત્વમાં કરવામાં આવી જેમાં તેમણે આ ક્ષેત્રમાં મુંડા રાજ્યની સ્થાપના થવી જોઈએ. તેવી જોરદાર રજૂઆત કરી હતી. ત્યારબાદ ૧૦૦ વર્ષ પછી તે વિસ્તાર સ્વાયત્ત રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું.

આ પ્રદેશ બિહાર, ઓરિસ્સા અને મધ્યપ્રદેશના કુલ ૨૧ આદિવાસી જિલ્લાઓ મળી ઝારખંડ રાજ્યના નિર્માણની માંગ આદિવાસી નેતાઓ દ્વારા સ્વાતંત્ર્ય પછી પણ ચાલુ રાખવામાં આવી હતી. આ આંદોલન ઊભું થવામાં કેટલીક પાયાગત ઘટનાઓ બની હતી. જેમાં મુખ્યત્વે સુધારાવાદી ધાર્મિક અને શાન્તિવાદી વિચારો જવાબદાર હતા. પરંતુ ૧૭૯૫–૧૮૦૦ સુધી ચોરાઈ આંદોલન ૧૮૩૧–૩૨ કોલ જાગૃતિ ત્યારબાદ ૧૮૫૦–૫૭ માં સરદારી લડાઈ આ બધા જ આંદોલનો અને વિદ્રોહના માધ્યમથી ઝારખંડ આંદોલનના બીજ રોપાયાં હતાં.આ આંદોલનથી આદિવાસી લોકોમાં

રાજનૈતિક જાગૃતિ ઊભી થઈ હતી. આ આંદોલનની નેતાગીરી બિરસા, મુંડા, દ્વારા કરવામાં આવી હતી તેમાં તેમણે ધાર્મિકતાના આધારે રાજનૈતિક લડત ચાલુ કરી હતી.

*બિરસા મુંડાનું ધાર્મિક સ્વરૂપ :*

બિરસા મુંડા એક ચમત્કારિક છાપ ધરાવતા હતા. તે સમયે પાદરીઓ દ્વારા પણ તેમને લોખંડી માનવામાં આવતા હતા. તેઓ જમીનદારો અને સાંમતોનો વિરોધ કરતા હતા. સમાજસેવા એ તેમનો મુખ્ય ઉદ્દેશ જોવા મળતો હતો. તેઓ મુંડાઓ પ્રત્યે હંમેશા સમર્પિત રહ્યા હતા. ઝારખંડ વિસ્તારમાં દૂર દૂરના લોકો તેમની પાસે પોતાની સમસ્યાઓ લઈને આવતા હતા. આ લોકો એવું માનતા હતા કે બિરસા મુંડાને ઈશ્વરીય જ્ઞાન પ્રાપ્ત થયું છે. તેમ માની તેમને અવતારી પુરુષ જેવું સન્માન આપવામાં આવતું હતું. આ સંદર્ભે મુંડાઓના લોકગીતો, લગ્ન પ્રસંગોના ગીતો વગેરેમાં બિરસાની આરાધના કરવામાં આવતી હતી. તેમા તેમને સ્વર્ગના પવિત્ર પિતા, પૃથ્વીના સમ્રાટ માનવામાં આવતા હતા. બિરસા મુંડાના અનુયાયીઓ એવું માનતા હતા કે બિરસાની સ્તુતિ કરવાથી દરેક પ્રકારના કષ્ટ દૂર થઈ જાય છે. લગ્નપ્રસંગે તેમજ અન્ય પ્રસંગોમાં બિરસાની પ્રાર્થના કરવામાં આવતી હતી. મૃત્યુના અવસર પર બિરસાને ભગવાન સ્વરૂપે સ્મરણ કરવામાં આવતા હતા. બિરસા મુંડાના અનુયાયીઓ દિવસે–દિવસે વધતા જતા હતા. ખ્રિસ્તી મુંડા લોકો પણ તેમના વિચારોની અસર હેઠળ આવ્યા. આમ બિરસા એક ચમત્કારિક પુરુષ તરીકે પ્રસ્થાપિત થયા હતા. તેમનાં ઉપર અનેક લોકગીતોની રચના થઈ હતી. બિરસાના ભકત મુંડા જનજાતિના જ લોકો હતા તેવું નથી પરંતુ ઓરાવો, ખારિયા તથા અન્ય જનજાતિના લોકો પણ હતા. તેમનો વિશ્વાસ પણ બિરસા મુંડા પ્રત્યે દિવસે–દિવસે વધતો જતો હતો તેમની દરેક વાતને લોકો ગમે તે ભોગે સ્વીકારવા તૈયાર હતા. બિરસા–મુંડાએ ધાર્મિક જ્ઞાનના આધારે કેટલીક સમાજસુધારણાની વાત પણ કરી હતી. તેમાં મુખ્યત્વે તેમણે આદિવાસીઓને ચોખાનો દારૂ પીવાનો બંધ કરવા જણાવ્યું. તેમજ વધુમાં તેમણે જણાવ્યું કે દારૂ પીવાને કારણે

આપણી જમીન ચાલી ગઈ છે. આપણી દારૂ પીવાની ટેવ અને વિલાસીપણાને કારણે ઘણું નુકસાન થયું છે. દારૂ ખરાબ ચોખા અને ખરાબ વસ્તુમાંથી બનાવવામાં આવે છે. તે શરીર અને જીવનનો નાશ કરે છે. દારૂ પીનાર વ્યકિતની સ્થિતિ, વ્યકિતની ઈન્દ્રિયો શિથિલ બનાવી દે છે. દારૂ પીનાર વ્યકિત કુટુંબના બાળકોનું પોષણ કરી શકતો નથી. કુટુંબના બાળકો ખોરાક માટે ટળવળે છે. જેથી લોકોએ આમાંથી બહાર આવવું જોઈએ.

બિરસા મહાત્માનું નામ તે સમયે દૂર દૂરના વિસ્તારો સુધી ફેલાઈ ગયું હતું તે સમયે ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા પણ તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. તેમને ઉપદ્રવકારી તરીકે ગણવામાં આવ્યા હતા. બિરસાનો ધર્મ મુંડાઓના પ્રાચીન ધર્મના સંમિશ્રણ સ્વરૂપે હતો. તેમાં હિન્દુ ધર્મનાં કેટલાંક તત્ત્વો જોવા મળતાં હતાં. ખ્રિસ્તી વિચારધારા ધરાવતા લોકો એવું સમજતા હતા કે વિચારોની દૃષ્ટિએ તે તેમનાથી નજદીક છે. ધીમે–ધીમે એવું જોવા મળ્યું કે તેઓ તેમનાથી વિરૂદ્ધ છે. ખ્રિસ્તી વિચારધારા ધરાવતા લોકોએ તેમને ભગવાન માનવાનો ઈન્કાર કર્યો. તેમને બિરસાની સામે વિરોધી વિચારધારા પણ ઊભી કરી હતી. આ સમયગાળા દરમિયાન બિરસા મુંડા દ્વારા એક મજબૂત આંદોલન ચાલું કરવામાં આવ્યું. આ આંદોલન અન્યાય અને શોષણ સામેની લડત હતી. આ લડાઈ શોષણમુકત સમાજ માટેની હતી. આ લડાઈ તેમના પરંપરાગત ધર્મની સામેના અન્ય ધર્મો સામેની હતી. તેમજ માનવીય મૂલ્યોના રક્ષણ માટે કરવામાં આવી હતી.

બિરસા મુંડા આ ક્ષેત્રના આદિવાસી લોકોમાં એક ચમત્કારિક પુરુષ તરીકેની છાપ ધરાવતા હોવાને કારણે લોકોમાં તેમના પ્રત્યેનો વિશ્વાસ અતૂટ બન્યો સાથે–સાથે તેમણે આદિવાસી પ્રશ્નોના ઉકેલ માટેના પ્રયત્નો કર્યો. ધાર્મિક બળના આધારે લોકોને તેમને કુટેવ, બદીઓમાંથી બહાર આવવા જણાવ્યું હતું. સામાજિક સુધારણાના કાર્યને લીધે મોટા પ્રમાણમાં લોકો તેમના અનુયાયી બન્યા હતા. ત્યારબાદ તેમણે સત્તાની સામે તેમના શોષણનો વિરોધ કર્યો તેમજ બીજી વિચારધારા જે તેમના ઉપર થોપવામાં આવી

હતી. તેનો પણ વિરોધ કર્યો  આમ એક મજબૂત નેતૃત્વના આધારે લોકોને સંગઠિત કરવાનું કાર્ય કર્યું.

૧૮૫૭ ના બળવા અગાઉ ૧૮૫૫ માં સાંથાલોનો મુખ્ય બળવો થયો હતો. જેની અસર બ્રિટિશ શાસન ઉપર મોટા પ્રમાણમાં પડી હતી. ત્યારબાદ બ્રિટિશ શાસનની સામે અનેક જુદા જુદા સ્વરૂપે આંદોલનો થયાં હતાં. તેમાં ભારતમાં શહેરી આંદોલનો ગામડામાં જઈ વિસ્તૃત બન્યાં હતાં. આદિવાસી લોકો સાંથાલ, કોલ, ખારીયા વગેરે જનજાતિઓમાં વિભિન્ન સ્વરૂપે વિદ્રોહ અને બળવાઓ શરૂ થયા હતા આ આંદોલન મુખ્યત્વે જમીનના અધિકારો અને સ્વરાજ સંબંધી ગ્રામીણ ક્ષેત્રોમાં વિકસ્યું હતું. તેમજ બિરસા આંદોલનમાં સિંહભૂમ ક્ષેત્રના સરદારો શરૂઆતથી જ તેમની સાથે હતા. જો કે બિરસા મુંડા ચમત્કારિક સ્વરૂપ કે ભગવાન સ્વરૂપે લોકોમાં પ્રસ્થાપિત થયા હતા. પરંતુ તેમને સ્વંય તેવી છાપ ઊભી કરવાનો કોઈ રસ તેમનામાં જોવા મળતો ન હતો. તેમનો મુખ્ય ઉદ્દેશ તેમના ગુમાવેલા અધિકારો તેમને પુન : પ્રાપ્ત થાય તેવા પ્રયાસો સતત કરવામાં આવ્યા હતા. બિરસાનું નેતૃત્વ વધુને વધુને સંખ્યાના લોકોમાં સ્વીકાર્ય બન્યું હતું જેના આધારે મુંડા લોકોએ એક મુંડા રાજ્ય બનાવવાની કલ્પના ઊભી કરી હતી તેઓ એવું માનતા હતા કે વિદેશી શાસન તેમના ઉપરથી દૂર કરવામાં આવે અને જેથી તેઓ સ્વાયત્ત વ્યવસ્થા ઊભી કરી શકે.

બિરસા ભગવાન ધાર્મિક નેતૃત્વમાંથી ધીમે ધીમે સામાજિક અને રાજકીય નેતૃત્વ સ્વરૂપે ઊભું થયું હતું. આ સમયગાળા દરમિયાન બિરસા દ્વારા લોકોની સભાઓમાં સંબોધવાનું અને જુદા જુદા સંગઠનના કાર્યક્રમો ચાલુ કર્યા હતા. તેમાં તેમણે જણાવેલી મુખ્ય બાબતોમાં મુંડા સમાજનું સ્વતંત્ર રાજ્ય બનાવવાની માગણી, ડીકુઓ જમીનદારો, સામંતો દ્વારા કરવામાં આવતા અત્યાચાર સામે વિરોધ તેમજ બાહ્ય લોકો દ્વારા આદિવાસીઓની અપમાનજનક સ્થિતિ દૂર કરવી, તેમજ શોષણખોરો સામેનો લડવાનો સમય આવી ગયો છે. તેવા પ્રકારની વાત બિરસા દ્વારા કરવામાં આવી હતી. હાફમેન

આ સંદર્ભમાં જણાવે છે કે સરદારો બિરસા ભગવાનના દર્શન માટે લોકોને જોડતા હતા. તેમજ પ્રોત્સાહિત કરતા હતા. તેમાં એવા પ્રકારની અફવા હતી કે બિરસા અસાધ્ય રોગોના નિદાન કરી રહ્યા છે. તેમના આશીર્વાદથી બધી જ બીમારીઓ દૂર થઈ જાય છે."[૧૭] ત્યારબાદ એવી સ્થિતિ ઊભી થઈ કે લોકો ભાલા, ધનુષ્ય વગેરે સાધનો લઈ એકત્રિત થવા લાગ્યા હતા. આમાં ધાર્મિક વિચારધારામાંથી લોકો રાજનૈતિક વિરોધ તરફ વળ્યા. આથી બ્રિટિશ શાસન બિરસાના ક્રાન્તિકારી વિચારોના કારણે બિરસાને કોઈ પણ પ્રકારે ધરપકડ કરવાનું અભિયાન ચાલુ કર્યું હતું. તે સમયના ડેપ્યુટી કમિશ્નરે આદેશ પણ આપ્યો હતો કે બિરસાએ આત્મસમર્પણ કરી દેવું જોઈએ. પરંતુ તે આદેશને તાબે થયા ન હતા. ત્યારબાદ તમામ ક્ષેત્રના પોલીસ અધિકારીને બોલાવી તેમને આદેશ આપવામાં આવ્યો કે બિરસાને જીવિત ધરપકડ કરવામાં આવે. ૯ ઓગસ્ટ ૧૮૯૫ મુખ્યાલયના આદેશ અનુસાર પોલીસ ઈન્સપેકટર તેમનાં સિપાઈઓ સાથે બિરસાની ધરપકડ માટે નીકળી ગયા હતા. અને તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. ધરપકડ થવાના કારણે આસપાસના વિસ્તારમાંથી પચાસ–સાઈઠ જેટલા મુંડા આદિવાસી એકત્રિત થઈ ગયા હતા અને બિરસાને તત્કાળ છોડાવી લેવામાં આવ્યા. સિપાઈઓ અને તેમના ઉપરી તેજ ગામમાં પાંચ દિવસ સુધી રહ્યા અને સતત એવી વિમાસણમાં હતા કે બિરસાને કેવી રીતે પકડી શકાય. ત્યારબાદ બિરસાની ઘરની આજુબાજુ સિપાઈઓ ગોઠવાઈ ગયા હતા. બિરસા ઘરમાં જ હતા તેમણે ઘર ઉપર ચડી આદિવાસીઓને આહવાન આપ્યું કે બ્રિટિશ, રાજ્ય હવે સમાપ્ત થયું છે. અમારું રાજ્ય હવે શરું થયું છે કોઈ લોકો તેમનાથી ગભરાશો નહી. થોડા સમયમાં મોટી માત્રામાં લોકો ત્યાં એકત્રિત થયા સિપાઈઓને થયું કે જો અહીંથી પાછા નહીં ફરીશું તો આ લોકો તેમને મારી નાંખશે. એમ માની તેઓ ગામ છોડી જતા રહ્યા હતા. ત્યારબાદ બ્રિટિશ સરકારે નિર્ણય કર્યો કે બિરસાને પકડવો ઘણા જરૂરી છે. તેથી મોટા પાયે અભિયાન ઉપાડી તેમની ધરપકડ કરવામાં આવી તેમની સાથે તેમના સાથીઓની પણ ધરપકડ કરવામાં આવી. બે વર્ષની સજા કરવામાં આવી. આ સમય ગાળા દરમ્યાન ૧૮૯૬ થી ૧૮૯૯

માં ભારતમાં મોટો દુષ્કાળ પડયો હતો. આની અસર મુંડા ક્રાન્તિ પર પણ પડી હતી. પરંતુ ૧૮૯૫ માં બિરસા જેલમાં હતા તે સમયે સરદારો દ્વારા આ આંદોલનને ચાલુ રાખવામાં આવ્યું હતું તેમણે સમગ્ર પ્રદેશમાં બિરસા વિચારધારાનો પ્રસાર કર્યો. આ સંદર્ભે કે.એસ.સિંહ જણાવે છે કે "ગિદિઊન અને પ્રભૂદયાલ બે સરદારોની આંદોલન સંબંધી ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમને મુકત કરવામાં આવ્યા. સિહભૂમિના અધિકારીઓને એવો વિશ્વાસ હતો કે તેઓ હિંસાનો માર્ગ અપનાવશે નહીં"[૧૮]. સરદારોનું આંદોલન પણ જમીનદારોની સામે હતું. સરકારે સરદારો સામે આ સંબંધી એક પ્રસ્તાવ પાસ કર્યો કે જો કોઈ સરદાર બળવા કરવાનો પ્રયત્ન કરશે, ધમકી આપશે અથવા લૂંટફાટ કરશે તો પોલીસ ગામમાં જઈ અને આખું ગામ તેને માટે જવાબદાર ગણવામાં આવશે. ૧૮૯૭ માં ક્રાન્તિકારી બિરસાને જેલમાં થી મુકત કરવામાં આવ્યા હતા ત્યારબાદ ફરીથી તેઓ તેમના અનુયાયીઓને બોલાવી સંગઠનને એક સૂત્રમાં બાંધવાનો પ્રયત્ન કર્યો. તેમણે કેટલાક મુદ્દાઓ તૈયાર કર્યા હતા. જે દરેક ઘરે ઘરે તેમના અનુયાયીઓ દ્વારા પહોંચાડવામાં આવ્યા જે નીચે પ્રમાણે છે.

(૧) ગુમાવેલા અધિકારો પુન : પ્રાપ્ત કરવા.

(૨) સંગઠન ફરીથી મજબૂત રીતે ઊભું કરવું.

(૩) પોતાની જમીન ફરીથી પ્રાપ્ત કરવી.

(૪) દુશ્મનો તેમનું જે શોષણ કરનાર છે. તેમને આ વિસ્તારમાંથી દૂર કરવા.

(૫) બ્રિટિશ શાસન સમાપ્ત કરવું.

(૬) સમાજ અને દેશની સેવા કરવી.

ઉપરોકત મુદ્દા આધારિત બિરસાની લડતનું સ્વરૂપ વૈચારિક બાબતોમાં ગાંધીજીના પૂર્વ સ્વરૂપ તરીકે જોવા મળતું હતું. તેમણે ઉપરના કેટલાક મુદ્દાઓને આધારે દરેક ક્ષેત્રમાં લોકોની સભાઓ, સંગઠનો સક્રિય રીતે ચાલુ કરવામાં આવ્યાં હતાં. બિરસા વિચારધારા ધરાવતા બિરસા પંથી અને સરદારો એક સાથે સંગઠનમાં જોડાયા હતા. તેમણે કાર્યનું વિભાજન બે રીતે કર્યું હતું (૧) ધાર્મિક સ્વરૂપ (૨) રાજનૈતિક સ્વરૂપ.

આ આંદોલનનાં બંન્ને સંગઠનો અલગ અલગ સ્વરૂપે ઊભાં થયાં હતાં. ધાર્મિક સમૂહના ટેકેદારો ધર્મ પ્રચારનું કાર્ય કરતા હતા. તેના આધારે બિરસા પંથનો પ્રચાર અને સમાજ કલ્યાણનું કાર્ય જોડાયેલું હતું. તેમણે નૈતિકતાના મૂલ્યો જાળવી રાખવા પર ભાર મુકયો. જયારે રાજનૈતિક સંગઠન સામે મોટા પડકારો હતા તેમાં એવું નક્કી કરવામાં આવ્યું કે મુંડા લોકો દ્વારા સત્તાની સામે એક મોટા વિદ્રોહની તૈયારી કરવામાં આવે. આ બન્ને સંગઠનો ધાર્મિક અન રાજનૈતિક સ્વરૂપે અલગ–અલગ કાર્યરત હતાં. પરંતુ બંન્ને સંગઠનો એકબીજાના આધાર તરીકે વિકાસ પામ્યાં હતાં. બિરસાની ધાર્મિક શ્રેષ્ઠતા અને સામાજિક ધાર્મિક, સુધારણાના કારણે સમાજમાં જાગૃતિ આવી હતી.

*આંદોલનનું રાજકીય સ્વરૂપ :*

આ આંદોલનનો મુખ્ય વિરોધ બિનઆદિવાસી જમીનદારો, ઠેકેદારો તથા બિહારના અન્ય ક્ષેત્રોમાંથી આવેલા લોકો દ્વારા કરવામાં આવતા શોષણના વિરોધમાં થયું હતું. તેમની એવી માગણી હતી કે આ બિનઆદિવાસી લોકોને આ વિસ્તારમાંથી બહાર કાઢી મૂકવામાં આવે અને શોષણ અટકાવવામાં આવે. ઉપરાંત આ આંદોલન અંતર્ગત કેટલાંક અન્ય આંદોલનોની ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા પણ હતી. જેનાથી ઝારખંડ આંદોલનને એક નવીદિશા અને ગતિ પ્રાપ્ત થઈ. આ સંદર્ભમાં પ્રકાશચન્દ્ર જૈન (૨૦૦૦) દ્વારા રામદયાલ મુંડા એ બતાવેલી "વિભિન્ન ક્રમબદ્ધ ઘટનાઓનું વિવરણ પ્રસ્તુત કર્યું છે જે,

| | |
|---|---|
| ૧૭૬૫ | મુગલ સમ્રાટ શાહ આલમ બીજા એ જમીન અધિકારોના રૂપમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીને અધિકાર આપ્યો. |
| ૧૭૭૧ | ઝારખંડ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને આધીન |
| ૧૭૯૭ | બુન્દનોમુંડા વિદ્રોહ |
| ૧૭૯૮–૯૯ | મનભૂમિનો ભૂમિજ વિદ્રોહ |
| ૧૮૦૦ | મલામાઉનો ચેરી વિદ્રોહ |
| ૧૮૦૩ | તમારોનો મુંડા વિદ્રોહ |

| | |
|---|---|
| ૧૮૩૪ | ભૂમિજ વિદ્રોહ |
| ૧૮૪૫ | ખ્રિસ્તી મિશનરીઓનો પ્રવેશ |
| ૧૮૫૫ | સાંથાલ વિદ્રોહ |
| ૧૮૫૬–૫૭ | સિપાઈ વિદ્રોહ |
| ૧૮૬૯ | છોટાનાગપુરનો ટેનર એકટ |
| ૧૮૭૨ | સાંથાલ પરગણા સેટલમેનટ રેગ્યુલેશન |
| ૧૮૭૫–૯૫ | છોટાનાગરપુરમાં સરદારી આંદોલન |
| ૧૮૭૮ | ભારતીય વન કાયદો |
| ૧૮૭૯ | છોટાનાગપુર લેન્ડ બોર્ડ એન્ડ ટિનેન્ટ પ્રોસીજન એકટ |
| ૧૮૮૬ | સાંથાલો પરગના રેન્ટ રેગ્યુલેશન |
| ૧૮૯૫–૧૯૦૦ | બિરસા આંદોલન |
| ૧૯૦૩ | ધ છોટા નાગપુર, ટિનેન્સી (એમેન્ડમેન્ટ) જેમાં ભૂમિ હસતાંતરણ પર પ્રતિબંધ |
| ૧૯૧૨ | બંગાળથી બિહાર અને ઓરિસ્સાનું વિભાજન"[૧૯] |

ઉપરોક્ત બનેલી ઐતિહાસિક ઘટનાઓ એ ઝારખંડ આંદોલનને નવી દિશા આપી હતી. તે સમયે દેશમાં અને આ ક્ષેત્રમાં રાજનૈતિક અને સાંસ્કૃતિક જાગૃતિ ૧૯૧૪ ના તાના ભગત આંદોલનથી ઊભી થઈ ચૂકી હતી. તેનું નેતૃત્વ જેતરા ભગતે કર્યું હતું. ત્યારબાદ ૧૯૧૫ માં તેમના દ્વારા ઉન્નતિ સમાજની સ્થાપના કરવામાં આવી. આથી તેમનું એવું માનવું હતું કે આના દ્વારા આદિવાસી સમસ્યાઓની રજૂઆત અને આંદોલનના માર્ગ લઈ શકાશે. તેમના દ્વારા ૧૯૨૮માં સાયમન કમિશનની સામે આદિવાસીઓની સમસ્યાઓ મૂકવામાં આવી અને એવું જણાવવામાં આવ્યું કે ઝારખંડ અલગ રાજ્ય બનાવવાથી, આદિવાસીઓની સ્થિતિ સુધારી શકાય. પણ, કમિશ્નરે આ બાબત પર કોઈ ધ્યાન આપ્યું નહોતું. આથી આદિવાસીઓમાં અસંતોષ વધ્યો હતો. ત્યારબાદ ઉન્નતિ સમાજના આગેવાનોમાં કેટલીક બાબતોમાં વૈચારિક મતભેદ થવાના

કારણે સંગઠન વિભાજિત થઈ ગયું હતું.એમાંથી કેટલાક નેતાઓએ કિસાન સભા નામનું નવું સંગઠન બનાવ્યું તે દરમ્યાન ખ્રિસ્તી મિશનરીઓની ગતિવિધિઓ પણ ખૂબ ઝડપથી આ ક્ષેત્રમાં ફેલાઈ હતી. તેમાંથી ખ્રિસ્તી આદિવાસીઓ દ્વારા "કેથોલિક સભા" નામનું સંગઠન બનાવવામાં આવ્યું. આ રીતે આદિવાસી સંગઠન છૂટું પડી ગયું. ત્યારબાદ કેટલાક આગવાનોના પ્રયત્નો દ્વારા જુદા જુદા સંગઠનોને એક કરવા માટે પ્રયાસો ચાલુ કર્યા તેમાં કેટલીક સફળતા પણ પ્રાપ્ત થઈ. ૧૯૪૬માં આદિવાસી મહાસભા નામનું સંગઠન બનાવવામાં આવ્યું. ૧૯૪૭ માં ભારત આઝાદ થયો ત્યારબાદ વેદપ્રકાશ વાજેયી જણાવે છે કે "દેશ આઝાદ થવાથી આદિવાસીઓ એવું વિચારવા લાગ્યા કે સરકાર તેમના તરફ ધ્યાન આપશે અને તેમના પ્રશ્નોનો ઉકેલ આવશે. પરંતુ, તેમનો આ ભ્રમ તૂટી ગયો. આદિવાસી નેતાઓએ આંદોલનને મજબૂત બનાવવા જયપાલ સિંહના નેતૃત્વમાં સંગઠિત થવાનું નક્કી કર્યું. ૧૯૫૦ માં મહાસંઘનું અધિવેશન જમશેદપુરમાં થયું. તેઓ એવો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો. જેમાં સંગઠનનું નામ ઝારખંડ પાર્ટી રાખવામાં આવ્યું. તેમાં બિનઆદિવાસીઓને પણ સામેલ કરવામાં આવ્યા. આ રીતે ઝારખંડ આંદોલનને એક ક્ષેત્રમાં બાંધવાનો પ્રયત્ન કર્યો."[૨૦]

૧૯૫૨ માં આંદોલનના નેતા જયપાલસિંહે બિહારમાં સારું પ્રભુત્વ ઊભું કર્યું હતું. ત્યારબાદ તેઓ કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ જવાથી ઝારખંડ પાર્ટી નબળી પડી હતી. ૧૯૬૨ માં જયપાલસિંહે ઝારખંડ પાર્ટીને કોંગ્રેસ સાથે જોડી દીધી. પરંતુ તેનો વિરોધ ઘણા નેતાઓ દ્વારા કરવામાં આવ્યો. તેમાંથી અલગ અલગ જૂથો ઊભાં થઈ ગયા, છતાં ઝારખંડ પાર્ટી ફરીથી સંગઠિત બની. જયપાલસિંહના અભાવે અનેક વિભાજનો ફરીથી ઊભાં થયાં હતાં. જેમાં સિંહભૂમિમાં ડો.કોલના નેતા બાંગુનસુંબ્રઈ બન્યા. રાંચીમાં મુંડા નેતા એન.ઈ. હોરો આગળ આવ્યા અને સાંથાલ પરગણા માં સાંથાલનું નેતૃત્વ સર હેબ્રુમ કરવા લાગ્યા તેમાં ઝારખંડ પાર્ટીનું સંગઠન અને આંદોલન છૂટું પડી ગયું.

સુધાકર ચતુર્વેદી આ આંદોલનની સંભાવના સંદર્ભમાં બતાવે છે કે "૧૯૬૭–૬૮ માં બીજી રાજનીતિ પાર્ટી બિરસા સેવા દળની રચના થઈ. ૧૯૭૨ માં શીબુ શોરેનના નેતૃત્વમાં ઝારખંડ મુક્તિ મોર્ચો વધુ શક્તિશાળી સ્વરૂપે આગળ આવ્યો. બિરસા સેવા દળના નેતૃત્વમાં ૧૯૬૮ માં ઝારખંડ અને આદિવાસી સમસ્યાઓની માગણી મૂકવામાં આવી હતી. બિરસા સેવા દળનું આંદોલન જમીન હડપ કરી જમીનદાર, શાહુકાર, મહાજન અને સત્તાની સામે વિરોધ સ્વરૂપે ચલાવવામાં આવ્યું હતું. જેમાં સત્તા દ્વારા ગોળીબારીમાં ઘણા યુવા આદિવાસી લોકો મૃત્યુ પામ્યા હતા. આના અનુસંધાને બિહાર સરકારે જાહેરનામું બહાર પાડયું. છેલ્લા ત્રીસ વર્ષની જમીન હસ્તાંતરણ થયું તે બંધ રાખવામાં આવે અને ત્યારબાદ આદિવાસીઓને તેમની જમીન પુનઃ પ્રાપ્ત થઈ. પરંતુ કેટલીક સમસ્યાઓ ચાલુ જ રહી હતી. આ આંદોલન આગળ જતાં યોગ્ય નેતૃત્વના અભાવના કારણે તૂટી ગયું હતું. પરંતુ ૧૯૭૩ માં સીબુ શોરેનના ઝારખંડ મુક્તિ મોરચો મજબૂત રીતે આગળ આવ્યો.શીબુ શોરેનને નેતૃત્વ લેવા પાછળ ઘણા કારણો જવાબદાર હતાં. તેમાં નાનપણથી શીબુ શોરેનના પિતાની હત્યા મહાજનો દ્વારા કરવામાં આવી હતી. તેઓ એક શિક્ષકની નોકરી કરતા હતા. બિહારના ધનબાદ હજારીબાગ વગેરે ક્ષેત્રમાં મહાજનો દ્વારા મોટા પાયે ત્રાસ ગુજારવામા આવતો હતો. આદિવાસીઓની જમીન ઝૂંટવી લેવામાં આવતી હતી. આદિવાસીઓના ખેતરોમાંથી મહાજનો પાક કાપી જતા હતા વગેરે કારણે પાછળ શીબુ શોરેનના નેતૃત્વ પાછળ કારણભૂત હતાં. ત્યારબાદ રાજકીય પાર્ટી સાથેનું જોડાણ તેમજ સ્વતંત્ર પરિસ્થિતિ ચઢ ાવ ઉતારની સ્થિતિમાં આ આંદોલન ચાલતું રહ્યું હતું. આ આંદોલનને અન્ય આંદોલનનું પણ સમર્થન પ્રાપ્ત થયું હતું. જેમાં કોમ્યુનિષ્ટ પાર્ટી અને બંગાળના નકસલવાદી જૂથો મુખ્ય હતાં."[૨૧]

આ આંદોલન મુખ્યરૂપથી જમીન અને જંગલના અધિકારો શિક્ષણ અને રોજગાર તેમજ સાંસ્કૃતિક સંમિશ્રણવાદ અને અસંતુલિત વિકાસ આટલી બાબતોના સંદર્ભમાં હતું. આ આંદોલનમાં ધાર્મિક સુધારાવાદી તેમજ સાંસ્કૃતિક તત્ત્વો નહિવત હતાં. પરંતુ

આંદોલનમાં શોષણખોરોને તેમના ક્ષેત્રમાંથી બહાર કાઢવા તે મુખ્ય મુદ્દો હતો. તેઓ આ આંદોલનને રાજનૈતિક આંદોલનને રાજનૈતિક સ્વરૂપ અપાવી તેમની માગણી સંતોષવામાં આવે તેવા પ્રયત્ન કરવામાંઆવ્યો હતો. તેમાં અલગ પ્રદેશની માગણી ઝારખંડ કે જેની અંદર બિહારના ૬ જિલ્લા મલામાઉ, હજારીબાગ, રાંચી, ધનબાદ, સિંહભૂમ, ઓરિસ્સાના ૩ જિલ્લા સુંદરગઢ, ઓજાર, મયુરગંજ, મધ્યપ્રદેશના ૨ જિલ્લા રાયગઢ અને સરગુમ તેમજ પશ્ચિમ બંગાળના ૩ જિલ્લા પ્રરૂલિયા, મિધ્નાપુર, દામ્બુરા વગેરે જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાં મોટાભાગે આદિવાસી વસ્તી વસવાટ કરે છે.

આ અલગ પ્રદેશની માગણી, જુદા જુદા સંગઠનોની રચના અને ઉતાર ચઢાવની સ્થિતિમાં ઈ.સ. ૨૦૦૦ ની ઓગસ્ટમાં અલગ રાજ્યની સ્થાપના કરવામાં આવી. છેલ્લા ૧૦૦ વર્ષના સંઘર્ષ બાદ ઝારખંડ અલગ પ્રદેશ તરીકે સ્થાપિત થયું. આની સાથે–સાથે છેલ્લા થોડાક સમયથી છત્તીસગઢ અને ઉતરાંચલની પણ અલગ પ્રદેશ માટેની માગણી હતી. જેનું નિર્માણ પણ ઝારખંડ રાજ્યની સાથે કરવામાં આવ્યું હતું.

કે.એસ.સિંહા જણાવે છે કે ઝારખંડ રાજ્ય સ્થાપિત થયા પછી સૌથી મોટી આવશ્યકતા આદિવાસી ઓળખ જળવાઈ રહે તેની છે. વર્તમાનના વૈશ્વિકરણના સમયમાં સરકાર દ્વારા અનામતના લાભો દ્વારા આદિવાસી વિકાસ માટેના પ્રયત્નો કરવામાં આવે તો આદિવાસી વિકાસ થઈ શકશે. અનેક નવી સંસ્થાઓ, સંગઠનોના વિભિન્ન પ્રયત્નો દ્વારા જ વિકાસ શક્ય બની શકે છે."[૨૨]

## 3. બોડો આંદોલન :

બોડો આંદોલન ભારતના ઉત્તર પૂર્વભાગમાં આદિવાસી વિસ્તાર સાથે સંકળાયેલું છે. ભારતનો ઉત્તર પૂર્વ ભાગ ઘણા વર્ષોથી અશાન્તની સ્થિતિમાં હતો. તેઓની રાજનૈતિક સમસ્યાઓ અને સામાજિક વ્યવસ્થા સમાન રીતે જોડાયેલી હતી. ભૌગોલિક દૃષ્ટિએ આ વિસ્તાર ત્રણ ભાગમાં વિભાજિત કરવામાં આવ્યો છે. જેમાં (૧) જંગલ

વિસ્તાર (૨) ખડકવાળો(૩) મેદાની. આ વિસ્તારમાં કુલ જનસંખ્યા ૨ કરોડ ૬૦ લાખ લાકોની જોવા મળે છે. પરંતુ તેમાં નૃજાતિય, ભાષાકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક આધાર પર ઘણી વિભિન્નઓ જોવા મળે છે. આ ક્ષેત્રમાં ૧૧૬ અનુસૂચિત જનજાતિઓ વસવાટ કરે છે. તેમાં મુખ્ય પાંચ નૃજાતિય સમૂહો જોવા મળે છે. બાકીના અન્ય આદિવાસીઓ છે તે આસામ અને ત્રિપુરામાં મુખ્યત્વે વસવાટ કરે છે. તેના છઠ્ઠા જૂથને ઈન્ડોઆર્યન જૂથમાં સામેલ કરવામાં આવેલ છે. તેઓમાં ધાર્મિક વિભિન્નતાની દષ્ટિએ જોઈએ તો જોવા મળશે કે આ સંપૂર્ણ ક્ષેત્રમાં વિશ્વના મુખ્ય ધર્મોનું અસ્તિત્વ છે. જેમાં હિન્દુ, બૌદ્ધ, મુસ્લિમ, ખ્રિસ્તી મુખ્ય છે. ભાષાકીય, ભિન્નતાઓ આ જૂથોમાં ઘણી જુદી જુદી રીતે જોવા મળે છે. આ રીતે આ ક્ષેત્રમાં ભાષાકીય ધાર્મિક, સામાજિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક આધારે પણ ઘણી વિભિન્નતાઓ જોવા મળે છે.

ભારતમાં આદિવાસી સંઘર્ષના સંદર્ભમાં જોઈએ તો સ્વાતંત્ર્ય પૂર્વે અને સ્વાતંત્ર્ય પછી આદિવાસી ક્ષેત્રોમાં અશાંતિ અને અલગતાની સ્થિતિ ભારે જોર પકડતી જોવા મળે છે. જેમકે નકસલવાદી, ઝારખંડ, બોડો વગેરે આંદોલનો સ્વાતંત્ર્ય ભારતમાં પણ ખૂબ સક્રિય રીતે ચાલી રહ્યાં છે. જેમાં ઝારખંડના આંદોલનનો અંત ઈ.સ. ૨૦૦૦ ની સાલમાં આવેલો છે. બાકીના આદિવાસી આંદોલનનો એટલા માટે સંઘર્ષ કરે છે. દેશનો વિકાસનો લાભ આ ક્ષેત્ર સુધી પહોંચતો નથી. આ ઉપરાંત આ વિસ્તારના લોકોનું મોટા પ્રાણમાં શોષણ થઈ રહ્યું છે. આના કારણે આ ક્ષેત્રોમાં હિંસાત્મક પ્રવૃત્તિઓ પણ વધી રહી છે. આસામથી માંડી આન્ધ્રપ્રદેશ સુધી આ હિંસક આગ ફેલાઈ રહી છે. બોડો આંદોલનના નામે આસામમાં વિદ્રોહ ચાલી રહ્યો છે અને તેમાં હિંસાત્મક પ્રવૃત્તિઓ વધી રહી છે. આ હિંસાત્મક પ્રવૃત્તિની સમસ્યાએ રાજકીય શાસકની સામે પણ મોટા પ્રશ્નો ઊભા કર્યા છે. જેમાં નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમમાં એવા અનેક ગુપ્ત સંગઠનો ચાલી રહ્યાં છે જે પોલિસ અને સૈન્યની ટુકડીઓ પર પણ હુમલાઓ કરી ચૂકયા છે. એક બાજુ બોડો જાતિના લોકો અલગ રાજયની માગણી કરી રહ્યા છે. ત્યાં ઓરિસ્સા અને બિહારના આદિવાસીઓ પણ અલગ રાજયની માગણી કરી રહ્યા છે. બીજુ બાજુ

ઝારખંડ અલગ રાજ્યની માગણી બિરસા મુંડાના આંદોલન દ્વારા ૧૮૯૫ ની સાલથી કરવામાં આવી હતી. જેની સ્વીકૃતિ ૨૦૦૦ ની સાલમાં એક અલગ રાજ્યની રચનાથી થયેલી જોવા મળે છે. તેમજ ગુજરાત અને રાજસ્થાનની ગોવિંદગુરૂ ચળવળમાં પણ ગુજરાત અને રાજસ્થાનના આદિવાસી પ્રદેશને "ભીલીસ્થાન" અલગ રાજ્ય તરીકેની માગણી કરવામાં આવી હતી.

ભારતના આદિવાસી જૂથોમાં આવી અલગતાની સ્થિતિ હિંસક પ્રવૃત્તિ શા માટે બ્રિટિશ શાસન અને સ્વાતંત્ર્ય ભારતમાં ઊભી થઈ હતી. આદિવાસી લોકો વિશે સામાન્ય ધારણા છે કે તેઓ શાંત પ્રકૃતિના હોય છે. તકલીફ, અન્યાય, અત્યાચાર અને શોષણ ચુપચાપ સહન કરતાં હોય છે. છતાં આ આંદોલનો શા માટે ઊભાં થાય છે. આ બધી ઘટનાઓ ઘણી આશ્ચર્ય પમાડે તેવી છે. બ્રિટિશ શાસન સમયે આસામ એક અલગ "સુબા સ્વરૂપ" હતું. પરંતુ તેમાંથી નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, ત્રિપુરા અને અરૂણાચલ પ્રદેશનું અલગ રાજ્યોમાં ગઠન થયું અને અસમ એક અલગ નાના ક્ષેત્રમાં રહી ગયું. વર્તમાનમાં પણ આ વિભાજનની પ્રક્રિયા બંધ થઈ નથી. બોડા આંદોલન પણ એક અલગ રાજ્ય "બોડોલેન્ડ"ની માગણી કરી રહ્યું છે.

ભારતમાં ઉપરોક્ત અલગ અલગ ખંડોનું વિભાજન સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી થયેલા જોવા મળે છે. સ્વાતંત્ર્ય પૂર્વે અંગ્રેજ સરકાર આદિવાસીઓના ક્ષેત્રોમાં ઓછો હસ્તક્ષેપ કરતા હતા. તેમના વિકાસ માટે રસ્તાઓ, કૂવાઓ વગેરેનું નિર્માણ કરી આપવામાં આવતું હતું. તેથી આદિવાસીઓ તેમની વ્યવસ્થા જાતે કરી શકે. આદિવાસીઓના પ્રશ્નો સંઘર્ષ, પરંપરાગત પંચાયત દ્વારા ઉકેલવામાં આવતા હતા. તેમના જીવનમાં કોઈપણ પ્રકારનો બાહ્ય હસ્તક્ષેપ ન હતો. પી.સી. જૈન (૨૦૦૦) તેમના પુસ્તકમાં જણાવે છે કે "અંગ્રેજ શાસને આદિવાસીઓમાં કોઈપણ પ્રકારનો અસંતોષ ઊભો થવા દીધો ન હતો. તેઓ એ બાબતનું પણ ધ્યાન રાખતા હતા કે ક્યાંય તેમનું શોષણ તો નથી થતું ને, બિનઆદિવાસીઓને આદિવાસી ક્ષેત્રમાં જવાની મંજૂરી

મેળવવી પડતી હતી. પરંતુ બ્રિટિશરો દ્વારા જયારે જંગલો પર નિયંત્રણો ઊભાં કર્યાં ત્યારે આદિવાસીમાં વિરોધ ઊભો થયો હતો અને વિદ્રોહની સ્થિતિ જન્મી હતી પરંતુ બ્રિટિશરો દ્વારા આ વિદ્રોહને દબાવી દેવામાં આવ્યા હતા. આના પરથી બ્રિટિશરોને એવી પ્રતીતિ થઈ કે આદિવાસી ક્ષેત્રોમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં તેના પરિણામે આદિવાસી ક્ષેત્રોમાં શાંન્તિનું વાતાવરણ ઊભું થયું હતું. ત્યારબાદ કોઈ વિદ્રોહ કે આદિવાસીઓના અલગ ક્ષેત્રોમાં વિભાજિત થવાની માગણીઓ થઈ ન હતી."[૨૩]

સ્વાતંત્ર્ય ભારતમાં આદિવાસી વિકાસ માટે સરકાર દ્વારા જુદા જુદા પ્રયત્નો કરવામાં આવ્યા. નવી યોજનાઓ દાખલ કરવામાં આવી. જેનાથી આદિવાસીઓની સામાજિક સંરચનામાં હસતક્ષેપ વધવા લાગ્યા. બિનઆદિવાસી લોકોએ આદિવાસી વિસ્તારમાં જઈ શોષણ કરવાનું ચાલું કર્યું. દારૂના ઠેકેદારો પણ આ ક્ષેત્રમાં પ્રવેશ્યા. શાહુકારો અને મહાજનો દ્વારા આદિવાસીઓનું મોટી માત્રામાં શોષણ થઈ રહ્યું હતું. આના પરિણામે આદિવાસી લોકોની સભ્ય સમાજ પ્રત્યેની ધારણા બદલાઈ ગઈ. આવી સ્થિતિમાં આદિવાસી આંદોલન અને વિદ્રોહો ચાલું થયા હતા. જેમાં બોડો આંદોલનનો જન્મ થયો છે.

બોડો આંદોલન વિશેની જાણકારી ભારતીય લોકોમા ઓછી જોવા મળે છે. ભારતના લોકો આસામમાં રહેતા બોડો લોકો અને તેમના સમાજ જીવનથી બિલકુલ પરિચિત નથી પરંતુ બોડો આંદોલન બોડો લોકોના અલગ રાજયની માગણી સ્વાતંત્ર્ય ભારતમાં અને વર્તમાનમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. આ બોડો આંદોલન આસામની મેદાની જનજાતિય સ્વાયત્તતા અને ભાષાને લઈને આ આંદોલન ચલાવવામાં આવ્યું હતું. વર્તમાનમાં આ આંદોલનકારીઓનું અંતિમ ધ્યેય અલગ રાજય કાયમ કરવાનું છે. આને ધ્યાનમાં રાખી આસામમાં અખિલ બોડો છાત્ર પરિષદની સ્થાપના કરવામાં આવી.

આ ઉપરાંત નોકરીઓમાં અનામતની માગણીઓ બોડો ભાષાને સંવિધાનની આઠમી અનુસૂચિમાં સમાવેશ કરવાની માંગ વગેરે જોવા મળે છે. આસામમાં બ્રહ્મપુત્રા નદી પાસે વસવાટ કરતી જનસંખ્યામાં બોડો જનજાતિ મુખ્ય જનજાતિ છે. આસામની કુલ વસ્તી ૨ કરોડ ૬૫ લાખ છે. તેમાંથી ૬૫ લાખ લોકો વિભિન્ન જનજાતિના છે. તેમાંથી ૪૨,૯૬,૦૦૦ લોકો ફક્ત બોડો જનજાતિના છે અને તેમની માગણી છે અલગ બોડો રાજ્ય સ્થાપિત થાય.

બોડોલેન્ડ આંદોલન આદિવાસીઓના સ્વાયત્તતાના પ્રશ્ને ઊભું થયેલું છે. ઈ.સ. ૧૯૬૭ માં આસામ મેદાની જનજાતિ પરિષદ દ્વારા ઉદયાંચલની માગણી કરવામાં આવી હતી. ત્યારબાદ સ્થાપિત અખિલ બોડો છાત્ર પરિષદ બોડોલેન્ડની માગણી કરી રહ્યું છે. આ ક્ષેત્રમાં ક્ષેત્રફળની દષ્ટિએ પણ આ માગણી કરવામાં આવી રહી છે. તેમનું કહેવું છે કે તેમના ક્ષેત્રફળની ઓછા ક્ષેત્રફળવાળા રાજ્ય બનાવવામાં આવ્યા છે. જેમાં મિઝોરામ, નાગાલેન્ડ, ત્રિપુરા વગેરે. તેવી રીતે અમારા ક્ષેત્રની અલગ માગણી અયોગ્ય નથી. પરંતુ અસમ સરકાર દ્વારા અલગ રાજ્યની માગણીને પૂર્ણરીતે અનુચિત માનવામાં આવી છે. તેમનું માનવું છે કે આદિવાસી પ્રદેશમાં સામાજિક, આર્થિક ક્ષેત્રે અનેક પ્રશ્નો છે તેનો ઉકેલ અલગ રાજ્ય થવાથી આવશે નહીં. રાજ્ય સરકાર મિશ્ર સંસ્કૃતિના વિકાસ અને રાજ્યનું વિભાજન ના થાય તેવો પ્રયત્નો કરી રહી છે.

ઉપરોક્ત બોડોલેન્ડની માગણી સંદર્ભે અસમ સરકાર દ્વારા રાજ્યનું વિભાજન ના થાય તેવો પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ત્યારે બીજી બાજુ અસમ અખિલ બોડો છાત્ર સંગઠન દ્વારા તેમની માગણીઓને લઈને હિંસાત્મક રસ્તે વળેલા દેખાય છે. આ સંગઠનનું નેતૃત્વ એક સમયે ઉપેન્દ્રનાથ બ્રહ્મા કરી રહ્યા હતા. તેમણે તેમની માગણીઓને લઈને "કરો યા મરો" ના સૂત્રો આપ્યા હતા. આ સંગઠન દ્વારા ચાલતું આંદોલન નિશ્ચિત રૂપથી અશાંત બની રહ્યું હતું. બોડો જનજાતિના લોકોએ સરકારી અધિકારીઓ

અને કર્મચારીઓ પર હુમલાઓ કર્યા. સમગ્ર દેશમાં બોડો સક્રિય જનજાતિના લોકોએ હિંસક વિરોધ અને તેમની માગણીઓ પર લોકોનું ધ્યાન ખેચ્યું હતું.

આ આંદોલનને સક્રિય સ્વરૂપ આપવામાં અખિલ બોડો છાત્ર પરિષદના સવયંસેવકો, બોડો મુકિત સેના અને બોડો સુરક્ષા સેનાની મુખ્ય ભૂમિકા રહી છે. આ ત્રણેય સંગઠનો નિશ્ચિત રૂપથી સરકારી પ્રતીકોને નષ્ટ કરે વિરોધ પ્રગટ કર છે તેમાં સ્કૂલોના મકાનો, પુલ, ટપાલ સેવા તેમજ જંગલ અને ખેતી વિભાગના મકાનો વગેરે આ સંગઠનોના વિરોધ માટેના કેન્દ્ર સ્થાને છે. આ હિંસાત્મક પ્રવૃત્તિ કરવામાં બોડો નેતાઓના મનમાં એવી બાબત જોવાની પ્રતીતિ થાય છે કે ગોરખા નેશનલ લિબરેશન ફ્રન્ટ દ્વારા હિંસાત્મક વિરોધ તોડફોડના લાંબા સમયગાળા પછી જો સફળતા મળી શકતી હોય અને સરકાર ગોરખા નેશનલ લિબરેશન ફ્રન્ટના નેતાઓ સાથે ચર્ચા સમાધાન કરી શકતી હોય તો બોડો નેતા ઉપેન્દ્રનાથ બ્રહ્મા સાથે કેમ ચર્ચા કે વાતચિત કરવામાં ન આવે જેને લઈને આ આંદોલન વધુ હિંસક બન્યું હતું.

આના સંદર્ભમાં યોગ્ય ઉકેલ અને સમાધાનને લઈને અખિલ બોડો છાત્ર સંઘ બ્રહ્મગુટના પ્રતિનિધિઓ વચ્ચે અનેકવાર વાતચીત કરવામાંઆવી પરંતુ તેમાં કોઈ ચોકકસ પરિણામ આવ્યું નથી. પરંતુ આ સમસ્યાને લઈને તેના અભ્યાસ માટે એક ચોકકસ સમિતિ બનાવવાની બાબત પર સમજૂતી થઈ તેમાં સરકાર દ્વારા વાતચીતના વિભિન્ન તબક્કામાં સરકારે સ્પષ્ટ કરી દીધું હતું કે અલગ રાજયની માગણી કોઈપણ ભોગે સ્વીકારવામાં આવશે નહીં. પરંતુ, તેમની સમસ્યાઓ, પ્રશ્નો અંગે પૂરી નિષ્ઠાથી ધ્યાન આપવામાં આવશે. બોડો નેતાઓએ આ બાબત સ્વીકાર્યું ન હતી. તેમની એકજ માગણી હતી કે તેમને અલગ રાજયથી ઓછું કંઈ જ ચાલશે નહીં.

આ આંદોલનના હુમલાઓ સરકારી મકાનો, રેલ વ્યવહાર, જંગલ, ખેતી વગેરે પર કરવામાં આવ્યા હતા. શરૂઆતમાં આ સંગઠનની સક્રિય ભૂમિકા અખિલ બોડો છાત્ર પરિષદ અને તેના નેતા ઉપેન્દ્રનાથ બ્રહ્મા કરી રહ્યા હતા. પરંતુ આ સંગઠનના ટેકામાં

બીજા કેટલાક સક્રિય જૂથો પણ ઊભાં કરવામાં આવ્યા જેમાં બોડો સ્વયં સેવા દળ, બોડો મુક્તિ સેના અને બોડો સુરક્ષા સેનાનો સમાવેશ હતો. આ જૂથો દ્વારા પણ સરકાર સાથે ઉગ્ર હિંસાત્મક સ્વરૂપ ઊભું થયું હતું. આના પરિણામે ભારત સરકાર દ્વારા આસામ સરકાર અને બોડો સંગઠન વચ્ચે સમાધાન કરવાના ભાગ સ્વરૂપે કેટલાક તબક્કાઓમાં વાતચીત થઈ હતી. પરંતુ તેમાં કોઈ પરિણામ મળ્યું ન હતું. બોડો નેતાઓ તેમના અલગ રાજ્ય બોડોલેન્ડને કોઈપણ હિસાબે સ્થાપિત કરવા માંગતા હતા. જેના પરિણામે બોડો લોકોમાં હિંસાત્મક સંઘર્ષના ભોગે બોડો લોકો, સરકારી સ્થાનો, પોલીસ અને આ વિસ્તારના લોકો બન્યા હતા. ત્યારબાદ વર્તમાનમાં પણ આ માગણીઓએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. બોડો જનજાતિના પ્રશ્નોને લઈને તેનું સમાધાન કરવા વર્તમાનમાં બોડો સ્વશાસિત પરિષદની સ્થાપના પણ કરવામાં આવી છે. જે આ જનજાતિમાં તેમના પ્રશ્નોના સમાધાન માટે કાર્યરત છે.

આસામના આદિવાસીઓએ આસામ રાજ્યમાંથી બોડો ક્ષેત્રને અલગ રાજ્ય પ્રસ્થાપિત કરવાના મુદ્દે વિરોધની સાથે સાથે તેમની સરકારી નોકરીઓમા અનામત તેમના અધિકારનું રક્ષણ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી. આસામ જનજાતિના અખિલ છાત્ર સંઘના નેતૃત્વમાં ૧૯૭૯ થી ૧૯૮૫ છ વર્ષ સુધી આસામ આંદોલનમાં ભાગ લીધો. આ આંદોલન વિદેશીઓ સાથેના વિરોધ સંદર્ભમાં જનજાતિમાં અને બિનઆદિવાસીઓને સંગઠિત કરવામાં આવ્યાં હતાં. ૧૯મી સદીમાં વિદ્યાર્થી સંઘ અને મધ્યમવર્ગના લોકો વચ્ચે કેટલીક બાબતોમાં હિંસક અથડામણ થઈ. આ સમય ગાળામાં અખિલ અસમ છાત્ર સંઘને એક રાજકીય દળનું સ્વરૂપ ઊભું કર્યું. આથી અસમગણ પરિષદને ૧૯૮૫માં વિશેષ રાજકીય પ્રભુત્વ પ્રાપ્ત કરવામાં ફાયદા થયા હતો. પરંતુ બોડો અને કોલી આદિવાસી લોકોએ અખિલ અસમ છાત્ર સંઘમાં ભાગ લઈ તેમના અલગ રાજ્યની માગણી કરવા માંડી હતી. આસામના પ્રભાવી સમુદાયોએ AASU આંદોલન એ આદિવાસી લોકોનું સમર્થન પ્રાપ્ત કરી ભારત સરકાર સાથે અસમ સમજૂતી પર સહમત થયા હતા. તેમજ અસમ ગણ પરિષદ દ્વારા સરકાર

બનાવ્યા બાદ ASSU નેતાઓએ આદિવાસી જાતિઓની તેમની માગણી સંતોષી ન હતી. અને તેમની વિચારધારા તેમના ઉપર પ્રસ્થાપિત કરી હતી. આનો વિરોધ કરી આદિવાસી લોકો એ દઢપણે કહ્યું હતું કે તેઓ અસમિયાઓથી અલગ છે આ સંદર્ભમાં સંજીવ બરૂઆ તેમના પુસ્તક 'India Against itself' માં જણાવે છે કે "અમે બોડાં છીએ અસમિયા નથી અમારો વિરોધ ચાલુ રહેશે ત્યારબાદ બોડો આંદોલનના નેતાઓએ અખિલ બોડો છાત્ર સંઘ દ્વારા સરકારને ૯૨ મુદ્દા આધારિત ઘોષણ પત્ર સુપરત કર્યું જેમાં તેમની સંસ્કૃતિ અને ભાષાને માન્યતા આપવાનું તેમજ શૈક્ષણિક અને આર્થિક વિકાસ હેતુ, તેમને તક આપવામાં આવે વગેરે વિષયોને સમાવવામાં આવ્યા હતા. આ માગણીઓને લઈને તેઓ એક અલગ રાજ્યની માગણી કરી રહેલા જોવા મળે છે. તેમની માગણી ભારતીય સંઘની સાથે રહીને અલગ રાજ્ય તરીકે પ્રસ્થાપિત કરવામાં આવે તેવી જોવા મળે છે."[૨૪]

આ સંગઠનને સરકાર દ્વારા પણ કેટલાક સહકાર આપવામાં આવ્યો હતો.

## ૪. દેવી આંદોલન :

દેવી આંદોલન દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં થયેલું જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના જલાલપોર, નવસારી, ચોપાસી, ઓલપાડ તાલુકાઓમાં તેમજ સુરત શહેરમાં આ ચળવળની અસર ઊભી થઈ હતી. તેમાં મુખ્યત્વે કોળી, દુબળા, ઘાંચીઓ કારીગર જ્ઞાતિઓ તથા હરિજનોનો સમાવેશ થતો હતો. ૧૯૨૨ ની અસહકારની ચળવળ દરમયાન જલાલપોર વિસ્તારના લોકોએ ગાંધીજીની હાકલનું પ્રોત્સાહન આપ્યું હતું. આ વિસ્તારના લોકો રાષ્ટ્રીય અળવળના ખાસ ઉત્સાહી ટેકદારો હતા. આથી ૧૯૨૨ ના પાછળના ભાગમાં જે ચળવળ ગાંધીજી દ્વારા ચલાવવામાં આવી હતી, તે તત્ત્વ આ આંદોલનમાં ભળી ગયું હતું આ લોકોએ રાષ્ટ્રીય ઉદ્દેશ્ય સિદ્ધ કરવાની ચળવળમાં તેને ફેરવી દીધી હતી.

સલાબાઈ દેવી એ શીતળાની દેવી તરીકે ઉદભવ પામીને પારડી વિસ્તારના આદિવાસીઓ માટે સમાજ સુધારણા માટેનું પરિબળ બની, ડાંગના કુકણાઓ માટે તેણે ભૂત, રાક્ષસ, ડાકણ વિદ્યા જેવી પ્રવર્તમાન માન્યતા ઉપરના હુમલા તરીકે કામ કર્યું. તો દક્ષિણ ગુજરાતના મેદાની વિસ્તારમાં વસતા ચૌધરીઓ માટે તેણે તેમનું શોષણ કરનાર પારસીઓ સામેના વિરોધનું કામ કર્યું. બીજી બાજુ બારડોલીના પાટીદારો અને જલાલપોરના કોળીઓએ તેને ગાંધી કાર્યના સાથીદાર તરીકે તથા રાષ્ટ્રીય કાર્યમાં સહાયક તરીકે જોઈ. આમ તે વિવિધ સત્વવાળા બળ તરીકે સાબિત થઈ.

પીઅર ઓડીઓનના દર્શાવ્યા પ્રમાણે "આખા માનવ અસ્તિત્વની ગોઠવણી ખેતી વર્ષ અને અન્ય મુખ્ય દુન્યવી ક્રમોને અનુરૂપ કરવામાં આવતી આદિવાસી જીવનનું મુખ્ય લક્ષ્ય એ હતું કે આ ચક્ર બને તેટલું સરળતા પૂર્વક ચાલે આ ચક્ર સરળતા પૂર્વક ચલાવવા માટેનો એક માર્ગ તે એવા ચક્રમાં આડખીલીરૂપ બનવાની શકિત ધરાવનારા આધિભૌતિક તત્ત્વોની પૂજા હતી. એ પૂજા દ્વારા જીવનની ઘટનાઓ બરાબર ચાલતી રહે તે માટેની ખાતરી મેળવવાની હતી. સામાજિક સુધારણાનો હેતુ આ વિધિ પાછળ ન હતો."[૨૫]

ઘણાં કિસ્સાઓમાં આદિવાસીઓ દેવીને આ અર્થમાં જ સમજ્યા કે આ એક એવું બળ કે જેની પૂજા પોતાના જીવનના અસલ માર્ગે ફરી એકવાર જવા માટે જ કરવાની છે. આમ છતાં થોડાક આદિવાસીઓ આ ઘટનાને જુદી રીતે પણ સમસ્યા તેઓએ પોતાના પ્રવર્તમાન ફેરફાર કરવાના સાર લેખે તથા તદ્દન જુદા સામાજિક મૂલ્યોના સ્વીકાર લેખે તેને ઘટાવી. દેવીના આગમનને સામાન્ય જીવન માર્ગમાંથી ખલેલ પહોંચાડનાર ઘટના તરીકે જ ન લેતાં જેમાં એક નવું અને વધું તેજસ્વી ભવિષ્ય સમાયું હોય એવી ઘટના તરીકે પણ જોવાયું આથી અહીં જોવા મળે છે કે ચાલી આવેલા પૂજાના રિવાજોનું અહીં જીવનની એક ચોકકસ સમજણ તરીકે લવામાં આવે છે.

સુરત જિલ્લો અને તેની આજુબાજુના મહારાષ્ટ્રના વિસ્તારો ૧૮૦૦ થી ૧૮૧૭ વચ્ચેના સમયગાળા દરમિયાન બ્રિટિશ શાસન નીચે આવ્યા. નવા નવા શાસકો આ વિસ્તારના આદિવાસીઓ માટે ખાસ સહાનુભૂતિ ધરાવતા નહતા. તેમને અસંસ્કૃત પ્રજા માનતા હતા અને તેઓએ પોતાના જ હિતમાં તેમની જીવનગતિ સુધારવી જોઈએ. એવી તેમની માન્યતા હતી. બ્રિટિશ શાસનની સર્વોપરીતા ધરાવતી ભૂમિમાં વસતા લોકોની માણસ તરીકે જીવવાની સ્થિતિ ઘણી ઉતરતી કક્ષાની હતી.

ડેવિડ હાર્ડીમેન (૧૯૮૬) દેવી આંદોલનમાં દેવીની ધાર્મિક અને સુધારાવાદી પ્રવૃત્તિના કારણે આદિવાસી સમાજમાં આવેલા પરિવર્તનની ચર્ચા કરવામાં આવી છે.

દેવી આંદોલનમાં દેવીના મૂળ વિશે કેટલાક મતભેદો જોવા મળે છે. બી.ડી. નાસિકવાલાના જણાવ્યા પ્રમાણે "આ ચળવળ પશ્ચિમના ખાનદેશ, નવાપુરમાંથી ચાલુ થઈ અને ત્યાંથી પશ્ચિમ તરફ આગળ વધી હતી. આ ચળવળ અંગે સુરતના કલેકટર એ. એમ. મેકમિલન માનતા હતા કે આ ચળવળ ભીલ ભગતોએ કાલવણ અને પેંઠમાં શરૂ કરી હતી. ત્યાંથી ડાંગી ભીલના એક સમૂહ દ્વારા તેને નવાપુર, વ્યારા, વાસદા અને ધરમપુર રજવાડાઓમાં તેમજ સુરતના પૂર્વ ભાગમાં લઈ જવામાં આવી હતી. બીજા એક અધિકારીના મત પ્રમાણે સલાબાઈ નામની એક દેવી અરબીસમુદ્રમાં ભૂતિયા પવન પર સવાર થઈ ડાંગ અને ખાનદેશ જિલ્લાઓમાંથી પસાર થઈને આવી છે. આ માન્યતા એક અમેરિકન મિશનરીના માનવા પ્રમાણે દેવીની શરૂઆત અંગે અલગ અલગ અટકળો હતી."[૨૬]

ડેવિડ હાર્ડીમેન તેમના અભ્યાસના આધારે બતાવે છે કે "ગવલા ભૂવાઓ નાસિક જિલ્લાના કાલવણ વિસ્તારમાં ડાંગમાં થઈ દેવીને લઈ આવ્યા હતા. દેવીની લોકો ઉપર ભારે અસર હતી. દેવીના ખાસ શિષ્યને ગૌવળી કહેવાય છે. તેને સન ચઢે છે. તેથી તે ધૂણે છે અને લોકો તેની વાતાને અનુસરતા હતા. આમ તો આદિવાસીઓને આળસુ અને દેવાળિયા ખેડૂતો માનવામાં આવતા જેઓ નફાકારક તથા રોકડિયા શેરડી

જેવા પાકો પકવવાને બદલે ઓછી કિંમત આપે એવા કોદરા અને નાગલી જેવા પાકને પકવતા હતા તેમની જૂની ખેતીની પદ્ધતિ સરકાર માટે ઘણી બિન ઉત્પાદક તેમજ ઓછી મહેસૂલી આવક આપનારી હતી."[૨૭]

વડોદરા રાજ્યના અધિકારી કેશવરાવ જાદવે મહુવા તાલુકાના આદિવાસીઓ માટે લખ્યું હતું કે "કાળી પરજના લોકોને હાંકી કાઢવા માટેનું દબાણ ચારે બાજુથી છે આ સ્વાભાવિક પ્રક્રિયા છે અને સામાન્ય પરિસ્થિતિમાં એને કોઈ અટકાવી શકે એમ નથી"[૨૮]. ડેવિડ હાર્ડિમન "૧૯૧૩ માં આજ તાલુકાઓ જ્યારે જમીન માટેનો કર વધાર્યો ત્યારે નવસારીના સૂબાએ ભય વ્યકત કર્યો હતો કે આદિવાસીઓને આ કર ભરવામાં મુશ્કેલી પડશે ત્યારે તેમના ઉપરીએ તોછડાઈથી જવાબ આપ્યો હતો. તેઓ તો મરવા જ જોઈએ. બ્રિટિશરોએ જ્યારે તેમનું શાસન લાગુ પાડયું ત્યારે આ ખૂબ બદનામ થયલા લોકોએ તેનો પ્રતિકાર કરવાનો કોઈ પ્રયત્ન કર્યો નહીં. અપવાદ માત્ર ડાંગનો હતો. જ્યાં ભીલોએ ૧૮૩૦ માં જિતી લેવામાં આવ્યા હતા. પણ તે પછી ૧૯૧૪ સુધી તેઓએ થોડા થોડા વખતે બંડ કરવાનું ચાલુ રાખ્યું હતું. બીજે બધે આદિવાસીઓએ મુકાબલાની સ્થિતિ સંપૂર્ણપણે ટળી હતી. એ માટેનું કારણ એ જણાવે છે કે તેઓ પાસે હથિયાર સાથે પ્રતિકાર કરવાની કોઈ પ્રથા ન હતી. સત્તા સાથેના તેમના સંબંધો ભાગી છૂટવાના હતા.મુકાબલાના નહીં અધિકારીઓને મળવાને બદલે તેઓ જંગલમાં છુપાઈ જવાનું વધુ પસંદ કરતા હતા."[૨૯]

## ❀ આદિવાસીઓ અને શોષણ :

વલસાડ તાલુકો બ્રિટિશ શાસનમાં ભળ્યો તેની પાંચ વર્ષ પહેલાં ૧૮૦૨ માં ભારે કરની માગણીના વિરોધમાં આદિવાસી ખેડૂતોએ એ વિસ્તાર બે વખત છોડી દીધો હતો. બ્રિટિશ શાસનની સ્થાપના પછી તેઓ પાછા આવ્યા હતા પણ ૧૮૨૮ અને ૧૮૩૩ ની વચ્ચે તેઓ નાણા ધિરનારાઓના શોષણને કારણે ફરીથી સામૂહિક સ્થળાંતર કરી ગયા હતા.

દક્ષિણ ગુજરાતમાં બ્રિટિશરોના હાથમાં બીજો મોટા જંગલ વિસ્તાર માંડવી તાલુકાના પૂર્વભાગમાં હતો. વાંસદા જંગલ વિસ્તાર વડોદરાના કેટલાક તાલુકાઓ સોનગઢ, વાજપુર, વ્યારા, મહુવા અને માંગરોળ વગેરે જંગલ વિસ્તારમાં આદિવાસીઓને ખેતી કરવા પર પણ પ્રતિબંધ હતો. બ્રિટિશ વિસ્તારોમાં આદિવાસી ઢોર ચરાવવા માટે તથા મહુડાના ફૂલ જેવા જંગલની પેદાશ ભેગી કરવા માટે ફી આપવી પડતી હતી. કુમળા વૃક્ષો રોપવા, કચરો સાફ કરવા કે લાકડા ભરવા મજૂરી કામ માટે તેમની પર દબાણ પણ કરવામાં આવતું. જંગલના અધિકારીઓ આદિવાસીઓ સાથે ખૂબ જુલમી રીતે વર્તતા અને તેની પાસેથી બધા પ્રકારની વ્યક્તિગત સેવાઓ માગતા હતા. જે આદિવાસીઓ આવું કરવાની ના કહેતા તે લોકો ઉપર જંગલના કાયદાનો ભંગ કરવા માટે કામ ચલાવવામાં આવતું.

આદિવાસી લોકો સામાન્ય રીતે એક અલગ ભૌગોલિક અને અલગ સંસ્કૃતિ સાથે જોડાયેલા હતા. તેમને બજાર વ્યવસ્થા આધારે અને બીજા કેટલાક સંપર્ક માધ્યમોના આધારે આદિવાસી જાતિના સભ્યો એક બીજાના સંપર્કમાં આવતા હોવાથી તેમની વચ્ચે સામ્યતા જોવા મળતી હતી. પરંતુ તે વિસ્તારમાં વેપારીઓ શાહુકારોએ અને કારીગરો જેવા ઉજળિયાતો સામેનો તેમનાં વિરોધ ઘણાં વિશેષ પ્રમાણમાં ઊભો થયો હતો. આદિવાસી સંસ્કૃતિની ભાવના ધાર્મિક સ્વરૂપના આધારે જુદી જુદી પવિત્ર સ્થાનો સાથે

જોડાઈ હતી. તેઓની માન્યતાઓ અને વ્યવહારો બિનઆદિવાસીઓની અસર હેઠળ નહીં આવવા દેવાના મકકમ નિર્ણયથી પણ તેમની એકતા દૃઢ બની હતી.

એન્થોવનના જણાવ્યા પ્રમાણે "નાયકાઓને ઉચ્ચ જ્ઞાતિઓ પ્રત્યે કશો આદર ધરાવતા ન હતા. ધાર્મિક ક્રિયા કરાવનાર વિધિઓ ઉપવાસો અને જમણવારોની બિલકુલ દરકાર કરતા ન હતા. સામાન્ય સ્થાનિક માન્યતા એવી હતી કે ઉચ્ચ જ્ઞાતિની હત્યા કરવાથી તેમનું પૂણ્યનું કામ ગણાય છે. મૃત્યુના તેરમા દિવસે કરવામાં આવતા જમણવાર સંદર્ભમાં તેમની કહેવત પ્રમાણે એક તિલકવાળાના મૃત્યુથી સો જણાનું પેટ ભરાય છે"[૩૦] ડેવિડ હાર્ડિમન જણાવે છે કે "આજ રીતે વારલીઓ પણ આવી રીતે ઉચ્ચ જ્ઞાતિઓ પ્રત્યે તિરસ્કાર કરતા હતાં અને તેનાં વિરોધ કરતા હતા."[૩૧]

આદિવાસીઓ બિન – આદિવાસી, બ્રાહ્મણ, વાણિયા, શાહુકારો સાથે સદીઓથી આર્થિક વ્યવસ્થામાં રહ્યા હતા છતાં પણ આદિવાસીઓ પર તેમની અસર નહિવત હતી.

આદિવાસીઓમાં સમાનતાની ભાવના ઘણી સુદૃઢ હોવાના કારણે આર્થિક સાધનોમાં ઘણા ઓછા તફાવતો તેમાં જોવા મળતા હતા. મોટા ભાગના આદિવાસીઓના રહેઠાણ સમાન પ્રકારના હતા. આ જાતિઓમાં એક સભ્ય બીજાઓ કરતાં ગરીબ હોય તે શરમજનક માનવામાં આવતું. આ વિસ્તારમાં ચૌધરીઓમાં ગરીબી હોવા છતાં કોઈ ભિખારી નથી. આદિવાસી લોકોમાં તેમના પ્રસંગ કાર્યક્રમ વગેરે વખતે આર્થિક સ્થિતિના સંદર્ભમાં કોઈ ભેદભાવ કરવામાં આવતાં નથી. ઘનશ્યામ શાહ જણાવે છે કે "૧૫ એકર જમીન ધરાવતા ચૌધરી કુટુંબોના ૫૭% કુટુંબમાંથી એક સભ્ય બીજા સભ્યને ત્યાં કામ પર જાય છે. પોતાની પાસે આટલી જમીન હોવા છતા બીજા સભ્યને ત્યાં તે કામ પર જાય છે. આમ તેઓ બીજાને ત્યા કામ કરવામાં કોઈ પણ પ્રકારનો સંકોચ અનુભવતા નથી."[૩૨]

આદિવાસી સમાજમાં સામ્યતા સમાનતાની સાથે કેટલાક આર્થિક તફાવતો હતા. જેમાં બ્રિટિશ શાસન સમયે આર્થિક સારી સ્થિતિ ધરાવતા આદિવાસીઓ શાસકો પાસેથી સબંધોના કારણે વિશેષ અધિકારો ધરાવતા હતા. જેના આધારે કેટલાક અસમાનતા જોવા મળતી હતી. જે સામાન્ય સ્વરૂપની માનવામાં આવતી હતી. પરંતુ બિનઆદિવાસીઓ વચ્ચેનો વિરોધાભાસ મોટા પ્રમાણમાં હતાં.

બ્રિટિશ શાસનમાં આદિવાસીઓની તીવ્ર ગરીબી નાણા ધીરનાર અથવા શાહુકારો આધારે ૧૮૭૦ માં એવું જોવા મળે છે કે આદિવાસીઓને જમીન મહેસૂલ ચુકવવા માટે શાહુકારો ઉપર પૂરેપૂરો આધાર રાખવો પડતો હતો. માટે તેઓ ઊંચા વ્યાજે રકમ ઉછીની લેતા અને ચુકાવતા. આખી મોસમના પાક શાહુકારોને આપી દેવાં પડતો હતો આથી તેમની પાસે ખાસ કઈ બચતું ન હતું. આદિવાસી લોકોની ભૌગોલિક અને સાંસ્કૃતિ અલગતાના કારણે કહેવાતી ઊંચી જ્ઞાતિઓની સંસ્કૃતિ વચ્ચેના સંપર્કો હોવા છતાં આદિવાસી સંસ્કૃતિ પર કંઈ ખાસ અસર થઈ શકી ન હતી. કારણ કે આદિવાસીઓ અને શાહુકારો સંપર્કમાં આવવાનું સીધુ કારણ જોઈએ તો આદિવાસીઓની તીવ્ર ગરીબી અને દેવાદાર સંસ્કૃતિ હતું. કારણ કે ખેતી ઉત્પાદનનાં ભાગ દેવા પેટે શાહુકારો તેમની પાસેથી લેતા હતા.

ડેવિડ હાર્ડીમન જણાવે છે કે "આ પ્રકારના શોષણની ઘટના ૧૮મી સદીમાં બનેલી ઘટના માનવામાં આવે છે પરંતુ કેટલાક આધારો પ્રમાણે આ સમગ્ર વિસ્તાર શાહુકારો દ્વારા ૧૭મી સદીથી ચાલતું હતું. ૧૬૬૦ માં માંડવીના સાહસિક રાજા હરબાજીએ તેણે એક ભીલ મુખી ને વિશ્વાસઘાત કરીને આ વિસ્તાર પડાવી લીધાં હતાં. ૧૭૨૧ ના રેકર્ડ આધારે અંબરના રાજ્યકર્તાઓ જમીન કર ઉઘરાવવાનું કામ શરાફને સોપવામાં આવ્યું. આ શરાફો રાજ્યની મોટી રકમ એડવાન્સ પેટે આપતા અને રાજ્ય સૈનિકોને અનાજ અને પગાર પૂરો પાડતા. આના બદલામાં જમીનનો કર ઉઘરાવવાનો અધિકાર તેમને આપવામાં આવતો હતો. મોટા શરાફો સીધા ખેડૂતોના સંપર્કમાં રહેતા

હતા. તેઓ શાહુકારો પાસેથી જમીનના કર ઉઘરાવતા હતા તેઓ તેના બદલામાં ખેડૂતો પાસેથી અનાજનો અમુક હિસ્સો લઈ લેતા રાજ્ય ખેડૂતો ને એડવાન્સ આપવા શાહુકારોને પ્રોત્સાહિત કરતા. આના આધારે ખેડૂતો ખેતી કામ કરી શકે. આમ પાકની ભાગીદારી જમીન પરના કર તેમજ દેવાની ફેરવસૂલીનું પ્રતિનિધિત્વ ચાલતું હતું. આમ તો ખેડૂત વર્ગ ઉપરનું શોષણ અટકાવવા માટે નાણા ધીરનાર અને શાહુકારો પર સરકારી અધિકારી નિમવામાં આવ્યા હતા. પરંતુ વ્યવહારમાં સત્તાનો દોર વેપાર કરનારાના જ હાથમા હતો. હાર્ડીમનના જણાવ્યા પ્રમાણે હરબાજી એ જયારે માંડવી ગામ સ્થાપ્યું ત્યારે તે મારવાડી વાણિયાઓને લઈ આવ્યા અને એવી નીતિ સ્થાપી રહ્યા હતા. કે જેમાં ખેડૂતોનું વધારાનું અનાજ લઈ લેવામાં આવે અને કોઈ પુરાવો ન મળે."[33]

બ્રિટિશ રાજયકર્તાઓ એ માગ્યા મુજબના કેટલાક મર્યાદિત વહિવટી સુધારાઓ ૧૯મી સદીના પાછળના ભાગમાં સ્વીકાર્યા. તે પહેલાં શહેરના શાહુકારો અને આદિવાસીઓ વચ્ચેના વર્ણવાયેલા સંબંધો બ્રિટિશરો આવ્યા તે પહેલાંથી ચાલ્યા આવે છે. આજ વિસ્તારમાં બીજા શાહુકારો નાંદોદ વિસ્તારમાં પરગણા ના ઈજારાદાર હોવાથી ભીલો વધતા ઓછા પ્રમાણમાં તેમના પ્રભાવ નીચે હતા. તેઓ ખેતીના હેતુસર અગાઉથી નાણા ધીરતા અને કાપણીના સમયે આકરા વ્યાજ સાથે લઈ લેતા. આમ દર વર્ષે આ સ્થિતિ ઊભી થવાના કારણે ભીલો પાસે કશું જ બચતું ન હતું તેઓ ઉત્પાદનમાં કોઈપણ લાભ મેળવી શકતા ન હતા.

૧૯મી સદીના પછીના સમયે ગાળામાં પણ આદિવાસીઓને બિયારણ, ઓજાર માટે રકમ લેવી પડતી હતી. તેમજ તેમની પાસે અનાજ બચતું ન હોવાથી કેટલાક પ્રમાણમાં અનાજ ખાવા માટે પણ જરૂરિયાત રહેતી અને અનાજ પાકયા પછી જે બમણું અનાજ ચુકવવું પડતું હતું શાહુકારો, કાપણીના સમયે આદિવાસી વિસ્તારમાં બળદગાડા મોકલી ધાન્યને શહેરમાં લાવતા હતા તેઓ સારું ધાન્ય ચોખા, જુવાર જેવું ધાન્ય શાહુકારો લઈ જતા અને ઘણો ઓછો ભાગ નાગલી, કોદરી બંટી જેવું હલકું તેમના માટે

રહેવા દેવામાં આવતું હતું. આ સંદર્ભમાં આદિવાસીઓ એવી ફરિયાદ કરતા કે શાહુકારો ઘણું બધું લઈ જાય છે. તો તેઓ જણાવતા કે તેમની પાસે જ્યારે ધાન્ય ખૂટી જાય. ત્યારે તેમની દુકાનેથી એડવાન્સ પેટે લઈ જવા જણાવાયું હતું. બી.એચ. મહેતાએ આ અંગેની ગણતરી કરતા જણાવ્યું હતું કે "૧૯૩૦ માં ૪૦ ટકા અનાજ શાહુકારો લઈ જતા હતા લગભગ ૮% વેચાતું હતું બાકીનું લોકો પોતાના વપરાશ માટે રાખી શકતા હતા પરંતુ આ વિસ્તારમાં દેવી ચળવળ શરૂ થવાના કારણે શાહુકારોમાં વધુ પડતા શોષણો પર નિયંત્રણો ઊભાં થયાં હતાં. ૧૮૫૦ માં ઠરાવવામાં આવેલ જમીન મહેસૂલ પહેલાં આદિવાસી ગામોમાં શાહુકારોની જમીન ન હતી. આદિવાસી ઝુમ ખેતી કરતા હતા તેઓ જમીનતો કોઈ ચોકક્સ હિસ્સો ધરાવતા ન હતા. આથી ઉછીની આવેલી રકમની જામીનગીરી તરીકે જમીન લેવાનું શાહુકારો માટે શકય ન હતું આદિવાસીઓને કાયદેસર રીતે અમુક જમીનનો હિસ્સો આપવામાં આવ્યો ને તરત જ શાહુકારો તે ઉપર કબજો જમાવવા માંડયા. ખાસ કરીને."[૩૪] ૧૯૦૦ ની સાલના દુષ્કાળના કારણે તે સમયગાળા દરમ્યાન આફતના માર્યા આદિવાસીઓએ મોટાં પ્રમાણમાં શાહુકારોને ત્યાં જમીન ગીરો મૂકવા માંડી તે સમયે એવું જોવા મળ્યું કે દુષ્કાળતા વર્ષો બાદ જમીનની ફેરબદલી મોટા પ્રમાણમાં થઈ ડેવિડ હાર્ડિમનના મતે "૧૯૧૩માં એવો અંદાજ કાઢ વામાં આવ્યો હતો. ૧૮૯૫ થી ૧૯૧૩ ના સમયગાળા દરમિયાન વડોદરા રાજ્યના મહુવા તાલુકાના ૪૨ ટકા જમીનની માલિકી વેચાણ અને ગીરો દ્વારા બદલાઈ હતી. આમાંથી મોટા ભાગના જમીન આદિવાસીઓ પાસેથી શાહુકારો પાસે ગઈ ૧૯૧૩ માં મહુવા તાલુકાની ૪૦ ટકા વસ્તી ધરાવતા માત્ર ૧૨ ટકા જમીન ધરાવતા હતા"[૩૫]. શાહુકારો જમીન પોતાના નામે થયા બાદ પણ શાહુકારો ખેડૂતને જમીન પરથી હાંકી કાઢ તા નહીં કારણ કે ખેતી કરવા માટે આદિવાસીઓની જ જરૂરિયાત રહેતી હતી તેથી ખેતી કરવાની બધી જવાબદારી તેના આદિવાસીના માથા પર નાંખવામાં આવતી આ પ્રકારે શાહુકારો દ્વારા માલિકી હક ગુમાવવા સાથે બીજુ તેને તેમની જ જમીન પર મજૂર તરીકે કામ કરવું પડતું હતું.

દેવી આંદોલનની અસર ના કારણે આદિવાસીઓએ શાહુકારોને ત્યાં દારૂ વેચવા, તાડીના વૃક્ષોના છેદન કરવાનો બહિષ્કાર કર્યો તેમણે તેમના ખેતરોમાં કામ નહીં કરવા પણ જણાવ્યું હતું આ સંદર્ભમાં વલ્લભભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે "આદિવાસીઓની જાતિમાં આવેલ પરિવર્તન આશ્ચર્યજનક ગણાવ્યું. તેમણે પારસીઓ અને મુસલમાનોને ત્યાં કામ નહી કરવાનાં નિર્ણય ગંભીર છે. તેથી કોઈપણ દિશા લેતાં પહેલાં લોકોએ બરાબર વિચાર કરવો જોઈએ."[૩૬] કસ્તુરબા એ આ આદિવાસીઓને પારસીઓના ખેતરમાં કામ કરવા જવું જોઈએ એવી વાત કરી પરંતુ આદિવાસીઓએ આ સલાહનો સ્વીકાર કર્યો નહીં. કારણ કે ભૂતકાળમાં જયારે આદિવાસીઓએ દારૂ છોડવાનો પ્રયત્ન કર્યો. ત્યારે પારસીઓએ અનેક યુકિત પ્રયુકિતથી લોકો દારૂ પીવે તેવો પ્રયત્ન કર્યો હતો. ત્યારબાદ ગાંધીવાદી વિચારધારાથી અલગ રીતે ૧૯૨૭ ની શરૂઆતમાં શિક્ષિત આદિવાસી સુધારકોએ શહેરી શાહુકારો અને પારસીઓ પર હુમલો કરી ચળવળને નવું અને સંઘર્ષ પૂર્ણ સ્વરૂપ આપ્યું હતું. આના સંદર્ભમાં માંડવીમાં ૪ ફેબ્રુઆરી ૧૯૨૩ ના રોજ ૩૦૦૦ આદિવાસીઓની થયેલી સભામાં સામાન્ય કેટલાક ઠરાવો કર્યા અને સાથે સાથે આદિવાસીઓની બીજાની જમીન નહીં ખેડવા સલાહ આપવામાં આવી.

*દેવીની અસર :*

આ આદિવાસી વિસ્તારમાં બધા આદિવાસીઓના મન પર દેવીની એકસરખી અસર પડી હતી એવું કહેવાનો અર્થ નથી. આ વિસ્તારના દેવી એ એક એવી દેવી તરીકે સ્વીકારવામાં આવી હતી જેની રીઝવણી કરવાથી જીવન સરખી રીતે ચાલતું રહે તેઓને માટે દેવીની આજ્ઞા એ દેવીની રીઝવણીના સમયગાળા દરમ્યાન પાળવાની કામ ચલાઉ વિધિઓ જ હતી. જયારે કાયમી પરિવર્તનવાદી ખ્યાલ તેમને આવ્યો. ત્યારબાદ ડાંગના અરબી સમુદ્ર સુધી વિસ્તરેલા ઘણા મોટા વિસ્તારમાં આ આજ્ઞાઓને આ અર્થમાં જ સમજવામાં આવી. આથી આ ચળવળને આ વિસ્તારમાં વધારે પ્રભાવ ઊભો કર્યો. દેવી

ચળવળમાં ડેવિડ હાર્ડિમેનના જણાવ્યા પ્રમાણે "દેવીના માધ્યમ દ્વારા સામાજિક સુધારણા માટેનો જે કાર્યક્રમ જે રજૂ થતો હતો તે જુદી જુદી સભાઓમાં થોડો જુદો જુદો રહેલો હતો.

*દારૂ નિષેધ :*

૧) દારૂ તાડી ના પીએ.

૨) દારૂ તાડીને બદલે ચા પીઓ.

૩) તાડીના ઝાડોનું છેદન કરો નહીં.

૪) દારૂ અને તાડીની દુકાનોમાં નોકરી કરો નહીં.

*બિન માંસાહારી ખોરાક :*

૧) માંસ મચ્છી અને ઈંડા ન ખાઓ.

૨) બધા જીવતા મરઘા, બકરાં અને ઘેટા કાઢી નાખો.

૩) ઘરના છાપરાં કાઢી નાખો અને બાળી નાખો. કારણ માંસ રાંધવા વપરાયેલા અગ્નિના ધુમાડાથી એ અપવિત્ર બનેલા હોય છે થોડા દિવસ બાદ નવું છાપરું મૂકો.

૪) માંછલા પકડવાની જાળ ફેંકી દો.

*અહિંસા :*

૧) ખાવા માટે કે ભોગ માટે કોઈ પ્રાણીને મારો નહીં.

૨) બળદો પ્રત્યે દયાળુ બનો અને સિંથરી, પરોણી તેમને ગોંચો નહી.

*સ્વચ્છતા*

૧) રોજ સ્નાન કરો.

૨) સ્નાન કર્યા બાદ જ રસોઈ બનાવો.

૩) મળ ત્યાગ બાદ પાણીનો ઉપયોગ કરો. પાંદડાનો નહીં.

૪) અવાર નવાર કપડાં ધુઓ.

૫) ઘર અને વાડાને કાળજી પૂર્વક ચોખ્ખાં રાખો.

૬) પારસીઓને દુકાને જાઓ નહીં.

૭) પારસીઓને ત્યાં કોઈપણ પ્રકારની મજૂરી કરો નહીં.

૮) પારસીઓ સાથેનાં બધા પ્રકારના સંપર્કો દૂર કરો. જે લોકો તેના સંપર્કમાં આવે અને તેનો પડછાયો પણ ઓળંગે તો તેમણે સ્નાન કરવું.

આ ઉપરોકત આજ્ઞાઓ માત્ર વ્યારા, વાલોડ, માંડવી, બારડોલી મહુવા અને જલાલપોર વિસ્તારમાં સાંભળવા મળી."[૩૭]

દેવી ચળવળના કારણે દારૂ નિરમાશાહાર સ્વચ્છતા જેવા પવિત્રતા સાથે સંકળાયેલા નવા નિયમોનું પાલન કરીને દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ હિંદુ જ્ઞાતિ વ્યવસ્થાની એક જ્ઞાતિ તરીકે સ્વીકારવાનો દાવો કરવાની દિશામાં ગતિ કરતા થયા. એમ. એન. શ્રીનિવાસ સંસ્કૃતિકરણની પ્રક્રિયાઓમાં જણાવે છે કે "સંસ્કૃતિકરણ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા નીચલી હિંદુજ્ઞાતિ અથવા આદિવાસી અથવા અન્ય જૂથ તેના રિવાજો, વિધિઓ વિચાર સરણી અને જીવન રીતિને ઊંચી જ્ઞાતિની દિશામાં ઘણીવાર જેમને દ્વિજ કહેવામાં આવે છે તેમની દિશામાં વાળે છે. ઊંચનીચના ભેદભાવ વાળી જ્ઞાતિ વ્યવસ્થામાં આવો ફેરફાર ઊંચી સ્થિતિ માટેના દાવો કરવામાં આવે છે. સ્થાનિક જ્ઞાતિ દ્વારા આવા દાવાને માન્ય કરવામાં આવે છે. ત્યારે તેને સંસ્કૃતિકરણ કહેવાય."[૩૮]

દેવી ચળવળ અને આવા પ્રકારની ચળવળ ૧૯ મી સદીના પાછળના ભાગમાં મોટા પાયા ઉપર શરૂ થઈ અને તે આજ દિન સુધી ચાલું રહી છે. આમ દેવીની આજ્ઞાઓને દૃઢ તર્ક સામે અરસ પરસ અસરકારક થઈ શકે એવી ભૂમિકા રચી. આના કારણે સ્થાનિક શોષણખોરો અને આદિવાસીઓના હકકો માટેની લડતનું પ્રતિનિધિત્વ જોવા મળતું હતું.

*દેવી અને રાષ્ટ્રીય લડત :*

દેવીની આજ્ઞાએ તેમના અનુયાયીઓને રાષ્ટ્રીય ચળવળને ટેકો આપવાની પણ માગણી કરી હતી. આદિવાસીઓને તથા અન્ય ખેડૂતોને ખાદી પહેરવાનું, ચરખો કાંતવાનું, તેમના બાળકોને રાષ્ટ્રીય શાળાઓમાં મૂકવાનું આ આદિવાસી વિસ્તારના લોકો અને રાષ્ટ્રીય ચળવળ વાદીઓ વચ્ચે ૧૯૧૮ માં સંપર્ક સ્થાપવામાં દેવી અને રાષ્ટ્રવાદી ચળવળમાં સંખ્યા બળ, તત્ત્વો વગેરે એકબીજામાં ભળી ગયા કે જે આશ્ચર્ય જન્માવે તેવી બાબત હતી. દેવી ચળવળ કોઈક રીતે ૧૯૨૦, ૧૯૨૨ના સમયગાળાની રાષ્ટ્રવ્યાપી ચળવળમાંથી તો નહી પ્રગટી હોયને તેવા મતમતાંતર પણ હતા. આદિવાસીઓની સમાજ સુધારણાની ચળવળનાં આ વિસ્તારનો એક ઈતિહાસ હતો. આ વિસ્તાર બે દશકથી પણ વધારે અમલથી સુધારકોએ ચર્ચા ચલાવી હતી.

આ સંદર્ભમાં સુમિત સરકારે બંગાળના સંદર્ભમાં દલીલ કરી છે કે "વર્ષ ૧૯૦૫–૦૭ અને ૧૯૨૧–૨૩ એ માત્ર મહાન રાષ્ટ્રવાદી વિરોધનાં જ વર્ષો ન હતા પણ ખેડૂતોને પોતાના હકકો માટેની ચળવળનાં પણ વર્ષો હતાં. ૧૯૨૦–૨૨ ની ચળવળ જે ખાસ કરીને બારડોલી, સુરત, જલાલપોર વિસ્તારમાં જોરદાર હતી. આ વિસ્તારમાં દેવી ચળવળે તેના હકકો માટે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું."[૩૯]

રાષ્ટ્રવાદી તત્ત્વો દેવી ચળવળના શરૂઆતના તબક્કે દેખાયા. નાસિક જિલ્લાના ઘાટ ઉપર દેવી ચઢી તે પહેલા સાલબાઈને ગાંધી સાથે જોડતું. ગાંધીજી ટેકરીવાળું ગીત ધરમપુર વિસ્તારમાં કુકણાઓને સૌ પહેલું સંભળાવ્યું હતું. એ વિસ્તારમાં એક એવી અસ્પષ્ટ સમજ પ્રવર્તતી હતી કે ગાંધી આદિવાસીઓને મુકત કરશે. ગાંધી નામના તેમને માટે લડનાર એક માણસે તો સિદ્ધાંતો દૂર દૂરના ગામો સુધી ફેલાય તે માટે દેવીને જન્મ આપ્યો છે એવી એક માન્યતા આદિવાસીઓમાં હતી. તેથી આ ચળવળને ત્યાં વધુ બળ મેળવ્યું હોય એવું જોવા મળે છે. આમ આદિવાસીઓ માટે દેવીની આજ્ઞા મુજબ તેમના જીવન સુધારણા માટેનો સમય આવી ગયો છે. તેવું માનવામાં આવતું હતું.

આ રીતે આ ચળવળને વધુ પોષણ પ્રાપ્ત થયું. ગાંધી અને રાષ્ટ્રીયવાદીઓને આદિવાસીઓના હિતેચ્છુ માનવામાં આવ્યા. એમને સાલબાઈ સાથે સંકળાયેલા માનવામાં આવ્યા. જેથી સાલબાઈની આજ્ઞાઓ તેમની આજ્ઞાઓ બની.

આ આંદોલનમાં આદિવાસીઓ સાથે સીધા સંકળાયેલા હતા તેવા નીચલી પાયરીના અધિકારીઓ આ ચળવળ માટે શત્રુભાવ રાખતા હતા.તેઓએ આદિવાસીઓને હમેશાં હલકા અને ગરીબ માન્યા હતા. તેઓનું વગર મુશ્કેલીએ અને સહજપણે, ડર વગર શોષણ થઈ શકતું. પરંતુ આદિવાસીઓના અધિકારો માટેની નવી ચેતના ઊભી થવાના કારણે અધિકારીઓને મફત વસ્તુઓ અને સેવાઓ મળવાનું બંધ થઈ ગયું હતું.

## ૫. વેડછી આંદોલન :

સુરત વિસ્તારમાં વેડછીમાં જુગતરામ દવે દ્વારા જે કામ કરવામાં આવ્યું હતું તેને આઈ.પી. દેસાઈએ તેમના અભ્યાસમાં વેડછી આંદોલન તરીકે ગણાવ્યું. વેડછી વિસ્તારમાં વિકાસના કામો માટે આશ્રમ સ્થાપી તેમજ તેની સાથે કેટલાંક કેન્દ્રો ઊભાં કરી આદિવાસી વિસ્તારમાં જાગૃતિ લાવવાનું કામ હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય  છે આ પ્રવૃત્તિ ૧૯૨૨ થી ૧૯૬૭ ના સમયગાળા દરમ્યાન થયલા આંદોલનના પ્રયાસો વેડછી વિસ્તારના આજુબાજુના વિસ્તારમાં ૫૦ વર્ષથી વધુ સમય સુધી ચાલુ રહ્યા હતાં.

વેડછી આંદોલનની દિશા આદિવાસી સ્થિતિ સુધારવાનું હતું. તેમાં સામાજિક સુધારણા ઊભી થાય તેના માટે પ્રયાસો સ્વરૂપે હતું.

આઈ.પી.દેસાઈ આંદોલનના અભ્યાસ માટે મુખ્ય ચાર ઘટકો બતાવે છે." (૧) ઈચ્છિત સ્થિતિનું ધ્યેય અથવા દિશા (૨) કાર્યક્રમો (૩) કાર્યકરો (૪) સંગઠન. આ ચારેય ઘટકો પ્રમાણે માહિતી એકત્રિત કરી વેડછી આંદોલનને સમજાવવામાં આવ્યું  છે.

વેડછીમાં થયેલા કામને આંદોલન તરીકે ઉપરોકત ઘટકો આધારે ચકાસવામાં આવ્યું. જે આ પ્રમાણે છે.

### ૧. *આંદોલનની દિશા અને વિચારસરણી*

વેડછી વિસ્તારમાં જે કઈ કામ થયું તે આદિવાસી લોકોની સામાજિક સુધારણા માટેનું હતું. તેમાં ગાંધીવાદી વિચારધારાનો આધાર લઈ એક ચોકકસ વિચારસરણીને સ્થિર પરિબળ તરીકે લઈ આંદોલનની દિશાને ગતિ આપવામાં આવી હતી. આ વિચારસરણીને આધારે કાર્યક્રમો, કાર્યકરો અને સંગઠન જેવાં અન્ય ઘટકો પર કઈ અસર પડી તે જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### ૨. *કાર્યક્રમો*

વેડછી કામના સંદર્ભમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા વિવિધ ઠરાવો ઔપચારિક અને અનૌપચારિક બેઠકો તથા તેમાં ચર્ચા વિચારણાના આધારે જે કામ કરવાનું નક્કી કરવામાં આવ્યું. તેને આંદોલનના કાર્યક્રમો ગણવામાં આવ્યાં.

### ૩. *કાર્યકરો*

કાર્યકરો દ્વારા આ કામના સંદર્ભમાં કાર્યક્રમના ઘડતરમાં જે ફાળો આપ્યો જે કઈ રીપોર્ટ તૈયાર કર્યા હોય વિભિન્ન સ્થાન સાથેની ભૂમિકા ભજવી હોય અને આ કાર્યમાં સહકાર આપ્યો હોય તેવા કાર્યકરોને સમાવવામાં આવ્યા છે.

### ૪. *સંગઠન :*

કાર્યકરો અને કાર્યકરના પ્રમાણમાં તેમની વચ્ચે એક ચોકકસ માળખાની જરૂરિયાત હોય છે. એ માળખાના આધારે સંગઠનને વ્યાખ્યાબદ્ધ કરી શકાય છે. આ માળખામાં ભૂમિકા સ્થાનો વચ્ચેનો તફાવત અધિકાર, સત્તા, કાર્યકરોની લાયકત, ભરતી પદ્ધતિ, મહેનતાણાની વિધિ વગેરે સંકળાયેલાં છે."[૪૦]

વેડછી આંદોલનનો વિસ્તાર પૂર્વે જંગલનો પર્વતોનો પ્રદેશ જેમ પશ્ચિમમાં મેદાની દરિયા  કિનારાના પટ્ટાથી ભૌગોલિક રીતે અલગ પડી જાય તેમ બન્ને પટ્ટામાં અલગ અલગ પ્રજાના લોકો વસે  છે. પશ્ચિમ પટ્ટો જેમાં વલસાડ, નવસારી, બિલીમોરા, સુરત, રાંદેર, ભરૂચ વગેરે શહેરો વસેલાં  છે. જયારે પૂર્વ પટ્ટાના વિસ્તારમાં જંગલ અને પર્વત પ્રદેશમાં વસતી પ્રજા કાળી પરજ તરીકે ઓળખાતી હતી. વેડછીનું કામ આ કાળી પરજ આદિવાસી વિકાસ માટેનું કામ  છે. આ વિસ્તારમાં મુખ્યત્વે દુબવા, હળપતિ,  ચોધરી, ઘોડિયા, ગામીત, અને કોટવાળિયા વસે  છે.

વેડછી કાર્યક્રમ પૂર્વે આદિવાસી સમાજ જીવનની આર્થિક સ્થિતિ કેટલેક અંશે જુદી પડતી હતી. વિકસિત સમાજ સાથેના સંપર્ક ઘણો ઓછો હતો. તેથી આર્થિક રીતે પછાતતા અને શિક્ષણ ઓછું જોવા મળતું હતું.આવી સ્થિતિ સમગ્ર રાની પરજ લોકોમાં સમાન સ્વરૂપે જોવા મળતી હતી. રાની પરજ લોકોના જે સંપર્કમાં આવતા હતા તે લોકો જમીનદારો વ્યાપારીઓ પોલીસ કે જંગલખાતાના માણસો હતા કે જેઓ વિવિધ રીતે આ લોકોનું શોષણ કરતા હતા. જેના કારણે તેઓ એ બધાને શોષણ કરનારા લોકો તરીકે જોતા હતા. રાની પરજ વિસ્તારના લોકો જો કે બાહ્ય લોકોના શોષણનો ભોગ વિશેષ પ્રમાણમાં બન્યા હતા તેઓ પહેરવેશની બાબતમાં બિનઆદિવાસી લોકો કરતાં જુદા પડતા હતા, પરંતુ ખોરાકની રીતે તેઓ બિનઆદિવાસી સમાજના સ્વરૂપે જ ઉપયોગ કરતા હતા.

આદિવાસી વિસ્તારમાં સરકારી નીતિના કારણે આદિવાસી જમીન અને જંગલ પરના અધિકારો ગુમાવતા ગયા. આદિવાસીઓ તેમના પોતાના માટે ઝાડો તોડી  છેદન અને પોતાના માટે દારૂ બનાવતા પરંતુ વીસમી સદીની શરૂઆતમાં બ્રિટિશ વહીવટી તંત્ર અને તેને પગલે દેશી રજવાડાઓએ મદ્રાસ સિસ્ટમ નામે ઓળખાતી નવી જકાત નીતિ દાખલ કરી. જેમાં આ નીતિ અનુસાર અમુક સથળોએ દારૂ તાડી વેચવા માટેના હકકો નક્કી કરવામાં આવ્યા.

સરકાર સિવાય બીજા સોને દારૂ તાડી ઉત્પાદન પર પ્રતિબંધ હતો. જેમાં આદિવાસીઓએ તેમના હકકો ગુમાવ્યા હતા.

૧૯૨૭માં સામાજિક કાર્યકરોએ ઠકકરબાપાના અધયક્ષપણા હેઠળ એક સમિતિ રચી. જેમાં જુગતરામ દવે, નરહરિ પરીખ, કિશોરલાલ મશરૂવાળા, કલ્યાણજી મહેતા અને છગનલાલ જોશી હતા. આ કમિટિએ સોનગઢ, વ્યારા, ચીખલી, વલસાડ, પારડી, વાંસદા, ધરમપુરની મુલાકાત લીધી હતી અને તેમા મુખ્ય ત્રણ નિષ્કર્ષો જોવા મળ્યા. (૧) આદિવાસીઓની જમીન બિનઆદિવાસીના હાથમાં જતી રહી (૨) દારૂના લીધે તેમની આર્થિક દૂર્દશા ઊભી થઈ (૩) આદિવાસી સ્ત્રીઓનું બિનઆદિવાસી પુરુષો દ્વારા શોષણ.

આ વિસ્તારના આદિવાસી લોકો જમીન મહેસૂલ ભરી ન શકવાના કારણે બિનઆદિવાસી એ ખેડૂતોએ આદિવાસી જમીન મહેસૂલ ભરપાઈ કરી ન શકવાના કારણે આદિવાસીઓની જમીન ઝૂંટવી લીધી. શાહુકારોનો નાણા ધીરવાનો ધંધો પણ ખાસ્સો પૂરજોશમાં ચાલતો હતો. શાહુકારો, વેપારી અને જંગલખાતાના કર્મચારીઓએ આદિવાસીઓનું શોષણ કરવા લાગ્યા હતા. પારસી, જમીનદાર, સ્ત્રીઓનું જાતિય શોષણ કરતા હતા.

ઉપરોક્ત સમિતિના પરિણામે સામાજિક કાર્યકરોની પ્રવૃત્તિઓ વધવા લાગી. બારડોલીના નરહરિભાઈ પરીખે રાત્રિ શાળાની શરૂઆત કરી. બિનઆદિવાસી જમીનદારોએ આદિવાસીઓને શાળામાં જતા અટકાવ્યા. તેમાં તેઓ સફળ થયા પરંતુ સામાજિક કાર્યકરો અને નરહરિભાઈના પ્રયત્નોથી રાત્રિ શાળા ફરીથી ચાલું થઈ ત્યારબાદ જુગતરામ દવે એ આ પ્રવૃત્તિનુ સંપૂર્ણ જવાબદારી સંભાળી હતી.

આદિવાસી વિસ્તારમાં લગભગ ૮૦ વર્ષ પહેલા આદિવાસીઓમાં સ્વયં સમાજ સુધારણાની પ્રવૃત્તિ શરૂ થઈ હતી. વ્યારા તાલુકામાં ભગત કુટુંબ આ માટે જાણીતું છે. ગામીત જાતિના એક વ્યકિતએ પારસી ગુલામી છોડી અને પોતાની ખેતી શરૂ કરી અને

ધીમે ધીમે બધા લોકોને પણ આમાં સામેલ કરતા ગયા હતા. સામાજિક સુધારણા કરવાનું કાર્ય હાથમાં લીધું.

આ વિસ્તારમાં દેવી ચળવળની અસર પણ વિપુલ પ્રમાણમાં થઈ હતી. આદિવાસીઓ દ્વારા તેમની જાતિમાં સુધારાવાદી પરિવર્તન આવવા લાગ્યું હતું. આ સુધારાવાદી પવન ખાન દેશમાંથી આવ્યો હતો. જે ગામમાં દેવી પ્રવેશી હોય ત્યાં દેવીના આદેશથી લોકો દારૂ, માંસ, મચ્છી વગેરેથી લોકોને દૂર રહેવાનું સૂચવવામાં આવ્યું હતું.

સામાજિક સુધારણાના કારણે આદિવાસી રાની પરજ વિસ્તારના લોકોની અંદર કેટલાક ફેરફારો આવ્યા. વિકસિત સમાજ સાથે કેટલેક અંશે સંપર્કો વધ્યા બાળકો આસપાસ ફરતા થાય તેવા પ્રયાસો થવા લાગ્યા ખેતી ક્ષેત્રે સુધારા થવા લાગ્યા.

વેડછી કાર્યક્રમોની શરૂઆતની સુધારણા પ્રવૃત્તિઓમાં ગાંધીવાદી વિચારધારાની મોટી અસર હતી. તેનો રાષ્ટ્રીય આંદોલનમાં પણ મોટો ફાળો હતો. આદિવાસીઓમાં સમાજ સુધારણાની પ્રવૃત્તિના કારણે સુધારણા પામેલા નાનકડા વર્ગની વેડછી કામની શરૂઆત કરવામાં પણ ગાંધીવાદી વિચારધારાએ ઘણી ઉપયોગી ભૂમિકા પૂરી પાડી હતી. શિક્ષિત આદિવાસી લોકોએ સ્વાતંત્ર્ય આંદોલન અને રચનાત્મક કાર્યોમાં ગાંધીવાદી વિચારધારાની સાથે વેડછી કાર્યક્રમમાં પણ જોડયા હતા.

વેડછીના કાર્યો ગાંધીવાદી આંદોલન રૂપે આદિવાસી સમાજમાં પહોંચ્યું તે પહેલાં સામાજિક અને આર્થિક સુધારણાની સ્થિતિ આદિવાસી સમાજમાં અસ્તિત્વ ધરાવતી હતી. ગાંધીવાદી કાર્યક્રમાં આદિવાસી આગેવાનો અને લોકો દ્વારા સારો સ્વીકાર થયો હતો. આ કાર્યક્રમો આદિવાસી લોકોના વિચારો સાથે સુમેળ ધરાવતા હતા. આ કાર્યક્રમોમાં મુખ્ય મુદ્દામાં ખાદીના કાર્યક્રમ દ્વારા ચરખો અને ખાદી આદિવાસીઓ માટે આર્થિક કાર્યોના સાધન તરીકે લોકોને તેમાં સાંકળવા પ્રયત્ન કર્યો. ખાદી અને ચરખાની સાથે સાથે ઉપદેશો સમાજ સુધારણા સ્વરૂપે ચાલુ કરવામાં આવ્યા હતા. લોકોને મદ્યપાનથી દૂર રહેવું, સ્વચ્છતા વગેરેનો તેમાં સમાવેશ થતો હતો. સ્વાતંત્ર્ય

ચળવળની સાથે  વેડછી કાર્યક્રમો દ્વારા એક સર્વ સામાન્ય વાતાવરણ ઊભું કર્યું હતું. ૧૯૨૮ થી ૧૯૩૭ સુધી ગાંધીવાદી કાર્યક્રમની પ્રવૃત્તિ રાજકીય સ્વરૂપે હતી. રચનાત્મક કાર્ય ઓછું થઈ ગયું હતું. આ સમય દરમ્યાન જુગતરામ દવેએ રચનાત્મક કાર્યક્રમમાં સંસ્થાકીય શિક્ષણના કાર્યક્રમો હાથ ધર્યા હતા. ગાંધીવાદી કાર્યો ચરખો અને ગાંધી શૈક્ષણિક કાર્યક્રમનો હેતુ ભણતરના વ્યાપની સાથે સાથે પરિવર્તન ઊભું કરવું, આદિવાસીઓને રાષ્ટ્રીય કાર્યક્રમોમાં સાંકળવા વગેરે ઉદ્દેશો હતા.

આ પરિસ્થિતિમાં આદિવાસી વિસ્તારમાં કયાક કયાક શાળાઓ શરૂ થઈ તેના કારણે આદિવાસી કેટલાક અંશે ભણતર મેળવતા થયા અને તેમના દ્વારા બિનઆદિવાસી દ્વારા જે શોષણ કરવામાં આવ્યું તેની સામે વિરોધ કરવામાં તેમજ સમાજ સુધારણા લાવવાના પ્રયત્ન કરવામાં આવ્યા.

વેડછી આંદોલન આમ તો સરકાર સામેના વિરોધમાંથી થયું હતું. આદિવાસી લોકો સરકારને જુલમના સાધન તરીકે જોતા હતા. ૧૯૪૭ પછી સરકારની નીતિ આદિવાસીઓના કલ્યાણ અને પ્રગતિ માટેની હતી આમ તો વેડછી આંદોલન રાજયના હેતુની સામે ન હતું પરંતુ રાજયના હેતુઓ કેવી રીતે સિદ્ધ કરી શકાય આદિવાસી શિક્ષણ અને કલ્યાણ સંદર્ભમાં કેટલાક મતભેદો હતા. ૧૯૪૭ પછી આવા પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થવા લાગ્યા આદિવાસીઓના સારા શિક્ષણ અને કલ્યાણમાં કઈ બાબતો હોઈ શકે તેનાં સમાવેશ ગાંધીજીના રચનાત્મક કાર્યો આધારે સમાવેશ કરવામાં આવ્યો હતો. ગાંધીજીના માનવા પ્રમાણે રાજકીય સત્તાના ઉપયોગ દ્વારા સામાજિક પરિવર્તન અથવા પુન : નિર્માણ થઈ શકે. ગાંધીજી માનતા હતા કે અમુક પ્રકારના વિકસિત સમાજો ઊભા કરવાનો ખ્યાલ જેમનામાં હોય તેમણે કાર્ય કરવાનું ચાલુ રાખવું જોઈએ. તેમજ જેમણે સામાજિક નવનિર્માણ માટે કામ કર્યું હોય તેઓ રાજકીય સત્તા પ્રાપ્ત કરવાની લડતમાં જોડાય. આવી રીતે રાષ્ટ્રના પુન : નિર્માણના કાર્યમાં સહભાગી થઈ શકાય.

વેડછી આંદોલન પર સમાજની બાહ્ય આર્થિક સામાજિક સ્થિતિમાં ફેરફાર અને રાષ્ટ્રીય સરકારના ઉદ્‌ભવની અસર મોટા પ્રમાણમાં ઊભી થઈ હતી.

વેડછી કામના સમયાગાળા દરમ્યાન કેટલાક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આર્થિક કાર્યક્રમોમાં ખાદીના વસ્ત્રોને પ્રોત્સાહન મળે તેવા પ્રયત્નો થયા. ૧૯૪૭ માં મુંબઈની રાજ્ય સરકારે ખાદી ગ્રામ ઉધોગ વિકાસ માટે એક સમિતિની નિમણૂક કરી આ સમિતિ દ્વારા વેડછી એ સ્થાપેલા કાર્યક્રમોનો સ્વીકાર કરવામાં આવ્યો. આ યોજના અંતર્ગત જાતે ખાદી બનાવી પહેરનાર વ્યકિતઓની સંખ્યા ઘણી વધી ગઈ હતી. ખાદી પ્રક્રિયા વિશેની જાણકારી વ્યકિતઓને આ ક્ષેત્રમાં જુદા જુદા કેન્દ્રો ઊભાં કરી નિમણૂક કરવામાં આવી. આ રીતે ખાદી કેન્દ્રોને વિકેન્દ્રીકરણ થવાના કારણે સ્વતંત્ર ખાદી મંડળો તથા સહકારી મંડળીઓ કામ કરવા લાગી. ત્યારબાદ વેડછી વિસ્તારમાં ખાદી ગ્રામોદ્યોગ કમિશનની દેખરેખ હેઠળ જુદી જુદી સંસ્થાઓમાં ખાદી કાર્ય થતું હતું. કેટલાક કેન્દ્રો રાની પરજ સભા દ્વારા ચાલતાં હતાં. જે વેડછી આંદોલનની એક સંસ્થા હતી. તે પછી સ્વાતંત્ર્ય બાદ ઔદ્યોગિકરણના કારણે ખાદી ઉત્પાદન ઘટવા લાગ્યું હતું વેડછી આંદોલનમાં પણ ખાદી કાર્યક્રમો ઓછા થવા લાગ્યા હતા.

વેડછી કાર્યક્રમમાં ગણોતધારો અને ઋણ મુકિતનો ધારો એ ભારત સ્વાતંત્ર્ય બન્યા બાદ કેટલાક કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા જે આદિવાસી અને બિનઆદિવાસી બધાને માટે સમાન હતા. આદિવાસીઓ વહીવટી કામથી અજાણ હતા. આ સંદર્ભમાં આદિવાસીઓને ગણોત ધારા અને ઋણ મુકિત માટેના કાર્યક્રમો વેડછી આંદોલન દ્વારા ચાલું રાખવા આવ્યા હતા. વેડછી આશ્રમ સરકાર સાથે જોડાયેલો હતો. તે સમયે વેડછીના કેટલાક કેન્દ્રોનો વિકાસ કરવામાં આવ્યો હતો. જેમાં શિક્ષણ દારૂબંધી વગેરે કાર્યો તેમણે ઉપાડી લીધા હતા. પરંતુ ઋણ મુકિત કાર્યનો વિકાસ થયો ન હતો. ગણોતધારાના કાર્યો સ્વાતંત્ર્ય બાદ વીસ વર્ષના સમયગાળા દરમ્યાન વેડછીના માર્ગદર્શન નીચે કાર્ય કરતા કેન્દ્રો જેમ વધતા ગયા તેમ તેમ આ કાર્યમાં પણ વિસ્તૃતતા

આવી હતી. આ કાર્ય સાથે કેટલાક બીજા સહકાર્યકરો પણ જોડાયા હતા. આમાં કેટલીક જે સમસ્યાઓ હતી તેમાં ગણોતિયાઓ જમીન માલિક બન્યા. તેમના નામો પત્રકમાં દાખલ થયાં.

સ્વાતંત્ર્ય પહેલાં જમીનની માલિકી બિનઆદિવાસી લોકો પાસે હતી તે એક સમસ્યા હતી. ત્યારબાદ આદિવાસીઓ કેટલીક જમીનના માલિક બન્યા હતા. જોકે આદિવાસી લોકોની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે આદિવાસીઓ પાસે અથવા અન્ય લોકો પાસે જમીન ગીરો મૂકતા ગયા હતા. આદિવાસી લોકોમાંથી જે લોકો કાયદા દ્વારા લાભ પ્રાપ્ત કરતા ગયા. તેઓની સામાજિક—આર્થિક સ્થિતિમાં ફેરફાર થવા લાગ્યો હતો. તેના કારણે સામાજિક વ્યવસ્થા ઉપર મોટી અસર ઊભી થઈ હતી.

સમાજમાં નવી આર્થિક વ્યવસ્થાના ભાગ સ્વરૂપે સામાજિક સંગઠન સ્વરૂપે સહકારી વ્યવસ્થાઓ ગાંધીવાદી વિચાર સરણી હેઠળ ઊભી થઈ હતી. વેડછી વિસ્તારમાં આ આંદોલન દ્વારા આવી પ્રવૃત્તિની રચનામાં સારો એવો ભાગ લીધો. સ્વાતંત્ર્ય પછી સરકાર દ્વારા પણ સહકારી પ્રવૃત્તિને વધુને વધુ પ્રોત્સાહન પ્રાપ્ત થયું. તેવા પ્રયત્નો કરવામાં આવ્યા સ્વાતંત્ર્ય પહેલો આદિવાસીઓમાં કેટલીક સહકારી પ્રવૃત્તિઓ ચાલતી હતી. આદિવાસી સહકારી આંદોલન નો વિકાસ થાય તેવા પ્રયત્નો રાજકીય સ્વાતંત્ર્ય પછી થઈ વેડછી કાર્યક્રમ દ્વારા બિનઆદિવાસીઓ કરતાં આદિવાસીઓમાં મૂડી તથા સંગઠનની શકિતની ઉણપ હતી તેને દૂર કરવા અને સહકારી ભાવનાએ પ્રોત્સાહન આપવા વેડછી આંદોલન દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા. આદિવાસીઓએ જમીન માલિકી પ્રાપ્ત કર્યા પછી સહકારી ખેતીનો પ્રયોગ પણ કરવામાં આવ્યો. જેના આધારે ત્રણ મંડળીઓની સ્થાપના કરવામાં આવી.

આદિવાસી ક્ષેત્રોમાં આદિવાસી લોકોમાં સ્વાતંત્ર્ય બાદ સહકારી મંડળીઓ ચાલુ કરવામાં આવી હતી તેમાં કેટલાક અવરોધા ઊભા થયા હતા તેમાં જમીન માલિકોનો અસહકાર તેમજ ખેતીના પાક નિષ્ફળ જવાના કારણે મંડળી આર્થિક મુશ્કેલીમાં મૂકાઈ

ગઈ હતી. મંડળી પાસે પૂરતી જમીન ન હતી છતાં પાછળથી આ મંડળીઓને પુનઃ સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યા હતો, પણ તેમાં સફળતા ન મળી છતાં બીજા ક્ષેત્રોમાં સહકારી પ્રવૃત્તિઓની સંખ્યામાં વધારો થતો ગયો હતો.

જંગલ સહકારી મંડળી સામાજિક અને આર્થિક એમ બંન્ને રીતે રાની પરજ સેવા સમાજ દ્વારા ચાલુ કરવામાં આવી હતી. આ મંડળી દ્વારા જંગલો કાપવાનો ઠેકો લેવો તેમજ તેઓ લાકડાનો વેપાર પણ કરવામાં આવતો હતો. આ તબક્કા સુધી મંડળી પૂરી સમર્થતા પ્રાપ્ત કરી શકી નહી, વેડછી કાર્યકરો દ્વારા જંગલ મંડળી અને મંડળીના કાર્યોમાં અને સામાન્ય નીતિઓ ઘડવામાં વેડછી દ્વારા માર્ગદર્શન આપવામાં આવતું. આ મંડળી દ્વારા વિકાસના કાર્યમાં સ્ત્રીઓના સાંસ્કારિક તાલિમ માટેના વર્ગોનું સંચાલન મજૂર સહકારી મંડળી માટેના કાર્યકરોની તાલીમ માટેના વર્ગો તેમજ જંગલ મજૂરો માટે ઘર, રમતગમત, દવાદારૂ, જેવી વ્યવસ્થા પણ ઊભી કરી હતી. રાની પરજ સેવા સભા દ્વારા હળપતિઓ માટે ઘર બાંધનાર મંડળીઓ, વાંસ સંબંધી કાર્યકરોની સહકારી મંડળીઓ ઊભી કરી આદિવાસીઓની આર્થિક સ્થિતિ સુધારવાની સાથે સાથે આ મંડળીઓ દ્વારા આદિવાસીઓને અધિકારો તથા જંગલના કોન્ટ્રાકટરોના શોષણમાંથી બચવાનું કામ અને તેમના આત્મસંન્માનની ભાવના ઊભી કરવામાં અગત્યની ભૂમિકા ભજવી હતી.

વેડછી દ્વારા શૈક્ષણિક કાર્યક્રમો પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. તેમાં ત્રણ વિભાગમા તેની વહેંચણી કરવામાં આવી હતી. સંસ્થાકીય, પછાત જાતિ માટે છાત્રાલય તેમજ ટૂંકાગાળાના અભ્યાસક્રમો તેમાં બાલવાડી, પ્રાથમિક શિક્ષણ, આશ્રમશાળા માધ્યમિક શિક્ષણ અધ્યાપન મંદિર વગેરેની સ્થાપના કરવામાં આવી. રાની પરજ સેવા સભાએ ગાંધી વિદ્યાપીઠની સ્થાપના કરી. ૧૯૪૭ થી ૧૯૬૭ સુધીના સમયગાળમાં વેડછી આંદોલન જે આર્થિક અને શૈક્ષણિક કાર્યક્રમો અમલમાં મૂકયા. તેના આધારે જોવા મળે છે કે વેડછી આંદોલન આદિવાસીઓના નાના વિસ્તાર પૂરતું જ મર્યાદિત ન હતું. તેની બહાર ના વિસ્તાર સુધી પણ તે ફેલાયેલું હતું.

રાની પરજ સેવા સંગઠન જુદી જુદી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું હતું. તેમાં નવી સંસ્થાઓ સ્થાપવી આ સંગઠન સાથે સંકળાયેલી સંસ્થાઓને ભંડોળ વહેંચી આપવું, તેમજ જુદી જુદી સંસ્થાઓના દષ્ટિબિંદુ પૂરાં પાડવા માર્ગદર્શન આપવા માટેની વ્યવસ્થા કરવી.

વેડછી આંદોલન રચનાત્મક કાર્યો સાથે જોડાયેલું હતું. સાથે સાથે રાષ્ટ્રીય કાર્યોનો પણ પ્રભાવ એવો જોવા મળતો હતો. બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન ગાંધીવાદી કાર્યકરો રાજકીય આંદોલનમાં જોડાયા હતા. આદિવાસી લોકો પણ રાષ્ટ્રીય આંદોલનમાં જોડાયા હતા. તેના કારણે રચનાત્મક કાર્ય ધીમું પડયું હતું. આમ છતાં નીતિની બાબત તરીકે રચનાત્મક કાર્યકરો કે રાજકીય આંદોલનથી અલગ રહેવાનું હતું અને વ્યવહારમાં તેઓ અલગ રહ્યા પણ હતા પરંતુ રાજકીય આંદોલનના કારણે બ્રિટિશરોએ સૌની ધરપકડ કરી હતી. આશ્રમ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. છતાં રચનાત્મક પ્રવૃત્તિ, ચાલતી રહી હતી. પરંતુ ત્યારબાદ ખાદીનો વ્યવસાયી તત્ત્વ અને આર્થિક ઉપાર્જનના તત્ત્વ તરીકે પ્રચાર થવા લાગ્યા હતો.

૧૯૪૭ સુધીમાં વેડછી કાર્યક્રમો દ્વારા બે પાયાગત બાબતો જોવા મળતી હતી.

(૧) જમીન ધરાવતા આદિવાસીઓનું સ્તર

(૨) શિક્ષણ પામેલા આદિવાસીઓનું સ્તર

આદિવાસી સમુદાયમાં ઉપરોક્ત બે પાયાગત બાબતોમાં પરિવર્તન આવ્યા. આદિવાસી લોકો શિક્ષણ મેળવવાન કારણે તેમના જમીનના પ્રશ્નો જમીન જે ગુમાવી હતી તે પુનઃ પ્રાપ્ત કરી હતી. આમ સામાજિક સુધારણા આર્થિક સુધારણાનો વેડછી આંદોલનમાં મુખ્ય બાબત હતી.

સ્વાતંત્રતા પ્રાપ્ત પછી આદિવાસી સમુદાયમાં શૈક્ષણિક આર્થિક સ્થિતિમાં માત્ર પરિવર્તન આવ્યાં. વિશાળ સમાજ સાથે તેઓ વધુને વધુ જોડાતા થયા છે. આદિવાસી લોકોમાં ચાલતી જંગલ મજૂર સહકારી મંડળીઓ તથા અન્ય સહકારી મંડળીઓ એ આર્થિક સંગઠનમાં અગત્યના સ્વરૂપો ઊભાં કર્યા છે. શિક્ષણનું પ્રમાણ વિશેષ ઊભું થતું

જાય છે. તેના કારણે સરકારી નોકરીઓમાં સારી સારી જગ્યાઓ પર લોકો કામ કરતા થયા છે. જ્યારે બીજી બાજુ નોકરીના નિમ્ન સ્તરમાં ભણેલા લોકોનું પ્રમાણ વધવાના પરિણામે એટલી કક્ષામાં નોકરીઓ ઉપલબ્ધ થઈ શકી નથી જેના કારણે બેકારીનો પ્રશ્ન પણ ઊભો થઈ રહ્યો છે. આદિવાસી લોકોમાં જમીન, વ્યવસાય, શિક્ષણ ઉપર આધારરૂપ સ્તરીકરણો જોવા મળે છે. તેમના મૂલ્યો, માન્યતાઓ વ્યકિતત્વમાં બદલાવ, આદિવાસી લોકોમાં સ્વચ્છતા, શિક્ષણ આરોગ્ય બાબતના તત્ત્વોનો વિકાસ થયેલો જોવા મળે છે.

આદિવાસીઓમાં સામાજિક આર્થિક શૈક્ષણિક અને સાંસ્કૃતિક બદલાવના કારણે આદિવાસીઓ વિભિન્ન પાસાઓ પરત્વે વિશાળ સમાજના એકીકરણમાં અગત્યની ભૂમિકા પૂરી પાડેલી જોવા મળે છે. વેડછીના રચનાત્મક કાર્યની આદિવાસી સમાજ જીવનમાં પરિવર્તનના ભાગ તરીકે સામાજિક, રાજકીય, પાસાઓમાં સંઘર્ષ મૂલ્યોમાં અને કાર્યાત્મક અભિગમ મુખ્યત્વે જોવા મળે છે.

**અન્ય આદિવાસી આંદોલન :**

ભારતના ઉત્તર પૂર્વ ભાગમાં ઘણી આદિવાસી જાતિઓ વસવાટ કરે છે. તેઓ જુદા જુદા ધર્મ પાળે છે. તેમાં મુખ્યત્વે ખ્રિસ્તી ધર્મ, બૌધ્ધ ધર્મ, હિન્દુ ધર્મ અને તેમના પરંપરાગત સ્થાનિય ધર્મ પાળતા જોવા મળે છે. ઉત્તરી પૂર્વ ભારતમાં આદિવાસી આંદોલન કોઈને કોઈ સ્વરૂપે અવશ્ય જોવા મળે છે. આ વિસ્તાર ભૌગોલિક રીતે તેમજ તેમના સાંસ્કૃતિક રીત રિવાજો પ્રમાણે આદિવાસીઓ વચ્ચે ભિન્નતા જોવા મળે છે. આ જાતિઓ વિશે ઘણા વિદ્વાનો દ્વારા ઘણુ લખવામાં આવ્યું છે. આ ક્ષેત્રમાં વસવાટ કરતા આદિવાસીઓના આંદોલનનો આધાર કેટલીક સમસ્યાઓને લઈને સ્વાયત્તતાના પ્રશ્નો અને સંઘર્ષ જેવી સ્થિતિ ઊભી થઈ છે. સંજીવ બરૂઆ, ઉદયન શર્મા સંજય હજારિકા સજલ નાગા તથા એમ. પી. બેજબરૂઆ તેઓ જણાવે છે કે "ઉત્તર પૂર્વ ભારતની સમસ્યા એટલા માટે ઊભી થઈ કે રાષ્ટ્રીય નેતૃત્વને તેમના રાષ્ટ્ર નિર્માણમાં કેન્દ્ર સરકાર દ્વારા ઉપેક્ષા કરવામાં આવી હતી"[૪૧].

નાગા આદિવાસી લોકો દ્વારા રાષ્ટ્રીય આંદોલન ચાલું કરવામાં આવ્યું હતું. તેમાં દેશમાં આદિવાસી તેમજ રાષ્ટ્રીય સમસ્યાઓ સાથે જોડાયેલા આંદોલનોમાં આ આંદોલન સૌથી જૂનું આંદોલન છે. આ આંદોલન નાગાલેન્ડમાં રાષ્ટ્રીયતા, આદિવાસી આંદોલન સાથે જોડાયેલી બધી બાબતો સાથે સંબધિત જોવા મળે છે જેમાં સ્વાયત્તતા હેતુ માગણી ભારતીય સંઘ સાથેના સબંધો નહીં સ્વીકારવા અને રાષ્ટ્રીયતા તથા રાષ્ટ્રોથી અલગ ઓળખ તરીકે પ્રસ્થાપિત કરવાની માગણી મુખ્ય હતી. તેમણે હંમેશા પોતાની વિશિષ્ટ સાંસ્કૃતિક રીત રિવાજ અને અલગ વ્યવસ્થા તરીકે રહેવા રાખવાની હિમાયત કરી હતી. તેઓ પોતાને ભારતીય સંઘના ભાગ તરીકે કયારે સ્વીકારતા ન હતા. પરંતુ ત્યારબાદ ભારતીય સંઘમાં સામેલ થવાના કારણ તેમણે સમજૂતી કરવી પડી હતી. તેઓ નાગાલેન્ડને ભારતીય સંઘમાં વિલય થવામાં  માનતા નથી આજ કારણથી નાગા જાતિના લોકોએ ભારતીય સંવિધાનની છઠ્ઠી અનુસૂચિનો સ્વીકાર કર્યા નહીં. તેમજ ૧૯૫૨ના પ્રથમ ચુંટણીમાં પણ ભાગ ના લીધો. નાગા આદિવાસીમાં એક એવો વર્ગ હતો કે જે શિક્ષિતોનો વર્ગ હતો તેમાં ખ્રિસ્તી શિક્ષણ સંસ્થાઓ દ્વારા શિક્ષિત બનેલા લોકો અને કેટલાક ગામના મુખી સાથે મળીને નાગા કલબ બનાવવામાં આવી હતી જેથી જંગલમાં વસત્તા નાગા આદિવાસી લોકોની સામાજિક અને રાજકીય સમસ્યાઓની રજૂઆત કરી શકાય ૧૯૨૯માં સાયમન કમિશન સામે પણ નાગા કલબ દ્વારા નાગા લોકોને વહિવટી સુધારાથી અલગ રાખવામાં આવે તેવી વાત કરવામાં આવી હતી. નાગા જાતિના લોકો દ્વારા ૧૯૪૫ માં જીલ્લા  જનજાતિય પરિષદની એક વિશિષ્ટ નાગા પરિષદ નામે એક સંગઠન બનાવવામાં આવ્યુ હતું. એજ વર્ષે જિલ્લા જનજાતિય પરિષદનું નામ બદલી નાગા રાષ્ટ્રીય પરિષદ રાખવામાં આવ્યું. તે સમયે ભારત સરકારના પ્રતિનિધિ અસમના રાજયપાલ સાથે કેટલાક કાર્યક્રમો વિષયક સમજૂતી માટે ગયા તેમાં મુખ્ય બાબત આ પ્રમાણે હતી. આદિવાસીઓની જમીન પર અન્ય કોઈનો હસ્તક્ષેપ થશે નહીં, તેમજ તેમની વહીવટી સ્વાયત્તતા ધ્યાન પર લેવી. આ સમજૂતી ભારત સરકાર સાથે કરી ભારતના સંઘ તરીકે તેમને પ્રસ્થાપિત કરે, પરંતુ તેઓ દઢતાથી

કહેતા હતા કે નાગા લોકો ભારતથી એક અલગ રાષ્ટ્ર છે. તેમને બ્રિટિશ સરકારને નાગાલેન્ડ સ્વયંસત્તાક ગણતંત્ર તરીકે પણ જાહેરાત કરી છે. તેના પરિણામે ભારતીય સેના અને નાગાઓ વચ્ચે હિંસાત્મક અથડામણ થઈ ત્યારબાદ ૧૯૬૦ માં ભારતના પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂ અને નાગાઓ વચ્ચે ૧૬ સુત્રીય સમાધાન થયું. જેમાં નાગા પ્રદેશને અસમ ક્ષેત્રમાંથી અલગ કરી અલગ રાજય બનાવવાનો પ્રયત્ન કર્યો નાગા લોકો અને ભારતીય સંઘ વચ્ચે એક અલગ રાજય સ્વરૂપે નાગાલેન્ડ રાજય અને રાષ્ટ્ર વચ્ચેના મતભેદ વચ્ચે નાગાલેન્ડ નેશનાલિસ્ટ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરી. આ સંગઠન એક અલગ રાજય સ્થાપવામાં સક્રિય હતું. પરંતુ ત્યારબાદ તેઓ હિંસા છોડી ભારતીય સંવિધાન સ્વીકારવાના પક્ષમાં હતા ૧૯૭૫માં શિલોંગ સમજૂતી પર સહમતી થયા, પછી આ પ્રશ્નને નવો વેગ મળ્યો. આ પ્રકારની સમજૂતી થયા બાદ નાગાઓના એક વર્ગ દ્વારા વિરોધ થયો ત્યારબાદ નાગાલેન્ડ રાષ્ટ્રીય સમાજવાદી પરિષદની સ્થાપના કરી જેના દ્વારા નાગા લોકોને આંદોલન માટે દિશા નિર્દેશ મળી શકે નાગાઓ દ્વારા ભારત સરકારમાં મુખ્ય નાગાલેન્ડ સ્વાયતાનો મુદ્દો કે જેનો ઉત્તરી પૂર્વ રાજયોમાંથી નાગા લોકો જયાં રહે છે તે પ્રદેશ તેવા રાજયો મણિપુર, અરૂણાચલ પ્રદેશ, અસમ તેમનું માનવું છે કે વિભિન્ન રાજયોના વિભાજન કરતી વખતે ભારત સરકારને નાગાઓ દ્વારા આવાસિત ક્ષેત્રને વિભિન્ન રાજયો સાથે મેળવી તેમને છુટાછવાયા બનાવી દેવામાં આવ્યા છે અને એ ક્ષેત્રમાં નાગાઓના ક્ષેત્ર તરીકે ફરીથી સ્થાપિત કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી.

મેઘાલયમાં વસવાટ કરતા આદિવાસી લોકોમાં માતૃસત્તાક વ્યવસ્થા જોવા મળે છે. જેના કારણે આ ક્ષેત્રની મહિલાઓ પુરુષો કરતાં વધુ સક્ષમ સ્થિતિમાં જોવા મળે છે. આ વિસ્તારમાં મુખ્યત્વે ખાસી જેન્તિ, ગારો, આદિવાસી જાતિ જોવા મળે છે. ૧૯૭૨ માં મેઘાલય એક અલગ રાજયનું સ્થાન પ્રાપ્ત થયું. ૬૦ના દશકમાં અસમ ક્ષેત્રમાં આદિવાસી લોકો મધ્યે આદિવાસી આંદોલન ઊભું થયું, ત્યારબાદ તે એક અલગ રાજય તરીકે વિકાસ પામ્યું, આ આંદોલનના ક્ષેત્રના લોકો આદિવાસી અને બિનઆદિવાસી

આસામીયા ભાષા નીતિ સામે સંયુક્ત રીતે અસહમતી બતાવી હતી. તેમણે અસમ સરકારની ભાષા નીતિ સામે વિરોધ પ્રસ્તુત કર્યો. આ ભાષા નીતિ સ્કૂલોમાં શિક્ષણના માધ્યમ દ્વારા આ ક્ષેત્રમાં લાગુ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આમા આદિવાસી અને બિનઆદિવાસી લોકો પર બિનઅસમીયા પર અસમીયા ભાષા લાગુ કરવાનો વિરોધ થયો આમ આ ક્ષેત્રના આદિવાસી અને બિનઆદિવાસીઓને એક અલગ રાજ્ય બનાવવાના પ્રયાસ સ્વરૂપે આ આંદોલન ચાલુ કરવામાં આવ્યું.

આદિવાસી અને બિનઆદિવાસી લોકો વચ્ચેના સબંધો મેઘાલય અલગ રાજ્ય બન્યા પછી કેટલાક, ફેરફારો થયા રાજ્ય સરકાર દ્વારા આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ વચ્ચે જમીન હસ્તાંતરણ અને જમીન વિનિમય ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. સરકારી નોકરીઓમાં અને વિધાન સભાની જગ્યાઓમાં આદિવાસી સીટો અનામત કરવામાં આવી આથી બિનઆદિવાસી લોકોએ રાજ્ય સરકારની સામે વિરોધ કર્યો કે રાજ્યની અર્થવ્યવસ્થામાં તેમના સ્થાન અને યોગદાનને કોઈ મહત્ત્વ આપવામાં આવ્યુ નથી. આ સંદર્ભમાં ખાસી વિદ્યાર્થી સંગઠન અને ખાસી ગારો તેમજ જેન્તિયા જન સંઘ તેમજ અન્ય આદિવાસી પ્રતિનિધિઓનું માનવું છે કે બહારના લોકો બિનઆદિવાસી લોકો આ ક્ષેત્રમાં આવવાથી તેમની સાંસ્કૃતિક ઓળખ ઘટી છે. બિનઆદિવાસી લોકો દ્વારા આર્થિક માળખામાં તક અને સ્વાર્થ સાધવાનું સાધન બન્યું છે સૈનિકો તેમજ કેન્દ્રીય સંઘ સૈનિક ટુકડીઓ વાળી કેન્દ્ર સરકાર દ્વારા તેમના અધિકારો પર તેમના નીતિ નિયમો બેસાડયા છે. આવા કારણોને લઈને રાજ્યના આદિવાસીઓની માગણી છે કે બિનઆદિવાસીના વ્યાપાર લાયસન્સ રદ કરવામાં આવે તેમને રાજ્યમાંથી બહાર રાખવામાં આવે સરકારી નોકરીઓમાં આદિવાસી અનામત વધારવામાં આવે વગેરે સ્થિતિ ઊભી થઈ છે આના સંદર્ભમાં ખાસી વિદ્યાર્થી સંગઠન તેમજ અન્ય આદિવાસી સંગઠન જુદા જુદા માધ્યમ આધારે આવા મુદ્દાઓ ઉઠાવવામાં આવી રહ્યા છે. તેના કારણે કેટલીક વાર હિંસક પરિણામો પણ ઊભાં થયેલાં જોવા મળે છે.

## ❀ આદિવાસીમાં સામાજિક સુધારણા :

ગુજરાતમાં સુધારાવાદી ચળવળમાં આદિવાસી ગરીબ જીવન જીવતા લોકો અને તેમના શિક્ષણનું નહિવત પ્રમાણને દૂર કરવાના પ્રયત્નો સુધારણામાં કરવામાં આવ્યા. સુરત વિસ્તારની શાળાઓમાં કેટલાક યુવાનો ગાયકવાડી સરકારના સમય, શિક્ષણ મેળવતા થયા. તેના કારણે યુવાનોમાં જાગૃતિ આવી. તેમણે સુધારાની ચળવળ ચાલુ કરી. આ પછી સુરત, પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાં ધાર્મિક ચળવળનો પ્રવાહ ઊભો થયો. સુરતમાં દેવી ચળવળએ જોર પકડયું. મોટા પ્રમાણમાં લોકો આ ચળવળમાં જોડાયા પરંતુ વહીવટ દારોનો ત્રાસ પણ ઘણો હતો અને આદિવાસીઓને જોર જુલ્મથી દારૂ પીવડાવવામા આવતા હતા જેના કારણે કેટલાક સામાજિક કાર્યકરો જાગૃત બન્યા અને કેટલાક સુધારવારી પ્રવૃત્તિ ચલાવી. આ ધાર્મિક ચળવળના કારણે આદિવાસી સમુદાય પર હિન્દુ ધર્મની અસર ઊભી થઈ. આ ચળવળ બાદ થયેલી ચળવળમાં અને ખાસ કરીને ગાંધીજીની નેતાગીરીમાં ગુજરાતમા જે પ્રયત્ન આદિવાસી વિકાસ કાર્યક્રમો માટે એક ચોકકસ પૂર્વભૂમિકા પૂરી પાડી ગાંધીજીની ચળવળ વેડછી વિસ્તારમાં રચનાત્મક પ્રવૃત્તિ સ્વરૂપ ચાલુ થઈ. ગાંધીજી એ બારડોલી તાલુકામાં ૧૯૨૨ થી અસહકારની ચળવળ શરૂ કરી પરંતુ ચૌરીચોરા ની ધટનના કારણે હિંસક આંદોલન થવાના કારણે બારડોલી સત્યાગ્રહ પાછો ખેંચવામાં આવ્યો ત્યાર બાદ આ ચળવળના કારણે આ લોકોમાં સુધારાવાદી પ્રવૃત્તિની મોટી અસર થઈ

આ સુધારવાદી સમયગાળા દરમ્યાન એક ગાંધી વિચારધારના સમર્થક શ્રીઠકકરબાપાએ પંચમહાલના ભીલોમાં કામ શરૂ કર્યુ. તેઓ ૧૯૧૮–૧૯માં પંચમહાલમાં દુકાળના સમયે આવ્યા હતા અને પાછળથી ૧૯૨૧–૨૬ માં તેમણે પંચમહાલના ભીલોની દુદર્શાના અભ્યાસ કર્યો અને તેમની આર્થિક સ્થિતિ સુધારવા કેટલાક રચનાત્મક પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી તેમણે ૧૯૨૨ના ડિસેમ્બરમાં ભીલ સેવા મંડળની સ્થાપના કરી. ઠકકરબાપા પંચમહાલ,ના ભીલોની સ્થિતિ જોઈ આ સંસ્થા ચાલુ કરી શરૂઆતમાં આ સંસ્થાની પ્રવૃત્તિ શિક્ષણ પુરતી મર્યાદિત હતી, ત્યારબાદ

વિભિન્ન યોજનાઓનો આમાં સમાવેશ કરવામાં આવ્યો. તેમણે સહકારી ધીરાણ મંડળી અને ગૃહઉધોગો અંગે કાર્યક્રમ બનાવ્યા તેમજ પંચમહાલના ગરબાડા, જેસાવાડા, ગુલમોર મુર્રાબરા વગેરે જગ્યાએ કેન્દ્રો ખોલ્યા. તેમાં ભીલ આદિવાસી જાતિના યુવક પ્રવૃત્તિઓને આ સંસ્થા ચલાવવા તૈયાર કર્યા ત્યારબાદ આદિવાસી સમાજમાંથી પણ ધણા સેવાભાવી સામાજિક કાર્યકરો ઊભા થયા. જેમા લાલચંદભાઈ નિનામા, શ્રીમતી હીરાબેન, રૂપાભાઈ પરમાર, જાલજીભાઈ ડીડોડ, ચતુરભાઈ ડાંગી, શ્રી જયસિંગભાઈ સોલંકી, શ્રી દીનાભાઈ બામણિયા, નરસિંહભાઈ હઠીલા વગેરેએ ભીલ સેવા મંડળને આગળ ચલાવવાનુ કામ હાથમાં લીધું હતું.

ગુજરાતમાં આદિવાસી સામાજિક સુધારણા ગુજરાત અને ભારતમાં વિભિન્ન સામાજિક, ધાર્મિક અને રાજનૈતિક આંદોલન અને બળવાઓ તેમજ બીજી જુદી જુદી ચળવળ સ્વાતંત્રય પૂર્વે અને બાદમાં ચાલુ થઈ હતી. તેના કારણે આદિવાસીઓ અને કેટલાક બિનઆદિવાસી નેતાઓ દ્વારા સુધારાવાદી પ્રવૃત્તિ આદિવાસી વિસ્તારમાં ચાલુ કરી હતી. જેની સામાજિક વ્યવસ્થા ઉપર મોટી અસર ઊભી થઈ હતી.

પાદટીપ :

| સંદર્ભ ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧. | મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન | ભણાત સ્ટેન્લી | ૧૭ |
| ૨. | એજન | | ૧૭,૧૮ |
| ૩. | એજન | | ૨૧ |
| ૪. | સામાજિક આંદોલન કા સમાજશાસ્ત્ર | પી. સી. જૈન | ૫ |
| ૫. | એજન | | ૪ |
| ૬. | એજન | | ૪ |
| ૭. | એજન | | ૭, ૮ |
| ૮. | મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન | ભણાત સ્ટેન્લી | ૨૩, ૨૪, ૨૫ |
| ૯. | ભારત મે સામાજિક આંદોલન ઔર રાજનીતિ | ઘનશ્યામ શાહ | ૧૯ |
| ૧૦. | સામાજિક આંદોલન કા સમાજશાસ્ત્ર | પી. સી. જૈન | ૩૫,૩૬,૩૭ |
| ૧૧. | Census ૨૦૦૧ | જયંતકુમાર બાઠીયા | lvi |
| ૧૨. | સામાજિક આંદોલન કા સમાજશાસ્ત્ર | પી. સી. જૈન | ૯૪ |
| ૧૩. | એજન | | ૯૫ |
| ૧૪. | એજન | | ૯૬ |
| ૧૫. | એજન | | ૧૦૩ |
| ૧૬. | એજન | | ૧૦૫,૧૦૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૭. | સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડા | શ્યામસીહ શશી | ૨૩ |
| ૧૮. | એજન | | ૪૪ |
| ૧૯. | સામાજિક આંદોલન કા સમાજશાસ્ત્ર | પી. સી. જૈન | ૧૦૭ |
| ૨૦. | એજન | | ૧૦૮ |
| ૨૧. | એજન | | ૧૦૯ |
| ૨૨. | એજન | | ૧૧૩ |
| ૨૩. | એજન | | ૧૧૪,૧૧૫ |
| ૨૪. | ભારત મેં સામાજિક આંદોલન ઔર રાજનીતિ | ઘનશ્યામ શાહ | ૯૩ |
| ૨૫. | દેવી આંદોલન | ડેવિડ હાર્ડિમન | ૫૩ |
| ૨૬. | એજન | | ૧૬ |
| ૨૭. | એજન | | ૧૭ |
| ૨૮. | એજન | | ૫૬ |
| ૨૯. | એજન | | ૫૬ |
| ૩૦. | એજન | | ૬૮ |
| ૩૧. | એજન | | ૬૮ |
| ૩૨. | એજન | | ૬૯, ૭૦ |
| ૩૩. | એજન | | ૭૪ |
| ૩૪. | એજન | | ૭૭ |
| ૩૫. | એજન | | ૭૯ |
| ૩૬. | એજન | | ૧૬૯ |
| ૩૭. | એજન | | ૧૩૬, ૧૩૭ |

| | | | |
|---|---|---|---|
| ૩૮. | એજન | | ૧૩૯ |
| ૩૯. | એજન | | ૧૪૮ |
| ૪૦. | વેડછી આંદોલન | આઈ.પી. દેસાઈ | ૩,૪,૫ |
| ૪૧. | ભારતમ મેં સામાજિક આંદોલન ઔર રાજનીતિ | ઘનશ્યામ શાહ | ૯૦ |

❀❀❀

# પ્રકરણ - ૩
# સંદર્ભ સાહિત્યની સમિક્ષા

- ❀ **પ્રસ્તાવના**
- ❀ **આદિવાસી આંદોલનના અભ્યાસો**

# પ્રકરણ - ૩
# સંદર્ભ સાહિત્યની સમીક્ષા

## ❀ પ્રસ્તાવના :

પ્રસ્તુત અભ્યાસમાં સામાજિક આંદોલનની ઐતિહાસિક પૃષ્ઠભૂમિમાં આંદોલનના સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય તેમજ ભારતમાં આદિવાસી આંદોલનની રજૂઆત કરવામાં આવી છે. ભારતમાં આદિવાસી સમાજમાં સામંતવાદી વ્યવસ્થા અને બ્રિટિશ શાસન સામે કોઈને કોઈ કારણસર આંદોલનો કરવામાં આવ્યાં હતાં. ૧૮મી સદીથી માંડી ૧૯મી સદીમાં જે આદિવાસી આંદોલનો થયાં હતાં. તેમાં કેટલાક રાજનૈતિક સ્વાયત્તતા માટેનાં હતાં, કેટલાંક વન સમસ્યાઓના સંદર્ભમાં થયાં હતાં, કેટલાંક સાંસ્કૃતિક ઓળખના સંદર્ભમાં થયાં હતાં. આ અંગેના ભારતીય સમાજમાં ઘણા સમાજવિદ્દો દ્વારા કેટલાંક આદિવાસી આંદોલન સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો, જેમાં તેમના અભ્યાસો તેમની કૃતિ સ્વરૂપે અથવા લેખ સ્વરૂપે સંશોધનો રજૂ કરવામાં આવ્યા હતા. જેને આ અભ્યાસ સાથે સાંકળી બ્રિટિશ સમયમાં થયેલા આંદોલનોમાં વિરોધ, લડત, વિદ્રોહના સ્વરૂપ સ્વાતંત્ર્યબાદ આદિવાસી આંદોલનો વિરોધ, લડતનું સ્વરૂપ વર્તમાનમાં આદિવાસી વિરોધ અને લડતના સ્વરૂપના સંદર્ભમાં આદિવાસી આંદોલનના અભ્યાસો પ્રસ્તુત અભ્યાસ વિષયના આંદોલન સંદર્ભમાં ચર્ચા કરવામાં આવી છે.

## ❀ આદિવાસી આંદોલનોના અભ્યાસો :

ભારતમાં આદિવાસી આંદોલન અને બળવાઓ ૧૮મી સદીથી થતા આવ્યા છે, પરંતુ આ અંગેના અભ્યાસો ઘણા ઓછા જોવા મળે છે. મોટાભાગના આંદોલનાં બ્રિટિશ શાસન અને સ્થાનિક અમલદારો, જાગીરદારોની સાથે કૃષિ આધારિત આદિવાસીઓનું શોષણ અને તેમના અધિકારો સામે સંઘર્ષ સ્વરૂપે થયાં હતાં. આદિવાસી આંદોલન અંગેના અભ્યાસમાં ઘનશ્યામ શાહમાં જણાવે છે કે, "ભારતમાં આદિવાસી વસ્તી

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે બે ભાગમાં વહેંચવામાં આવી હતી. જેમાં પૂર્વનો વિસ્તાર અરૂણાચલપ્રદેશ, આસામ, મેઘાલય, મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ, ત્રિપુરા જેમાં ૧૧ ટકા આદિવાસી લોકો વસે છે. જયારે બીજા ભાગમાં પૂર્વના રાજયો સિવાયના ભાગમાં કે જેમાં ૮૯ ટકા કુલ વસ્તીના લોકો વસવાટ કરે છે. તેમાંથી મોટા ભાગના લોકો મધ્યપ્રદેશ ૨૩%, ઓરિસ્સા ૨૨%, રાજસ્થાન ૧૩%, બિહાર ૮%, ગુજરાત ૧૪%, દાદરા નગર હવેલી ૭૯ ટકા અને લક્ષદિપમાં ૯૪ ટકા વસ્તી આદિવાસીઓની જોવા મળે છે"[૧].

આદિવાસીઓ અનેક અલગ સમૂહમાં વસવાટ કરે છે. તેમની અલગ અલગ સમૂહની પોતાની અલગ સંસ્કૃતિ, જીવનશૈલી, માળખું રૂઢિઓ મૂલ્યો વગેરે ધરાવે છે. આદિવાસીઓ મુખ્યત્વે ખેતી સાથે સંકળાયેલા છે, પરંતુ ખેતી ક્ષેત્રે બિનઆદિવાસી કિસાન જૂથોનો પ્રભાવ વિશેષ ઊભા થયા હતા. જેથી કિસાન આંદોલનો વિશેના અભ્યાસો વર્તમાનમાં ઘણા ઉપલબ્ધ બનેલા જોવા મળે છે, તેથી ઘણા આંદોલનોને કિસાન આંદોલનના સંદર્ભમાં પણ જોવામાં આવતાં હતાં. જોન મેકડુગલ (૧૯૭૭–૧૯૭૮) "બિહાર સરદાર અને ખેરવાર બે આંદોલનોનો અભ્યાસ કર્યો. તેમાં તેમણે ૧૯૫૮ અને ૧૯૯૮ ના સમયગાળમાં બિહાર આદિવાસી આંદોલનનું સ્વરૂપ અને તેના પરિણામોનો અભ્યાસ કર્યો."[૨] કે.એસ. સીંઘ (૧૯૨–૮૩) "તેમનો અભ્યાસ "Tribal Movement in India" માં બે ભાગમાં રજૂ કર્યો. જેમાં પહેલા ભાગમાં ૧૯૮૨ના ઉત્તરપૂર્વેના આદિવાસી આંદોલનની ચર્ચા કરી છે. જયારે બીજા ભાગમાં ૧૯૮૩ મધ્ય ભારત અને દક્ષિણ ભારતના આદિવાસી આંદોલનની ચર્ચા કરી છે."[૩]

કુમાર સુરેશસિંઘ દ્વારા "છોટાનાગપુરના બિરસા મુંડા આંદોલનનો ૧૮૭૪–૧૯૦૧ (૧૯૬૬) માં અભ્યાસ કર્યો."[૪] જે.સી. ઝા નો "છોટા નાગપુરનો કોલનો બળવો ૧૮૩૧–૩૨ નો અભ્યાસ (૧૯૬૪) માં કર્યો તેમજ ભૂમિજ વિદ્રોહ૧૮૩૨–૩૩ નો અભ્યાસ (૧૯૬૭) માં રજૂ કર્યો."[૫] એલ.પી. માથુર દ્વારા

"તેમના પુસ્તક "Resistance Movement" (૧૯૮૮) નો અભ્યાસ ૧૯મી સદીના રાજસ્થાનના ભીલોનો અભ્યાસ કર્યો."[૬] એસ.સી.રૉય તાના ભગત આંદોલન સંદર્ભમાં જણાવે છે કે, "આ પ્રદેશના ઓરાઓ આધુનિકરણના મૂલ્યોને દૂર કરવા પ્રયત્ન કરે છે કારણ કે તેઓ એવું માને છે કે આ પ્રકારના મૂલ્યો શોષણ માટેના સાધનો છે તેઓ એવું માને છે કે ઓરાઓ સાંથાલ અને મુંડા વગેરે તેમના નેતાઓ અનિષ્ટો અને શોષણમાંથી તેમને મુકત કરાવશે."[૭] ડેવિડ હાર્ડિમન તેમના (૧૯૮૭)ના અભ્યાસમાં "ગુજરાતના આદિવાસી લોકોમાં ૧૯૨૨માં થયેલી દેવી ચળવળવમાં બતાવે છે કે આ આંદોલન દેવીની આધિભૌતિક સત્તા હેઠળ સુધારાવાદી અભિગમથી ચાલુ કરવામાં આવી અને પાછળ થી રાજકીય તત્ત્વોની અસર પણ ઊભી થઈ હતી."[૮] સંથાલ ૧૮૫૫–૫૭નો બળવો ઈતિહાસમાં મહત્ત્વની ઘટના હતી. આજે પણ તેમના લોકગીતો અને લોકકથાઓમાં તે યાદ કરાય છે સંથાલ બળવામાં સાંથાલોની જમીન બહારના લોકોએ હડપ કરી લીધી હતી. તે જમીન પાછી મેળવવા માટે તથા તેમના પ્રદેશમાંથી શોષણખારોને હાંકી કાઢવાનો પ્રયાસ આ બળવામાં કરવામાં આવ્યો હતો. માર્ટીન ઓરન્સ (૧૯૬૫) માં જણાવે છે કે "આદર્શ હિંદ રાજ્યની આબેહૂબ પ્રતિકૃતિ રૂપે તેઓ સાંથાલનું ચિત્રાણ પણ સ્વતંત્ર્ય શકિતશાળી રાજય તરીકે કરે છે આ ચળવળનું ઘ્યેય તેમના પરંપરાગત ધર્મ અને સમાજ વ્યવસ્થા તરફ પાછા વળવાનું હતું."[૯] આ અભ્યાસમાં ચળવળ પાછળના મુદ્દાઓમાં જમીન અને જંગલથી તેમને દૂર કરવામાં આવ્યા હતા. તે બતાવે છે કે બહારના લોકોના પ્રવેશવાથી શોષણ જેવી સ્થિતિ ઊભી થઈ હતી. ઉત્તર પૂર્વના રાજયોના આદિવાસી લોકોએ પણ બોડો અને નાગા આંદોલન દ્વારા તેમના સ્થાપિત હિતો સાધવા લડત ચલાવી હતી જેનું સ્વરૂપ રાજકીય સ્વરૂપે ઊભું થયું હતું.

M.S.A. Rao (1979) ભાગ એકમાં આદિવાસી અભ્યાસ સંદર્ભમાં જણાવે છે કે આદિવાસી અભ્યાસો તુલનાત્મક દ્દષ્ટિબિંદુથી જોઈએ તો તેમાં તેમણે એક B.K. Royburman નો "Challenge and Responses in Tribal India" અને બીજો Joseph

Troisi નો "Social Movement Among the Santhal" ના સંશોધન લેખો આધારે જણાવે છે કે આદિવાસી આંદોલન અન્ય આંદોલન જેટલાં જ જૂનાં છે. આદિવાસીઓએ તેમના અધિકારો માટેમહાજનો અને બ્રિટિશ શાસન સામે વિરોધ નોંધાવ્યો હતો."[૧૦]

રૉય બર્મન આદિવાસી આંદોલન સંદર્ભમાં જણાવે છે કે "આદિવાસી લોકોમાં તેમની સામે કેટલાક પડકારો ઊભા થયા હતા જેના સંદર્ભમાં આ આંદોલનો ઊભાં થયાં હતા તેના તેમણે આઠ પ્રકારોના પડકારોની રજૂઆત આ પ્રમાણે કરી છે.

(૧) આદિવાસી અલગ વ્યવસ્થા અને તેમની ખાસિયતોમાં ભયની પ્રતિક્રિયા હાથ ધરાઈ હતી.
(૨) આદિવાસીઓના સ્ત્રોતો પર કડક નિયંત્રણ ઊભા થવાની પ્રતિક્રિયા ઊભી થઈ.
(૩) આદિવાસી પરંપરાગત આંતરક્રિયાના માળખામાં તેને વર્ણનાત્મક જોવાની પ્રતિક્રિયા ઊભી થઈ.
(૪) વ્યકિત અને તેના કુદરતી માળખા વચ્ચેના સબંધને નવી રીતે જોવામાં આવ્યું.
(૫) વ્યકિતગતના અને તેના સમાજ વચ્ચેના સબંધોને નવી રીતે જોવામાં આવ્યા.
(૬) આદિવાસી ઓળખની સીમાઓ શોધવામાં આવી.
(૭) આદિવાસી સ્ત્રોતોને નિયંત્રિત કરી વધુ સંતોષકારક વ્યવસ્થા ઊભી કરવાની તપાસ કરવામાં આવી.
(૮) આદિવાસી સંગઠન અને સમુદાયની સત્તાની બિન સંતોષકારકતાની તપાસ કરવામાં આવી."[૧૧]

રોય બર્મન ઉપરોક્ત કારણોને આંદોલન ઉદ્દ્ભવ થયા પાછળનાં કારણો તરીકે બતાવે છે. તેઓ જણાવે છે કે "બ્રિટિશ સમય દરમ્યાન જમીનદારો દ્વારા જમની અને જંગલના જે વિભાજનો થયાં હતાં તેમાં આદિવાસી સામાજિક માળખાનું યોગ્ય વિભાજન થઈ શક્યું ન હતું. જેને આદિવાસી આંદોલન માટે જવાબદાર ગણી શકાય."[૧૨]

રોય બર્મન આના આધારે બે બાબતો પર પ્રકાશ પાડતાં જણાવે છે કે "આદિવાસી સમુદાયની ઓળખ વ્યક્તિ અને પ્રકૃતિ તેમજ વ્યક્તિ અને સમાજને તેમના પરંપરાગત માન્યતાઓ સાથે જે જોડાયેલા હતા. તેમાં માળખુ બદલવાના અને બીજાકૃષિ આધારિત તેમના જે અધિકારો હતા તેના સંદર્ભમાં રાજકીય તત્ત્વો આધારિત ચળવળો ઊભી થઈ હતી."[૧૩]

જોસેફ ટ્રોઈસી "આદિવાસી આંદોલનમાં મુખ્ય ત્રણ આદિવાસી આંદોલનો આધારે સમજૂતી રજૂ કરી છે. જેમાં સાંથાલ ૧૮૫૫–૫૭, બીજું ખારવાર ૧૯૩૦ અને ત્રીજું ઝારખંડ ૧૮૯૫, આ ત્રણ આંદોલનોમાં કેટલાક સામાન્ય તત્ત્વો બધાયે આંદોલનમાં સરખા જોવા મળતા હતા. તેમાં પરંપરા, સંસ્કૃતિ અને મૂલ્યો હતા. પરંતુ કેટલીક બાબતોમાં ભિન્નતા હતી. જેમાં ખારવાર આંદોલન ૧૯૩૦ માં સુધારાવાદી સંદર્ભમાં હતું. જ્યારે ઝારખંડ અને સંથાલ આંદોલન રાજકીય પ્રક્રિયા અને બિનઆદિવાસી તેમજ અન્ય સમુદાયના પ્રવેશ અને શોષણના કારણે ઊભી થતી અસમતુલાના સંદર્ભમાં હતું."[૧૪]

ઘનશ્યામ શાહના પુસ્તક (૧૯૯૦)માં કેટલાક અભ્યાસો આ પ્રમાણે નોંધાયા છે તેમાં આદિવાસી સમાજોમાં આંદોલન અને બળવાના કારણે આવેલા પરિવર્તન સંદર્ભમાં "K.S. Singh (1985) ને  ટાંકીને તેઓ જણાવે છે કે K.S. Singh આદિવાસી આંદોલનને ત્રણ તબક્કામાં વહેંચે છે. પ્રથમ તબક્કો ૧૭૯૫ થી ૧૮૮૦ બ્રિટિશ શાસનનો ઉદય ૧૮૬૦ થી ૧૮૨૦ સંસ્થાનવાદ સામંતશાહી અને તેની આદિવાસી અર્થવ્યવસ્થા સાથે જમીન અને જંગલને અસર કરતી વ્યવસ્થાનો ઉદ્ભવ ત્રીજો તબક્કો ૧૯૨૦ થી ૧૯૪૭ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સુધીનો Singh જણાવે છે કે આદિવાસી લોકોએ અલગ વ્યવસ્થાના સંદર્ભમાં જ આંદોલન ઉપાડયું ન હતું. પરંતુ તે જ સમયગાળામાં તેઓ રાષ્ટ્રીય અને ખેડૂત આંદોલન સાથે પણ જોડાયા હતા. તેઓ પૂર્વ સંસ્થાનવાદના સંદર્ભમાં ચર્ચા કરતાં જણાવે છે કે મધ્ય ભારતની આદિવાસી જાતિ જુદા જુદા પાસાના

સંદર્ભમાં આંદોલન સાથે જોડાયા હતા. તેમાં તે ચાર પાસાઓની સમજૂતી આપે છે. (૧) રાજકીય સ્વાયત્તતા માટેનું આંદોલન (૨) ખેતી અને જંગલના પાયા આધારિત આંદોલન (૩) સંસ્કૃતિકરણની પ્રક્રિયાના સંદર્ભમાં (૪) સંસ્કૃતિના પાયા આધારિત આંદોલન."[૧૫]

ભારતમાં છેલ્લી સદી દરમ્યાન બ્રિટિશરો વિભિન્ન પ્રદેશના આદિવાસી લોકો સાથે જુદા જુદા સંદર્ભમાં સંઘર્ષમાં આવ્યા હતા. જયારે બ્રિટિશ વહીવટદારોએ આદિવાસી વહીવટમાં હસ્તક્ષેપ કરી બ્રિટિશ વહીવટ લાગુ કરવામાં આવ્યો ત્યારે આદિવાસીઓએ વિદ્રોહ કર્યો હતો. Younus (1974) ના જણાવ્યા પ્રમાણે "કેટલીક આદિવાસી જાતિઓ સ્વાતંત્ર્ય પછી પોતાની ઓળખ ગુમાવશે તેવો ભય ધરાવતી હતી નાગા જાતિ તેમની સંસ્કૃતિના સંદર્ભમાં માને છે કે ૧૯૪૭ તેમના પરંપરાગત રીતરિવાજો અને કાયદાઓ દ્વારા ગામની વ્યવસ્થા તૂટી જશે. તેની જગ્યાએ બાહ્ય નિયમો ઊભા થશે. તેમની દલીલ એવી હતી કે બંધારણનું ઘડતર એવા લોકો કરશે જે લોકો પાસે નાગા જાતિનું કોઈ જ્ઞાન નથી. આથી તેવું બંધારણ ઉચિત અને સ્વીકાર્ય ગણાય નહીં. ભારતની કુલ વસ્તીના ૧ મિલિયન નાગા જાતિ તેની એક આગવી વ્યવસ્થા ધરાવે છે. તેને સ્વતંત્ર રાખવી જોઈએ. આથી તેઓએ અલગ રાજયની માગણી કરી હતી."[૧૬]

આદિવાસી સમૂહોમાંથી કેટલાંક સમૂહોએ સાંસ્કૃતિકરણની પ્રક્રિયા બીજી જ્ઞાતિના સંદર્ભમાં ચાલુ કરી હતી. તેવા આંદોલનને ભગત આંદોલન તરીકે ઓળખાતા હતા સમાજ માનવશાસ્ત્રીઓ ઈતિહાસવિદો વગેરેના મોટા ભાગના અભ્યાસો સામાજિક ધાર્મિક આંદોલન સંદર્ભમાં જ જોવા મળે છે. તેવું કેટલાક સમાજ વિદો માને છે જેવા કે (Bodding 1921, Kalia, 1962, Orans 1965, Funch 1967, Ekka, A, 1977, Ekka W 1983, Bhatt 1983, Hardiman 1984, 1987) David Hardiman જણાવે છે કે "ધાર્મિક આંદોલન સમૂહ દ્વારા સત્તાશાળી અને શોષક વર્ગ સામે વિરોધ ઊભો કરવામાં

આવે છે. તેઓ વધુમાં જણાવે છે કે ધાર્મિક વિચારધારા આધારે આદિવાસીઓનું શોષણ અને અત્યાચારો સામે રાજ્યની સભાનતા અને તેના આધારે રાજકીય આચાર દ્વારા વ્યવહારું અભિગમ અપનાવવામાં આવે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. Funch (1967) જણાવે છે કે સામાન્ય રીતે સામાજિક નીચું સ્થાન ધરાવતો વ્યકિત ઊંચું સ્થાન ધરાવતી વ્યકિત પાસેથી અલગ પ્રકારનું સ્થાન પ્રાપ્ત કરે છે જેનાથી નવો બદલાવ ઊભો થાય છે Das A. (1982) કેટલાક આદિવાસી લોકો તેમની સાંસ્કૃતિક તરાહને નવા અભિગમથી જુએ છે. આદિવાસી સંસ્કૃતિમાં ધાર્મિક વિચારધારા આધારે આદિવાસી નેતાઓ વધુ સંતોષકારક સાંસ્કૃતિક તરાહો ઊભી કરવાના પ્રયત્નો કરે છે. Singh (1985) કેટલાક આદિવાસીઓ આંદોલનમાં તેમના શોષણની સામે લડતમાં જોડાયા હતા. ગુજરાત મધ્યપ્રદેશ જેવા કેટલાક ક્ષેત્રમાં સામાજિક સુધારણા આંદોલનની સાથે સાથે આદિવાસીઓ રાષ્ટ્રીય ચળવળમાં પણ બ્રિટિશ શાસનની સામે જોડાયા હતા. Mann (1983) ભગત ચળવળનો હેતુ પણ રાજકીય આંદોલનના સંદર્ભમાં અલગ સ્વાતંત્ર્ય રાજ્ય સ્થાપવાનો ઉદેશ્ય હતો. Arnold (1982) જણાવે છે કે આદિવાસી આંદોલનમાં આર્થિક શોષણનો પ્રશ્ન બિનઆદિવાસી કિસાન આંદોલન સાથે પણ જોડાયેલો હતો છેલ્લી સદીમાં આ બંન્ને વચ્ચેનો મુખ્ય તફાવતમાં આદિવાસીઓ પાસે તેમનું પોતાનું અલગ માળખું હતું અને બિનઆદિવાસી કિસાનોનુ પણ અલગ માળખુ હતું. જ્યારે બિનઆદિવાસી સમૂહો દ્વારા આદિવાસી વિસ્તાર અને તેમના જંગલોના આર્થિક સ્ત્રોતોનું શોષણ ચાલુ થવાના કારણે આદિવાસી પરંપરાગત અર્થવ્યવસ્થા બિનઆદિવાસી શોષણખોરોના હાથમાં આવી, J.C. Jha, (1964) જણાવે છે કે મુંદરી કૃષિ વર્ણવ્યવસ્થામાં સામંતો, જમીનદારો પાસે હસ્તાંતરિત થવાના કારણે આદિવાસી લોકો કૃષિ વ્યવસ્થાની માલિકીમાંથી દૂર થયા હતા જેના કારણ બિરસા આંદોલન ધાર્મિક અને રાજકીય સ્વરૂપે આ વ્યવસ્થાની સામે ઊભું થયું હતું. જુદા જુદા આદિવાસી સમુદાયોના ઘણ વિસ્તારો જેવા કે બિહાર, બંગોળ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્રના આદિવાસીઓ ધીમે ધીમે તેમની જમીન બિનઆદિવાસીઓ દ્વારા

કરવામાં આવતા શોષણના કારણે અને જમીનદારી વ્યવસ્થાના કારણે તેમની જમીન ગુમાવતા ગયા અને છેવટે તેઓ જમીન વિહોણા બની ગયા હતા."[૧૭] Ghanshyam Shah (1990)ના જણાવ્યા પ્રમાણે "કોલનો બળવા ૧૮૩૧ થી ૧૮૩૨ માં સરકારી કાયદાઓ બનવાના કારણે તેઓ તેમના અધિકારોથી વંચિત થવાના કારણે તેનો વિરોધ કરવામાં આવ્યો હતો."[૧૮] Datta (1940), Archar (1945), J Jha (1964), Orans (1965)ના જણાવ્યા પ્રમાણે "જમીનદારો અનેક પ્રકારના કર આદિવાસીઓ પાસેથી ઉઘરાવતા હતા. પૈસાદાર વ્યાજખોરો આદિવાસીઓ પાસેથી ઊંચું વ્યાજ વસૂલ કરતા હતા. આદિવાસીઓ તેમની જમીનના ખેત ઉત્પાદનમાંથી મોટોભાગ કર ભરપાઈ કરવામાં જતો હતો. આથી તેમની જરૂરિયાત માટે તેઓ પૈસા વ્યાજપર લાવતા હતા અને વ્યાજના ઊંચા પ્રમાણના કારણે તેઓ વ્યાજ પર લાવેલી રકમ ભરપાઈ નહીં કરી શકવાના કારણે તેમની જમીન તેઓ ગુમાવતા ગયા હતા. સરકારી અધિકારીઓ જેવા કે પોલીસ અને મહેસૂલ વિભાગના અધિકારીઓ તેમની સત્તાનો ઉપયોગ કરી તેઓ તેમના વ્યક્તિગત અને સરકારી કામ માટે કોઈપણ પ્રકારનું વળતર આપ્યા વગર કામ કરાવતા હતા. ન્યાયની બાબતમાં પણ આદિવાસીઓની અવગણના કરવામાં આવતી હતી. છેલ્લી સદીના મુંડા, સંથાલ, કોલ અને ભીલ વિદ્રોહમાં ઉપરોક્ત કારણો જવાબદાર હતા આથી આદિવાસીઓ દ્વારા જમીન અને ખેતી પરનો કર ભરવાનો બહિષ્કાર કર્યો."[૧૯]

આ ઉપરાંત Bhadra G. (1975), Chube S.K. (1982) જણાવે છે કે "આ પ્રકારના કારણે મણિપુરના કુકી વિદ્રોહમાં પણ જોવા મળે છે. તેમણે પણ બ્રિટિશ શાસન સામે વિદ્રોહ કર્યો હતો. બ્રિટિશ શાસન દ્વારા જ્યારે આદિવાસીઓને લશ્કરમાં ભરતી બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન કરવામાં આવી હતી, ત્યારે લડવા માટે તેમને અન્ય જગ્યાએ લઈ જવામાં આવતા હતા આ ભરતી પ્રક્રિયાના કારણે તેમની કૃષિ વ્યવસ્થા પર પણ અસર પડી હતી."[૨૦]

Parvier (1981), Dhanagare (1983) જણાવે છે કે, "આદિવાસીઓને જમીન પરની મજૂરી જમીનદારો દ્વારા જે કરાવવામાં આવતી હતી. તેમાં ઓછામાં ઓછું વેતન આપવામાં આવતું હતું. આ પણ એક મુખ્ય મુદ્દો આદિવાસી આંદોલનના સંદર્ભમાં હતો."[૨૧] ભારતમાં સ્વાતંત્ર્ય બાદ આંધ્રપ્રદેશના આદિવાસીઓ તેલંગાના આંદોલનમાં જોડાયા હતા. તેમણે જમીન માલિકો સામે લડત ચલાવી હતી. Parulekar G. (1975), Parulekar S. (1979) જણાવે છે કે, "મહારાષ્ટ્રમાં વારલી ૧૯૪૪ માં નિમ્ન વેતનની સામે વેતનમાં વધારો કરવાની માગણી કરી. જમીન માલિકોની શોષણ આધારિત વ્યવસ્થા સામે વિરોધ કર્યો. તેમણે ૧૯૪૬માં જંગલમાં કામ કરવા અંગે વેતન બાબતમાં હડતાલ જાહેર કરી હતી."[૨૨] David Hardiman ના બતાવ્યા પ્રમાણે "પશ્ચિમ ભારતના કેટલાક આદિવાસી લોકોએ જમીનદારોને વ્યાજખોર અને દારૂના ધંધાર્થીઓ સામે ૧૯૨૦માં આંદોલન ચલાવ્યું."[૨૩] Shah (1975), Desai (1977) જણાવે છે કે, "આદિવાસી લોકોએ ૧૯૫૦માં જમીન પર ના કર અને જમીન ખોદકામ અને મજૂરી સામે વિરોધ નોંધાવ્યો હતો."[૨૪] Mukherji (1979), Banerjee S. (1980), Banarjee T. (1980), Adhikari (1983) જણાવે છે કે, "પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશમાં નકસલવાદી ચળવળ તેમના મૂળ અધિકારો જમીનના તેમને મળવા જોઈએ તે સંદર્ભમાં તેમજ તેમણે તેમના શોષણ સાથે ભારે વિરોધ પ્રદર્શિત કર્યો."[૨૫] Balagopal (1984)ના જણાવ્યા પ્રમાણે "આંધ્રપ્રદેશ અને બિહારના આદિવાસીઓ જમીનદારો દ્વારા ઓછા વેતન આપવાના કારણે મુશ્કેલી અને શોષણમાં ફસાયા હતા."[૨૬] Sharma (1976), Perdesi (1980), Singh (1983) "છોટાનાગપુરના આદિવાસી લોકોએ ડીકુ દ્વારા કરાતા શોષણ સામે આંદોલન ચલાવ્યુ હતું. ડીકુ જેઓ બ્રિટિશ સમયના જમીનદારો અને પૈસાદારો હતા અને લોકોનું શોષણ કરતા હતા. આ જ સ્થિતિ ભારતની રાજકીય વ્યવસ્થામાં પણ ચાલુ રહેલી જોવા મળે છે"[૨૭] Verrier Elwin (1945) દર્શાવે છે કે, "મોટા ભાગના આદિવાસી લોકો જંગલમાં વસવાટ કરે છે. તેઓ સૌથી વધારે જંગલ ઉપર આધારિત હોય છે આ જંગલને બ્રિટિશ શાસનમાં જંગલની પેદાશોનો

આદિવાસીઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પરંતુ જ્યારે જંગલની પેદાશોનો ઉપયોગ કરવા માટે વેપારીઓ અને કોન્ટ્રાક્ટરોને મંજૂરી આપવામાં આવી ત્યારે આદિવાસીઓએ તેમનો જંગલના પેદાશો પરના અધિકારો માટે વિરોધ કર્યો. અધિકારી વર્ગ દ્વારા તેમને દબાવી દેવામાં આવ્યા હતા. આદિવાસીઓ સ્પષ્ટ પણે માનતા હતા કે જંગલ અમારું છે અને તેનો ઉપયોગ કરવાનો અમારો અધિકાર છે. આંધ્રપ્રદેશમાં 'સોરા' ની હિંસા જંગલખાતાના અધિકારીઓ સામે થઈ હતી."[૨૮] Singh (1983) જણાવે છે કે, આંધ્રપ્રદેશમાં રંપા વિગ્રહમાં "કર" અગત્યનો મુદ્દો હતો. પલામાઉ અને બિહારનો ખારવાર સત્યાગ્રહ આદિવાસી જંગલના મૂળભૂત અધિકારો તેમજ જંગલની પેદાશોના ઉપયોગ કરવા સંદર્ભમાં ૧૯૩૦ માં કરવામાં આવ્યો હતો. સિંઘના જણાવ્યા પ્રમાણે આ સમસ્યા સ્વાતંત્ર્ય ભારતમાં પણ ચાલું રહી હતી. ખારવાર સત્યાગ્રહ આંદોલન પણ આની સામે ચાલ્યું હતું."[૨૯] Dogra (1980), Das and Negi (1983) "ગરહવાલ પ્રદેશના આદિવાસીઓએ ૧૯૩૦ અને ૧૯૭૦ માં જંગલના કોન્ટ્રાકટરો સામે આંદોલન કર્યું હતું."[૩૦]

આ ઉપરાંત ઘણા આદિવાસી સમૂહો તેમના વિકાસ માટે સ્વાતંત્ર્ય બાદ સમાજ કલ્યાણ કાર્યક્રમોની માગણીઓ કરી રહ્યો છે.

ભારતમાં અનેક આદિવાસી જૂથો દ્વારા અલગ સ્વાયત્ત રાજ્યની માગણી મૂકી હતી. જેમાં તેઓની અલગ અર્થ વ્યવસ્થા અને સંસ્કૃતિની જાળવણી થઈ શકે કોઈ વિગ્રહ અને સંથાલ વિદ્રોહ છેલ્લી સદીથી તે રાજકીય ચળવળ સાથે જોડાયેલ છે તેમનો હેતુ અલગ રાજ્ય વિકસાવાવનો છે. ઓરાઓ પણ છેલ્લા ઘણા સમયથી વિગ્રહ કરી રહ્યા છે તેઓ પણ આર્થિક સ્વતંત્રતા અને રાજકીય સત્તામાં વધારો થાય તેમજ તેમની સ્થિતિમાં સુધારો થાય તેવી તક પ્રાપ્ત થાય તેવો પ્રયત્ન કરે છે. ભારતના મધ્ય અને પૂર્વના રાજ્યો કે જેઓ ઉત્તર પૂર્વ આદિવાસી ક્ષેત્રમાં વસવાટ કરે છે તેઓની પણ એક સમાન માગણીઓ છે કે તેઓને અલગ રાજ્ય કે પ્રદેશ તરીકે જાહેર કરવામાં આવે

Shah (1972)ના જણાવ્યા પ્રમાણે "ડાંગના આદિવાસીઓ પણ તેમના પ્રદેશને અલગ જિલ્લા તરીકે જાહેર કરવા માટેની લડત બૉમ્બે સ્ટેટના સમયમાં કરી હતી."[૩૧] Desai I (1971) "ગુજરાતના કેટલાક આદિવાસી નેતાઓએ આદિવાસી અલગ રાજયની માગણી કરી હતી. પરંતુ તેમાં તેઓ નિષ્ફળ ગયા હતા."[૩૨] Singh (1983) જણાવે છે કે, "છત્તીસગઢના આદિવાસી લોકો એ ૧૯૫૦ માં અલગ આદિવાસી રાજયની માગણી કરી હતી."[33] Sharma (1976), Dhar (1980), Singh (1983), Iyer and Maharaj (1986)ના પ્રમાણે છોટાનાગપુરના આદિવાસી લોકોએ ૧૯૩૮માં ડીકુ દ્વારા થતા શોષણની સામે અલગ રાજયની માગણી કરવામાં આવી હતી. તેમની માગણી માળખાગત રીતે ઝારખંડ આંદોલન સ્વરૂપે હતી."[૩૪] Mishara (1974-1982), Anand (1980), Das N. (1982), Goswami and Mukherjee (1982), Shah (1984) તેમના જણાવ્યા પ્રમાણે "૧૯૨૯માં નાગા જનજાતિ દ્વારા સાયમન કમિશન સામે કેટલીક માગણીઓ રજૂ કરવામાં આવી હતી. તેમાં તેમના અલગ રાજયની માગણી પણ કરવામાં આવી હતી. આવી જ રીતે મિઝોરમના આદિવાસીઓ દ્વારા પણ અલગ પ્રદેશ તરીકે પ્રસ્થાપિત કરવાની માગણી કરવામાં આવી હતી. આ પ્રકારની માગણીઓ રાજકીય સ્વાયત્તતા અને અલગ સાંસ્કૃતિક વિચારધારા સાથે જોડાયેલી હતી."[૩૫] N.K. Bose (1967) "આદિવાસી આંદોલનને તેના પાયાગત આધાર ધર્મ, ભાષા, પ્રદેશ આધારે લાક્ષણિકતા બતાવે છે."[૩૬] Rao (1976)માં બનાવે છે કે, "કેટલાક સંશોધકો એવી દલીલ કરે છે કે કેટલાંક નાનાં નાનાં જૂથોમાં અલગ આદિવાસી સમૂહો રાજકીય આંદોલન સાથે જોડાયેલા છે. જેમ કે ઉત્તર પૂર્વના રાજયો આવા પ્રકારની માગણીઓ સાથે જોડાયેલા છે. તેઓ વધુમાં જણાવે છે કે ખાસી આદિવાસી લોકો રાજકીય બાબતમાં ગારો આદિવાસી જાતિ કરતાં ઘણી સક્રિય ભૂમિકા ભજવે છે."[૩૭]

કેટલાક પાયાના આદિવાસી અભ્યાસો પ્રમાણે આદિવાસીઓમાં અસંતોષ સમાન જૂથના લોકો સમાજ ભૌગોલિક ક્ષેત્ર ધરાવતા લોકો સમાન રીતે સંગઠિત હોય છે. તેની સાથે અર્થવ્યવસ્થા પણ પાયાગત બાબત છે. જેમ કે મુંડા સંથાલ ભીલ અને ગોંડ વગેરે

તેમજ તેમાં કેટલાક આદિમ સમૂહો કે જેઓ પરંપરાગત રીતે ખેતી કરતા હતા. પરંપરાગત સાધનોનો ઉપયોગ કરતા હતા. આવા આદિવાસી સમૂહો જમીન અને જંગલના સમસ્યા આધારિત મુદ્દાઓ સક્રિય રીતે સત્તા સામે રજૂ કરવામાં આવેલ હતા. મોટા ભાગના આદિવાસી અભ્યાસો એવું બતાવે છે કે આદિવાસી સંગઠન આધારે ઓછા આંદોલનો થયા હતા. આમ જોઈએ તો સંથાલ મુંડા અને કોલ આંદોલન પૂર્ણ સંગઠિત સ્વરૂપની લડતો હતી.

નાગા અને મિઝો આદિવાસીઓની લડત પણ સંગઠનાત્મક હતી. Das and Gupta (1882) જણાવે છે કે, " "અહોમ" આંદોલન અલગ રાજ્યની માગણી સાથે માળખાગત રીતે સંગઠિત બન્યું હતું. કેટલાક સંશોધકો બતાવે છે કે આદિવાસી રાજકીય અને સામાજિક આંદોલનો રાજકીય અને સામાજિક હિતો સંદર્ભમાં સંગઠિત બન્યા હતા."[૩૮] Maharaj and Iyer (1982) પ્રમાણે "ઝારખંડ આંદોલન પરંપરાગત સામાજિક સંસ્થાઓ ગ્રામીણ તેમજ ગામ ગામ વચ્ચેના સામુદાયિક જોડાણ આધારે સંગઠિત બન્યું હતું."[૩૯]

આદિવાસી આંદોલનમાં નેતૃત્વ સાંથાલ કોલ અને મુંડા વિગ્રહમાં ધાર્મિક સ્વરૂપનું નેતૃત્વ જોડાયેલુ હતું. જેમ કે બિરસા મુંડા બિરસા ભગવાન તરીકે ઓળખાતા હતા. Singh (1966)ના જણાવ્યા પ્રમાણે "સાંથાલ આંદોલનમાં પણ આવા પ્રકારનું નેતૃત્વ હતું જેમ કે સિન્ધુ અને કાન્દુ તેમને આધિભૌતિક શકિતમાંથી શોષણખોરોનો નાશ કરવાની વાત કરવામાં આવી છે તેવું પ્રસ્થાપિત થયું હતું. જેનાથી લોકોમાં મોટી અસર ઊભી થઈ હતી."[૪૦]

K.S. Singh (1977) "છોટાનાગપુરમાં ૧૯૦૦ થી ૧૯૭૫ ના સમય દરમ્યાન આદિવાસી આંદોલન કેવા પ્રકારની વિચારધારા અને તેની પ્રાદેશિકતા સંદર્ભમાં ઊભા થયા હતા. તેને છ તબક્કામાં સમજૂતી આપી છે.

(૧) ૧૯૨૦ સુધીનાં સમયગાળો કે જે દરમ્યાન સામાજિક સુધારણા, વિકાસ કાર્યક્રમોમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ઊભા થયા.

(૨) ૧૯૨૦ થી ૩૮ છોટા નાગપુરમાં ઉન્નતી સમાજની કેટલીક પ્રવૃત્તિઓ પ્રભાવાત્મક રહી જે મધ્યમ આદિવાસી સાથે જોડાયેલી હતી.

(૩) ૧૯૩૮–૪૭નાં તબક્કો આદિવાસી મહાસભા દ્વારા આંદોલન ઊભું થયું હતું જેમાં ખ્રિસ્તી, બિનખ્રિસ્તી, આદિવાસી, બંગાળી, મુસ્લિમ વગેરેનો સહકાર આદિવાસી મહાસભાને પ્રાપ્ત થયો હતો જે રાજકીય પાયા પર આંદોલન ચાલું થયું હતું.

(૪) ૧૯૪૯–૫૮ ઝારખંડ પાર્ટી આદિવાસી મહાસભામાંથી રાજકીય પ્રતિનિધિત્વ સ્વરૂપે આગળ આવી તેમાં આદિવાસી પ્રદેશ ઝારખંડને પ્રસ્થાપિત કરવાની માગણી મૂકવામાં આવી.

(૫) ૧૯૫૯–૬૨માં વિકાસના કાર્યક્રમો અને પ્રાદેશિક વૃદ્ધિ માટે આદિવાસી સહભાગીતા વધારવાનો પ્રયત્ન, ઝારખંડ પાર્ટી દ્વારા કરવામાં આવ્યા.

(૬) છેલ્લાં તબક્કો ૧૯૬૩–૭૫ આદિવાસી આંદોલનના આ તબક્કામાં ઝારખંડ પાર્ટીના વિભાજનો રાજકીય વિચારધારા આધારિત ઊભા થયા."[૪૧]

Surjit Sinha (1959, 1968, 1972) આદિવાસી સમુદાયના સ્વરૂપ અને પ્રકારની ચર્ચા તેમના જુદા જુદા લેખના આધારો બતાવે છે કે, "આદિવાસી આંદોલનના બદલાતા અભિગમોમાં પ્રથમ ૧૮મી અને ૧૯મી સદીમાં થયેલા વિરોધો વિદ્રોહ અને બળવા સ્વરૂપે હતા. બીજું ત્યારબાદ સુધારણા આંદોલનનો પ્રભાવ સાંસ્કૃતિક પ્રતિબદ્ધતા અને હિન્દુ વિચારધારાનો પ્રભાવ હતો. ત્રીજો અભિગમ જુદા જુદા રાજકીય હિતો આધારિત ચળવળો ઊભી કરીને આદિવાસીઓ વચ્ચે રાજકીય ચળવળ અને તેમાંથી

અલગ આદિવાસી રાજયનું સંગઠન ઊભું થયું હતું. તેઓ આદિવાસી આંદોલનનો પાંચ મુખ્ય આધાર રજૂ કરે છે.

(૧) આદિવાસી સમાજોમાં જુદાં જુદાં આંદોલનો ઊભાં થવામાં અને તેમાં લોકોની સામેલગીરી નીચેની બાબતો ઉપર આધારિત હતી

(૧) ખેતી જૂથ અને સ્થાન

(૨) આદિવાસી પ્રદેશમાં આદિવાસી વસ્તીમાં બિનઆદિવાસી વસ્તીનું પ્રમાણ

(૩) હિન્દુ ખેડૂતો સાથે સામાજિક આર્થિક સાંસ્કૃતિક આંતર સબંધોનું પ્રમાણ

(૪) આદિવાસી અર્થ વ્યવસ્થનું સ્તર

(૫) આદિવાસી શિક્ષણ ધરાવતા વર્ગનું સ્તર

(૬) ખેડૂત વર્ગ અને શહેરી વસ્તી પ્રતિ ઐતિહાસિક ખ્યાલ

(૭) સાંસ્કૃતિક અભિમુખતા હિન્દુ, મુસ્લિમ ખ્રિસ્તી અને પુરાપિયનના સંદર્ભમાં

(૮) બિનઆદિવાસી રાજકીય સંગઠન સાથે જોડાણની તરાહ.

(૨) આદિવાસી આંદોલનમાં અલગ મજબૂત હકારાત્મક ઉદેશ્યો ઊભા કરવામાં કેટલાક પરિબળો મહત્ત્વના હતા તેમા

(૧) આદિવાસી વસ્તી બિનઆદિવાસી ખેડૂત સમૂહથી પરિસ્થિતિગત અને સામાજિક સાંસ્કૃતિક અલગતા ધરાવે છે.

(૨) આંતરરાષ્ટ્રીય અને આંતર સાંસ્કૃતિક ક્ષેત્ર નજીકના ક્ષેત્ર સાથેના સ્થાન

(૩) વિરોધ કરવાની શકિત અને આર્થિક સક્ષમતા

(૪) નેતૃત્વ અને શિક્ષિત વર્ગનું સ્તર

(૫) જાગૃત અને સભાન રીતે ખેડૂતો દ્વારા કરેલા સંઘર્ષના ઐતિહાસિક બનાવો

(૬) આર્થિક માળખાનું મર્યાદિત સ્વરૂપ અને તેમાંથી રાજકીય તક.

(૩) આંદોલનના મૂળભૂત આધારોમાં કેટલીક બાબતોનો અભાવ

(૧) નાના સમૂહો અને નિમ્ન અર્થ વ્યવસ્થા આધારે વિરોધ કરવાની તીવ્રતા ઓછી

(૨) શિક્ષિત વર્ગ અને નેતૃત્વ આપનાર વ્યકિતઓનો અભાવ

(૩) ઊંચી સામાજિક આર્થિક વ્યવસ્થા વચ્ચે સુગ્રાથનની ખામી.

(૪) કેટલીક આદિવાસી જાતિઓ અલગતા અને અલગ આદિમ અર્થ વ્યવસ્થા ધરાવવાના કારણે અને શિક્ષણનો અભાવ અને નિરશ્વર વર્ગના કારણે મજબૂત આંદોલન ભાગ્યે જ ઊભા થઈ શકયા હતા.

(૫) આદિવાસી આંદોલનના મુખ્ય આધારો આદિવાસી પરિસ્થિતિ સાંસ્કૃતિક અલગતા આર્થિક પછાતપણું નિમ્ન સ્થાન અને શોષણની અનુભૂતિ મુખ્ય હતા."[૪૨]

ભારતમાં વિભિન્ન આદિવાસી જૂથો સમૂહો વચ્ચે થયેલા વિરોધ બળવા આંદોલનો વગેરે જુદા જુદા વિદ્વવાનો દ્વારા તેમના અભ્યાસમાં સામાજિક આર્થિક ધાર્મિક બધા પાસા આધારિત આંદોલન સંકળાયેલા હતા. આ સત્તાની સામે ઊભા થતો

અસંતોષ, હિતોની પરિપૂર્તી તેમજ વ્યવસ્થા બદલ પ્રયત્નોમાંથી આંદોલન ઊભા થયેલા હતા.

ગૌરાંગ જાની અને વર્ષા ગાંગુલી (૨૦૦૦)માં જણાવે છે કે, "ગુજરાતમાં ૧૯૬૦ થી ૧૯૮૧ બે દાયકાઓના સર્વે આધારે ખેતી અને ખેત મજૂરી કરતા આર્થિક માળખાઓમાંથી અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરનાર મજૂર તરીકેની સંખ્યા વધતી જાય છે. ૧૯૬૧માં તેઓ ૩૧.૧ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા હતા તેમાં વૃદ્ધિ થઈ ૧૯૭૧માં ૪૨.૨ ટકા થઈ અને ૧૯૮૧માં તેનું પ્રમાણ ૪૦.૧ ટકા જેવું રહ્યું હતું આ ખેત મજૂરીની વધતી ટકાવારી આધારે રાજ્યમાં આદિવાસીઓ તેમની જમીનથી વંચિત થતા જાય છે તેવું જોવા મળે છે.

આદિવાસી જમીન વિમુખતા સંદર્ભમાં તેઓ આદિવાસી આગેવાન અશોક ચૌધરીના સંદર્ભમાં જણાવે છે કે ૬૦ના દાયકા અગાઉ રસ્તાઓ બનાવવાના કામમાં આદિવાસી લોકો જોવા મળતા ન હતા પરંતુ કેટલીક જગ્યાએ જેમા વડોદરા અને ત્યારબાદ ખેડા વિસ્તારમાં તેઓ ખેત મજૂરીમાં જોડાયા હતા ત્યારબાદ તેમનું પ્રમાણ ધીમે ધીમે વધ્યું. ૭૦ અને ૮૦ના દાયકામાં મોટા પ્રમાણમાં આદિવાસી મજૂર મોટા શહેરોમાં અમદાવાદ જામનગર અને રાજકોટમાં જવા લાગ્યા. આ પ્રકારના નિરીક્ષણો આધારે એવું બતાવવામાં આવ્યું છે કે ઘણા બધા આદિવાસી લોકો એ પોતાની જમીન ગુમાવી છે તેમજ વર્તમાનમાં આદિવાસીઓ સામે મોટા પડકારો ઊભા થયા છે. ગુજરાતમાં ખેતી આધારિત બજારોના વિકાસ થાય છે. આથી જમીનની માંગ વધી છે. વધુમાં ઔદ્યોગિક વિકાસ રાજ્યમાં વધવાના કારણે અને નવી અર્થ વ્યવસ્થાની નીતિઓમાં સુધારો કરવાના કારણે વધુ ને વધુ જમીન અને કુદરતી સ્ત્રોતોની આદિવાસી વિસ્તારમાંથી માંગ ઊભી થઈ છે."[૪૩]

ભારતમાં નવી આર્થિક નીતિના અમલીકરણ થવાના કારણે ઔદ્યોગિક વિકાસ આદિવાસી વિસ્તારમાં અનેક હેતુઓથી થવા લાગ્યો છે. મોટી સિંચાઈ યોજના

આદિવાસી વિસ્તારમાં ઊભી થવાના કારણે આદિવાસીઓએ તેમના પોતાના અધિકારો ગુમાવ્યા છે જંગલ અને જમીન બે મુખ્ય સ્ત્રોત આદિવાસી લોકોના છે. તેમાંથી તેઓ વંચિત બન્યા છે. અને આદિવાસી જમીન બિનઆદિવાસી પાસે મોટા પ્રમાણમાં જઈ રહી છે.

ડો. સિદ્ધરાજ સોલંકી અને શ્રી આર. બી. લાલ (૧૯૭૯)માં જણાવે છે કે,

"બ્રિટિશ શાસન સમયગાળા દરમ્યાન આદિવાસી આર્થિક ઉત્થાન માટેના પ્રશ્નો ઊભા થયા હતા. આ અગાઉ મરાઠા અને મુસ્લિમ શાસન દરમ્યાન તેઓ જંગલોમાં અને "ડુગરોમાં એકલવાયું જીવન જીવતા હતા સૌથી પહેલા બ્રિટિશ શાસન દરમ્યાન આદિવાસી વિસ્તારો રાજકીય અંકુશ અને બહારના વહીવટકર્તાઓના નિયમનમાં મૂકાયા આદિવાસી વિસ્તારોમાં રસ્તાઓ વાહન વ્યવહારનાં સાધનોની સગવડતા વધતા બિનઆદિવાસીઓ, આદિવાસી વિસ્તારમાં દાખલ થયા અને આદિવાસીઓનું શોષણ બિનઆદિવાસી શાહુકારો, વેપારીઓ, જંગલ કોન્ટ્રાકટરો અને સરકારી અમલદારોના હાથે થવા લાગ્યું આના કારણે આદિવાસીઓની જમીનની માલિકી જતી રહી. બીજી બાજુ રૈયતવાળી પ્રથા દાખલ થવાના કારણે જમીન ખેડનારને માલિક બનાવી દેવાયા પરંતુ વારસાઈ જમીન માલિકી હકકની અને ખેડૂતો વચ્ચે સ્પષ્ટતા ન હોવાની જમીનદારોના હાથમાં જમીન આવી. બીજી બાજુ આદિવાસીને વારસદારો માટે જમીન ઘટતી ગઈ. આદિવાસી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ માટે દેવાદાર બન્યા. જેના કારણ આદિવાસી પોતાની જમીન શાહુકાર વેપારીને ગીરો મૂકી, ધીમે ધીમે જમીન ગુમાવતા ગયા આ ઉપરાંત અન્ય બીન આદિવાસી પ્રવાહ પણ આદિવાસી વિસ્તારમાં જવા લાગ્યા. અને તેનો ભોગ આદિવાસી બનતા ગયા ત્યાર બાદ નવી કર નીતિ વીસમી સદીમાં ચાલુ થઈ. આદિવાસીઓને દારૂ, તાડી ગાળવાના જે અધિકારો હતા તેના પર અંકુશ મુકવામાં આવ્યા. તેમજ દારૂ તાડી ગાળવાની પરવાનગી બિનઆદિવાસીઓને આપી, પરિણામે આદિવાસી શોષણનોમાર્ગ બીજો ઊભો થયો દારૂની પરવાનગી બંધ

થઈ પરંતુ તેમને આદત ચાલુ રહી જેનો તેઓ વધુને વધુ આર્થિક સંકડામણની સ્થિતિમાં આવતા ગયા."[૪૪]

ગુજરાત આદિવાસી આંદોલન અંગે વિદ્યુત જોશી (૧૯૯૬)માં જણાવે છે કે, "ગુજરાતની પૂર્વ પટ્ટીના આદિવાસી વિસ્તારમાં તદ્દન શાંત અને આજ્ઞાંકિત આદિવાસી લોકોમાં વમળો કેમ ઊભા થવા લાગ્યા તેમની કેવા પ્રકારની પરિસ્થિતિ અને પ્રશ્નો તેમની સાથે ઊભા થયા હતા તેમના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં આદિવાસીઓ એકવાર પ્રમાણમાં મેદાની વિસ્તારમાં વસવાટ કરતા હતા ૧૦મી થી ૧૬મી સદી વચ્ચે રાજપૂતાનાથી આવેલા રાજપૂતો સાથે તેમના યુદ્ધો થયા અને તેમને જે તે વિસ્તારમાંથી જંગલ વિસ્તારમાં હાંકી કાઢયા જંગલમાં ગયેલા લોકોનું જીવન આર્થિક રીતે નબળું બનવા માંડયુ હતું. સ્વ. જવાહરલાલ નહેરૂના આદિવાસી લોકો સંદર્ભમાં આદિવાસી પંચશિલના જે સિદ્ધાંતો આપ્યા હતા. તે આદિવાસી વિકાસ કાર્યક્રમો ભૂલાઈ ગયા છે પંડિત જવાહરલાલ નહેરૂ આદિવાસી વિકાસ સંદર્ભમાં માનતા હતા કે ફકત આદિવાસી વિકાસ આદિવાસી સંસ્થાઓ દ્વારા જ થવો જોઈએ."[૪૫]

ગુજરાતના આદિવાસીઓ જયારે જયારે તેમની સમાજ વ્યવસ્થામાં શોષણનો ભોગ બન્યા છે. તેમના જંગલ અને જમીન પરના અધિકારોથી દૂર કરવામાં આવ્યા છે ત્યારે તેમણે વિરોધ અવશ્ય કર્યો હતો. વિદ્યુત જોશી (૧૯૯૬)માં જણાવે છે કે, "જમીન માલિકીના તે સમયે કોઈ પ્રશ્નો ઉપસ્થિત થયા ન હતા જે વ્યકિતને પોતાના કુટુંબ માટે જેટલી જમીનની જરૂર પડે તેટલી તે ખેડૂતો હતો આ સ્થિતિમાં ૧૮૫૪ માં રેલ્વેની સ્લિપર્સ માટે ઠેકેદારો જંગલમાં સાગ કાપવા ગયા ત્યારે આદિવાસીઓએ તેનો વિરોધ કર્યો આ સ્થિતિ પરથી બ્રિટિશ સરકારને લાગ્યું કે જંગલો તો રાજય પાસે જ હોવા જોઈએ આથી ૧૮૬૪ માં બ્રિટિશ સરકારે ફોરેસ્ટ એકટ પસાર કરી જંગલની તમામ જંગલોની જમીનોનો કબજો બ્રિટિશ સરકારે લઈ લીધા અને તેમાં રહેનાર વસનાર, આદિવાસી ગેરકાયદેસર રહેનાર છે તેવું જાહેર કર્યું. બીજું વર્તમાનમાં પર્યાવરણ અને

વન ઉછેરના નામે પ્રવાહ ઉલટો ચાલ્યો છે. તેના નામ આદિવાસીઓના જંગલ પરના હકકો પર તરાપ પડતી જાય છે વંશ પરંપરાગત જંગલોની જમીન ખેડનારને ગેરકાયદે ખેડનાર ગણી ને દંડ વધારી દેવામાં આવે છે. પર્યાવરણ વાદીઓના દબાણ પછી સરદાર સરોવર, રીંછના અભયારણ્ય બનાવવા માટે સુરપાણેશ્વર નજીકના આદિવાસી ગામડાઓ આજુબાજુ દિવાલ રચવાની વાત કરીને આદિવાસીઓને રીઝર્વ, બનાવી દીધા શહેરના ઝુમાં જેમ પ્રાણીઓને પીંજરામાં રખાય છે તેમ જંગલના ઝુ (અભયારણ્ય) માં માનવીઓને બાંધી દીધા."[૪૬]

સ્વાતંત્ર્ય પૂર્વે બ્રિટિશરોના જંગલ અને જમીન પરના કાયદાઓ આદિવાસી સમાજના લોકો માટે મુશ્કેલની પરિસ્થિતિ ઊભી કરી હતી. તેમના અધિકારોની સજા અને ઉપેક્ષા થતી આવી હતી. આદિવાસી ક્ષેત્રમાં સરકારી અમલદાર ઠેકેદારો સરકારને ઉપયોગ માટે જંગલ કાપવા ગયા છે ત્યારે આદિવાસીઓએ વિરોધ કર્યો હતો, પરંતુ સંગઠનના અભાવે સભાનતા જાગૃતિના અભાવે તેઓ વ્યવસ્થિત પણે વિરોધ કરી શકયા ન હતા. જેના કારણે તેઓ સતત શોષણની સ્થિતિમાં રહેવાની સ્થિતિ ઊભી થયેલી હતી. સ્વાતંત્ર્ય બાદ પણ આદિવાસી ક્ષેત્રોમાં તેમના અધિકારો અને શોષણ સંબંધી કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. તેનો પણ વિરોધ આદિવાસીઓ દ્વારા સમય સમય પર કરવામાં આવ્યો હતો. વિદ્યુત જોશી (૧૯૯૬)માં જણાવે છે તેમ "આદિવાસી ક્ષેત્રોમાં જમીન અને પાણીની વ્યવસ્થા સંદર્ભે તથા જંગલ વિસ્તાર હોવાના કારણે વરસાદનું પાણી જમીનમાં પચીને પાણીનો સંગ્રહ થતો તેના આધારે ચોમાસામાં અને ભેજના કારણે શિયાળામાં પણ પાક લઈ શકાતો, પરંતુ જંગલ કપાતાં ગયા અને પાણીના પ્રશ્નો ઊભા થયા, પીવાના પાણીની તંગી ઊભી થઈ જેના કારણે આદિવાસીઓ ભટકતા મજૂર બની ગયા. બીજી બાજુ જમીન અને પાણીના કારણે ઉત્પાદન વ્યવસ્થા બરાબર ઊભી થઈ ના શકી. આદિવાસીઓ ઉત્પાદન કરે અને તેના ઉપર વેપારીઓ સમૃદ્ધ બનતા ગયા. આદિવાસીઓને જંગલમાંથી પોતાના ઉપયોગ માટે

લાકડા મળી રહેતા હતા. તેમનું સમગ્ર જીવન વૃક્ષોથી ચાલતુ હતું પરંતુ મકાન બળતણ માટે કે અન્ય જરૂરિયાત માટે લાકડા મળવાની મુશ્કેલી સર્જાઈ."[૪૭]

આ પ્રકારની વ્યવસ્થાને કારણે આદિવાસીઓની મૂળભૂત જરૂરિયાત કે જે સંપૂર્ણ આદિવાસી સાથે જોડાયેલી છે તેના ઉપર સરકારના કેટલાંક કાયદાઓ જંગલના ઉપયોગ સંદર્ભમાં સ્વતંત્રતા બાદ પણ કેટલેક અંશે અસંતોષ અને વિરોધની સ્થિતિ જોવા મળે છે. સ્વતંત્રતા પૂર્વે આદિવાસીઓ દ્વારા જે વિદ્રોહ થયા હતા. બળવાઓ થયા હતા તે મુખ્યત્વે તેમની પાયાગત જરૂરિયાતોના સંદર્ભમાં જયારે હસ્તક્ષેપ થવા લાગ્યો હતો તેના વિરોધ સ્વરૂપે હતા. સ્વતંત્રતા બાદ પણ કેટલાંક પ્રશ્નો ચાલુ જ રહ્યા હતા તેને લઈને સ્વાયત્તતાના પ્રશ્નો ઉત્તર પૂર્વના રાજયોથી માંડીને મધ્ય ભારતના આદિવાસીઓમાં જોવા મળતા હતા. સ્વતંત્રતા બાદ ગુજરાતના આદિવાસીઓની સામાજિક સ્થિતિ સંદર્ભમાં ડો. સુદર્શન આયંગર (૧૯૯૬) જણાવે છે કે, "આઝાદી પછી ભારતમાં જંગલોનો આડેધડ વિનાશ થઈ રહ્યો છે. નર્મદા નદીના ઉત્તરે અને દક્ષિણમાં આવેલી વિધ્યાચળ સાતપુડાની હારમાળા છેલ્લા ત્રીસ વર્ષોમાં જે જંગલોથી છવાયેલી હતી તે આજે સાવ બોડી બની ગઈ છે જે પર્યાવરણ માટે ખતરો ઊભો થયો છે. આવી અવદશ ઊભી કરવા માટે મહંદઅંશે જવાબદાર એવું જંગલખાતું પણ સાવ ભોળા અને નિર્દોષ ચેહરા સાથે આ બૂમરાણમાં પોતાનો સૂર પૂરાવી રહ્યો છે. અને દોષનો ટોપલો સરળતાથી જંગલ મધ્યે રહેતા આદિવાસીઓ ઉપર ઢોળવાની કોશિશ કરી રહ્યું છે. "આદિવાસીઓની જમીન પરથી કાઢો જંગલ બચાવો પર્યાવરણ બચાવો." એવો જંગલખાતાનો નારો બની ગયો છે. ગુજરાતમાં રાજપીપળા તાલુકાના સંદર્ભમાં તેઓ જણાવે છે કે આ વિસ્તારના ગામમાં કેટલાયે દાયકાથી અને સદીઓથી આદિવાસીઓ આ જંગલની જમીન ખેડીને પોતાનું ગુજરાન ચલાવે છે. વર્ષો પહેલા અંગ્રેજ સમયે જે સર્વે સેટલમેન્ટ થયેલા તેટલી જ તેમની માલિકીની જમીનો બાકીની જમીનો પર જંગલખાતાના અધિકાર હતો. ગુજરાતની પૂર્વ પટ્ટીમાં અને ગુજરાત બહાર જંગલ વિસ્તાર આદિવાસી વિસ્તારમાં પણ આવી સ્થિતિ જોવા મળે છે. તેઓ જણાવે છે કે

છેલ્લા ત્રીસ વર્ષોમાં આદિવાસીઓની મૂળભૂત સુવિધાઓ વીજળી–પાણી નિશાળ, દવાખાના વગેરે સંદર્ભમાં કોઈપણ પ્રકારના કાર્યો થયા નથી. તેમજ આદિવાસી જીવન–નિર્વાહ ચલાવવા માટે પણ કોઈ વ્યવસ્થા ઊભી કરવામાં આવી નથી આદિવાસીઓને જમીન ખેડવામાં પણ પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેઓ જમીન ખેડવા જાય તો તેમની પાસેથી પૈસા પડાવવા, ધાક–ધમકી વગેરે પરિસ્થિતિ સર્જાય છે. આદિવાસી જંગલ વિસ્તારમાં વસે અને તેની જમીન ખેડે તે સ્વાભાવિક છે, પરંતુ આ આદિવાસીઓ અભણ, અસંગઠિત જંગલની વર્તમાન વ્યવસ્થાથી સતત શોષિત થઈ રહેલી જોવા મળે છે. ભારતીય વન–અધિનિયમ ૧૯૨૭ ના જંગલ ખાતાને સરકારી પડતર જમીનો જંગલોની જમીનો અને બીજી સરકારી જમીનોને અનામત જંગલોમાં ફેરવવાની વિશાળ સત્તા આપે છે. આ જમીન પર વર્ષોથી અધિકાર ધરાવતા આદિવાસીઓ તેમના અધિકારથી દૂર થતા જાય છે. તેઓ તેમના અધિકારો વિશેની જાણકારી ધરાવતા નથી તેમને માહિતગાર કરવામાં આવતા નથી. આથી કોઈપણ પ્રકારની જોગવાઈનો અર્થ રહેતો નથી."[૪૮]

આદિવાસીઓ વિષેની સરકારી વ્યવસ્થાની સામાન્ય ધારણા એવી બાંધવામાં આવે છે કે આદિવાસીઓ જંગલમાં રહેવાને કારણે જંગલનો નાશ થાય છે. આદિવાસીઓના ક્ષેત્રો વિસ્તરતા જતા હોવાને કારણે જંગલનો વિકાસ થઈ શકતો નથી. આથી આદિવાસીઓને જંગલ ખાલી કરાવો તેવી નીતિ ચાલું કરવામાં આવી. વર્ષોથી સદીઓથી જંગલમાં વસવાટ કરતા આદિવાસીઓ જંગલ સાથે ઓતપ્રોત થયેલા છે. તેમની સામાજિક–આર્થિક, ધાર્મિક વ્યવસ્થા ઉપર તેની મોટી અસર જોવા મળે છે. આવી પરસ્પર આધારિત વ્યવસ્થામાંથી તેમને અલગ કરવાને કારણે સામાજિક અવ્યવસ્થા અને પ્રશ્નો ઊભા થાય છે. દેશના જંગલો કપાવાને કારણે અનેક કટોકટીના પ્રશ્નો ઊભા થાય છે. વનસંપત્તિ નાશ પામે છે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારમાં ધીમ–ધીમે ગંભીર સ્વરૂપ ઊભું થઈ રહ્યું છે. સ્વતંત્રતા પછીના ચાલીસ વર્ષોમાં આર્થિક

વિકાસની તરાહ શહેરો તરફના સાધનોનો અવિરત વિકાસ ગ્રામ્ય વિસ્તારને શોષણ કરીને થઈ રહ્યો છે.

ઉપરોક્ત પ્રકારની સ્થિતિ સંદર્ભમાં જોઈએ તો સ્વતંત્ર ભારતમાં આદિવાસીઓ અને સરકારી વ્યવસ્થા સામે જંગલ ઉપરના તેના અધિકારો સંબંધી વિરોધો ઊભા થઈ રહ્યા છે. જંગલને આદિવાસીઓની સામે રાખીને જોવાની સ્થિતિ વર્તમાન વ્યવસ્થામાં ઊભી થયેલી છે. આને કારણે કેટલાંક નાના–મોટા સંગઠનો દ્વારા તેમને તેમના અધિકાર પ્રત્યે ધ્યાન અપાય, શોષણ થતું અટકે તેવી માંગ ઊભી થઈ છે. સ્વતંત્રતા પૂર્વે પણ આજ સ્થિતિને લઈને આદિવાસીઓએ તેમના શોષણ સામે વિરોધ કરી બળવાઓ અને આંદોલનો કર્યા હતા.

અર્જુન પટેલ (૨૦૦૫)માં જણાવે છે કે, "ગુજરાતમાં એકવીસમી સદીના શરૂઆતના તબક્કામાં બિનઆદિવાસી ઉચ્ચ જ્ઞાતિના જમીનદારો દ્વારા આદિવાસી ઉપરના વર્ચસ્વની વિરૂદ્ધમાં ભરૂચ જિલ્લાના આદિવાસી નેતા દ્વારા સફળતા પૂર્વક આંદોલન ચલાવવામાં આવ્યું હતું. આજ પ્રકારનું આંદોલન 'ડાંગ જમીન હક સુરક્ષા સમિતિ' દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. જોકે તેમાં જોઈએ તેટલી સફળતા પ્રાપ્ત થઈ ન હતી. સ્વતંત્ર સમય ગાળા દરમિયાન જમીનદારી અને જાગીરદારી વ્યવસ્થા ઉપર રોક લગાવવી અને જમીન વિહોણા ખેડૂતો અને ખેડનારને જમીન આપવામાં આવી, ખેતી લાયક જમીનની વહેંચણી જમીન–સુધારાને લગતા કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા. આ યોજના ઉપર્યુકત કાર્યક્રમોના વિચારોથી સ્પષ્ટ પણે અલગ જોવા મળી સ્વતંત્ર કાળમાં ઉકાઈ બંધના વિસ્થાપિતોના અનુસંધાનમાં તેઓ જણાવે છે કે સમગ્ર ગુજરાતમાં વિકાસના નામે પુનઃવસવાટ પેકેજ આપ્યા વિના વિસ્થાપિતોના મુદ્દાએ આદિવાસીઓમાં અસંતોષ પ્રગટાવ્યો, મોટી સિંચાઈ યોજનાના અમલના કારણે આદિવાસીઓએ પણ આ સંબધે અવાર–નવાર અસંતોષ પ્રગટ કર્યો છે. આ ક્ષેત્રમાં રહેતા આદિવાસી લોકો સામાન્ય પણે મધ્યમ કક્ષાના ખેડૂતો હતા. તેમની આજીવિકા મોટાભાગે જંગલ ઉપર

આધારિત હતી. તેમની આજીવિકા માટે રાજ્ય સામે અવાર–નવાર લડતો આપેલી હતી. પરંતુ શક્તિશાળી રાજ્ય દ્વારા હમેંશા તેમની ન્યાયી માગણીઓને દબાવી દેવામાં આવી હતી. જમીન સિંચાઈ યોજનામા તેમજ રાષ્ટ્રીય હિતોમાં જેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે તેવા આદિવાસી લોકો સિંચિત જમીન ઉપર કામદાર તરીકે કામ કરી જીવન–ગુજારો કરે છે, જે આદિવાસીઓને થોડી જમીન વિસ્થાપિતો બાબતે આપવામાં આવી છે, તે ઓછી ઉત્પાદકતા વાળી છે. આ જમીનમાં કાયદેસર જમીનધારકોને જ અસરગ્રસ્ત ગણવામાં આવ્યા છે. અને તેથી જો જંગલના જમીન કે ખરાબાની જમીન ખેડીને જીવતા હતા તેઓ આ વ્યાખ્યામાં સમાવ્યા નથી."[૪૯]

ઉપરોક્ત કેટલાક પ્રશ્નોને લઈને આદિવાસી તેમના જમીન અધિકાર સંદર્ભે રાજ્ય સામે વિરોધ પ્રદર્શિત કરી તેમના જમીન–અધિકાર સંદર્ભમાં રેલીનું આયોજન કર્યું હતું. આ આદિવાસી હાજરી ધરાવતી રેલી પરિવર્તન અને વિદ્રોહના કેટલાક તત્ત્વો તેમના અધિકાર સંદર્ભે હતા. આ એકત્રિત રેલીમાં મુખ્યત્વે ઉકાઈ–બંધ યોજનાના વિસ્થાપિત થયેલા આદિવાસીઓ જોડાયા હતા. અર્જુન પટેલ (૨૦૦૫) તેઓ જણાવે છે કે, "આ એકત્રીત આદિવાસીઓની રેલીના આયોજક, ભાષણકારો અને શુભેચ્છકો આદિવાસીઓ પોતે હતા તેમનો મુખ્ય સૂર એ હતો કે સાંપ્રત સરકાર ઉદ્યોગપતિઓ અને મૂડીવાદી ખેડૂતોની તરફેણમાં કામ કરે છે. તેઓ પ્રપંચપૂર્વક આદિવાસીઓ અને પછાત જ્ઞાતિઓ પાસેથી જમીન ઝૂંટવી લઈને ઉધોગપતિઓને આપી રહી છે. આદિવાસીઓની પરિસ્થિતિ પ્રતિ વર્ષે વધુને વધુ દયનીય બની રહી છે. દેશના સાત ટકા આદિવાસીઓની રાષ્ટ્રની કુલ જમીનના એક ટકા કરતા પણ ઓછી જમીનની માલિકી છે. ગુજરાત રાજ્યની સાંપ્રત વિકાસની પ્રક્રિયામાં તમામ વિકાસની પરિયોજનાઓ જેવી કે અણુવિજ મથકો, સિંચાઈ–બંધ યોજના, ઉદ્યોગો, ખાણ, વગેરે આદિવાસી પ્રદેશમાં આકાર પામ્યા છે."[૫૦] ગુજરાતમાં ૧.૫ કરોડ આદિવાસીઓ અત્યાર સુધી વિસ્થાપિત થયા છે. ગુજરાતના આદિવાસી લોકોને એવી અપેક્ષા હતી કે સ્વતંત્રતા બાદ અમને ન્યાય મળશે અને વિકાસની તકો ઊભી થશે. પરંતુ તેવી સ્થિતિ હજુ સુધી ઊભી થઈ નથી.

અર્જૂન પટેલ (૨૦૦૫)ના મતે "ઉપરોક્ત આદિવાસી વિસ્તારની રેલીના સંદર્ભમાં સરકારને આપેલ આવેદનપત્રમાં એવી માગણી કરવામાં આવી છે કે છેલ્લા પાંત્રીસ વર્ષથી જે વધારાની જમીન દબાણ હેઠળ આવી નથી તે જમીન તેના મૂળ–માલિકને પરત કરવામાં આવે, વધુમાં તેઓએ ઉકાઈ મત્સ્યઉદ્યોગ અને સોનગઢ ની પલ્પ મિલમાં ૬૦% નોકરીઓની જગાઓ અસરગ્રસ્તો માટે આરક્ષિત રાખવામાં આવે, તેવી માંગ પણ કરી. તેઓએ એવી પણ માગણી કરી કે અસરગ્રસ્ત લોકોની જમીનને અગ્રતા ધારણે સિંચિત કરવામાં આવે, તેઓને મફત વીજળી પૂરી પાડવામાં આવે, જંગલ–વિસ્તારોમાં જમીન ખેડવાના હકો મળેલ નથી તેના સંદર્ભમાં એવી માગણી કરવામાં આવી કે સુપ્રીમ કોર્ટના આદેશ અને સૂચના અનુસાર આ હકો ગ્રામ્ય સ્તરે ગ્રામ–સભા થકી આપવામાં આવે, જમીન પરના કાયદાકીય હકો હોવા છતાં આદિવાસીઓને જંગલ–અધિકારીઓ દ્વારા પજવણી કરવામાં આવે છે તે બાબત પર રેલી અને રજૂઆતમાં ભાર મૂકવામાં આવે, આદિવાસી લોકો જયારે–જયારે જળ, જમીન અને જંગલ ઉપરના પોતાના હકે સંબધી મુદ્દા ઉપસ્થિત કરે છે. ત્યારે–ત્યારે આદિવાસીઓ સતત પણે અત્યાચાર અને શોષણના શિકાર બને છે. આ ઉપરાંત સંગઠિત આદિવાસીઓ તેમના ન્યાયી અધિકારો સરકાર દ્વારા નહીં આપવામાં આવે તો તેના માટે ઉગ્ર લડત ચલાવીશું તેવી સ્થિતિ નિર્માણ પામતી જોવા મળે છે. આદિવાસીઓને તેમના રહેણાંક ઉપરથી એક યા બીજા કારણોસર એક જગ્યાએથી ઉપાડી બીજી જગ્યાએ નાખવામાં આવે છે, જેમકે ડેડીયાપાડામાં આદિવાસી ગામોના આદિવાસીઓને રીંછ માટેના અભ્યારણ્યના વિકાસ માટે વિસ્થાપિત કરવામાં આવી રહ્યા છે."[૫૧]

આવી પરિસ્થિતિ ઊભી થવાને કારણે વર્તમાનમાં આદિવાસી લોકો વધુ સંગઠિત બની તેમની સાથે થતી ન્યાયની ઉપેક્ષા, અધિકારો અને શોષણ સામે જાગૃત બનેલા જોવા મળે છે. તથા તેમની સામે થતા અત્યાચાર અને અન્યાય સામે લડવા તૈયાર થયા છે. જે વર્તમાન ગુજરાતમાં આંદોલન સ્વરૂપે આગળ વધવાની સ્થિતિમાં છે.

ભારતમાં આદિવાસી આંદોલનો અંગેના અભ્યાસોમાં ૧૮મી  સદીથી માંડી આદિવાસીઓ તેમના જંગલ જમીનના પરંપરાગત અધિકારોમાં હસ્તક્ષેપ ઊભો થવાના કારણે તેમજ બ્રિટિશ શાસનની નીતિઓ જંગલ નિયંત્રણ કરવા સંદર્ભમાં ઊભી થઈ આથી આદિવાસી જમીન જમીનદારી વ્યવસ્થામાં આદિવાસી અધિકારમાંથી ચાલી ગઈ તેમની સંસ્કૃતિના પરંપરાગત મૂલ્યોમાં આધુનિક મૂલ્યો દાખલ થવા તેમની પરંપરાગત અર્થવ્યવસ્થામાં બાહ્ય હસ્તેક્ષપ થવાથી તેમાં શોષણની પરિસ્થિતિ ઊભી થઈ હતી, જેના લીધે આદિવાસી લોકો તેમના અધિકારો સંસ્કૃતિમાં બાહ્ય હસ્તક્ષેપને અટકાવવા વિરોધ, વિદ્રોહ અને આંદોલન કરવા માટે આગળ આવ્યા હતા. આ વિરોધ, બળવા અને આંદોલનો સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય પાસાઓ સાથે જોડાયેલા હતા. સામાજિક સુધારણા આંદોલનમાં લોકોમાં સુધારાવાદી પ્રવૃત્તિથી લોકોમાં જાગૃતિ ઊભી કરવામાં આવી હતી. તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓ આધારિત જાગૃતિ પણ ઊભી કરવામાં આવી હતી. ધણા આંદોલનોમાં વિરોધ બળવા કે આંદોલનને ધાર્મિક આધાર સાથે ધાર્મિક પ્રવૃત્તિથી ચાલુ કરી લોકોને સંગઠિત કર્યા હતા. જ્યારે કેટલાક આંદોલનો આર્થિક શોષણ સામેના અને રાજકીય આંદોલન સ્વરૂપના હતા.

ભારતના આદિવાસી આંદોલનના અભ્યાસોમાં સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજકીય પાસાઓ મોટાભાગે આંદોલનમાં એકબીજા પર આધારિત જોવા મળે છે. જુદા જુદા આંદોલનોમાં તેમનો પ્રભાવ વધતા ઓછા પ્રમાણમાં જોવા મળે છે. ઝારખંડ દેવી ખારવાર આંદોલન સામાજિક, ધાર્મિક સુધારણા સાથે શરૂ થયા હતા. પાછળથી રાજકીય સ્વરૂપે ઊભા થયા હતા તેમાં ઝારખંડ સંપૂર્ણ રાજકીય સ્વાયત્ત પ્રદેશની માગણી આધારે ૨૦૦૦ ની સાલના લાંબા સમય સુધી ચાલુ રહ્યુ હતું અને સફળ થયું દેવી ખારવાર આંદોલને રાજકીય સ્વરૂપે સ્વાતંત્ર્ય ચળવળમાં કેટલીક જાગૃતિ ઊભી કરી હતી. જ્યારે સાંથાલ, તેલંગાના નકસલવાદ, ભૂમિજ વિદ્રોહ, મહારાષ્ટ્રના વારલીઓનો વિરોધ વગેરે આર્થિક પાસાઓના સંદર્ભમાં જમીન અને ખેતીના તેમના અધિકારો અને શોષણ

થવાના કારણે ઊભા થયા હતા. તેમાં વેડછી અલગ અભિગમ રચનાત્મક કાર્યો સાથે જોડાયેલું હતું અને બોડો સંપૂર્ણ રાજકીય વિરોધ સ્વાયત્તતાના મુદ્દે ચાલી રહ્યું છે.

૧૯૯૦ પછીના અભ્યાસોમાં ગુજરાતમાં સ્વાતંત્ર્ય બાદ આદિવાસી જમીન અને જંગલના પ્રશ્નો ઊભા થયા છે. તેમાં આદિવાસી શોષણની પ્રક્રિયા ચાલુ જ રહેલી જોવા મળે છે જેને કારણે કેટલાક સંગઠનો દ્વારા સરકારી નીતિઓની સામે પણ વિરોધની સ્થિતિ ઊભી થઈ છે.

પ્રસ્તુત અભ્યાસમાં મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂ આદિવાસી આંદોલન મુખ્ય રીતે શોષણ, જમીન અને જંગલના અધિકારો તેમજ સામાજિક સુધારણા આધારે ઊભા થયા હતા. મોતીલાલ તેજાવતનું આંદોલન શોષણથી સામે વિરોધ આર્થિક પાસા આધારે ઊભું થયું હતું તેમાં સામાજિક, ધાર્મિક આધારે પણ લોકોને તેમાં જોડવાનો પ્રયત્ન ર્ક્યા હતા. પછી તે રાજકીય સ્વરૂપે આગળ વધ્યું હતું. જ્યારે ગોવિંદગુરૂ આંદોલન સામાજિક, ધાર્મિક સુધારણા પ્રવૃત્તિને આધારે લોકોમાં તેમના ભગત સંપ્રદાય સાથે લોકોને જોડાયા હતા પરંતુ ત્યારબાદ લોકો સત્તાની સામે શોષણનો વિરોધ કરવા આગળ આવ્યા હતા અને તેમાં પણ રાજકીય સ્વરૂપ સ્વાયત પ્રદેશની માગણી કરવામાં આવી હતી. બંન્ને આંદોલનોમાં નેતૃત્વ બિનઆદિવાસી નેતાઓનું હતું, છતાં સંગઠન ઝડપથી વિકસ્યાં હતાં, પરંતુ ઝડપથી દબાઈ પણ ગયાં હતાં. જ્યારે ભારતમાં આદિવાસી આંદોલન કેટલાંક સફળ થયાં હતાં મોટા ભાગે સત્તા દ્વારા દબાવી દેવામાં આવ્યાં હતાં.

પાદટીપ :

| સંદર્ભ ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧. | Social Movement in India | Ghanshyam Shah | ૮૫ |
| ૨. | એજન | | ૮૬ |
| ૩. | એજન | | ૮૭ |
| ૪. | એજન | | ૮૭ |
| ૫. | એજન | | ૮૭ |
| ૬. | એજન | | ૮૮ |
| ૭. | મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન | ભણાત સ્ટેન્લી | ૩૧ |
| ૮. | Social Movement in India | Ghanshyam Shah | ૯૦, ૯૧ |
| ૯. | એજન | | ૮૯ |
| ૧૦. | Social Movement in India | Ghanshyam Shah | xxii |
| ૧૧. | એજન | | xxi, xxii |
| ૧૨. | એજન | | xxii |
| ૧૩. | એજન | | xxii |
| ૧૪. | એજન | | xxii, xxiii |
| ૧૫. | Social Movement in India | Ghanshyam Shah | ૯૮ |
| ૧૬. | એજન | | ૯૦ |
| ૧૭. | એજન | | ૯૦, ૯૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૮. | એજન | | ૯૧ |
| ૧૯. | એજન | | ૯૨ |
| ૨૦. | એજન | | ૯૨ |
| ૨૧. | એજન | | ૯૨ |
| ૨૨. | એજન | | ૯૩ |
| ૨૩. | એજન | | ૯૩ |
| ૨૪. | એજન | | ૯૩ |
| ૨૫. | એજન | | ૯૩ |
| ૨૬. | એજન | | ૯૩ |
| ૨૭. | એજન | | ૯૩ |
| ૨૮. | એજન | | ૯૪ |
| ૨૯. | એજન | | ૯૪ |
| ૩૦. | એજન | | ૯૪ |
| ૩૧. | એજન | | ૯૪ |
| ૩૨. | એજન | | ૯૪ |
| ૩૩. | એજન | | ૯૪ |
| ૩૪. | એજન | | ૯૫ |
| ૩૫. | એજન | | ૯૫ |
| ૩૬. | એજન | | ૯૫ |
| ૩૭. | એજન | | ૯૬ |
| ૩૮. | એજન | | ૯૭ |
| ૩૯. | એજન | | ૯૭ |
| ૪૦. | એજન | | ૯૮ |
| ૪૧. | Protest and Change | T. K. Oman | ૭૬, ૭૭ |

| | | | |
|---|---|---|---|
| ૪૨. | એજન | | ૮૨, ૮૩ |
| ૪૩. | Problem of Lend Alienation of Gujarat | ગૌરાંગ જાની અને વર્ષા ગાંગુલી | ૪૫,૪૬,૪૭ |
| ૪૪. | આદિવાસી વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો | સિદ્ધરાજ સોલંકી અને આર. બી. લાલ | ૮૮ |
| ૪૫. | પૂર્વ ગુજરાતના આદિવાસી વિકાસના પ્રશ્નો | વિદ્યુત જોશી | ૨૧ |
| ૪૬. | એજન | | ૨૨ |
| ૪૭. | એજન | | ૨૩,૨૪,૨૫ |
| ૪૮. | જંગલ વિરુદ્ધ આદિવાસીઓનાં દ્વંદ્વ શહેર વિરુદ્ધ ગામનો દ્વંદ્વ | સુદર્શન આયંગર | ૧૬,૧૭ |
| ૪૯. | ગુજરાતના આદિવાસીઓમાં ઉગ્ર બનતો જતો અસંતોષ | અર્જૂન પટેલ | ૬૫,૬૬,૬૭,૬૮ |
| ૫૦. | એજન | | ૬૮,૬૯,૭૦ |
| ૫૧. | એજન | | ૭૦ |

❀❀❀

# પ્રકરણ-૪
# મોતીલાલ તેજાવતનું આંદોલન

- ❀ **પ્રસ્તાવના**
- ❀ **મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન**
- ❀ **સામાજિક સુધારણા**
- ❀ **ધાર્મિક સ્વરૂપ**
- ❀ **સમાપન**

# પ્રકરણ-૪
# મોતીલાલ તેજાવતનું આંદોલન

## ❀ પ્રસ્તાવના :

કોઈપણ આંદોલન એકાએક ઉદ્ભવતું નથી, તેની પાછળ કોઈને કોઈ ચોકક્સ કારણો જવાબદાર હોય છે. ભારતમાં થયેલા વિભિન્ન આંદોલનો જુદાં જુદાં કારણોને આધારે ઊભાં થયાં હતાં. આદિવાસી આંદોલનો પણ જુદી જુદી સામાજિક, આર્થિક, રાજકીય વગેરે બાબત પર આધારિત હતાં. દરેક આંદોલન ચોકક્સ ઘટકો આધારિત જોડાયેલાં હોય છે. તેમાં ચોકક્સ ધ્યેય હોય છે. ધ્યેયના આધારે વિચારસરણી વિકાસ પામે છે અને તેમાં એક સમગ્ર કાર્યને જોડનાર એક નેતૃત્વ હોય છે. વિશ્વમાં ભારતમાં અને દરેક જગ્યાએ આંદોલનોમાં વિભિન્ન સ્વરૂપના નેતાઓનું નેતૃત્વ સમુદાયોમાં ઊભું થયું હતું. આંદોલનોની સફળતા અને નિષ્ફળતાનો મોટો આધાર નેતૃત્વ ઉપર આધારિત હોય છે. ભારતમાં ઘણાં આંદોલનો સફળ થયાં હતાં. કેટલાંક નિષ્ફળ ગયાં હતાં. ભારતમાં સામાજિક ધાર્મિક અને રાજનૈતિક વગેરે અનેક આંદોલનો થયાં હતાં. તેમાં રાજારામ મોહનરાય, દયાનંદ સરસ્વતી, ઈશ્વરચન્દ્ર વિદ્યાસગાર, કેશવચન્દ્ર સેન, ગાંધીજી, આંબેડકર, સુભાષચન્દ્ર બોઝ વગેરે નેતાઓએ આંદોલનને જુદા જુદા સ્વરૂપે આગેવાની પુરી પાડી દિશા આપી હતી. તેવી જ રીતે આદિવાસી સમુદાયમાં બિરસા મુંડા, ઉરાંવ ભગત, તાના ભગત, ગોવિંદગુરૂ, મોતીલાલ તેજાવત વગેરે નેતાઓએ આંદોલનમાં નેતાગીરી પુરી પાડી હતી.

તેમણે આદિવાસી વિસ્તારમાં આદિવાસી લોકોના શોષણ અને અત્યાચાર સામે વિરોધ કરી આંદોલનો ચલાવ્યાં હતાં. તેમણે સામાજિક, ધાર્મિક, રાજકીય તત્ત્વોના આધારે વિશેષ નેતૃત્વ પૂરું પાડયું હતું.

ભારતના આદિવાસી આંદોલનના વિભિન્ન અભ્યાસોમાં આદિવાસી સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન લાવવા માટે વિરોધ લડત અને વિદ્રોહ કરવામાં આવ્યા હતાં તેમાં સુધારાવાદી અને રચનાત્મક અભિગમ પણ કેન્દ્રસ્થાને હતો. આ લડતના કારણે આદિવાસી વ્યવસ્થામાં કેટલાક ફેરફારો ઊભા થયા હતા. ઘણી લડતોમાં યોગ્ય સંગઠનના અભાવના કારણે તેમના હિતો પ્રાપ્ત કરી શકયા ન હતા વગેરે બાબતો આદિવાસી આંદોલનના અભ્યાસો પરથી જોવા મળે છે.

પ્રસ્તુત પ્રકરણમાં મોતીલાલ તેજાવત આદિવાસી આંદોલનમાં આંદોલનના કારણો, આંદોલનનો વિસ્તાર, ગાંધીજી અને મોતીલાલ તેજાવતના આંદોલન સબંધી સંપર્ક, આંદોલનની સામાજિક ઘટનાઓના પરિણામો, સામાજિક સુધારણા, ધાર્મિક સ્વરૂપ વગેરે આધારે આદિવાસી સમાજમાં ઊભા થયેલા પરિવર્તનો અને અસરો તપાસવાનો પ્રયત્ન કર્યો છે.

મોતીલાલ તેજાવતનું આંદોલન ૧૯૨૧–૨૨ માં રાજસ્થાન અને ગુજરાતના સરહદી પ્રદેશમાં થયું હતું. તેજાવતે જાગીરદારો અને અંગ્રજો સામે વિરોધ કરી આદિવાસી લોકોની અને તેમની કેટલીક માગણીઓ કરી આંદોલન ચલાવ્યું હતું. આ આંદોલનનો ઉદ્‌ભવ આદિવાસીઓ અને તેમની સાથેના કેટલાક વ્યવહારિક અસંતોષમાંથી ઊભો થયો હતો.

## ❀ મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન :

મોતીલાલ તેજાવતનાં આદિવાસી આંદોલનમાં તેમણે આદિવાસી વિસ્તારમાં લોકોનો સહકાર ઊભો કરી અંગ્રજો જાગીરદારો દેશી રજવાડાઓ સામે આદિવાસીઓ પર થતા અત્યાચાર અને શોષણના વિરોધમાં આંદોલન ચલાવ્યું હતું. આ આંદોલનના નેતા મોતીલાલ તેજાવતનો જન્મ ઉદયપુર જિલ્લાના ઝાડૌલ તાલુકામાં કોલ્યારી ગામમાં થયો હતો. તેઓ ગામમાં સામાન્ય શિક્ષણ પ્રાપ્ત કરી ઝાડૌલમાં ઠેકેદારની નોકરીમાં જોડાયા હતા. તે નોકરી લાંબો સમય સુધી ચાલી શકી ન હતી કારણકે ઝાડૌલના રાવ દારૂના શોખીન હતા. લોકો પાસે મનમાની કર વસૂલ કરતા હતા. આવી રીતે એકવાર

મોતીલાલ તેજાવતને પણ તેના મહેલમાં બોલાવી ૨૦૦ રૂા. આપવાનું કહેવામાં આવ્યું હતું. તેમણે ન આપતાં તેને ઝાડૌલ દરવાજા પર બંધ કરવામાં આવ્યા અને તેમના પર અત્યાચાર કરવામાં આવ્યો હતો.

આ સમય દરમ્યાન સામન્તવાદી શોષણ અને અત્યાચારના વિરોધમાં કિસાનોમાં અસંતોષ વધી રહ્યો હતો. બિજોલીયાના બેગુ વિસ્તારમાં કિસાન આંદોલને ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું. કિસાનોએ રાજ્ય અને જાગીરદારી શાસનનો બહિષ્કાર કર્યો હતો. તે સમય દરમ્યાન તેજાવતે પણ કિસાન આંદોલનમાંથી પ્રેરણા લઈ ઝાડૌલ ઠેકેદારની નોકરી છોડી દીધી હતી. તેમણે ઉદયપુરમાં એક દુકાનદારનું કામ ચાલું કર્યું હતું. તેને કારણે આદિવાસી લોકોનો સંપર્ક તેજાવત સાથે વ્યાપક બન્યો હતો અને ધ્યાનમાં લઈ તેજાવતે આદિવાસી લોકોને સંગઠિત કરવાનો પ્રયત્ન ચાલુ કર્યો.

## ૧. *આંદોલનનાં કારણો :*

મોતીલાલ તેજાવતના આંદોલનનો ઉદ્ભવ આદિવાસી લોકો અને તેજાવતનો જાગીરદારો સાથેના વ્યવહારિક અસંતોષમાંથી થયો હતો. જાગીરદારોના અત્યાચાર અને શોષણની પરિસ્થિતિનાં ભોગ બનનાર લોકોનું પ્રમાણ ઘણું વધી ગયું હતું. તેઓ આદિવાસીઓની સાથે ગુલામી જેવો વ્યવહાર કરતા હતા. તેજાવત આ પરિસ્થિતિ માંથી પોતાને અને આદિવાસી લોકોને સત્તાની સામે અવાજ ઉઠાવવાનો નિર્ધાર કર્યો. જેની જાણ આ વિસ્તારના સબંધિત રાજસ્થાન અને ગુજરાતના સરહદી વિસ્તાર કે જયાં મોટા ભાગે આદિવાસી લોકો વસે છે તે વિસ્તારમાં લોકોને સંગઠિત કરવાની વાત ચાલુ કરી હતી.

આ આંદોલનનો ઉદ્ભવ થવા પાછળ કેટલાંક કારણો હતાં. તેમાં મુખ્ય ત્રણ કારણો જવાબદાર હતાં. આ જવાબદાર કારણો અંગે આદિવાસી ડુંગરી ગરાસિયાના સક્રિય ટેકેદારો અને નેતા મોતીલાલ તેજાવતે આદિવાસીઓના પ્રશ્નો સંદર્ભમાં જાગીરદારો અને રાજા સામે કેટલાક મુદ્દા ધ્યાનમાં રાખી માગણીઓ કરવામાં આવી હતી. મોતીલાલ તેજાવત અને આદિવાસી ટેકેદારો આ સંદર્ભે ઉદયપુરના રાણા પાસે

મોટી સંખ્યામાં પીછોલા તળાવની પાળ ઉપર એકત્રિત થયા. આદિવાસીઓએ મળીને ૨૧ માગણીઓ મૂકી હતી. આ માગણીઓ સંદર્ભમાં તેજાવત ત્રણ દિવસમાં એક પુસ્તક લખ્યુ હતું. જેનું નામ 'મેવાડ પુકાર' રાખવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં આ વિસ્તારના આદિવાસી લોકોની સ્થિતિ આંદોલન પાછળના મુખ્ય મુદ્દાઓની નોંધ કરવામાં આવી હતી. આમ કુલ ૨૧ માગણીઓ સાથે તેજાવત અને તેમના ટેકેદારો સાથે ઉદયપુર મહારાણા આગળ આ માગણીઓ રજૂ કરવામાં આવી હતી. આ માગણીઓમાંથી ૧૮ માગણીઓ મહારાણા દ્વારા તરત જ સ્વીકારી લેવામાં આવી, પરંતુ મખ્ય ત્રણ માગણીઓ જે મહત્ત્વની હતી તે સ્વીકારવામાં આવી નહીં જે નીચે મુજબ છે.

(૧) જંગલનો ઉપયોગ

(૨) કર અને વેઠ

(૩) પાકેલા અનાજને નુકશાન કરતા જંગલી પશુઓને મારવા પર પ્રતિબંધ.

ઉપરોક્ત ત્રણ માગણીઓ આ આંદોલનમાં મુખ્ય હતી. આનો અસ્વીકાર કરવાના કારણે આદિવાસી લોકોમાં જાગીરદાર અને ઉદયપુરના રાણા પ્રત્યે રોષની લાગણી ઊભી થઈ. તેજાવતે આ અસ્વીકારના પરિણામે આંદોલનને વિસ્તૃત અને મજબૂત બનાવવાનું નક્કી કર્યું.

### ૨. *આંદોલનનો વિસ્તાર :*

આ આંદોલનમાં ઉપરોક્ત કેટલીક જે માગણીઓ કરવામાં આવી હતી તે માગણીઓના અસ્વીકારના કારણે ગુજરાત અને રાજસ્થાન બન્ને રાજયોમાં જોડાયેલા આદિવાસી વિસ્તારમાં આનો પ્રસાર થયો હતો. આ આંદોલનની વ્યાપક શરૂઆત રાજસ્થાનના ચિત્તોડ જિલ્લામાંથી કરવામાં આવી. ચિત્તોડના માતૃકુંડિય નામના સ્થળ પર એક ધાર્મિક મેળાનું આયોજન દર વર્ષે થતું હતું. આ મેળાની અંદર મોટા ભાગે કિસાન આદિવાસી લોકો આવતા હતા. આ એકત્રિત આદિવાસી કિસાનો એ કર વેઠ જંગલનો ઉપયોગ વગેરે અધિકારો પર વિચાર વિમર્શ કરી જાગીરદારી વ્યવસ્થા સામે વિરોધ કરવાનું નક્કી કર્યું, તે સમયમાં બિજોલિયા કિસાન આંદોલનના કારણે લોકોમાં

અસંતોષ ફેલાયેલો જ હતો. તેની સાથે સાથે આ વિરોધ પણ મજબૂત બન્યો હતો. તેમજ આ આંદોલનમાં એવું પણ નક્કી કરવામાં આવ્યું હતું કે જ્યાં સુધી મેવાડના મહારાણાને મળીને આપણી સમસ્યાઓનું સમાધાન ન થાય ત્યાં સુધી કોઈ કર ભરશે નહીં અને જો કોઈ કર ભરશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. આ વિચારોને આ વિસ્તારમાં મોકલવામાં આવ્યા અને હજારો આદિવાસીઓ આ વિચારોથી પ્રભાવિત થયા હતા. તેજાવત અને આદિવાસી ટેકેદારોનું સમર્થન લોકો દ્વારા કરવામાં આવ્યું, ત્યારબાદ ઝાડૌલથી તેઓ પલાસિયામાં કિસાનોને મળ્યા ત્યાં કિસાનો સાથે સમજૂતી થયા બાદ લોકો "એકી"માં જોડાવા સંકલ્પ કર્યો. ત્યાંથી આ વિસ્તારમાં જ બદરાણામાં એક સભા બોલાવવામાં આવી હતી. જેમાં ૧૨૦૦ જેટલા લોકો એકત્રિત થયા હતા. તેમાંથી ૪૨ લોકો આગેવાન તરીકે નક્કી કરવામાં આવ્યા. ત્યાંથી તેજાવત તેમના ટેકેદારો સાથે અરસીગઢ આવ્યા, ત્યાં આદિવાસીઓ સાથે સભા કરી એકી સંગઠનમાં સહકાર આપવા લોકો જોડાયા. ત્યાંથી તેઓ ઉદયપુર અને પછી પાંડોલી પહોંચ્યા તે સમયે ત્યાં "જાટો" નું કેસરખેડીમાં એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમની સાથે તેઓ મળ્યા અને તેમને ટેકામાં તૈયાર કર્યા. આ સમગ્ર વિસ્તારના મુખ્ય આગેવાનોને અષાઢ વદ ૧ ના દિવસે ઉદયપુરમાં એકત્રિત થવાનું નક્કી કર્યું તેજાવત અને તેમના ટેકેદાર કેસરખેડી ખેમલી ગાસા માકતલાના ગામના આગેવાનોને સમજાવ્યા બાદ નક્કી કરેલા દિવસ મુજબ સમગ્ર ભોમટ પ્રદેશમાંથી લોકો આગેવાનો સાથે બે ત્રણ દિવસમાં સાત આઠ હજાર લોકો એકત્રિત થઈ ગયા હતા. ઉદયપુરના રાણા પાસે તેજાવત અને તેમના ટેકેદારોએ ૨૧ માગણી મૂકી હતી. આ દિવસે આદિવાસી માગણીઓમાં મુખ્ય માગણીઓ ન સ્વીકારતા લોકો બેવડી મજબૂતાઈથી સંગઠનમાં જોડાયા હતા. તે સમયે તેજાવત લોકો સાથે ઝાડૌલ તરફ પરત ફરતા જાગીરદારોના ટેકેદારો દ્વારા અને કેટલાંક તત્ત્વો દ્વારા ખોટી અફવાઓ ઊભી કરવામાં આવી હતી. તેમાં તેજાવત અને આદિવાસી ટેકેદારો તેમજ આદિવાસી સમુદાયના લોકો લૂંટ ચલાવવા નીકળ્યા છે. તેવી જાણ થતાં ઉદયપુરના રાણા દ્વારા તપાસ કરતાં કંઈ તથ્ય નીકળ્યું ન હતું. જુલાઈ ૧૯૨૧ માં

માદડીપટ્ટાના આદિવાસીઓએ કર અને વેઠનો વિરોધ કર્યો ૧૩ મી જુલાઈએ જવાસના કામદારને ગામના ગામેતી પાસે કર વસુલી માટે મોકલ્યા, પણ કોઈએ કર ચૂકવ્યો નહીં. ૧૯૨૧ માં ઝાડૌલ ઠાકોર દ્વારા મોતીલાલ તેજાવતને આદિવાસી ગરાસિયાઓને કર અને વેઠ નહીં ભરવા ભડકાવવા બદલ ધરપકડ કરવામાં આવી. જેની જાણ આસપાસના વિસ્તારના લોકોને થતાં ઝાંડૌલમાં ૭૦૦૦ જેટલા લોકો ભેગા થઈ ગયા હતા. આથી છેવટે ઠાકોરે તેજાવતને મુકત કરવા પડયા હતા.

આ આંદોલનમાં ઘણી સફળતા પ્રાપ્ત થવાના કારણે મોતીલાલ તેજાવતે ૨૯ ડિસેમ્બર ૧૯૨૧ માં એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સિરોહીના આદિવાસી ગરાસિયા લોકો મોટા પ્રમાણમાં સામેલ થયા હતા. તેમાં ડુંગરપુર મહીકાંઠા, દાંતા વિસ્તારના આદિવાસી લોકો પણ સામેલ થયા હતા. ૧૯૨૨ ની શરૂઆતમાં તેજાવત સિરોહી રાજયમાં પહોંચ્યા હતા. ત્યાં જવાસ, થાણા, છમ, પાડા, માદડીપટ્ટા અને ખેરવાડા વગેરે જંગલ વિસ્તારને વેઠ અને કરમાં થોડી રાહત સત્તાધીશો મારફતે આપવામાં આવી. ફેબ્રુઆરીની શરૂઆતમાં તેઓ સિરોહી ફરીથી આવ્યા આદિવાસી આગેવાનો અને ટેકેદારો સાથે મળી કરમાં સવા રૂપિયો અને ૨૦ કિલો અનાજ ૧ હળ વાવેતર પાછળ આપવા નક્કી કર્યું. આ સમયમાં તેજાવતને તેમના ટેકેદારો અને લોકો દ્વારા સભા ભરવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. છતાં ૩ ફેબ્રુઆરી ૧૯૨૨ માં આ વિસ્તારમાં સાત આઠ હજાર આદિવાસી લોકો ભેગા થયા હતા. ત્યાંથી ૭ માર્ચ ૧૯૨૨ માં તેજાવત તેમની સાથે ૨૦૦૦ જેટલા ટેકેદારો સાથે ઈડર રાજયના હાલના સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના દઢવાવ ગામમાં સભા ભરી હતી. તેની જાણ ખેરવાડા મેવાડ ભીલ કોર્પ્સને થતાં આ સભા વિખેરવા માટે ફાયરીંગ કરવામાં આવ્યું હતું. જેના પરિણામે તેમની સાથે આવેલા સિરોહી, દાંતા, ડુંગપુર, ખેડબ્રહ્મા અને આ સભા સ્થળની આસપાસથી એકત્રિત થયેલા ૧૨૦૦ અને તેથી પણ વધુ સંખ્યામાં આદિવાસી લોકો મૃત્યુ પામ્યા હતા. આજ સમયગાળા દરમ્યાન એપ્રિલ ૧૯૨૨ માં સિરોહી રાજયના રોહીડા તાલુકામાં બાબોલિયા અને ભૂલા તેમજ

નયાવાસમાં વિદ્રોહ ચાલુ થઈ ગયો હતો. આ વિસ્તારના આદિવાસી લોકોએ કર આપવાની મનાઈ કરી અનાજ કોઠારોમાં જમા કરાવ્યું નહીં. વેઠમાં જવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો.

આના સંદર્ભમાં ૫ અને ૬ ઠ્ઠી મે ૧૯૨૨ માં મેવાડભીલ કોરની એક ટુકડી ભૂલા અને બાબોલીયા પહોંચી અને ઘણી જાન માલની હાની પહોંચી હતી. તેમજ આ પ્રવૃત્તિઓ સબંધીત રાજય દ્વારા રાજય વિરૂદ્ધ કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કરવી કરાવવી નહી તેવો પ્રતિબંધ હોવાના કારણે મોતીલાલ તેજાવત છૂપાવેશમાં સિરોહી રાજયના અલગ અલગ પ્રદેશમાં આદિવાસીઓ સાથે ફરતા હતા. ૧૯૨૩ માં તેજાવતે સિરોહી પોશીના વિસ્તારમાં આદિવાસી લોકોને આંદોલનમાં સાંકળવાનું ફરીથી ચાલુ કર્યું, પરંતુ તે સમયે બોમ્બે સ્ટેટ તરફથી તેજાવતની ધરપકડનું અભિયાન શરૂ થયું. સ્થાનિક રાજય સિરોહી મારફતે પણ તેની ધરપકડ અને જાણકારી આપનારને ૧૦૦૦ નું ઈનામ જાહેર કર્યું ત્યારબાદ તે ૧૯૨૭ માં ફરીથી આંદોલન ચાલું કર્યું પરંતુ ૧૯૨૯ માં તે સમયે રાષ્ટ્રીય ચળવળ પણ મોટા પાયે ચાલતી હતી. તેને ધ્યાનમાં રાખી મહાત્મા ગાંધી એ તેમના એક ટેકેદાર મણિલાલ કોઠારી દ્વારા તેજાવતને સરકારમાં આત્મ સમર્પણ કરવાનું જણાવતાં સાત વર્ષ પછી તેઓ ખેડબ્રહ્મામાંથી સરકારમાં હાજર થઈ ગયા હતા. ત્યારબાદ વખતો વખત ધરપકડ અને મુકિત થતી રહી હતી અને ૫ ડિસેમ્બર ૧૯૬૩ માં ઉદયપુરમાં તેમનું મૃત્યુ થયું હતું.

### ૩. *ગાંધીજી અને મોતીલાલ તેજાવતનો આંદોલન સંબંધી સંપર્ક :*

આ આંદોલનનો સમય ગાળો દરમ્યાન સમગ્ર રાષ્ટ્રમાં સ્વાતંત્ર્યતાનું આંદોલન ચાલતું હતું. મહાત્મા ગાંધી દ્વારા બ્રિટિશ શાસન અને દેશી રાજયોના લોકો પ્રત્યેનાં વલણો શરૂઆતથી જ અલગ હતા. મહાત્મા ગાંધીજી બિજોલિયા અને મોતીલાલ તેજાવતના આંદોલનમાં સમય સમય પર તેમના ટેકેદારો દ્વારા સલાહ સૂચનો મોકલતા હતા. આ આંદોલનના સંદર્ભમાં ગાંધીજી માનતા હતા કે જાગીરદારની સાથે વિરોધ કે લડતની જગ્યાએ તેમનો સહકાર ઊભો કરી રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા કાર્યો કરી લોકોની

સેવા કરવામાં આવે તે સાચો ઉકેલ પ્રાપ્ત થાય. બીજી બાજુ ગાંધીજીનું એવું માનવું હતું કે અંગ્રેજ શાસન સામેની લડતના કારણે જાગીરદારોની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ નહી કરવો કારણકે સ્વાતંત્રતાની લડત બ્રિટિશરો સામે છે અને જો બ્રિટિશરો સામે સંગઠન કરી લડત જો ચલાવીશું તો જાગીરદારો ઉપર તેનો પ્રભાવ પડશે કારણે એ સ્પષ્ટ હતું કે જાગીરદારી વ્યવસ્થા ટકાવવી હશે તો લોકોનો સહકાર પ્રાપ્ત કરી તેમની સાથે સહકારથી જ કાર્યો કરવાથી તે શકય બની શકશે. આ આંદોલનમાં પણ ગાંધીવાદી વિચારધારાની જેમ વિરોધ અને લડત અહિંસક સ્વરૂપે જ જોવા મળતાં હતાં. પરંતુ કેટલેક અંશે હિંસક તત્ત્વો તેમાં ઊભાં થયાં હતાં. આ લડત ખૂબ ઝડપથી આ વિસ્તારમાં "એકી" ના સ્વરૂપે ફેલાયું હતું. જેથી જાગીરદારી શાસનમાં આદિવાસી લોકો સાથે સમાધાન થાય તેવા પ્રયત્નો ચાલુ કરવામાં તે સમય પંડિત મદન મોહન માલવિયાના પુત્ર પંડિત રમાકાંત રાજયના દિવાન હતા એ તેમણે સમાધાન કરાવવામાં રસ લીધો હતો. તેમણે કેટલીક શરતો આધારે બન્ને પક્ષો સમાધાન કરી સમજૂતી કરવામાં આવી. તેમાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે આદિવાસીઓ જાગીરદારોને તેમની માગણી અને શરતો રજૂ કરે અને જાગીરદારો તેમને સહકાર આપે. સિરોહીના દિવાન રમાકાંત માલવિયા દ્વારા મહાત્મા ગાંધીને પણ તાર કરવામાં આવ્યો. જેથી મહાત્મા ગાંધીને તેમના ટેકેદારો મારફતે આદિવાસી ભીલો તેમના નેતા અને હોલેન્ડ એ.જી.જી.ને સમજૂતી માટે તૈયાર કર્યાં. ત્યારબાદ થોડા સમય બાદ એ.જી.જી. તેમની સમજૂતી પર સ્થિર રહી શકયા ન હતા.

બ્રિજકિશોર શર્માના (૧૯૯૬)માં જણાવ્યા પ્રમાણે "આ આંદોલન સંદર્ભમાં મોતીલાલ તેજાવતે ગાંધીજીને પત્ર લખી જણાવ્યું હતું કે આ વિસ્તારના આદિવાસીઓ સાથે અમે સત્યાગ્રહની લડત ચલાવીએ છીએ. આ સબંધી ગાંધીજીને મણિલાલ કોઠારીને આ બાબતની તપાસ કરવા સિરોહી મોકલ્યા હતા. ગાંધીજીએ આ બાબત સંદર્ભે જણાવ્યું હતું કે આ વિષયમાં મણિલાલ કોઠારીને સિરોહી અને તેની આસપાસ અન્ય સ્થળોએ તપાસ કરતા તેના અહેવાલમાં એવું જોવા મળ્યું કે મોતીલાલ આદિવાસી

લોકોમાં સુધારાવાદી પ્રવૃત્તિ કરે છે. તેઓ દારૂ માંસ થી લોકોને દૂર રહેવા જણાવે છે. ગાંધીજી સામાજિક સુધારણા પ્રવૃત્તિની તરફેણ કરતા હતાં. પરંતુ રાજકીય અને આર્થિક પાસાઓના સંદર્ભમાં ગાંધીજી હિંસક સંઘર્ષ કરવામાં માનતા ન હતા જ્યારે આ બાબત અંગે ગાંધીજીને માહિતગાર કરવામાં આવ્યા કે મોતીલાલ તેજાવત આદિવાસીઓ મધ્યે મદ્ય નિષેધ અને માંસ ખાવા પર પ્રતિબંધ વિશેની વાત કરે છે પરંતુ તેમની પ્રવૃત્તિ સામાજિક સુધારણાની સાથે સાથે આર્થિક શોષણ સામેના વિરોધ સ્વરૂપે હિંસક રૂપમાં આગળ વધી હતી.જેના કારણે ગાંધીજી એ આદિવાસી ભીલ અને ગરાસિયાની ચળવળમાં તેમનો ટેકો પાછો ખેંચી લીધો હતો. જેના કારણે ગાંધીજી અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસથી આ આંદોલનનું જોડાણ અલગ થઈ ગયું હતું."[૧]

ગાંધીજી તેમની લડતમાં એક સફળ નેતા રહ્યા હતા. સમગ્ર રાષ્ટ્રમાં લોકોને સ્વાતંત્ર્યની લડતમાં સાંકળી આઝાદી પ્રાપ્ત કરવામાં તેમનો ઘણો મોટો ફાળો કહી શકાય. આ આંદોલન સ્વાતંત્ર્યતાની ચળવળ અને વિભિન્ન ચળવળના સંદર્ભમાં તેના ધ્યેયો (હકકો અધિકારો) માં ઘણી સામ્યતા જોવા મળતી હતી પરંતુ તેને પ્રાપ્ત કરવાનાં સાધનો અને સંગઠનમાં ઘણી ભિન્નતા હતી. આ આંદોલનમાં સાધનો અને સંગઠન લાંબુ ચાલી શકયાં ન હતાં. તેનું કારણ સંગઠનમાં લોકોની મોટાપાયે જાનમાલની હાની ઊભી થઈ હતી. લોકોની માગણીઓ અધિકારોની ઉપેક્ષા થાય તેવા તત્ત્વોનો પ્રભાવ વિશેષ જોવા મળતો હતો.

### ૪. *આંદોલનની સામાજિક ઘટનાઓના પરિણામો :*

આંદોલનમાં સાથે જોડાયેલી કેટલીક સામાજિક ઘટનાઓ આદિવાસી વિસ્તારમાં આદિવાસી લોકો દ્વારા તેમના અધિકારો માટે કરેલા સંઘર્ષના પરિણામે બની હતી. આંદોલનના શરૂઆતના તબક્કામાં કેટલાંક આંદાલનોની ભૂમિકા મહત્ત્વની હતી. તેમાં કિસાન આંદોલન, મીણા આંદોલન વગેરે દ્વારા આદિવાસી લોકોમાં ચેતના જાગૃત થઈ હતી. તેજાવતે સામાજિક, ધાર્મિક, રાજનૈતિક બધા પાસાઓ ઉપર ભાર મૂકયો હતો. તેમના નેતૃત્વમાં અહિંસક તત્ત્વો વિશેષ જોવા મળતાં હતાં છતાં કેટલેક અંશે હિંસક

તત્ત્વો આ આંદોલનમાં દાખલ થયાં હતાં. આ આંદોલન દ્વારા સામાજિક વ્યવસ્થામાં કેટલાક પરિવર્તનો જરૂર ઊભાં થયાં હતાં, પરંતુ સંપૂર્ણ સફળતા તેમાં પ્રાપ્ત થઈ શકી ન હતી. તેનાં કેટલાક કારણો હતાં. જે નીચે મુજબ છે.

*દઢવાવ હત્યાકાંડ :*

આ આંદોલનમાં આ વિસ્તારમાં મોતીલાલ તેજાવત અને તેમના ટેકેદારો સિરોહી, કોટડા, દાંતા, પોશીના ખેડબ્રહ્મા, વિજયનગર વગેરે વિસ્તારમાં જાગીરદાર અને બ્રિટિશ શાસન દ્વારા કરવામાં આવતા અત્યાચાર અને શોષણ સામે દરેક પ્રદેશમાં આંદોલન સબંધી સભાઓનું આયોજન કરી લોકોને આંદોલનમાં જોડાવાનું કામ શરું કરવામાં આવ્યું હતું. તે સમય ૭ માર્ચ ૧૯૨૨ ના રોજ મોતીલાલ તેજાવત આદિવાસી સમુદાય સાથે ગુજરાતમાં સાબકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના દઢવાવ ગામમાં સિરોહી, દાંતા, પોશીના, ખેડબ્રહ્મા, વાલરેન વગેરે વિસ્તાર બાજુથી મોટા લોકોના સમૂહ સાથે અને સભા સ્થળની આસપાસના વિસ્તારના લોકો કુલ મળી ૫ હજાર જેટલા લોકો ભેગા મળ્યા હતા. આ સભાની જાણ ખેરવાડા, મેવાડ, ભીલ, કોરના, ખેડબ્રહ્મા પોલિટિકલ એજન્ટ દ્વારા આ માહિતી આપતો ટેલિગ્રામ કર્યો હતો. આ ટેલિગ્રામના આધારે ખેરવાડા મેવાડ ભીલ કોર્પ્સના સંખ્યા બંધ જવાનો દઢવાવમાં તેજાવતની આગેવાની હેઠળ મળેલી સભા સ્થળે આવી પહોંચ્યા હતા. આ સભામાં મોતીલાલ તેજાવતે આદિવાસી લોકોને સંગઠિત રાખવા માટે લોકોમાં ચમત્કારિક છાપ ઊભી કરી હતી. આથી તેમનામાં ચમત્કારિકપણાનો ખ્યાલ દઢ થયેલ હતો. ભણાત સ્ટેન્લી (૨૦૦૫) માં જણાવ્યા પ્રમાણે "મોતીલાલ તેજાવત દઢવાવમાં આદિવાસીઓ સાથે મળી જાગીરદારોનો વિરોધ કરતા હતા. અને રાજસ્થાનના વિસ્તારમાંથી મોટા આદિવાસી સમુદાય સાથે ફરતા હતા અને લોકોને ઉપદેશ આપતા હતા. ત્યાંથી તેઓ ગુજરાતના સરહદી પ્રદેશ અને રાજસ્થાનના સરહદી પ્રદેશ સિરોહી, કોટડા છાવણી ખેડબ્રહ્મા, પોશીના દાંતા વિસ્તારના લોકો સાથે વિજયનગર આવ્યા હતા અને મોટી સભામાં લોકો એકત્રિત થયા હતા. વિશેષમાં ત્યાં લોકો તેજાવત આવ્યા છે. તેમ માની નારિયેળ, કંકુ,

છૂટા પૈસા વગેરે લઈ પહોંચ્યા હતા. લોકો તેમને એક ચમત્કારિક પુરુષ તરીકે જોતા હતા"[૨].

આ એકત્રિત થયેલી સભામાં એવો વિશ્વાસ ઊભો કરવામાં આવ્યો હતો કે મેવાડ ભીલ કોર્પ્સના જવાનોની બંદૂકમાંથી ગોળીઓ છૂટશે નહી તેની ગોળીઓના ભમરા બની જશે અને બંદૂકની નળીએ પાણી પડશે તેવો તેજાવત દ્વારા વિશ્વાસ ઊભો કરવામાં આવ્યો હતો. આથી આદિવાસી લોકો સભા સ્થળે પહોચેંલા મેવાડ ભીલ કોર્પ્સના જવાનો સાથે સંઘર્ષમાં આવ્યા હતા. શરૂઆતમાં જવાનોએ હવામાં ગોળીબાર કર્યા હતા. પરંતુ તેજાવતના ઉપદેશો પ્રમાણે આદિવાસી લોકોનો જે ખ્યાલ હતો તે પ્રમાણે ગોળીઓ હવામાં જતી હોવાના કારણે આદિવાસી લોકો વધુ આક્રમક બન્યા હતા. જેના કારણે મેવાડ ભીલ કોર્પ્સના જવાનોએ સભાના લોકો ઉપર ગોળીઓ ચલાવવાનું ચાલું કર્યું હતું. પરિણામે સંખ્યાબંધ આદિવાસી લોકો ત્યાં મૃત્યુ પામ્યા હતા. આ હત્યાકાંડમાં એકત્રિત સ્ત્રીઓ પણ મોટા પ્રમાણમાં હતી. સ્ત્રી અને પુરુષની હત્યા કરવા ઉપરાંત તેમના પહેરેલા ચાંદીનાં ઘરેણા સિપાઈઓ  કાઢી ગયા હતા.

ઉદયમાહુરકર (૧૯૯૭)માં જણાવે છે કે "સાતમી માર્ચ ૧૯૨૨ ગુજરાત અને રાજસ્થાનના સરહદી વિસ્તારમાં ભીલોના ગાંધી તરીકે જાણીતા મેવાડના સ્વાતંત્ર્ય સેનાની મોતીલાલ તેજાવતની દઢવાવમાં સભા હતી. જેમાં આસપાસના લોકો એકત્રિત થયા હતા. આના સમાચાર મેવાડ ભીલ કોર્પ્સને મળવાથી લશ્કરી ટુકડી દઢવાવમાં આવી પહોંચી અને લોકો પર ગોળીબાર કરવામાં આવ્યો. જેમાં ૧૨૦૦ ભીલ લોકો મૃત્યુ પામ્યા વધુમાં તેઓ મોતીલાલ તેજાવતના પુત્ર અને સ્વાતંત્ર્ય સેનાની મોહનલાલને ટાંકીને આ ઘટનાને જલિયાવાલા બાગ કરતાં પણ મોટી દુર્ઘટના તરીકે ગણાવે છે, જોકે ઈતિહાસકારોએ આની નોંધ લીધી નથી તેમજ મોતીલાલ તેજાવતના મિત્ર અને સ્વાતંત્ર્ય સેનાની બળવંતસિંહ મહેતાની નોંધ આધારે તેમના જણાવ્યા પ્રમાણે આ હત્યાકાંડની નોંધ ક્યાંય જોવા મળતી નથી. તેનું કારણ આ વિસ્તારના લોકો ગરીબ અને અભણ હતા. એલ.પી. માથુરને ટાંકીને તેમના જણાવ્યા પ્રમાણે મોતીલાલ

તેજાવતની તે વખતની પ્રવૃત્તિઓ અંગે સત્તાવાર રેકોર્ડ બતાવે છે કે આ ઘટના બની તેના સત્તર દિવસ પહેલાં તેજાવત આદિવાસી લોકો સાથે દઢવાવ જવા નીકળ્યા હતા. જેનો ટેલિગ્રામ ખેડબ્રહ્મા પોલિટિકલ એજન્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. પ્રેમસિંહ કાંકરિયા (૧૯૮૫) ના સંદર્ભમાં તેઓ જણાવે છે કે આ હત્યાકાંડ જલિયાવાલ બાગની ઘટના કરતાં પણ મોટો હતો. તેમના મત અનુસાર આ વિસ્તારના આદિવાસીઓ તેજાવત અને તેમના ટેકેદારો અંગ્રેજ સામે અવાજ ઉઠાવનાર અને આદિવાસીઓમાં તે અંગેની જાગૃતિ લાવનાર અને એક સમાજ સુધારક તરીકે કામ કરતા હતા. તેમજ અત્યાચાર અને શોષણનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો. તેના પરિણામ સ્વરૂપે કેટલીક હત્યાકાંડની ઘટનાઓ બની હતી"[૩].

આ હત્યાકાંડમાં મરણ પામેલાઓની સંખ્યા ૧૨૦૦ ની ગણવામાં આવે છે. તેવું પ્રેમસિંહ કાંકરીયા (૧૯૮૫) અને ઉદયમાહુરકર (૧૯૯૭) ભણાત સ્ટેન્લી (૨૦૦૫) ના અભ્યાસોમાં જોવા મળે છે. આ સભામાં મોટા ભાગના લોકો ખેડબ્રહ્મા બાજુના ડુંગરી ગરાસિયા લોકો અને દઢવાવ સભા સ્થળની આસપાસના લોકો વધુ મૃત્યુ પામ્યા હતા. છતાં આદિવાસી લોકોમાં વિરોધની ચિનગારી શાંત થઈ ન હતી અને છેવટે સરકાર દ્વારા તેમની સાથે કર વેઠ વગેરે બાબતોમાં છૂટછાટ મૂકી સમાધાન કર્યું હતું.

દઢવાવ હત્યાકાંડની વિગત ઉપરથી જોવા મળે છે કે આ હત્યાકાંડ સ્વાતંત્ર્ય ચળવળ દરમ્યાન બનેલા મોટા હત્યાકાંડમાંનો એક હતો.

આ હત્યાકાંડ સંદર્ભમાં મેવાડ ભીલ કોર્પ્સની નોંધ ભણાત સ્ટેન્લી (૨૦૦૫)માં જોવા મળે છે કે "મોતીલાલ તેજાવત કોલધારી નામના ગામના વતની હતા. ૧૯૨૧માં બ્રિટિશ સરકાર વિરુદ્ધ પર્વતીય પ્રદેશમાં આદિવાસીઓને આંદોલન માટે તૈયાર કરતા હતા. બ્રિટિશ સરકારે અને મહારાણાને ખેતીનો ભાગ આપવાનું તેઓ બંધ કરાવતા હતા. આથી સરકારની આવકમાં ખોટ પડી જેથી મેવાડ ભીલ કોર્પ્સના કમાન્ડન્ટે જાણકારી મેળવી,પાલચિતરિયા નજીક દઢવાવમાં તેજાવત સભામાં સરકાર વિરુદ્ધ ભાષણ આપે છે. આથી એક કંપની હથિયાર સાથે દઢવાવ મોકલવામાં આવી જયાં

ભીલોને વિખેરાઈ જવા સૂચના આપી. તેજાવતને આત્મ સમર્પણ માટે જાહેરાત કરી પણ સભામાં કંઈ અસર ન થતાં મેવાડ ભીલ કોર્પ્સના કમાન્ડન્ટે સભાને ઘેરી ગોળી છોડવાનો આદેશ આપ્યો હતો. તેજાવત સમય સૂચકતા વાપરી ભાગી ગયા હતા"[૪]. મેવાડ ભીલ કોરની કંપની બન્યા પછી આ બીજી મોટી ઘટના હતી જો કે કેટલાક સમય સુધી ત્યારબાદ તેજાવત આદિવાસી લોકોને ઉપદેશ આપવાનું કામ ચાલું રાખ્યું હતું. આથી ૧૯૨૧ માં બનેલી ઘટના ફરીથી ન બને તેના માટે દાંતા સ્ટેટના મહારાજા પૃથ્વીસિંહે આદિવાસી લોકોને મેવાડ ભીલ કોર્પ્સમાં ભરતી કરવાનું ચાલું કર્યું હતું.

મોરિસ કોર્સ્ટર્સ (૧૯૬૭)ના તેમના એક અભ્યાસમાં જણાવે છે કે "ભીલ પ્રદેશમાં રાજાઓ ભીલ વંશના જ હોવાનું જાણીતું છે. પરંતુ ભીલ વંશથી તેઓ પોતે ચઢિયાતાપણું બતાવવા પ્રયત્નશીલ હોય છે. હકીકતમાં તેઓ ચૌહાણ, સોલંકી રાજપૂતો બતાવે છે રાજપૂતો દ્વારા એવું માનવામાં આવતું હતું કે ભીલો જેવા કાયદાહીન ખેડૂતોને તો સખત કડકાઈથી જ કબજે રાખવા જોઈએ. રાજાઓના જે સિપાઈઓ હતા તે વધુ ક્રુર હતા. ભીલ પ્રદેશમાં તેઓ ફરવા નીકળતા ત્યારે તેઓ વેઠ માગતા હતા. તેમનો સામાન ભીલની ઉપર નાખતા હતા. તેથી તેઓ ભીલોમાં પ્રેમ સંપાદિત કરી શકયા ન હતા. તે સ્વાભાવિક છે. ૧૮૪૦ માં મેવાડ ભીલ કોર્પ્સ નામની લશ્કરી ટુકડી યોજવામાં આવી તેના દ્વારા સમગ્ર વિસ્તારમાં અર્ધ લશ્કરી દળોની ભૂમિકા રચવામાં આવી હતી. આ ટુકડીઓના કારણે ભીલ રાજાઓને શાસનમાં સરળતા ઊભી થઈ હતી અને આદિવાસી પ્રદેશમાં વાહન વ્યવહાર અને રસ્તાની શરૂઆત થઈ.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી આ પ્રદેશમાં આધુનિક, રાજનૈતિક તત્ત્વો જોવા મળે છે. મોતીલાલ તેજાવત કોંગ્રેસનો આગવાન. સુધારક ઉપદેશ આપતો આપતો જંગલ વિસ્તારમાં ફરતા હતા. ભીલોમાં થોડા થોડા સમયે ભગતો પ્રગટ થાય છે અને થોડા થોડા અનુયાયીઓ મેળવે છે. મોતીલાલ આ ભગતો જેવા હતા. ભગતની જેમ કહેતા કે માંસ ખાવાનું બંધ કરો, દારૂ પીવાનું બંધ કરો અને એથી વિશેષમાં જણાવતા કે વાણિયાને લૂંટવાનું બંધ કરો. તે પોતે વણિક હતા. તેના કુટુંબીજનોની ભોમટ

આદિવાસી વિસ્તારમાં કેટલીક દુકાનો પણ હતી. આના કારણે મોતીલાલ તેજાવતને અણધારી ખ્યાતી મળી. એટલું નહી પણ લોકો તેને દેવ તરીકે ગણતા હતા, પૂજતા હતા. તેને ચારપાઈ ઉપર બેસાડી ચરણસ્પર્શ કરી તેની ઉપર પૈસા અને નારિયેળ ચઢાવતા હતા. તેજાવતની લોકપ્રિયતાનું એક મુખ્ય પાસું હતું તે લોકોને ઉપદેશ આપતા હતા. તેના જણાવ્યા પ્રમાણે આ જમીન તમારી આદિવાસીઓની જમીન છે. આના માલિક તમે જ છો. માટે રાજા જાગીરદારોના અત્યાચારને માનશો નહીં. સરકારને વેરો ભરશો નહી એક લડાયક કોમને આવો ઉપદેશ આપવો મુશ્કેલી સર્જે તેવું હતું. બીજી બાજુ મોતીલાલ તેજાવત અને કેટલાક કાર્યકરો વેઠ અને અનાજના રૂપમાં નજરાણું જે આપવું પડતું હતું તે બે પ્રથામાં સુધારો કરવામાં તેઓ સફળ થયા હતા. લોકોમાં અરાજકતા અને બળવાની ભાવના હિંસક તત્ત્વો ઊભાં કરવાનું કામ મોતીલાલ તેજાવતે કર્યું હતું. ૧૯૨૨ માં આ પરિસ્થિતિ પરાકાષ્ટાએ પહોંચી હતી. તે સમય નાળ ગામ (પાલ ચિતરીયા) પાસે ભીલોનું લશ્કર અને મેવાડ ભીલ કોર્પ્સની એક ટુકડી સામસામે આવી ગયાં હતાં પરંતુ મોતિલાલ તેજાવતે જણાવ્યું હતું કે 'હું એક જંતર મંતર બોલીશ તેનાથી સિપાઈઓની ગોળીઓ પાણી થઈ જશે' અને જ્યારે સિપાઈઓએ ચેતવણી રૂપ ગોળીઓ હવામાં છોડવાથી ભીલોને લાગ્યું કે મોતીલાલ તેજાવતનો મંતર કામ કરે છે. જેથી ભીલોએ બહાદુરીથી મેવાડ ભીલ કોર્પ્સનો સામનો કર્યો, પરંતુ બીજા ગોળીબારથી એમનામાં ઘણા લોકો મરાઈ ગયા હતા. ત્યારબાદ તેજાવત લોકોમાં ફરીથી વિશ્વાસ સંપાદન કરી શકયા ન હતા"[૫].

### *સિરોહી હત્યાકાંડ :*

સિરોહી રાજ્ય આ આંદોલનમાં બીજું એક અગત્યનું કેન્દ્ર મોતીલાલ તેજાવતના આદિવાસી આંદોલનનું બન્યું હતું. તે સમયે સિરોહી રાજ્યમાં આદિવાસી લોકો જંગલની વસ્તુઓનો ઉપયોગ અગાઉથી કરતા આવ્યા હતા. આના સિવાય તેમની પાસે જીવન નિર્વાહનું કોઈ સાધન હતું નહીં. જાગીરદારી વ્યવસ્થામાં આ સંપૂર્ણ જમીનની વસ્તુઓની માલિકી સિરોહીના મહારાજાના હાથમાં હતી તે તેના નજીકના સગાસબંધી

તેમજ તેમની તરફેણમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારને અધિકારીઓને જાગીર આપતા હતા. કેટલીક જાગીરી મંદિરો, બ્રાહ્મણ, ચારણો અને ધાર્મિક સંસ્થાઓને પણ આપવામાં આવતી હતી. આદિવાસી લોકો જો ખેતી સાથે જોડાયેલી હોય તો તેની પાસે કર ઓછો લેવામાં આવતો હતો. તેનું કારણ દરેક આદિવાસી ખેતી કરે અને જમીન ધરાવનાર લોકો પાસેથી વસ્તુ અને રોકડ બન્ને સ્વરૂપે લેવામાં આવતું હતું. કુદરતી આફતના સમયમાં આદિવાસી લોકોને કેટલીક છૂટછાટો આપવામાં આવતી હતી. આ વિસ્તારના લોકો પહેલા ઝુમ ખેતી કરતા હતા તેમાંથી એમને ઘણું ઓછું ઉત્પાદન પ્રાપ્ત થતું હતું. આથી આદિવાસીઓની સ્થિતિ ઘણી  દયાજનક બની ગઈ હતી. સિરોહીના મહારાજે આદિવાસીઓની સ્થિતિ સુધારવા કોઈ પ્રયત્ન કર્યો ન હતો. આ ઉપરાંત મુંબઈ પ્રેસીડેન્સીના ગવર્નર જનરલના એજન્ટે આદિવાસીઓ પર અનેક અયોગ્ય કર લાગુ કર્યા હતા. જેવા કે જંગલની સંપત્તિનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ, શિકાર કરવા પર પ્રતિબંધ આદિવાસીઓના પંચાયતના પરંપરાગત અધિકારો સમાપ્ત કરવા દારૂ બનાવવા પર પ્રતિબંધ, મીઠા પરના ટેક્સ વધારવા વગેરે કારણે આદિવાસીઓની સ્થિતિ દયનીય બની ગઈ હતી. તેના વિરોધમાં મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં આદિવાસીઓ દ્વારા ૧૯૨૨ માં સિરોહીના બાબોલિયા અને ભુલા ગામમાં અસંતોષ સાથે વિરોધ કર્યો હતો. મહારાવ દ્વારા લાગુ કરવામાં આવેલા કાયદા અને વ્યવસ્થા સામે અસહકાર ઊભો થયો હતો. લોકો સંગઠિત બન્યા જાગીરદાર અને વહીવટદારો દ્વારા આદિવાસી સંગઠનને અલગ કરવાના પ્રયત્નો કર્યા. તેમજ ચેતવણી પણ આપવામાં આવી કે રાજયના આદેશનું જો ઉલ્લંઘન કરવામાં આવશે તો કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. આદિવાસીઓએ તેમની કોઈપણ ધમકીથી ડર્યા વગર વિરોધ ચાલુ રાખ્યો હતો. ત્યારબાદ ૬ મે ૧૯૨૨ માં સિરોહી સ્ટેટની એક સૈનિક ટુકડીએ રોહીડા તાલુકાના બાબોલિયા અને ભૂલા ગામને ઘેરો નાંખી ગોળીઓ ચલાવવાનું ચાલુ કરી દીધું. ગામોમાં આગ લગાડવમાં આવી. તેથી અનેક આદિવાસીઓમાં મૃત્યુ પામ્યા. આ પ્રકારે જાનમાલને ઘણું નુકશાન થયું. ઘર, અનાજ, ઘાસ વગેરેને પણ ઘણું નુકશાન થયું.

બ્રીજ કિશોર શર્મા (૧૯૯૬) માં જણાવે છે કે "મોતીલાલ તેજાવત ૧૯૨૨ માં સિરોહી દાખલ થયા ત્યાં તેમણે આદિવાસીઓમાં સામાજિક સુધારણાની પ્રવૃત્તિ ચાલુ કરી. સામાજિક સુધારણાની સાથેસાથે તેમણે આર્થિક શોષણનો પણ વિરોધ કર્યો. આમ તેમણે સામાજિક અને આર્થિક બન્ને પાસા આધારે "એકી" સંગઠન ઊભું કર્યું. તેજાવતે આસપાસના ઘણા વિસ્તારોમાં લોકોને એકત્ર કરી સભાઓને સંબોધતા હતા. તેમાં તેમણે કર નહી ભરવો અને રાજયની સત્તાની તાબે થઈશું નહી તેવી બાબત રજૂ કરી હતી.

તેજાવતે જણાવ્યું હતું કે આદિવાસીઓ ધાર્મિક અને પ્રમાણિક છે. તેઓ રાજય પાસે તેમના અધિકારો અને શોષણ સામે લડી રહ્યા છે. મહાત્મા ગાંધી દ્વારા મોકલવામાં આવેલ. તેમના પ્રતિનિધિ મણિલાલ કોઠારી દ્વારા સિરોહીમાં મોતીલાલ તેજાવતને હિંસક આંદોલન મૂકી દેવા જણાવવામાં આવ્યું હતું. તે શકય ન હતું તેનું કારણ આદિવાસી લોકો જયાં સુધી રાજય તેમની માગણીઓમાં બાંધછોડ ન કરે ત્યાં સુધી આ આંદોલન ચાલુ રાખવા માગતા હતા. ત્યારબાદ રાજાએ આ આંદોલનને દબાવી દેવા માટે બ્રિટિશ સરકારની મદદ માગી. આ મેવાડ ભીલ કોર્પ્સ દ્વારા ૭ માર્ચ ૧૯૨૨ માં પાલ ઈડર સ્ટેટમાં આંદોલન દબાવવામાં સફળ થયા હતા. તે પ્રથમ તેમની સફળતા હતી. આથી આ આંદોલનને અસહકારના આંદોલન તરીકે જાહેર કરવામાં આવ્યું નહીં. તે સમય ભારતમાં ખેડૂત અને આદિવાસી આંદોલનોને સત્તા દ્વારા જુદી જુદી રીતે દબાવી દેવામાં આવ્યાં હતાં. આ આંદોલનોને પણ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસમાં જ ગાંધીજીના અસહકાર આંદોલન સાથે જોડવામાં આવ્યા ન હતા. આમ અસહકારના આંદોલનની સાથે નહીં જોડવાના કારણે નબળા વર્ગોના લોકોએ નૈતિક ટેકો ગુમાવ્યો હતો. રમાકાન્ત માલવિયા એ પણ સિરોહી રાજય સામે આદિવાસી આંદોલનને મૂકી દેવડાવવાનો પ્રયત્ન ગાંધીજી દ્વારા અને રાજસ્થાને સેવા સંઘના આગેવાનો દ્વારા કર્યું હતું. તેમાં તેઓ સફળ થઈ શકયા ન હતા"[૬].

આથી રાજ્ય અને બ્રિટિશરો દ્વારા ૧૨ એપ્રિલ ૧૯૨૨ માં આ ક્ષેત્રમાં હુમલો કર્યો. જેમાં ઘણી જાનમાલની હાની થઈ હતી. ત્યારબાદ ૫ મી મે ૧૯૨૨ ફરીથી સત્તા દ્વારા વાલોરિયા ગામ પર હુમલો કરવામાં આવ્યો અને આગ લગાડવામાં આવી. તેમાં ગામનો ઘણો મોટો ભાગ બળીને ખાખ થઈ ગયો. ૧૧ આદિવાસી લોકો તેમાં મૃત્યુ પામ્યા ૬ ઠી મે ભુલો અને નયાવાસ પર હુમલો કર્યો. જેમાં લગભગ બધા જ ઘરો, અનાજ, ઘાસ ને બાળી નાખવામાં આવ્યું હતું. આ પ્રકારના નુકશાન અને હુમલા સત્તા દ્વારા કરવામાં આવ્યા છતાં ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસે તરફથી કોઈપણ પ્રકારની નોટીસ સત્તાને આપવામાં આવી ન હતી. રાજસ્થાન સેવા સંઘ દ્વારા આ ઘટનાની ગંભીરતાની નોંધ લેવાઈ. આની તપાસ માટે સેવા સંઘના સંયુકત સંપાદક સત્યભકત અને રામનારાયણ ચૌધરીને મોકલ્યા હતા. તેમણે ૧૫ મે ના દિવસે બાબોલિયાના પંચોની મુલાકાત લીધી તેમના જણાવ્યા પ્રમાણે સત્તાધીશો દ્વારા  અમને અને અમારી સંપત્તિ નષ્ટ કરવામાં આવી છે. અમારા પરિવારના જીવન નિર્વાહના સાધનોથી પણ અમને વંચિત કરવામાં આવ્યા છીએ અને એવી ધમકી આપવામાં આવી છે કે એકી ના શપથ સંગઠન જો અલગ ન થાય તો તેમને મારી નાખવામાં આવશે. આથી અમારા રાજ્ય પરથી વિશ્વાસ ઊઠી ગયો છે. આથી અમારે જંગલમાં જ રહેવાનું સલામત ભરેલું છે જો અમે ફરીથી ઘર બનાવીશું તો ફરીથી તેને સળગાવી દેવામાં આવશે. ઉપરી અધિકારી પર અમારો જરા પણ વિશ્વાસ રહ્યો નથી.તેમના આદેશ અનુસાર સરકારી સેના દ્વારા આ તમામ નષ્ટ કરવામાં આવ્યું છે.

ત્યારબાદ સત્યભકત અને રામનારાયણ ચૌધરી ભુલા ગામમાં તપાસ માટે આવ્યા ત્યાં આદિવાસી મુખીઓ અને આદિવાસીઓ સાથે મળી વાતચીત અનુસાર "તેમના પ્રત્યે જે નિર્દયી વ્યવહાર કરવામાં આવ્યો હતો અને જે નુકશાન કરવામાં આવ્યું હતું તે નીચે મુજબનું હતું ભુલા ગામમાં ૨૧૦ કુટુંબો, ૩૧૫ મકાનો, ૧૧૫૦ વ્યકિતઓનાં મૃત્યુ, ૪૫૬૦ મણ અનાજ, ૪૦૦ ગાડા ઘાસ, ૨૫ પશુઓ અન્ય ૭૦૦૦ રૂ. જેટલી વસ્તુઓ ઉપરોકત નુકશાન થયેલું હતું. જયારે બાબોલીયા ગામમાં

૧૧૫ કુટુંબો, ૩૨૫ મકાને, ૬૫૦ વ્યકિતઓનું મૃત્યુ, ૨૫૨૫ મણ અનાજ, ૨૦૦ ગાડા ઘાસ, ૮૩ પશુઓ અને અન્ય ૩૦૦૦ રૂા. જેટલું નુકશાન થયેલું જોવા મળ્યું છે''[૭].

રાજા અને બ્રિટિશ શાસન દ્વારા ઉપરોકત નુકશાનના કારણે આદિવાસી ગરાસિયા અને ભીલોનો નૈતિક જુસ્સો તૂટી ગયો હતો. પરંતુ આદિવાસી કેટલાક આગેવાનો પંચો સાથે મળીને રાજયના દિવાનને મળી તેની રજૂઆત કરી હતી. ત્યાર બાદ થોડા સમય બાદ પરિસ્થિતિની જાણકારી મેળવ્યા બાદ તે સમયના મુખ્યમંત્રીના સૂચવ્યા પ્રમાણે સિરોહી રાજય દ્વારા કેટલીક બાબતોમાં છૂટછાટ આપવાનું નક્કી કરવામાં આવ્યું છતાં ૨૩ મે ૧૯૨૨ માં સિરોહી મહારાજ દ્વારા આદિવાસી માગણીઓના સંદર્ભમાં છૂટછાટ આપવામાં આવી. જે આ પ્રમાણે છે.

૧. આંદોલનમાં જે લોકોને જાનમાલનું નુકશાન થયું છે તેમને રાજય દ્વારા વસૂલ કરવામાં આવતા કરમાંથી મુકિત આપવામાં આવે છે.

૨. આદિવાસી લોકોને જંગલમાંથી લાકડા અને ઘાસ લાવવાની મંજૂરી આપવામાં આવે છે.

૩. રાજયના કર અમુક ટકા રાજયના નુકશાન પામેલા ગામ ભુલા અને નયાવાસ, તેમજ વાલોરિયાને ફાળવવા.

૪. આ વિસ્તારના લોકો જે ચોમાસું ખેતી માટેનો જે કર છે તે આ ઘટનામાં મૃત્યુ પામનાર વ્યકિતના અપરિપકવ બાળકને જયાં સુધી ખેતી કરવા યોગ્ય ન બને ત્યા સુધી મુકિત આપવી.

૫. સામાન્ય બધા લોકો માટે ખેતી અંગેનો કર અડધો ભરવા નક્કી કર્યું.

૬. સુખડી તરીકે અલગ વરસાદી ખેતી ઉપરના લાગતનો ભાગ બંધ કરવો.

૭. દશેરાના દિવસે લાગતના રૂપમાં એક બકરો આપવો.

૮. આદિવાસીઓને ઘર બનાવવા માટે લાકડા ઠેકેદાર દ્વારા આપવામાં આવશે.

૯. આદિવાસી લોકો રાજય માટે કામ કરશે પણ અધિકારીઓ માટે કામ કરાવવામાં આવશે નહીં.

૧૦. આદિવાસી પરંપરાગત, પંચાયતને પુનઃ અધિકાર આપવામાં આવશે.

૧૧. આદિવાસી પ્રતિનિધિત્વ જળવાય તે માટે ૪ વ્યક્તિઓની સમિતિ બનાવી. જે આ વિસ્તારમાં દેખરેખ રાખી શકે તેમાં ૧ ગરાસિયા, ૧ ભીલ, ૧ મહાજન અને ૧ બ્રાહ્મણની નિમણૂક કરવી.

૧૨. સરકારી રેકર્ડ અને તેની જાળવણી લેખિત સ્વરૂપે નિશ્ચિત સમાન રીતે થાય અને તાલુકેદાર તેની દેખરેખ રાખે તેમજ ખેતી કરતા લોકો પર કોઈ ખોટો ખર્ચ ન નાખે તેમજ માનસિક હેરાનગતિ ના થાય તેવી વ્યવસ્થા જાળવવી.

ઉપરોક્ત છૂટછાટો સિરોહી રાજ્ય માટે લાગુ પાડવામાં આવી હતી. તેમજ ત્યારબાદ અન્ય ક્ષેત્રના આદિવાસીઓમાં પણ આ પ્રકારની છૂટછાટની જાહેરાત કરી હતી.

## ❀ સામાજિક સુધારણા :

ભારતમાં સામાજિક સુધારણાનું આંદોલન ૧૯મી, સદીના મધ્ય ભાગથી ચાલુ થયુ હતું. તેમાં બાળલગ્ન, વિધવા વિવાહ, સ્ત્રીઓને સમાન અધિકાર, સમાજની કુરીતિઓને દૂર કરવાના સંદર્ભમાં આંતરજ્ઞાતિય લગ્ન, પડદા પ્રથા, મદ્યપાન પર પ્રતિબંધ, ગરીબોની, સેવા વિશ્વ બંધુત્વ, અસ્પૃશ્યતા પર પ્રતિબંધ વગેરે બાબતોનો સમાજ સુધારકો દ્વારા પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી આવી જ સુધારણા પ્રવૃત્તિ આદિવાસી, આંદોલનોમાં પણ જોવા મળતી હતી. ઝારખંડ, સાંથાલ, ગોવિંદગુરૂની ચળવળ વગેરેમાં સામાજિક વ્યવસ્થામાં સુધારાવાદી અભિગમથી આંદોલનમાં તેના તત્ત્વો જોડાયેલાં હતાં.

મોતીલાલ તેજાવતના આ આંદોલનમાં ધાર્મિક, રાજનૈતિક પાસાં સાથે સાથે સુધારાવાદી, અભિગમ પણ જોવા મળ્યો હતો. તેમણે ભોમટ ક્ષેત્રના અશિક્ષિત અને કેટલીક અજ્ઞાનતાના સંદર્ભમાં લોકોને સુધારણા સાથે જોડયા હતા. ૨૦મી સદીની શરૂઆતમાં આદિવાસી લોકોની પરંપરાગત ધાર્મિક માન્યતાઓ અને વિચારધારા સાથે

જોડાયેલા હતા આદિવાસી લોકો તેમના વિવિધ ધાર્મિક પ્રસંગોમાં પશુઓનો બલી આપવાની પ્રથા હતી. તે પશુઓની બલી પ્રથા બંધ કરવા લોકોને જણાવ્યું. તેમણે લોકોને દારૂ, તમાકુ જેવા પદાર્થોનું સેવન નહી કરવા જણાવ્યું. તેમના આ પ્રકારના ઉપદેશો ઊંડાણના આદિવાસી વિસ્તારના ગામડા સુધી તેની અસર ઊભી થઈ હતી. તેમના નિષેધો દરેક ગામમાં પળાય તેવા પ્રકાર ઠરાવ ગ્રામ પંચાયતમાં થાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

દાહોદ ભીલ સેવા મંડળ દ્વારા સિરોહી વિસ્તારમાં ૧૯૫૫માં ભીલોમાં કામ ચાલતું હતું જેના કાર્યકર તરીકે મોતીલાલ તેજાવત હતા. જેમાં ભીલોના સંદર્ભમાં કેટલાક ઠરાવો કરવામાં આવ્યા હતા તે નીચે પ્રમાણેના છે.

૧૯૫૫ સિરોહી, આબુરોડ, નિચલગઢ વિસ્તારના ગામ પટેલો અને ભાખરા પાલનપુર, દાંતા, ઈડર, પોશીના, ભીતરોડ વગેરે આગેવાનોએ નીચે પ્રમાણેના ઠરાવો પસાર કર્યા હતા.

(૧) છૂટાછેડા કે અનૈતિક કામ કરવા દંડ પેટે ૧૪૦ રૂા. લેવા, તેમાંથી કપડાં અને ઘરેણાં પેટે ૪૦ કન્યાને આપવા.

(૨) પુનઃલગ્નમાં વિધવા બેનના કે સ્ત્રીના મા – બાપ પાસેથી રૂા. ૬૦ થી વધારે રકમ ન લેવી.

(૩) દેવ–દેવીઓ આગળ કોઈપણ જાતનો ભોગ આપવો નહી તથા કોઈપણ પ્રસંગે પશુ મારવા નહીં.

(૪) મદ્યપાન સંદર્ભમાં વૃદ્ધો કે આદતવાળા વડીલ પુરુષો પૂરતો જ હુકકો, બીડ, તમાકુ પીવાની છૂટ આપવી.

(૫) યુવાનો જો બીડી, તમાકુ પીતા જોવા મળે તો તેને ગ્રામ પંચાયત મારફતે મોતીલાલ તેજાવત ના નામે દંડ કરવો.

(૬) ચોરી એકદમ બંધ કરવી. જો તેમ કરતો કોઈ પકડાય તો તેને પોલીસ અધિકારીને સોંપી દેવો અને તેને કોઈએ છોડાવવો નહીં.

(૭) લગ્ન સમય અવ્યવહારિક ફટાણાં અને અસ્લિલ ગીતો ગાવાં નહી.

(૮) કોઈપણ પુરુષ કોઈપણ પરણિતા સાથે નાસી જાય તો તેને રૂા. ૭૦૦ દંડ કરવો. જો તે પૈસા ન આપે તો સ્ત્રીને પાછી લઈ લેવી અને રૂા. ૪૦ નો દંડ કરવો.

(૮) છોકરા–છોકરીઓને આશ્રમ શાળામાં ભણવા મૂકવાં જોઈએ જો બાપ છોકરાઓને ભણવા શાળાએ ન મોકલે તો તેમને દર મહિને રૂા. ૧ નો દંડ કરવો અને તે દંડ આશ્રમ શાળામાં જમા કરાવવો.

સામાજિક સુધારણાના સંદર્ભમાં ઉપર મુજબના ઠરાવો પસાર કરી લોકોને મદ્યપાનથી દૂર અને સામાજિક માપદંડ પ્રમાણે લોકોએ અનુસરણ કરવા જણાવ્યું હતું મદ્યપાનની અસર આદિવાસી લોકોમાં પડવાને કારણે તેઓ સમાજમાં કોઈપણ પ્રકારનાં વિકાસ કે રચનાત્મક કાર્યો કરી શકતા ન હતા અને લોકો અત્યાચારનો ભોગ બનતા હતા.

ઝારખંડ આંદોલનના પાયાગત નેતા બિરસા મુંડા એ પણ ધાર્મિક આધાર પર અને સામાજિક સુધારણા આધારે ચળવળ ચાલુ કરી હતી. તેમણે મુખ્યત્વે આદિવાસીઓને દારૂ, મદ્યપાનથી દૂર રહેવા જણાવ્યું હતું. દારૂ પીવાને કારણે આપણી જમીન ચાલી ગઈ છે. આપણી દારૂ પીવાની ટેવ અને વિલાસી પણાના કારણે ઘણું નુકશાન થયું છે. દારૂ શરીર અને જીવનનો નાશ કરે છે દારૂ પીનાર વ્યકિતની ઈંન્દ્રિયો નિષ્ક્રિય બની જાય છે તેના કુટુંબની સ્થિતિ અત્યંત ગરીબ રહે છે. તે કુટુંબની દેખભાળ જરૂરીયાતો, ખોરાક પાણી વગેરે પૂરી કરી શકતો નથી, જેથી લોકોએ તેનાથી દૂર રહેવું જોઈએ.

મોતીલાલ તેજાવતે પણ ઉપરોક્ત કેટલાક ઉદ્દેશ્યોને તેમની સુધારાવાદી ચળવળમાં સમાવેશ કર્યો હતો.

મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં ચાલતા આ આંદોલનમાં ભોમટ ક્ષેત્રના લોકોમાં કેટલીક ઘટનાઓ બનવા પામી હતી. જેમાં આ આંદોલનના જાગીરદારોના ભારે વિરોધના કારણે તેમજ સંગઠને તોડવામાં ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા હતા તેમાંથી

કેટલાક હત્યાકાંડ થવાના કારણે આદિવાસી લોકોનો મોતીલાલ તેજાવત પ્રત્યેનો વિશ્વાસ નબળો પડયો હતો તેઓ આદિવાસી લોકોને લાંબુ અને મજબૂત નેતૃત્વ આપી શકયા ન હતા. અત્યાચાર અને શોષણ સામે પણ પૂરેપૂરી સફળતા મેળવી શકયા ન હતા છતાં પણ આદિવાસી સમાજના સામાજિક સુધારણા ધાર્મિક રાજનૈતિક પાસાઓ ઉપર મોટી અસર ઊભી કરી હતી લોકોને એક સંગઠનમાં સાંકળી એકતા અને જાગૃતિ ઊભી કરી હતી સ્થાનિક આદિવાસી આગેવાના પણ લોકોને સંગઠિત કરવા અન્યાય અને અત્યાચરનો વિરોધ કરવા આગળ આવ્યા હતા.

આ આંદોલન બાદ આદિવાસી લોકો દ્વારા તેમના લોકગીતોમાં પણ આ આંદોલન અને ઘટનાઓને વણી લેતા ગીતો ગાવામાં આવતાં હતાં. જેમાં અત્યાચાર, શોષણ દૂર કરવા, સ્વાતંત્ર્યતા પ્રાપ્ત કરવા, સામાજિક સુધારણા, જાગીરદારી વ્યવસ્થા દઢવાવ હત્યાકાંડની અભિવ્યકિત જોવા મળતી હતી.

સ્વાતંત્ર્ય બાદ તેજાવત ફરીથી દઢવાવ હત્યાકાંડ સ્થળ પર આવ્યા હતા અને તે જગ્યાએ એક સભા ભરી હતી અને આજુબાજુના ઘણા લોકો ત્યાં એકત્રિત થયા હતા. આ જગ્યાને તેમણે વીરભૂમિ તરીકે ગણાવી અને શહીદોની યાદમાં દર વર્ષે આ જગ્યાએ મેળો ભરવા લોકોને જણાવ્યું હતું. ઘણાં વર્ષો સુધી ત્યાં મેળો ભરાતો હતો પરંતુ ધીમે ધીમે તે બંધ થઈ ગયો હતો.

બ્રિજ કિશોર શર્મા (૧૯૯૬)માં જણાવે છે કે "૧૯૨૧માં મોતીલાલ તેજાવતના નેતૃત્વ નીચે ભીલ અને ગરાસિયા લોકો દ્વારા અસહકારની ચળવળ ચાલુ કરવામાં આવી હતી. તેમણે સૌ પ્રથમ સામાજિક સુધારણાનો આધાર બનાવ્યો જેમાં કેટલીક બાબતો બતાવી છે જે નીચે મુજબ છે.

૧) દારૂ પીવો નહી.

૨) કોઈ સ્ત્રીએ પરણિત પુરુષ સાથે લગ્ન કરવા નહી.

૩) અપરણિત સ્ત્રીને દંડ કરવો.

૪) વિધવા સ્ત્રીએ ફરીથી લગ્ન કરવા.

૫) લગ્ન પ્રસંગે અપરણિત સ્ત્રી પાસે કોઈ પૈસા લેવા નહી.

૬) આદિવાસીઓએ માંસ ખાવું નહી.

૭) આદિવાસીઓએ પોતાના હકકની વસ્તુ જ રાખવી"[૮].

ઉપરોક્ત સુધારણાવાદી પ્રવૃત્તિના કારણે મોતીલાલ તેજાવતે ઘણી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ તેમણે આદિવાસી લોકોને એક સંગઠન સાથે જોડી લોકોને શોષણનો વિરોધ કરવા માટે લોકોને તૈયાર કર્યા હતા. તે સમયે બીજોલિયા આંદોલન પણ ચાલતું હતું. જેથી તેજાવત તેના નેતા વિજયસિંહ પથિકને પણ મળ્યા અને આ આંદોલનને આગળ વધારવાનું કામ ઉપાડયુ હતુ.

## ❀ ધાર્મિક સ્વરૂપ :

સામાજિક આંદોલનનો ઉદ્દ્ભવ જુદા જુદા સ્વરૂપ આધારે થાય છે, જે સામાજિક, ધાર્મિક, રાજનૈતિક, આર્થિક વગેરે સ્વરૂપે હોય છે. કેટલીક વાર આંદોલન એક સ્વરૂપમાં ઊભું થઈ બીજા સ્વરૂપને ધારણ કરે છે આમ જોઈએ તો બધા સ્વરૂપો એકબીજા સાથે ઘણીવાર જોડાયેલા હોય છે અને આધારિત હોય છે. મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન ધાર્મિક સ્વરૂપ આધારે જોડાયેલું હતું. સાથે સાથે આર્થિક, સામાજિક અને રાજનૈતિક પાસાઓ પણ તેમાં ઊભાં થયાં હતાં. તેમાં સુધારાવાદી અભિગમ પણ જોડાયેલો હતો. મોતીલાલ તેજાવત દ્વારા રાજકીય વ્યવસ્થાનો વિરોધ અને અત્યાચાર અને શોષણની સામે લડત ચલાવવા માટે જુદા જુદા આધારો ઊભાં કરવામાં આવ્યા હતા. આ આંદોલન થયું તે સમયગાળા દરમ્યાન ૧૯૨૦–૨૧માં આદિવાસી લોકો ડુંગરો અને પર્વત પ્રદેશમાં રહેતા હોવાના કારણે કોઈપણ પ્રકારનું શિક્ષણ તેઓ મેળવી શક્યા ન હતા. સંપૂર્ણ પરંપરાગત જીવન તેઓ જીવતા હતા. તે સમયની રાજકીય વ્યવસ્થા બ્રિટિશ શાસન જાગીરદારો આદિવાસીઓનું શોષણ કરતા હતા. આદિવાસી લોકો આ શોષણથી ત્રસ્ત હતા. આદિવાસીઓએ પણ ઘણા વર્ષોથી તેમના શોષણની સામે વિરોધ ઊભો કર્યો હતો પરંતુ તે વિરોધોમાં સંગઠનનો અભાવ વિશેષ પ્રમાણમાં હતો શિક્ષણના અભાવના કારણે તેમનામાં સંગઠન ઊભું કરવું મુશ્કેલ હતુ. વધુમાં આ

આંદોલનના નેતા રાજકીય વ્યવસ્થાના શોષણનો ભોગ બન્યા. તેમણે આ આંદોલનને સંગઠિત કરવા ધાર્મિક સ્વરૂપનો આધાર લીધો હતો. તેમાં તેમણે લોકોમાં એવો વિશ્વાસ ઊભો કર્યો હતો કે તે એક દૈવી પુરુષ છે. જેમાં નીચે મુજબના આધારો રજૂ કરવામાં આવ્યા હતા.

(૧) બંદૂકની ગોળીઓ ભમરા બનવા અંગે.

(૨) સિપાઈઓની બંદૂક ચાલશે નહી.

ઉપરોક્ત ચમત્કારિક છાપના કારણે લોકોમાં એક ચમત્કારિક છાપ તેમણે ઊભી કરી હતી. તેમની સભામાં લોકો કંકુ, નારિયેળ, અગરબત્તી વગેરે ચીજવસ્તુઓ લઈને જતા હતા.

મોરીસ કાસ્ટર્સ (૧૯૬૭)ના અભ્યાસમાં જણાવ્યું છે કે "મોતીલાલ તેજાવત આદિવાસીઓને જણાવતા હતા કે હું એક જંતર મંતર બોલીશ તેનાથી શાસકની લશ્કરી ટુકડીના સિપાઈઓની ગોળીઓ પાણી થઈ જશે. આ સંદર્ભે સમગ્ર ભોમટ ક્ષેત્રમાં આદિવાસી લોકો તેમના સહકારમાં જોડાયા હતા. દઢવાવ હત્યાકાંડ સમયે મોતીલાલ તેજાવત તેમની સભામાં એકત્રિત થયેલા લોકોને જણાવ્યું હતું કે જો સિપાઈઓ બંદૂક લઈને આવશે તો હું જંતર મંતર બોલીશ તેનાથી ગોળીઓ છૂટશે નહીં અને જ્યારે સિપાઈઓ એ દઢવાવ સભા સ્થળ પર આવી ચેતવણીરૂપ, ગોળીઓ, હવામાં છોડવામાં આવી ત્યારે ભીલોએ, બહાદુરીથી મેવાડ ભીલ કોર્પ્સનો સામનો કર્યો પરંતુ બીજા ગોળીબારમાં સંખ્યાબંધ લોકો મૃત્યુ પામ્યા હતા"[૯]. ભણાત સ્ટેન્લી (૨૦૦૫)માં જણાવે છે કે "મોતીલાલ તેજાવત આ આંદોલનમાં સુધારવાદી અને ધાર્મિક પાસાને ધ્યાનમાં રાખી ઉપદેશ કરતા હતા તેમણે આદિવાસી લોકોમાં ચમત્કારિક છાપ આધારે દેશી રાજ્યો અને બ્રિટિશ શાસનની સામે જોડાયા હતા અને લોકો તેમના નેતૃત્વમાં આગળ આવ્યા હતા પરંતુ આવા પ્રકારનું સંગઠન આદિવાસીમાં માટે ઘાતક બન્યું હતું"[૧૦].

આ આંદોલન ધાર્મિક પાસાને સાંકળી મુખ્ય ઉદ્દેશ્ય અત્યાચાર અને શોષણનો વિરોધ કરવાનો હતો. લોકોમાં રાજય સામે અસહકાર કરવાનો હતો પરંતુ કેટલાંક નકારાત્મક પરિણામો આવવાને કારણે તેમાં સફળતા પ્રાપ્ત થઈ ન હતી.

મોતીલાલ તેજાવતે આ આંદોલનનો મજબૂત પાયો નાખી આગળ ચલાવવાનું કામ હાથમાં લીધું હતું. તે સમયના કોટડા ક્ષેત્રના પોલિટિકલ સુપરીટેન્ડેન્ટે મોતીલાલ તેજાવતની પ્રવૃત્તિઓ અંગે લખ્યું હતું કે તેઓ મહાત્મા ગાંધીના અનુયાયી છે અને તે લોકોને જણાવે છે કે એક "આનો" કરથી કોઈએ વધુ કર ભરવો નહી અને લોકો તેની સાથે આંદોલનમાં જોડાઈ ગયા છે. મોતીલાલ તેજાવતનું આ આંદોલન ગાંધીજીની અસર નીચે ઝાડોલ ઠેકેદારની બધી શરતોનો આદિવાસી લોકો દ્વારા અસ્વીકાર કરવામાં આવ્યો. તેમાં જમીન પરનો કર બીજા અન્ય કર, વેઠ વગેરે મુખ્ય હતાં.

આ સંદર્ભમાં ઝાડૌલના ઠાકોરે આ પરિસ્થિતિના સંદર્ભમાં મોતીલાલ તેજાવતની ધરપકડ કરી. આદિવાસી ભીલોએ તેજાવતને તરત છોડાવી દીધા હતા. મોતીલાલ તેજાવત દરેક ગામે ગામ ફરીને લોકોને જણાવતા હતા કે સત્તાની સામે કોઈએ પણ કર ભરવો નહીં. ૧૯૨૧ માં ભોમટ ક્ષેત્રના ભીલ આદિવાસીઓ મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં જાગીરદારોનો વિરોધ ચલાવી રહ્યા હતા. તેઓ ઉદયપુર રાજયમાં અસહકારની ચળવળ કર નહીં ભરવાના સંદર્ભમાં ચલાવી હતી. આ ક્ષેત્રમાં પણ પરિસ્થિતિ આંદોલનકારી બની ચૂકી હતી. મોતીલાલ તેજાવત સિરોહી રાજયમાં પ્રવેશી જાન્યુઆરી ૧૯૨૨માં મોટા આદિવાસી સમુદાય સાથે તેઓ ઈડર રાજયમાં માર્ચ ૧૯૨૨માં પ્રવેશ્યા હતા. તેમણે ઈડર રાજયના પાલ મુકામે ૨૦૦૦ ટેકેદારો સાથે સભાનું આયોજન કર્યું હતું. તે સમયે ૭ માર્ચ ૧૯૨૨ મેવાડ ભીલ કોર્પ્સના મેજર સટ્ટને આ સભાને ઘેરી હવામાં ગોળીબાર કર્યો હતો. તે સમયે મોતીલાલ તેજાવતના ટેકેદારોમાંથી ૨૨ જણાનાં મૃત્ય થયાં હતાં. ત્યારબાદ લોકો સંગઠિત બની શકયા ન હતા. પછીથી ૧૯૨૯માં તેજાવતની ધરપકડ કરવામાં આવી હતી. ભણાત સ્ટેન્લી (૨૦૦૫)માં જણાવ્યા પ્રમાણે "આ આંદોલન સાબરકાંઠાના વિજયનગર, દઢવાવ, ખેડબ્રહ્મા,

પોશીના અને બનાસકાંઠા તેમજ રાજસ્થાનના કોટડા છાવણી, ડુંગરપુર, ચિત્તોડ, વાંસવાડા વગેરે વિસ્તારમાં આંદોલન ફેલાયેલું હતું. આ આંદોલનને દબાવવા માટે સરકાર દ્વારા કેટલાક પ્રયત્નો કર્યા તેમાં ત્રણ હત્યાકાંડ થયા. જેમાં દઢવાવ, દલપુરા અને ભુલા તેમજ બાબોલિયામાં ઘણા લોકોનાં મૃત્યુ થયાં. આ હત્યાકાંડ થવા પાછળ સત્તા અને જાગીરદારો સામે આદિવાસીઓનો અસંતોષ અને તેમાંથી થયેલો સંઘર્ષ મુખ્ય હતો. મોતીલાલ તેજાવતની ચમત્કારિક છાપ બંદૂકમાંથી ગોળીઓના ભમરા અને પાણી થઈ જવાના બનાવને કારણે આદિવાસીઓ દ્વારા તેમના દેશી હથિયારો દ્વારા સામનો પણ કરવામાં આવ્યો હતો."[૧૧] તે પણ હત્યાકાંડ પાછળનું એક અગત્યનું કારણ ગણી શકાય.

શાંતિ ભારદ્વાજ (૧૯૬૬)માં જણાવ્યું છે કે "૧૯૨૦–૨૧માં મોતીલાલ તેજાવત દ્વારા ભીલોના આ ક્ષેત્રમાં સામંતશાહી અને સામ્રાજયવાદી અત્યાચાર સામે આંદોલન ચલાવવામાં આવ્યું હતું. તે સમયના ઝાડૌલના ઠેકેદાર રાવ શ્રી સરદાર સિંહને દારૂની ખરાબ ટેવના કારણે તેમની જાગીરી પાસેથી પૈસા મનમાની રીતે વસૂલ કરવામાં આવતા હતા. પૈસા નહીં આપતાં તેની સાથે દુર્વ્યવહાર કરવામાં આવતો હતો. સરકાર દ્વારા કોઈ ફરીયાદ સાંભળવામાં આવતી ન હતી. આ જ સમયગાળા દરમ્યાન બિજોલિયા ક્ષેત્રમાં કિસાનોએ આંદોલન ચાલુ કરી દીધુ હતુ. કિસાનોએ જાગીરદાર અને રાજયના શાસનની નહીં માનવા જણાવી દીધું હતુ. આ આંદોલનનું નેતૃત્વ વિજયસિંહ પથિકે કર્યું હતું"[૧૨]. આ આંદોલન સાથે સાથે મોતીલાલ તેજાવત આદિવાસી વિસ્તારમાં સામંતવાદી જુલ્મોની સામે આદિવાસી લોકોને સંગઠિત કરવાનું કામ ચાલું કર્યું હતું. આ સંદર્ભમાં સમય સમય પર આદિવાસી લોકોમાં વિભિન્ન વિસ્તારમાં સભાઓ ભરી લોકોને તેમની સાથે જોડયા હતા. મહારાણા પાસે પણ આદિવાસી આગેવાનો સાથે જઈને ઘણી માગણીઓ કરવામાં આવી હતી. તેમાં કેટલીક સ્વીકારી પરંતુ મુખ્ય બાબતોનો સ્વીકાર કરવામાં આવ્યો ન હતો. તેમના મતે ૩ માર્ચ ૧૯૨૨માં મેવાડ ભીલ કોર્પ્સ આદિવાસીની

એક મોટી સભા ઉપર ગોળીઓ છોડવામાં આવી હતી. જેમાં ૧૨૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા. ત્યારબાદ ૭ વર્ષ જેટલા સમય તેઓ અજ્ઞાતવાસમાં રહ્યા"[૧૩].

ત્યારબાદ મહાત્મા ગાંધી સાથે મુલાકાત થયા બાદ ગાંધીજીએ તેમને આત્મસમર્પણની સલાહ આપી. તેમના આદેશ પ્રમાણે તેજાવતે ખેડબ્રહ્મામાં આત્મસમર્પણ કર્યું હતું.

## ❀ સમાપન :

આમ ૨૦ મી સદીની શરૂઆતથી રાજસ્થાન અને ગુજરાતના સરહદી વિસ્તારમાં આદિવાસીઓ દ્વારા સામાજિક, રાજકીય અને આર્થિક પાસાઓના આધારે આંદોલન ચલાવવામાં આવ્યું હતું. આ આંદોલન રાજસ્થાન અને ગુજરાતના સરહદી ક્ષેત્રના આદિવાસીઓ દ્વારા સામાજિક, રાજકીય અને આર્થિક પાસાઓના આધારે આંદોલન ચલાવવામાં આવ્યું હતું. આ આંદોલન રાજસ્થાન અને ગુજરાતના સરહદી ક્ષેત્રના આદિવાસીઓ દ્વારા સામંતશાહી અને બ્રિટિશરો સામેનો પ્રથમ વિરોધ હતો તેમાં ઘણી સફળતા તેઓને મળી હતી. ઘણા લાંબા સમય સુધી સમયાંતરે વિરોધ ચાલુ રહ્યો હતો. ૧૯૨૦ નો સમયગાળો રાજકીય આંદોલનો દ્વારા સ્વાતંત્ર્ય ચળવળ માટેનો હતો. આ સમય દરમ્યાન રાજસ્થાન સ્ટેટ દ્વારા રાજસ્થાન સેવા સંઘની સ્થાપના ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસની નીતિઓ આધારિત કરવામાં આવી. આ રાજકીય નીતિઓ ખેડૂત અને આદિવાસી આંદોલનમાં સફળ ન થઈ. ખેડૂત અને આદિવાસી આંદોલન સંપૂર્ણ રાજાશાહી વ્યવસ્થાની અને સત્તા સામે ચાલુ રહ્યું હતું. ત્યારબાદ રાજસ્થાન પ્રજા મંડળ દ્વારા સ્વાતંત્ર્ય ચળવળ માટે રાજાઓ પાસેથી ટેકો માંગવામાં આવ્યો હતો. પાછળથી તેનું સંચાલન રાજાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં આદિવાસી લોકોને પણ સામેલ કરવામાં આવ્યા હતા.

મેવાડ પ્રજામંડળ ૨૪ એપ્રિલ ૧૯૩૮માં રાજકીય અને આર્થિક સ્વરૂપે અસ્તિત્વમાં આવ્યું મોતીલાલ તેજાવતે ૧૯૩૯માં ફરીથી આદિવાસી વિસ્તારમાં જવાનો

પ્રયત્ન કર્યો પણ રાજ્ય સત્તા દ્વારા તેમના પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. ઉદયપુર સ્ટેટ દ્વારા પ્રજામંડળને પણ આ વિસ્તારના સંદર્ભમાં કામ કરવામાં કેટલીક મુશ્કેલીઓ પડતી હતી, પરંતુ પ્રજામંડળના કેટલાક કાર્યકરો દ્વારા આદિવાસી વિસ્તારની મુલાકાત કરવામાં આવી. ૧૯૪૦ માં મેવાડ સ્ટેટ દ્વારા આદિવાસી વિસ્તારમાં જવાની મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ પ્રજામંડળ દ્વારા આદિવાસી વિસ્તારમાં થઈ કેટલાક સહાય કાર્યો ચાલુ કરવામાં આવ્યા હતા. તેઓ આદિવાસીઓને તેમની જુદી જુદી સમસ્યાઓના સંદર્ભમાં પણ ચર્ચાઓ કરતા. ત્યારબાદ રાજયની સત્તા દ્વારા એવું લાગવા માંડયુ કે પ્રજામંડળ કાર્યકરો તેમના માટે મુશ્કેલી ઊભી કરી રહ્યા છે. આથી તેમના પર ફરીથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ૨૨ ફેબ્રુઆરી ૧૯૪૧માં રાજ્ય સત્તા દ્વારા ફરીથી પ્રજામંડળ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો હતો. ને તેના કાર્યકરોને આદિવાસી વિસ્તારમાં જવા માટે મંજૂરી આપવામાં આવી હતી. મોતીલાલ તેજાવતને આદિવાસી વિસ્તારમાં જવાની રજા આપવામાં આવી ન હતી. તેઓ દ્વારા ઉદયપુરમાં રહી આદિવાસીઓનો સક્રિય રીતે સંપર્ક ચાલુ રાખવામાં આવ્યો હતો. ને આદિવાસીઓના પ્રજા મંડળને સહકાર આપવા જણાવતા હતા. ઠકકરબાપા ફેબ્રુઆરી ૧૯૪૨માં ઉદયપુરની મુલાકાતે આવ્યા હતા તેમની આ મુલાકાત દરમ્યાન ભીલો અને હરીજનોના સંપર્કમાં આવ્યા હતા. પ્રજામંડળ દ્વારા ભીલો અને હરીજનોના સામાજિક ઉત્થાન માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આદિવાસી ઉત્થાન માટેનું કામ તે સમય બળવંતસિંગ મહેતા દ્વારા પણ ચાલુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રજામંડળ દ્વારા આદિવાસી આંદોલનને આગળ વધારવાનું મોકૂફ રાખ્યું હતું કારણ કે તે સમય ભારત છોડો આંદોલન Indian National Congress દ્વારા ચાલુ થઈ ગયું હતું. ૧૯૪૨માં પ્રજામંડળે પણ રાષ્ટ્રીય ચળવળમાં સક્રિય થઈ ગયું હતું આદિવાસીઓ પણ સ્વતંત્ર રીતે લડત ચલાવી પ્રજામંડળ આંદોલન સાથે જોડાયા હતા. આદિવાસીઓ માનતા હતા કે લોકશાહી સરકાર દ્વારા જ તેમના લાંબા સમયથી ચાલતા સામાજિક, આર્થિક, રાજકીય પ્રશ્નોનો ઉકેલ આવી શકશે.

ત્યારબાદ પ્રજામંડળ જુદા જુદા રાજ્યમાં પણ આકાર પામ્યા હતા. ૧૯૩૯માં સિરોહી રાજ્ય પ્રજા મંડળ દ્વારા મહારાવ સિરોહીને કેટલાક મુદ્દાઓ જેવા કે બેગાર, લાગત, જમીન કર, જમીનના અધિકાર, જંગલ અધિકાર, ગેરકાયદેસરના કર, ન્યાય અને વહીવટી વ્યવસ્થામાં સુધારા, શિક્ષણ વગેરે સબંધી લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. આ ઉપરોકત બધા જ મુદ્દાઓ આદિવાસી લોકો અને રાજ્ય સાથે સંકળાયેલા હતા. પ્રજામંડળના કાર્યક્રમો ભીલો અને ગરાસિયા લોકો સાથે સંકળાયેલા હતા. સમગ્ર લોકોનો સહકાર પ્રજામંડળને હતો. પ્રજામંડળ દ્વારા સિરોહી સ્ટેટના સત્તા મંડળને ઉપરોક્ત મુદ્દા આધારિત આદિવાસી વિસ્તારમાં તપાસ કરવા કમિટી નિમવાની ફરજ પાડી.

ત્યારબાદ સિરોહી રાજ્ય દ્વારા આદિવાસી વિસ્તારમાં તપાસ સમિતિની રચના કરી આ સમિતિ દ્વારા ૧૯૪૦ માં અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. તેના આધારે કેટલીક રાહત ખાલસા ક્ષેત્રના આદિવાસી ખેડૂતોને આપવામાં આવી હતી. પ્રજામંડળ દ્વારા સામાન્ય રાહતનો કઈ પ્રતિભાવ આપવામાં આવ્યો ન હતો તેમના જણાવ્યા પ્રમાણે સિરોહી સ્ટેટના મોટા ભાગના જાગીરદારી નીચે છે અને આદિવાસી મુદ્દા આધારિત જે રાહત આપવામાં આવી છે તે ફકત ખાલસા ક્ષેત્રમાં સામાન્ય છે. આથી પ્રજામંડળ દ્વારા આદિવાસી ખેડૂતોને માટે રાજ્યને ફરજ પાડવાની પ્રક્રિયા ચાલુ રાખી હતી. પ્રજામંડળના ઉદ્દેશ્ય આદિવાસી સમુદાય અલગ વ્યવસ્થામાં રહે છે તેમને રાષ્ટ્રની મુખ્ય ધારામાં લાવવા ન હતા.

પ્રજા મંડળ સાથે જોડાયેલા ડુંગરપુર અને વાંસવાડા સ્ટેટમાં પણ આદિવાસી આંદોલન ચાલુ થઈ ગયા હતા. આ બંન્ને સ્ટેટમાં મુખ્યત્વે આદિવાસી લોકો રહે છે ૧૯૩૮ માં પ્રજા મંડળની શરૂઆત થઈ તે અગાઉ ગોવિંદગુરૂના નેતૃત્વમાં આ વિસ્તાર મજબૂત રીતે આંદોલનની અસર નીચે આવી ગયો હતો. ૧૯૩૮માં માણેકલાલ વર્મા ડુંગરપુર અને વાંસવાડા સ્ટેટમાં આદિવાસી મધ્યે મેવાડ પ્રજામંડળમાં કામ કરતા હતા.

માણેકલાલ વર્માએ તેમનું કાર્ય આદિવાસી બાળકોના શિક્ષણ સાથે જોડાયેલી ખાડિયા આશ્રમથી કર્યું હતું. તેમણે સામાજિક કાર્યના સંદર્ભમાં ૧૯૩૫માં સામાજિક સુધારણાની પ્રવૃત્તિ પણ કરી હતી. તેમાં દારૂ પર પ્રતિબંધ, આર્થિક ક્ષેત્રમાં કામ કરવાની તાલિમ વગેરે જુદા જુદા કાર્યક્રમો રજૂ કર્યા હતા.

૧૯૩૮માં માણેકલાલ વર્મા ઉદયપુર આવ્યા હતા ત્યાં ભગતસેવા મંદિર ચાલુ કરવામાં આવ્યું, તેમ ભોગીલાલ પંડયા ગોરીશંકર ઉપાધ્યાય વગેરે સાથે મળી ૧૯૪૬માં વનવાસી સેવા સંઘની સ્થાપના કરી હતી. આ સંગઠનનો ઉદ્દેશ્ય આદિવાસી સામાજિક આર્થિક સુધારો ઊભો કરવાનો હતો. ત્યારબાદ આ કાર્યક્રરો રાજકીય રીતે સક્રિય થઈ ગયા હતા. વાંસવાડા પ્રજામંડળની સ્થાપના ૧૯૪૫માં થઈ તેની સ્થાપનામાં મોટા ભાગે ભીલો જોડાયા હતા. તે પ્રજામંડળ દ્વારા આદિવાસીઓ, જાગીરદારો, સામંતવાદ અને બ્રિટિશ શાસન સામે લડત ઊભી કરી હતી. વાંસવાડા પ્રજામંડળનો ઉદ્ભવ બેગાર અને જંગલના કાયદા સબંધી હતા.

મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન અંગ્રેજો, જાગીરદારો, દેશી રજવાડાઓના અત્યાચાર અને શોષણની સામે આદિવાસીઓને સાથે સાંકળી સંગઠન બનાવ્યું હતું. આ આંદાલનના નેતા પણ અત્યાચારનો ભોગ બન્યા હતા. આ વિરોધ અને આંદોલનનો સમગાળો રાષ્ટ્રીય ચળવળો, કિસાન ચળવળો અને આદિવાસી ચળવળો સાથે જોડાયેલો હતો. સામંતવાદી વ્યવસ્થાના અને જાગીરદારી વ્યવસ્થાનો ભારે વિરોધ થઈ રહ્યો હતો. રાજસ્થાનમાં બિજોલિયાનું કિસાન આંદોલન જાગીરદાર અને શોષકોનો બહિષ્કાર આ આંદોલન માટે પ્રેરણાસ્ત્રોત બન્યું હતું. આ આંદોલન ઉદ્ભવ થયા પાછળ આદિવાસી લોકો અને તેજાવતની કેટલીક માગણીઓનો અસ્વીકાર મુખ્ય હતો. જાગીરદારો અને રાજાઓ દ્વારા આદિવાસી જીવનની અર્થવ્યવસ્થાને સ્પર્શતા અને સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં પાયાગત માગણીઓ સ્વીકારી ન હતી.

તેને લઈને નેતા અને લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમાં કેટલીક બાબતોને કડક રીતે અમલ કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો હતો. જેથી સંગઠનાત્મક ભાવ બની રહે.

આ આંદોલનમાં સંગઠનને તોડવા માટેના ઘણા અવરોધો ઊભા થયા હતા, છતાં લોકોનું જોડાણ સંગઠનોમાં ઊભું થયું હતુ. આ અદ્વિતીય સફળતા નેતાને લોકો તરફથી મળતાં વિશાળ કાર્યક્રમો આંદોલન અંતર્ગત આપવામાં આવ્યા હતા. આ દરમ્યાન રાષ્ટ્રીય ચળવળો પણ મોટા પાયે ચાલતી હોવાના કારણે મહાત્મા ગાંધીજી દ્વારા પણ નોંધ આ આંદોલનની નોંધ લેવામાં આવી હતી. તેમણે આદિવાસી લોકોને જાગીરદારોનો સાથે હકારાત્મક અભિગમના આધારે પ્રશ્નોનો ઉકલ આવે તેવું ઈચ્છતા હતા. તેનું કારણ રાષ્ટ્રીય આંદોલનમાં જાગીરદારોનો સાથ સહકાર પ્રાપ્ત કરવાનો હતો. મોતીલાલ તેજાવત સુધારાવાદી અભિગમને આ આંદોલન સાથે સાંકળી કેટલીક પ્રવૃત્તિ ચાલુ કરી હતી. કેટલાક ધાર્મિક ચમત્કારિક તત્ત્વો પણ તેમાં જોવા મળતાં હતાં. તેના કારણે હત્યાકાંડની આ ઘટનાઓ જે બની તેમાં મોટા પાયે જાનમાલની હાની થઈ હતી. આ ઘટનામાં બ્રિટિશ શાસન અને જાગીરદારો દ્વારા લશ્કરી કાર્યવાહી કરવાના કારણે આદિવાસી લોકોનો લડતનો જુસ્સો ઓછો થઈ ગયો હતો અને આંદોલન ધ્યેય સુધી પહોંચવામાં નિષ્ફળ બન્યું હતું.

આ આંદોલન અંગ્રેજ અને જાગીરદારો સામે જાગૃતિ ઊભી કરવાના સ્વરૂપે એક સમાજ સુધારણા તરીકે આ આંદોલનમાં લોકો નેતા સાથે જોડાયા હતા. આ આંદોલન સંબંધી હેતુઓ અસંતોષનો વિરોધ અને સામાજિક ધાર્મિક સુધારણા સાથે જોડાયેલા હતા. આ આંદોલન સંબંધી વિભિન્ન અભ્યાસોમાં તેજાવતનો લોકોને સંગઠિત કરવાનો ઉદ્દેશ્ય સત્તાની સામે વિરોધ નોંધાવવાનો હતો. જેથી કરીને સત્તા દ્વારા તેજાવત અને આદિવાસી લોકોનું શોષણ અટકે અને તેમના અધિકારો તેઓ મેળવી શકે આ ક્ષેત્રના લોકો તે સમય દરમ્યાન બિલકુલ અશિક્ષિત હોવાના કારણે તેમને સંગઠિત કરવા મુશ્કેલ હોઈ તેજાવતે સંગઠન ઊભું કરવા ધાર્મિક આધાર લઈ સાથે જોડયા હતા. પરંતુ સત્તા

સાથે સંઘર્ષોના કારણે તેમાં હત્યાકાંડ થવાથી વિપરિત પરિણામો ઊભાં થયાં હતાં. આ ઘટના બન્યા બાદ પણ સત્તા સાથે મતભેદ ચાલુ રહ્યા હતા. ત્યારબાદ આદિવાસી લોકોના વિરોધ અને અસંતોષના કારણે સત્તા દ્વારા કેટલીક છૂટછાટો આપવાની જાહેરાત કરી હતી. જેથી આ આંદોલનને એક પરિવર્તન સૂચક કાર્ય ગણી શકાય.

પાદટીપ :

| સંદર્ભ ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧. | Tribal Revolt | Brijkishor Sharma | 148,149 |
| ૨. | મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન | ભણાત સ્ટેન્લી | ૧૨૪ |
| ૩. | ગુજરાતનો જલિયાંવાલા બાગ 'ઈન્ડીયા ટુ ડે' | ઉદય માહુરકર | ૧૨,૧૩,૧૪,૧૫ |
| ૪. | મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન | ભણાત સ્ટેન્લી | ૮૦,૮૧ |
| ૫. | ભારતનું ગ્રામ જીવન | એમ.એન.શ્રીનિવાસ | ૧૨૧,૧૨૨ |
| ૬. | Tribal Revolt | Brijkishor Sharma | 148,149 |
| ૭. | સામાજિક આંદોલન કા સમાજશાસ્ત્ર | પી. સી. જૈન | ૧૩૧ |
| ૮. | Tribal Revolt | Brijkishor Sharma | 140,141 |
| ૯. | ભારતનું ગ્રામ જીવન | એમ.એન.શ્રીનિવાસ | ૧૨૨ |
| ૧૦. | મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન | ભણાત સ્ટેન્લી | ૭૭ |
| ૧૧. | એજન | | ૧૧૭,૧૧૮ |
| ૧૨. | અંધેરે કે સાથી | શાંતિ ભારદ્વાજ | ૬૫,૬૬ |
| ૧૩. | એજન | | ૭૨ |

❀❀❀

# પ્રકરણ - ૫
# ગોવિંદગુરૂનું આદિવાસી આંદોલન

- ❀ પ્રસ્તાવના
- ❀ ગોવિંદગુરૂનું આંદોલન
- ❀ ભગત આંદોલનના સિદ્ધાંતો
- ❀ સામાજિક અને ધાર્મિક સુધારણા ચળવળ
- ❀ આંદોલનનાં કારણો
- ❀ ૧૯૧૩ ના ભીલોના બળવાની ઘટનાઓ
- ❀ આંદોલનનાં પરિણામો
- ❀ માનગઢ હત્યાકાંડ
- ❀ ભગત આંદોલનની અસર
- ❀ રાજકીય અસર
- ❀ સમાપન

# પ્રકરણ - ૫
# ગોવિંદગુરૂનું આદિવાસી આંદોલન

## ❀ પ્રસ્તાવના :

ગુજરાતમાં અનેકવિધ ઐતિહાસિક તબક્કાઓમાં સુધારાવાદી અને વિરોધાત્મક સ્વરૂપનાં આંદોલનો થયાં હતાં અને આ આંદોલનો સાથે અનેકવિધ સામાજિક પરિણામો જોડાયાં હતાં. આ આંદાલનમાં વિશેષતઃ ગોવિંદગુરૂ અને ગુજરાત અને રાજસ્થાનના સરહદી વિસ્તારના આદિવાસી જોડાયા. ૧૮ મી થી ૨૦ મી સદીના સંદર્ભમાં આ પ્રકારની ચળવળમાં અનેક નેતૃત્વની સામેલગીરી રહી હતી આ સાથે જ સામાજિક સુધારણા અલગ અલગ સ્વરૂપે ઊભી થઈ હતી. ગોવિંદગુરૂની ભગત સુધારણા (કે જે સામાજિક સુધારણા સંદર્ભમાં હતી)ને વેગ આપવાના હેતુથી ભગત સંપ્રદાયની સ્થાપના કરવામાં આવી જેની ભીલો પર મોટી અસર ઊભી થઈ હતી.

સામાજિક પરિવર્તનમાં આંદોલન વિદ્રોહ અને બળવાઓ અગત્યની ભૂમિકા ભજવતા હોય છે તેમાં વિરોધ કે કોઈ સંઘર્ષ પાયામાં હોય છે. માર્કસ અનુસાર સમાજ વ્યવસ્થા, સામાજિક સંબંધો, ઉત્પાદન પ્રણાલીથી પ્રભાવિત થાય છે જેની સમાજ વ્યવસ્થામાં પરિવર્તન આર્થિક માળખાના કારણે ઊભું થાય છે. તેમ જોવા મળે છે.

સ્વાતંત્ર્ય પૂર્વે બ્રિટિશ શાસન અને રાજાઓ, જાગીરદારોના સમયમાં રાજ્યના શાસકો સંપૂર્ણ જમીનના સ્વામી હતા. જે વ્યકિત રાજાઓ અને સામન્તોને સહકાર આપે તેને જાગીરી આપીને સન્માનિત કરવામાં આવતો હતો. તેને ઠાકોર અને જાગીરદારા તરીકે ઓળખાવવામાં આવતા હતા.

આ સમયની અંદર ખાલસા પ્રથા ચાલતી હતી. તેમાં જમીન સીધી રાજાના અધિકારમાં હતી. તેમાં જમીનની ઉપજ સીધી રાજાના ભંડારમાં જમા થતી હતી.

ત્યારબાદ જાગીરદારી વ્યવસ્થા ઊભી થઈ, તે જમીન જાગીરદારોના અધિકારમાં હતી. આ વ્યવસ્થામાં રાજા પોતાની જમીનનો કેટલોક ભાગ જાગીરદારો અને ઠાકોરોને આપતો હતો. આ ભાગ જાગીરદારો વેચી શકતા ન હતા, પરંતુ વિશેષ આદેશ થી તે વેચી શકતા હતા. જાગીરદારોને ઘણા અધિકારો આપવામાં આવ્યા હતા. જેથી જાગીરદારો તેમની ઈચ્છા પ્રમાણે કર વસૂલ કરી શકતા હતા. જેના કારણે આદિવાસી લોકોની સ્થિતિ દયનીય બની ગઈ હતી. આ ઉપરાંત શાસકો દ્વારા કેટલાક અયોગ્ય કર પણ લાગુ પાડવામાં આવ્યા હતા. જેવા કે ગામમાં ઘરમાં રહેવાનો કર, મકાનમાં ચૂલો બાળવાનો કર, છોકરીના લગ્ન કરાવવાનો કર, નગરના રક્ષણ માટેનો કર આ પ્રકારની સ્થિતિ ૧૮મી, ૧૯મી અને ૨૦ મી સદીમાં થયેલા અત્યાચાર શોષણની પ્રક્રિયા ચાલુ રહી હતી. આ પરિસ્થિતિઓના કારણે આદિવાસીઓ આંદોલન અને વિદ્રોહ કરવા માટે પ્રેરાયા હતા.

આ સમય દરમ્યાન રાજસ્થાનના ડુંગરપુર, બારાપાલ અને અન્ય કેટલીક જગ્યાઓ પર વિહોદ્ર ચાલુ થઈ ગયા હતા. આ સંદર્ભમાં ગૌરીશંકર હીરાચંદ ઓઝા (૨૦૦૦)માં "ભીલ વિદ્રોહ" વિશે જણાવતાં કહ્યું છે કે – "ડુંગરપુરમાં જયારે મહારાવળ તેમના વિસ્તારની ભ્રમણયાત્રાએ હતા ત્યારે માન્ડવાના ભીલોએ મહારાવળના લશ્કરનો સામાન લૂંટી લીધો હતો. તેમની સભા પર પણ આક્રમણ કર્યું હતું અને લૂંટ ચલાવી હતી, ૧૮૬૭ માં દેવળના પાલ વિસ્તારના ભીલોએ રાજયની આજ્ઞાનું ઉલ્લંઘન કરી, ડુંગરપુરથી ખેરવાડાનો માર્ગ બંધ કર્યો હતો. તેમજ દેવળ પાલના અમલદારની હત્યા કરી. આ પરિસ્થિતિનાં મુખ્ય કારણોમાં કર વસૂલીમાં પડતી મુશ્કેલીઓ મુખ્ય હતી. તે સમયે આ બાબતના વિરોધમાં ૧૪ સિપાઈઓની હત્યા કરવામાં આવી. ડુંગરપુરના મહારાવળે ઠાકોર રઘુનાથે સેનાને આદિવાસી વિરુદ્ધ મોકલી, રઘુનાથે આદિવાસીઓના મુખીને બોલાવી તેની હત્યા કરાવડાવી જેનાથી ભીલોમાં મહારાણા પ્રત્યે અવિશ્વાસની ભાવના ઊભી થઈ. તેઓ વધુ વિદ્રોહના માર્ગે વળ્યા. પરંતુ તે સમયે મેવાડ ભીલ

કોર્પ્સની કેટલીક કંપની બોલાવવામાં આવી જેનાથી તેઓ આ વિદ્રોહને દબાવવામાં સફળ થયા હતા.

આ ઉપરાંત પણ કેટલીક પરિસ્થિતિ હતી કે જેનાથી બળવો ફરીથી સક્રિય બન્યો હતો. તેમાં રાજા સરદારોએ પોતાની મનમાની કરવાની શરૂઆત કરી પોતાના પટ્ટા કે વિસ્તારના નિર્ણયો જાતે કરવા લાગ્યા અને અધિકારીઓનો દુરુપયોગ કરવા લાગ્યા. તેથી મહારાવળે તેમના પર અંકુશ મૂકવાનો પ્રયત્ન કર્યો. મહારાવળે સરદારો પાસેથી અધિકારો પાછા તેની પાસે લઈ લીધા. જેથી સરદારોમાં અસંતોષ વ્યાપ્યો અને તેમણે પણ પાછળથી આદિવાસી વિદ્રોહને સહકાર આપ્યો. શ્યામલદાસ તેમના ગ્રંથ "વીર વિનોદ"ના બીજા ભાગમાં ૧૮૮૧માં બારાપાલમાં થયેલા આદિવાસી વિદ્રોહનો ઉલ્લેખ કરતાં કહયું છે કે બ્રિટિશ સરકાર દ્વારા આદિવાસીઓમાં અનેક સુધારા લાગુ કરવામાં આવ્યા. તેઓ આ સુધારાઓને તેમના અધિકારો પરના પ્રહારો તરીકે સમજતા હતા. ૧૮૮૧ માં કેટલાક સુધારા લાગુ કરવામાં આવ્યા. તેમાં આદિવાસી વસ્તી ગણતરી, મદ્યપાન પર પ્રતિબંધ આદિવાસી વિસ્તારમાં પોલીસ ચોકીની વ્યવસ્થા, અંધ શ્રદ્ધા પર પ્રતિબંધ વગેરે સુધારા લાગુ પાડવામાં આવ્યા હતા. તેના વિરોધમાં ૧૮૮૧માં વિદ્રોહ કરવામાં આવ્યો અને બ્રિટિશ શાસન સામે કેટલીક માગણીઓ મૂકવામાં આવી. જેમાં (૧) આદિવાસી વિસ્તારમાં પોલીસ ચોકી બનાવવી નહી, (૨) આદિવાસીઓના પરસ્પર ઝઘડામાં મહારાણાએ હસ્તક્ષેપ કરવો નહી, (૩) જો સ્ત્રી ડાકણ હોય અને શંકા જાય તો તેને મારવાની રજા આપવી, (૪) વસ્તીગણતરી કરવી નહી વગેરે આ ઉપરોક્ત માગણીઓના સંદર્ભે મહારાણા સાથે કેટલીક રીતે સમજૂતી થઈ પરંતુ તેઓ અત્યાચાર અને શોષણ તેમજ કેટલીક બાબતોથી તેઓ સંતુષ્ટ નહી હોવાથી ફરીથી તેઓ વિદ્રોહ કરવા તરફ વળ્યા હતા."[૧]

આમ આદિવાસી વિરોધના સંદર્ભમાં આ પ્રકરણમાં ગોવિંદગુરૂ આંદોલનમાં સામાજિક ધાર્મિક સુધારણા ૧૯૧૩ના ભીલોના બળવાની ઘટનાઓ, આંદોલનના

પરિણામો, ભગત આંદોલનની અસર, રાજકીય અસરને ધ્યાનમાં રાખી આ આંદોલનની આદિવાસી સમાજ વ્યવસ્થા ઉપર ઊભો થયેલો પ્રભાવ અને તેના કારણે સામાજિક વ્યવસ્થામાં પરિવર્તનને જોવાનો પ્રયત્ન કર્યો છે.

## ❀ ગોવિંદગુરૂનું આંદોલન :

ગોવિંદગુરૂનું આદિવાસી આંદોલન સુધારવાદી ચળવળ સ્વરૂપે ૨૦ મી સદીના પ્રથમ અને બીજા દાયકામાં ચાલુ થયું હતું. આ આંદોલન ભગત આંદોલનના નામે પણ ઓળખાતું હતું. ગોવિંદગુરૂએ તેમના આંદોલનમાં ધાર્મિક આધાર લઈ હિન્દુ વિચારસરણીને અનુસરવા પર વધારે ભાર મૂકયો હતો. અન્ય ધર્મનો પ્રભાવ અને વિચારસરણીનો તેમણે વિરોધ કર્યો હતો, હિન્દુ વિચાર સરણી અપનાવવાનો તેમનો હેતુ સમગ્ર ભારતને એક વિચારધારા સાથે સાંકળી તેનો વિકાસ કરી શકાય. તેમણે વ્યકિતને શાકાહારી જીવન અપનાવવા અને સાથે સાથે પોતાનું જીવન સ્તર ઊંચે લઈ જવાની વાત કરી. જેના કારણે લોકોની પશુ પર દયાની ભાવના ઊભી થાય. આવા પ્રકારના કેટલાક સુધારવાદી કાર્યોને લઈ આ આંદોલન આગળ વધ્યું હતું. તેની સાથે સાથે તેમણે ભીલ અલગ રાજ્યની સ્થાપનાની પણ વાત કરી હતી. જેમાં રાજકીય આંદોલનનું સ્વરૂપ ઊભું થયું હતું. આમ ધાર્મિક સામાજિક અને રાજનૈતિક ત્રણ પ્રકારના તત્ત્વો આ આંદોલન સાથે જોડાયેલાં હતાં.

ગુજરાતના પંચમહાલ જિલ્લામાં બ્રિટિશ શાસન પછી આદિવાસી ગતિવિધિમાં તેજી આવી હતી. અરૂણલાલ વાઘેલા (૨૦૦૩)માં જણાવે છે કે "૧૯૬૮માં બારીયા, છોટા ઉદેપુર અને ગોધરાના નાયકાઓએ વિદ્રોહની સ્થિતિ ઊભી કરી હતી અને ગુજરાતમાં બ્રિટિશ અમલનો સૌથી પ્રથમ વિરોધ કરનાર લોકો આદિવાસી હતા. ૧૮૫૭ ના વિપ્લવની અસર ગુજરાતમાં પણ વ્યાપક પણે થઈ હતી. તે સમયના પંચમહાલના નેતા તાત્યાટોપે પંચમહાલ, ગોધરા, કાલોલ, દેવગઢબારીયા, ઝાલોદ,

લીમડી વગેરે જગ્યાએથી સારી મદદ મળી હતી. આ વિદ્રોહમાં આદિવાસી લોકોએ બ્રિટિશ શાસનનો વિરોધ કર્યો હતો."[૨]

સામાજિક સુધારણા માટેના થયેલા પ્રયત્નોમાં સામાજિક ધાર્મિક આધાર પર ગોવિંદગુરૂ નામના વણઝારા જ્ઞાતિના ગુરૂ દ્વારા આદિવાસી, સમાજમાં રાજકીય, સામાજિક અને આર્થિક ક્ષેત્રે પરિવર્તન લાવવાનું મહત્ત્વનું કામ કર્યું. ઝાલોદ, દાહોદ અને સંતરામપુરના આદિવાસી સમાજ પર ગોંવિદગુરૂ અને તેમના ભગત સંપ્રદાયની વ્યાપક અસર ઊભી થઈ હતી તેમજ આદિવાસી સમાજમાં સર્વાંગી સુધારણા લાવવાનો પ્રયાસ ઈ.સ. ૧૯૨૧–૨૨ ના વર્ષમાં 'ભીલ સેવા મંડળ' દ્વારા કરવામાં આવ્યો હતો.

૧૮૬૩માં જન્મેલા ગોવિંદગુરૂ ડુંગરપુર રાજયના વણઝારા જ્ઞાતિના હતા તે પોતે ગણોતિયા ખેડૂત હતા. તેમની ગરીબ આર્થિક સ્થિતિ અને તેમની પત્ની અને દીકરાના મૃત્યુએ તેમનું ધ્યાન આધ્યાત્મિકતા તરફ વાળ્યું અને સંન્યાસી બન્યા. તેઓ બુંદીકોટા અખાડાના સાધુ રાજગીરના શિષ્ય બન્યા. તેમણે વેદસા ગામમાં તેમની ધૂણી અને ધજાની સ્થાપના કરી અને આજુબાજુના વિસ્તારના ભીલોને આધ્યાત્મિકતાનું શિક્ષણ આપવાની શરૂઆત કરી.

તેમણે સુધારા પ્રવૃત્તિનો પ્રારંભ ૧૮૯૯–૧૯૦૦ ના દુષ્કાળથી કર્યો તેમણે તેમના ઉપદેશોમાં એકેશ્વરવાદ ઉપર વધુ ભાર મૂકયો હતો. તેમના શિષ્યો જેઓ ભગત તરીકે ઓળખાવા લાગ્યા તેમણે એકેશ્વરવાદમાં સારા આચાર વિચાર અને સ્વચ્છતાના પાઠ શિખવાડી દારૂ, માંસ અને અન્ય સામાજિક અને ધાર્મિક ખરાબીઓમાંથી લોકોને બહાર લાવવાની વાત કરી જેના કારણે લોકો પોતાના સામાજિક, ધાર્મિક રીત રિવાજો મૂલ્યો બદલવાની પ્રક્રિયામાં જોડાયા હતા આ પરિવર્તનની અસર દેશી રાજયો અને બ્રિટિશ શાસન સામે પણ જોખમરૂપ જોવા મળતી હતી. દેશી રાજયોમાં દારૂ, વેઠ, શોષણ જેવી બાબતો મુખ્ય હતી. આ બાબતોનો ત્યાગ કરવાના ઉપદેશોના કારણે તેમને તેમના વિસ્તારમાંથી હદ પાર કરવામાં આવ્યા હતા. એપ્રિલ ૧૯૧૩ માં તેઓ

ડુંગરપુરથી ભાગી ઈડર રાજયમાં આવ્યા હતા. ઈડર રાજયમાં પણ તેમને રાજય વિરુદ્ધ વિદ્રોહ કરવાની દહેશતના કારણે તેમને અને તેમના અનુયાયીઓની ધરપકડ કરવાનું ચાલુ કર્યું. ઓકટોબર, ૧૯૧૩ માં ગોવિંદગુરૂ ત્યાંથી ડુંગરપુર અને વાંસવાડા રાજયમાં ભાગી છૂટયા હતા. તેમણે માનગઢ નામની જગ્યાએ આશ્રય લઈ ત્યાં ગુરૂદ્વારાની સ્થાપના કરી તે સમયે દરમ્યાન દેશી રજવાડાઓ તરફથી સંપ્રદાયના અનુયાયીઓને હેરાનગતિ અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં કનડગત ચાલુ રહેવાના કારણે તેમણે આદિવાસી રાજ્ય બનાવવાની વાત કરી અને ગોવિંદગુરૂના કહેવાથી પંચમહાલના હજારો ભીલ લોકો માનગઢ મુકામે નવેમ્બર ૧૯૧૩ માં એકઠા થયા હતા. આ ભીલ રાજયની માગણી ના કારણે ડુંગરપુર, કુશલગઢના દેશી રાજયો એ કાયદો અને વ્યવસ્થા જાળવવાના પ્રયત્નોના કારણે દેશી રાજયો અને બ્રિટિશ સેનાઓએ ૧૭ નવેમ્બર, ૧૯૧૩ ના રોજ માનગઢ ટેકરી પર હુમલો કર્યો. જયાં ગોવિંદગુરૂ અને તેમના શિષ્યોને પકડવામાં આવ્યા હતા. શરૂઆતમાં ગોવિંદગુરૂ પર રાજય વિરુદ્ધ પ્રવૃત્તિ કરવાના સદર્ભમાં ફાંસીની સજા નક્કી કરવામાં આવી. પરંતુ પાછળથી ૧૦ વર્ષ સુધી જેલની સજા નક્કી કરવામાં આવી ૧૯૨૩ માં તેઓ જેલમાંથી મુકત થયા ૧૯૨૩ પછી બ્રિટિશ શાસન વાળા ક્ષેત્ર પંચમહાલમાં તેમણે પોતાના સંપ્રદાયનો ફેલાવો શરૂ કર્યો. ત્યારબાદ તેઓ ભીલ સેવા મંડળ સાથે પણ જોડાયા હતા. છેલ્લે ઝાલોદના લીમડી તાલુકાના કંબોઈ વિસ્તારમાં ૧૯૩૧ માં તેઓ મૃત્યુ પામ્યા.

આ આંદોલન ભગત આંદોલન તરીકે ઓળખાતું હતું. પંચમહાલના આદિવાસીઓમાં ભગત ચળવળ સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે ઊભી થઈ હતી. ભગતનો અર્થ સામાન્ય રીતે એવો થાય છે કે તે હિંદુ દેવોમાં માનતો હોય, શાકાહારી ખોરાક વાપરતો હોય, મદ્યપાન ન કરતો હોય વગેરે આચારો તેમાં સંકળાયેલા હોય છે. એસ. કે. નવલખાના શબ્દોમાં અરૂણ વાધેલા (૨૦૦૩)માં જોઈએ તો "સામાન્ય પણે 'ભગત' શબ્દ એવા લોકોના સંદર્ભમાં વપરાય છે કે જેઓ સામાજિક અને પારિવારિક પરિવેશમાં રહીને અનેકાનેક સદ્‌ગુણોનું પાલન કરે છે સમર્પણ, અહિંસા અને સત્ય જેવા મૂળભૂત

સિદ્ધાંતો તેમને જીવન જીવવા માટે દોરવણી આપે છે. તેમજ અન્ય કેટલાક અર્થ પ્રમાણે 'ભગત' શબ્દ એટલે મૂળભૂત રીત આદિમ ધર્મ એટલે ગૂઢ વિદ્યામાંની માન્યતા છોડી અને હિંદુ દેવોમાં અને તેની સાથે જોડાયેલી માન્યતાઓમાં શ્રદ્ધા ધરાવે છે. વધુમાં એવું જોવા મળે છે કે તેઓએ જૂની બધી માન્યતાઓનો ત્યાગ કર્યો છે અને નવી માન્યતાઓ અપનાવી છે. જે નવા ધર્મમાં જરૂરી માનવામાં આવે છે."[3]

આ આધારે, ગોવિંદગુરૂનું ભગત આંદોલન હિંદુ ધર્મ સાથે જોડાયેલું હતું. તેમણે હિંદુ અને શૈવ મતના સિદ્ધાંતો અનુસાર કેટલાક સિદ્ધાંતો આદિવાસી લોકો સામે રજૂ કર્યા હતા, જેના કારણે તેઓ પોતાનું આત્મકલ્યાણ કરી શકે.

## ❀ ભગત આંદોલનના સિદ્ધાંતો :

પ્રકાશચન્દ્ર જૈન (૨૦૦૦) "ગોવિંદગુરૂ દ્વારા આપવામાં આવેલા કેટલાક સિદ્ધાંતોની ચર્ચા કરી છે જે નીચે મુજબ છે.

(૧) ઈશ્વર એક છે.

(૨) મૂર્તિપૂજા કરવી યોગ્ય નથી.

(૩) ઈશ્વરમાં પૂરી આસ્થા અને શ્રદ્ધાથી અર્ચના આરાધના કરવી જોઈએ.

(૪) રવિવારના દિવસે દરેક અનુયાયીએ શારીરિક રીતે સ્વચ્છ થઈ ઈશ્વરની આરાધના કરવી જોઈએ.

(૫) માતા પિતા અને વડીલોની આજ્ઞા માનવી જોઈએ.

(૬) અહિંસાત્મક જીવન જીવવું જોઈએ.

(૭) વ્યભિચારથી દૂર રહેવું જોઈએ.

(૮) હંમેશા સત્ય બોલવું જોઈએ.

(૯) ઈશ્વર એક જ છે કે જે સંકટના સમયે મદદ કરેછે તેને ભૂલવું ન જોઈએ.

(૧૦) વ્યકિતએ એટલું જ કમાવું જોઈએ જેનાથી તેનું અને તેના કુટુંબનું ભરણ પોષણ થઈ શકે."[૪]

ઉપરોક્ત બધા ઉપદેશો ધાર્મિક અને નૈતિક સ્વરૂપે હતા. આ તમામ આધારો જે ખ્રિસ્તી ધર્મગ્રંથમાં ખ્રિસ્તી ધર્મના આચારો તરીકે પણ આપવામાં આવેલા છે. જેના આધારે ગોવિંદગુરૂ દ્વારા આ ચળવળમાં સામાજિક સુધારણા સ્વરૂપે લોકોની સુધારાવાદી પ્રવૃત્તિ તેમણે કરી હતી. ગોવિંદગુરૂની સુધારાવાદી પ્રવૃત્તિની સાથે સાથે આદિવાસીઓની આર્થિક સ્થિતિ સુધારવાની પણ વાત કરી હતી. ખેતી ક્ષેત્રમાં સિંચાઈ વ્યવસ્થા પર વધુ ભાર તેમણે મૂકયો. આર્થિક ઉત્પાદન અને તેના સંદર્ભમાં થતા શોષણને અટકાવવું જોઈએ વગેરે બાબતોના આધારે આદિવાસી લોકોમાં એક પ્રકારની ચેતનાનો વિકાસ થયો અને સભાનતા વધી તેમનું કોણ અને કેવી રીતે શોષણ કરે છે. તેમના તેઓ વાસ્તવિક સ્થિતિ વિશે માહિતગાર બની આંદોલન કરવા તરફ પ્રેરાયા હતા. જયારે આદિવાસીઓમાં ચેતનાનો વિકાસ થયો ત્યારે ગોવિંદગુરૂએ તેનો લાભ ઉઠાવી ભીલોને સંગઠિત કરી ભીલ અલગ રાજ્ય માગણી રાજા અને બ્રિટિશ શાસન સામે મૂકી જેના કારણે માનગઢ હત્યાકાંડ થયો અને ઘણા આદિવાસી લોકો મૃત્યુ પામ્યા હતા.

૧૯મી સદી દરમ્યાન મેવાડ, ભીલના વિદ્રોહો, બળવા અને ચળવળોનું કેન્દ્ર હતું. તેમ છતાં ડુંગરપુર અને વાંસવાડામાં પણ અશાંત અને વિવિધ છૂટા–છવાયા વિદ્રોહો જોવા મળ્યા. તેમાં ભીલો પરના કોઈપણ રાજકીય અને વહીવટી ભાર હળવા કર્યા વગર બધા વિરોધોને અટકાવવા પ્રયત્ન કર્યો. મેવાડ રાજ્ય અને બ્રિટિશ સત્તાધીશોએ બળવાઓને કચડી નાખવા તેમનાથી બનતા અનેક પ્રયત્નો કર્યા, પરંતુ સફળ ન થયા અને છેવટે તેમને ભીલો સાથે સમજૂતી કરવી પડી. આમ ૧૮૮૧ ના બળવાનો અંત આવ્યો, જોકે બ્રિટિશ અને મેવાડ સત્તાધીશો વચ્ચે ૧૮૮૧ ના કરાર બાબતે મતભેદ હતા. ૧૯મી સદીના અંત સુધીમાં બંન્ને પક્ષો ભીલોને છૂટછાટ આપવા સહમત થઈ ગયા હતા. આ કરાર દ્વારા ભીલોએ કેટલીક છૂટછાટો પ્રાપ્ત કરી. બ્રિટિશ સરકાર અને મેવાડ રાજ્ય સત્તાધીશોએ ભીલ બળવાઓને અટકાવવા માટે ઘટતાં પગલાં લીધાં.

એક બાજુ તેમણે ભીલો માટે છૂટછાટોની જાહેરાત કરી અને બીજી બાજુ તેમણે કાર્યક્રમ મિલિટરી અને સિવિલ નિયંત્રણોના જૂથની સ્થાપના ભીલોના પ્રદેશમાં કરી. મેવાડ રાજ્યમાં આ પ્રયત્નો થોડી માત્રામાં ભીલોને લાંબા સમય સુધી શાંત રાખવામાં સફળ થયા. આમ ૨૦મી સદી પહેલાંના વર્ષોમાં ભીલોના બળવાઓની ઉત્પત્તિ ડુંગરપુર અને વાંસવાડા રાજ્યોમાં થઈ ગોવિંદગુરૂએ સામાજિક અને ધાર્મિક સુધારાઓની ચળવળ ૧૯૦૫ માં ડુંગરપુર અને વાંસવાડાના રાજ્યોમાં શરૂ કરી જે વિકાસની પરાકાષ્ટાએ રાજકીય અને આર્થિક બળવામાં પહોંચી હતી.

## ❀ સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળ :

ભીલો મધ્યે ધાર્મિક અને સામાજિક સુધારાની ચળવળ શરૂ કરનાર સુધારાવાદી, ગોવિંદગુરૂ નામે ઓળખાય છે. તેમણે સામાજિક અને ધાર્મિક ઉપદેશો મારફતે ભીલોના નૈતિક્તા અને જીવનના આવશ્યક જરૂરિયાતોને ઊંચે લઈ જવા પ્રયત્નો કર્યા. ગોવિંદગુરૂના શિક્ષણે ભીલોને જાગૃત કર્યા અને સામાજિક તથા ધાર્મિક ચળવળ તરીકે વિકસી ભીલોના રાજકીય, આર્થિક બળવામાં પરિણમી. સત્તાકીય વર્ગોની વ્યવસ્થા આ ચળવળ માટે જવાબદાર હતી.

ગોવિંદગુરૂનું મુખ્ય શિક્ષણ તેમના પોતાના શબ્દોમાં બ્રિજ કિશોર શર્મા (૧૯૯૬) પ્રમાણે – "તે સમયે હું ગરીબ, સત્તા કે અધિકારને વશ થનાર અને જંગલી ભીલ લોકો મધ્યે રહ્યો જેમને સર્જનહાર/પરમેશ્વર વિશે ખ્યાલ નહોતો. જેઓ મારી ઝૂંપડીએ આવતા તેમને શાહુકારની જેમ વર્તવા હું તેમને સલાહ આપતો. મે તેમને ધર્મ અને સત્યનો માર્ગ બતાવ્યો, ઈશ્વરની ભક્તિ કરવા, ચોરી, વ્યભિચારી, છેતરપિંડી, કપટ ન કરવા બીજા સાથે શત્રુતાની લાગણીને વળગી ન રહેવા, એક જ માતા–પિતા ભગવાનના સંતાનની જેમ બધા પ્રત્યે આદર રાખવો, ખેતી કરવી અને પોતાનો નિર્વાહ કરવો તેમજ ભૂત પ્રેત, ચૂડેલ, જાદુ કરનાર, ભોપા અને બીજા વહેમોમાં શ્રદ્ધા ન રાખવી તેમજ તેમની સામે રક્ષણ માટે ધૂણી અને ધજાઓની સ્થાપના કરી તેની ભક્તિ કરવા તેમણે ઉપદેશ

આપ્યો. માંસ–મદિરા ન લેવા, સ્નાન કરવા અને જમતાં પહેલાં ઈશ્વરની ભક્તિ કરવાનું પણ કહ્યું ખૂન ન કરવા, ભોગ વિલાસ ન કરવા, લોભી ન બનવા, માતાપિતાની આજ્ઞા માનવા, જૂઠી સાક્ષી ન બનવા, ઈશ્વરમાં વિશ્વાસ, શ્રદ્ધા રાખવા, હજારો દેવોની પૂજા ન કરવા પણ ભીલોને શિક્ષણ આપ્યું."ભીલોની સામાજિક ટેવો અને ધાર્મિક માન્યતાઓના સુધારા કરવાની નિખાલસ ઈચ્છાથી ગોવિંદગુરૂ સક્રિય બન્યા તેમના પ્રયત્નો દ્વારા ભીલો તેમની જૂની અંધકાર અને બર્બર સ્થિતિઓમાંથી બહાર આવવા લાગ્યા. આથી ગોવિંદગુરૂનું શિક્ષણ તે સમયમાં સામાજિક–ધાર્મિક બંધનોમાંથી સ્વતંત્રતાનો સંદેશો લાવ્યું અને ભીલો લઘુતાગ્રંથિની સ્થિતિમાંથી બહાર આવ્યા. ભીલોને પોતાને ઉચ્ચ હિન્દુજ્ઞાતિઓની સમાન ગણતરીમાં લેવા શીખવ્યું. ઘણાને હજુ પણ યુવાન વિધવાના પુન : લગ્ન પ્રતિબંધ જેવા કહેવાતા ખરાબ રિવાજો જેવી થોડી બાબતોમાં ઉતરતી કક્ષાના જાહેર કરેલા હતા. ગોવિંદગુરૂ પંથ (સંપ્રદાય) જણાવે છે કે રાજપૂતો ઘણા ઘાતકી છે, તેથી તેમની પુત્રીઓની હત્યા કરે છે. જેથી તેમને બીજાઓ સાથે લગ્ન ન કરાવવા પડે રાજપૂતો તેમની યુવાન વિધવાઓને પુન : લગ્ન માટે પરવાનગી નથી આપતા અને જો આ સ્ત્રીઓ યુવાનીની ઉંમરમાં વિધવા થાય તો સગીર વૈધવ્યનું પાપ તેમના માથે રહે છે તેવું માનતા હતા. વૈધવ્યની તેમની જિંદગી દુ:ખી અને કોઈપણ સુખસગવડ વિનાની હોય છે. સાચો બ્રાહ્મણ જોવા મળતો નથી. જનોઈ હવે માત્ર બ્રાહ્મણની નિશાની છે જે કોઈ તેને પહેરે છે તે બ્રાહ્મણ છે તેઓ રાજપૂત જેવા જ દુષ્ટ છે તેઓ તેમની વિધવાઓના ગર્ભપાત માટે ગુનેગાર છે."[૫]

આ વિચારોએ ભીલો પર પ્રકાશ પાડયો અને તેમને તેમની પરિસ્થિતિઓ અને અધિકારો વિશે જાગૃત કર્યા. આ વિચારોએ પણ તેમને એવો વિચાર કરવા ફરજ પાડી કે, તેમના હાલના નિયંત્રક રાજાઓ અને ઠાકરોએ તેમને કચડી નાખીને નીચે પાડયા છે. જ્યારે તેઓ ભીલ જમીનના માલિક છે, અને ફરીથી તેના પર શાસન કરવું જોઈએ.

ઉપરોક્ત ઉપદેશો અને કલ્યાણકારી પ્રવૃત્તિઓ સાથે ગોવિંદગુરૂનો પંથ ભીલો મધ્યે પ્રસિદ્ધિ પામતો જતો હતો તેનો પ્રભાવ ભીલો પર ઝડપથી વધતો ગયો. ૧૯૦૫માં ગોવિંદગુરૂ ભીલોને એક કરવા "સંપસભા" સંગઠનની સ્થાપના કરી. આ સભાના માળખાનો ફેલાવો ભીલોના વિશાળ ક્ષેત્ર પર થયો. આ પ્રવૃત્તિઓએ શાસકોને, તેમના અધિકારીઓ અને જાગીરદારોને સચેત કર્યા, તેમને ડર લાગ્યો કે, ગોવિંદગુરૂનો પ્રભાવ તેમની સત્તાને ઉથલાવી નાખી પાયો કાઢી નાખશે અને તેઓ બધા ઉપદેશકોને તેમના પોતાના રાજ્યની બહાર કાઢી મૂકવા આતુર બન્યા. સત્તાધિકારીઓના ઉપરોક્ત વલણે ભીલોમાં પ્રતિક્રિયા ઉત્પન્ન કરી. આથી આ ચળવળ ધીમે ધીમે રાજકીય સ્વરૂપ ધારણ કરવા લાગી. દક્ષિણ રાજસ્થાન અને ગુજરાતના ક્ષેત્રને અડીને આવેલા રાજ્યો અને પરગણાઓમાં ભીલોની વસ્તી તે સમયે નીચે પ્રમાણે હતી.

| વિસ્તાર | ટકા |
|---|---|
| વાંસવાડા | ૫૭.૯૧ |
| ડુંગરપુર | ૪૬.૬૨ |
| પ્રતાપગઢ | ૩૩.૩૮ |
| કુશલગઢ | ૭૭.૭૦ |
| ઈડર | ૪૧.૭૧ |
| પાલ | ૮૪.૯૯ |
| સુંથ | ૫૧.૧૬ |

સ્ત્રોત : Tribal Revolts (1996 : 108)

ઉપરોક્ત માહિતી દર્શાવે છે કે, આ રાજ્યોની લગભગ અડધી વસ્તી ગોવિંદગુરૂની ચળવળના પ્રભાવ હેઠળ હતી. અજ્ઞાન, નિરક્ષર અને પરંપરા સાથે જોડાયેલા લોકો પર રાજ કરવું સહેલું હતું, પરંતુ શિક્ષિત લોકો પર તર્ક વગર શાસન ન કરી શકાય. મેવાડની ફરજ પર રહેનારે તેના પત્રમાં ગવર્નર જનરલના રાજપૂતોના

એજન્ટને ટાંકીને બ્રિજકિશોર શર્મા (૧૯૯૬) માં જણાવ્યું કે "ઉપદેશો ખાસ કરીને ભીલોની સામાજિક મહત્ત્વાકાંક્ષા જગાડે છે અને રાજપૂતો, ઠાકુરો અને અધિકારીઓના આદેશોની પ્રશ્ન વગરની તેમની આજ્ઞાંકિતતાની જવાબદારીમાં ઘટાડો કરાવ્યો છે. મદિરાના વેચાણમાં ઘટાડો થયો છે અને ભીલોના રહેઠાણના રાજયોમાં આબકારી મહેસૂલને અસર થઈ છે."[૬] સત્તાધિકારીઓએ તેમની સાથે દુર્વ્યવહાર કર્યો અને તેમને પંથ છોડી દેવા માટે ફરજ પાડી હતી. કેટલાક કિસ્સાઓમાં મદિરા પીવાની પણ ફરજ પાડી હતી. ધજાઓને ફાડી નાખીને અને ધૂણીઓ હોલવી નાખીને તેમના પંથનું અપમાન કર્યું હતું. ડુંગરપુર રાજયના જાગીરદારો અને સત્તાધિકારીઓએ ગોવિંદગુરૂને તેમની હકૂમત છોડી દેવા ફરજ પાડી હતી. આથી ગોવિંદગુરૂએ સત્તાની સામે ધર્મયુદ્ધ કરી દમનકારી સત્તાને ઉખાડી ફેંકવા અને ફરીથી ભીલ પ્રદેશોમાં ભીલ સત્તા સ્થાપવા ઉપદેશ કર્યો. તેમાંથી રાજકીય સ્વરૂપ ઉભૂ થયું હતું. ૧૯૦૮ માં ગોવિંદગુરૂએ ડુંગરપુર રાજયનું વેદસા ગામ અને દક્ષિણ રાજસ્થાનના ભીલ પ્રદેશો પણ છોડયા.

રાજસ્થાન છોડયા પછી ગોવિંદગુરૂએ ભીલોમાં તેનું કાર્ય મુંબઈ સરકાર નીચે ઈડર અને સુંથ રાજય ગુજરાતમાં ચાલું રાખ્યું, ત્યાં તેણે તેના ભાઈની વિધવા પત્ની સાથે પુનઃલગ્ન કર્યા અને ખેડૂત બન્યા. તેમણે હાળી ખેતમજૂર તરીકે સુંથ રાજયના ગામમાં ઠાકુરને ત્યાં અને પછી સુંથના સુરપુર ગામમાં પણ હાળી તરીકે કામ કર્યું. હકીકતમાં તેના વિચારોને ફેલાવવા તેણે ખેડૂત તરીકે પોતાને છૂપાવી દીધા. પોતાના નૈતિક શિક્ષણની સાથે તેણે ભીલોને તેમના મૂળભૂત અધિકારો અને રાજય તથા જાગીરદારો દ્વારા સ્વાર્થ માટે થતા તેમના દૂરુપયોગ વિશે જાગૃત કર્યા દરેક પ્રકારનાં દૂષણોમાંથી ભીલોને સ્વતંત્ર કરવા પ્રયત્ન કર્યા. શરૂઆતના દિવસોમાં તેમણે પોતાનું માળખું રાજસ્થાનના દક્ષિણ ભાગોમાં સ્થાપ્યું હતું અને ૧૯૦૮ પછી પણ તેમણે તેનો ફેલાવો ગુજરાતને અડીને આવેલા પ્રદેશોમાં કર્યો તેમણે ભીલોના કંગાળ જીવનના કારણોને ખુલ્લાં કર્યાં, અને તેમને દમનકારી અને પોતાના સ્વાર્થ ખાતર ગેરલાભ લેનારી (શોષણકારી) વ્યવસ્થાની સામે લડત માટે પ્રોત્સાહિત કર્યા.

## ❀ આંદોલનનાં કારણો :

ગોવિંદગુરૂના નેતૃત્વમાં કેવી રીતે અને કેમ ભીલોની સામાજિક અને ધાર્મિક ચળવળ રાજકીય આર્થિક લડતમાં પરિવર્તિત થઈ જેને બળવાનું રૂપ ધારણ કર્યું. આ સમય સુધી ભીલોની પરંપરાગત આર્થિક અને સંગઠનાત્મક રચના નવી બહાર આવેલી અર્ધજાગીર અને અર્ધવસાહતી વ્યવસ્થાના પ્રભાવ હેઠળ તદ્દન અસ્તવ્યસ્ત હતી. આમ, ભીલો પરિવર્તનના તબક્કામાંથી પસાર થતા હતા. તેઓ નવા ફેરફારનો સંતોષ નહોતો મેળવી શકયા વધુ કહીએ તો તેઓ પરિસ્થિતિમાં ગૂંચવાઈ જઈ માનસિક તનાવ અને નિરાશ થઈ ગયા હતા. નવી ગોઠવણ હેઠળ ભીલોના બધા જ પરંપરાગત અધિકારો શાસન કરનાર લોકોએ ખેંચી લીધા હતા. આમ બદલાવની સ્થિતિમાં શાસન કરનાર વર્ગ તરફથી ભીલોને ન્યાય મળતો ન હતો. આથી તેઓએ પોતાના અધિકારોને પાછા મેળવવા બળવાનો માર્ગ લીધો. ભીલોની ફરિયાદો નીચે પ્રમાણે હતી. જેમણે તેમને બ્રિટિશ રાજયસત્તા અને જાગીરી રાજયો સામે થવા ગોવિંદગુરૂના નેતૃત્વ હેઠળ ફરજ પાડી હતી.

મેવાડ રાજયના ભીલોની જેમ ડુંગરપુર, વાંસવાડા અને પ્રતાપગઢ રાજયના ભીલો પણ બ્રિટિશ શાસનના અસરગ્રસ્ત હતા. સતત વિદ્રોહોની હારમાળા મારફતે મેવાડ રાજયના ભીલો ૧૯મી સદીના અંત સુધીમાં મહદ્અંશે તેમના અધિકારો પાછા મેળવવામાં સફળ થયા. ભીલોના દબાણ હેઠળ મેવાડના ભીલોને આપેલ છૂટછાટો અને સવલતો દક્ષિણ રાજસ્થાનના બીજા પ્રદેશો સુધી નહોતી લંબાવી. જે ભીલોના અસંતોષનું મુખ્ય કારણ બન્યું. કારણ કે સમાન સ્થિતિમાં રહેતા સમાન સામાજિક સમુદાયો વચ્ચે ચોખ્ખો ભેદભાવ હતો. દેખીતી રીતે ડુંગરપુર, વાંસવાડા અને પ્રતાપગઢ રાજયના ભીલો માની ગયા કે તેઓ પણ વિદ્રોહો દ્વારા પોતાના અધિકારો પ્રાપ્ત કરી શકશે. આમ ગોવિંદગુરૂના નેતૃત્વ હેઠળ ભીલ બળવાએ જન્મ લીધો. જૂના સમયમાં ભીલો જંગલમાં, ઘાસ અથવા માટીથી લીંપેલી વાંસ અને ડાળખાની ભીંતવાળી ઝૂંપડીઓમાં રહેતા હતા અને ચોમાસામાં માત્ર મકાઈ વાવતા હતા. મોટેભાગે તેઓ

શિકાર અને કુદરતી ઉત્પાદન પર પોતાનું જીવન ગુજારતા હતા. વધારે ભૂખમરાની સ્થિતિમાં તેઓ આજુબાજુના વિસ્તારોમાં લૂંટફાટ કરતા હતા. બદલાતી જતી સ્થિતિમાં તેમાંના ઘણા બધાએ ધંધા તરીકે ખેતી અપનાવી હતી અને ખેડૂત તરીકે ઠરીઠામ થયા હતા. આમ તેઓ બ્રિટિશ, સ્થાનિક રાજ્યો અને જાગીરદારોનાં સીધાં નિયંત્રણમાં આવ્યા તેઓ સ્વતંત્ર જિંદગી જીવતા હતા, તેથી તેઓ જાગીરદારો અને વસાહતી જૂથો સાથે રુચિ ન લઈ શકયા રાજયો અને જાગીરદારો ભારે જમીન મહેસૂલ ભીલો પર નાખતા હતા. જમીન મહેસૂલની આકારણીની ખાસ પ્રચલિત વ્યવસ્થાઓ "વજે" અથવા "બટાઈ" અથવા "ભાગવારી" પાકની ભાગીદારી હતી. રાજય અને જાગીરદારના ભાગની આકારણી "લટાઈ" અથવા "કલતાર" કાચી આકારણી વ્યવસ્થા હેઠળ થતી હતી. આ વ્યવસ્થા હેઠળ પાકની વધારે આકારણી થતી અને ચૂકવણીની અશકિતમાં સત્તાધિકારીઓ દ્વારા ભીલોને મારવામાં આવતા અને દુવ્યવહાર કરવામાં આવતો હતો. ભીલોને જમીનનો કોઈ જ અધિકાર નહોતો. જમીન, રાજય અને જાગીરદારોની માલિકીની ગણાતી અને ભીલો તેને પોતાની મરજી મુજબ ગણોત તરીકે ખેડતા હતા. જે ભૂદાસ કરતાં થોડી સારી સ્થિતિ હતી દેખીતી રીતે ઠરીઠામ થતી ટેવોએ ભીલોને રાજય, જાગીર અને તેમના અધિકારીઓની દેખરેખમાં મૂકયા. પહેલા જુલમ મોટા પ્રમાણમાં થતો હતો, પરંતુ હવે શકય ન હોતું. ભીલો સાથેની નવી ગોઠવણે પણ તેમને નાણાં ધીરનારના પંજામાં ધકેલી દીધા. જેમણે પરિસ્થિતિનો ભરપૂર લાભ લીધો. આમ, જમીન મહેસૂલ વ્યવસ્થા ભીલ બળવાનું કારણ બની. ભીલોની બીજી ફરિયાદ જંગલની પેદાશોના સંબંધમાં હતી. જંગલના વહીવટની આધુનિક પદ્ધતિએ ભીલોને જંગલ પેદાશો લઈ જવા પર પ્રતિબંધ મૂકયો. ભીલોએ ધંધા તરીકે ખેતીવાડી સ્વીકારી હોવા છતાં પણ તેમની લાંબી પ્રસ્થાપિત રીત પ્રમાણે તેઓ જંગલ પેદાશો પર વધારે આધાર રાખતા હતા. મહુડાના ઝાડની માલિકી અને તેમના ઘર માટે લાકડાનો ઉપયોગ કરવાનો અધિકાર અને તેમના ઢોરને જંગલમાં ચરાવવા જેવા થોડા પણ ખૂબ અગત્યના અધિકારો ભીલોના હતા. પતાવટ મારફતે રાજય દ્વારા ઉપરોકત અધિકારો પર મર્યાદા

મૂકવામાં આવી, અને કરની ચૂકવણી વગર ભીલોને ઉપરોકત અધિકારો ભોગવવા વાતા નહોતા. આ સમયગાળા દરમ્યાન જંગલ પેદાશોની કિંમત વધતી જતી હતી. ભીલોની ઉપર રાજયે પણ જંગલ કર આપખુદી રીતે વધારી દીધો હતો જે ભીલોમાં અસંતોષનું કારણ બન્યું. થોડી માત્રામાં ભીલોને ઈમારતી અને ઘર વપરાશ માટેનું ઉપયોગી લાકડું સત્તાધિકારીઓની મંજૂરીથી લેવા દેવામાં આવતું હતું, ભીલોમાં સામાન્ય ફરિયાદ હતી કે, સત્તાધિકારીઓ ત્રાસજનક, વિલંબ કરીને મંજૂરી આપતા હતા. ઉપરોકત પ્રતિબંધોએ ભીલોના આર્થિક જીવનને ખૂબ જ પ્રતિકૂળ અસરો કરી.

બ્રિજ કિશોર શર્મા (૧૯૯૬) પ્રમાણે "મોટા પ્રમાણમાં ભીલ વિસ્તારમાં વેઠ–બેગાર પ્રચલિત હતા. જેણે ભીલોને નારાજ કર્યા જાગીરદારો અને રાજયના અધિકારીઓ દ્વારા ભીલોને બેગાર અને વેઠ કરવાની ફરજ પાડવામાં આવતી હતી. મહેનતાણું ચૂકવ્યા વગર તેમને ઘાસ કાપવા અને ગાડામાં લઈ જવા માટે કામે રાખવામાં આવતા હતા. જાગીરદારોની જમીન ખેડવા અને મકાન બાંધવા વગેરે માટે ભીલોને જબરદસ્તી કરવામાં આવતી હતી. બેગાર તરીકે રાજય અધિકારીઓ તેમની પાસે માથા પર સર–સામાન લઈ જવા, ફરજ પર વળાવવા જવા, બળદગાડું પૂરું પાડવા અને દેખરેખ રખાવતા હતા. જાગીરદારો અને રાજયાધિકારીઓના ઘરોમાં કામ માટે ઘરગથ્થુ નોકરો માટે પણ ભીલોની જરૂર પડતી હતી. ગવર્નર જનરલના રાજપૂતાના એજન્ટે વિદેશી અને રાજકીય વિભાગના સેક્રેટરીને પત્રમાં લખ્યું કે, "વર્તમાન ઘટનાઓ હેઠળ ભીલ વસ્તી પર ખૂબ અસમાન ભારણ પડે છે, જે ગામડાઓ મુખ્ય માર્ગ અને મોટા શહેરની નજીક છે તેમને વ્યકિતગત રીતે બેગાર માટે જવાબદાર ઠરાવી ગેરવ્યાજબી રીતે ભારણનો ભારે બોજો ઉઠાવવો પડે છે અને વધુમાં એવું બને છે કે ખૂબ હલકી આકારણી કરીને બેગારમાં પણ ત્રાસ આપવામાં આવે છે. જે વધારે પડતું છે. તેથી બધાં ગામડાઓ ખેતી વગરનાં રણ જેવાં થઈ ગયાં છે."[૭] ભીલો ઘણા લાંબા સમયથી વેઠ અને બેગાર કરતા હતા. પરંતુ ગોવિંદગુરૂના શિક્ષણે તેમને જગાડયા બેગાર એ જ્ઞાતિના ચડતા–ઉતરતા ક્રમ પર આધારિત હતી. જેથી નીચ જ્ઞાતિના લોકોને બેગારનું ભારે કામ

કરવું પડતું હતું. ભીલોને નિચ જ્ઞાતિના લોકો તરીકે ગણતરીમાં લીધા હતા. હવે ભીલોને એવું લાગતું હતું કે, તેઓનું શોષણ સત્તાધિકારીઓ દ્વારા તેમની નીચી સામાજિક સ્થિતિના કારણે થાય છે. ભીલોમાં ધાર્મિક–સામાજિક સુધારાની ચળવળે તેમને સામાજિક અન્યાયની સામે લડવા માટે જગાડયા રાજયની ખામીવાળી આબકારી જકાત નીતિએ પણ ભીલોને ઉશ્કેર્યા. જે ભીલોની આબકારી વિરૂદ્ધ ફરિયાદ હતી. અથવા મદિરા વેંચાણની રાજયના ઈજારાની ભીલોની પ્રમુખ વસ્તીવાળા નાના રાજયો જેવા કે સુંથ, ઈડર, વાંસવાડા, ડુંગરપુર અને કુશલગઢ મોટેભાગે મદિરાના ઈજારા પર આધારિત હતા. આ ઈજારો કર ઉઘરાવવા માટે કોન્ટ્રાકટરોને આપવામાં આવ્યો હતો. જેમની વચ્ચે વિચારી શકાય તેવી હરિફાઈ હતી.રાજયે ગેરકાયદેસર રીતે મદિરા બનાવવાનું કાર્ય દબાવી દીધું હતું. ભીલો દેશી દારૂ બનાવવાનો અધિકાર ઘણા લાંબા સમયથી ભોગવતા હતા. દેશી દારૂ તરીકે ભીલોમાં ખૂબ જ જાણીતો હતો જેને મહુડાના ફૂલમાંથી બનાવવામાં આવતો હતો. હવે કોન્ટ્રાકટરો અને રાજયાધિકારો દ્વારા તેમના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ભીલો તેનાથી ભારે ગુસ્સે થયા, પરંતુ સુધારાની ચળવળના પ્રભાવ હેઠળ ભીલોએ પીવાનું છોડી દીધું. જેથી રાજય અને કોન્ટ્રાકટરોને ભારે નુકસાન વેઠવું પડયું. બ્રિજ કિશોર શર્મા (૧૯૯૬)માં પ્રમાણે "વાંસવાડામાં ઓકટોબર ૧૯૧૩ માં મદિરાનું વેચાણ ૧૮,૪૭૦ ગેલનથી ૫,૧૫૪ ગેલન થયું એવી જ રીતે બધા જ આજુબાજુના રાજયોને અસર થઈ ૧૯૧૨–૧૩ ના વર્ષમાં વાંસવાડા અને કુશલગઢની કુલ મહેસૂલ રૂા. ૨,૫૦,૦૦૦ અને રૂા. ૮૬,૦૦૦ હતી. જેમાંથી વાંસવાડામાં ૫૬,૦૦૦ અને કુશલગઢમાં ૩૧,૦૦૦ રૂા. મદિરામાંથી પ્રાપ્ત થઈ હતી તેથી કોન્ટ્રાકટરો અને રાજય અધિકારીઓએ ભીલોને પીવા માટે જબરદસ્તી કરી અને સુધારા ચળવળને દબાવી નાખવા માટે પ્રયત્નો કર્યા. દક્ષિણ રાજપૂતાના રાજયના રાજકીય એજન્ટે મેવાડના નિવાસી અધિકારીને લખ્યું કે, "કોન્ટ્રાકટરો તાત્કાલિક અસરગ્રસ્ત હતા. તેઓ અને તેમના એજન્ટોએ બેશક રીતે તેમના નુકસાનની ઓટના પ્રવાહને રોકવા ઉત્તમ કામ કર્યું હતું અને કેટલાક સ્થળોએ ભીલોને તેમની પહેલાંની ટેવો

તરફ પાછા વાળવા, વશ કરવા, ખોટા અથવા શંકા લાવવા દુરાચારી જેવાને કામે રાખ્યા".[૮] આમ મદિરાનો મુદ્દો ભીલોના બળવાનું બિંદુ બન્યું સત્તાવાળાઓના હાથે ભીલોને થતો દુવ્યવહાર પણ તેમના જુલમ અને દુઃખનું કારણ બન્યું. જેણે ભીલોમાં વિરોધ ઉત્પન્ન કર્યો. રાજયના અધિકારીઓ, જાગીરદારો અને તેમના કામદારો જમીન મહેસૂલની લેવડ–દેવડ, જંગલના કાયદા, બેગાર, આબકારી બાબતના વહેવાર સોદામાં ભીલો સાથે દુવ્યવહાર કરતા હતા થોડા રાજયોમાં જાગીરદારો તેમની પોતાની પોલીસનો ઉપયોગ કરતા હતા. જે ભીલો સાથે ક્રુર વ્યવહાર કરતી હતી. બ્રિજ કિશોર શર્મા (૧૯૯૬) "ગવર્નર જનરલના રાજપૂતાના એજન્ટે સેક્રેટરી, ભારત સરકાર વિદેશી અને રાજકીય વિભાગને પોતાના પત્રમાં વાંસવાડામાં જાગીરની પોલીસ વિશેનો ઉલ્લેખ કર્યો હતો, તેમણે લખ્યું કે – "જાગીરોની પોલીસનો પ્રશ્ન હાલમાં પણ વધારે મુશ્કેલ છે. વાંસવાડા જેવાં રાજયો જેમાં રાજયોનો મોટો ભાગ જાગીરદારોના કબજામાં છે, દરબાર સરખામણીમાં ગરીબ છે, રાજયની મુશ્કેલીના સમયે બધા જ પ્રસંગે નિયંત્રણમાં રાખવા પૂરતી પોલીસની જાળવણી નાની આવક પર શકય નથી. આથી જાગીરદારો હથિયારી પોલીસનું દળ રાખે છે, તેના સિવાય તેનો સંભવનિય ઉપયોગ સ્થાનિક ડાકુઓની ટુકડીઓ અને નાના પ્રમાણમાં ભીલોના ઉદયને કચડી નાખવા થાય છે. હાલના તબક્કામાં તેમના સામાજિક વિકાસમાં દુષ્કાળ અને અછતના સમયે તીવ્ર છે અને જેનો સામાન્ય સમય પ્રાયોગિક ઉપયોગ કર ઉઘરાવનાર, વોરંટ સર્વન્ટ, સંદેશાવાહક, વેઠિયાઓને પકડી લાવવા વગેરે માટે થાય છે." આ વ્યવસ્થાને સામંતશાહી વ્યવસ્થાનું સ્વરૂપ કહી શકાય વાંસવાડા રાજયના જાગીરદારો મોટેભાગે અમર્યાદિત ગુનાહિત સત્તાઓનો ઉપયોગ ગણોતિયાઓ પર કરતા હતા. જેઓ મોટેભાગે ભીલ લોકો હતા. આ સબંધે ગવર્નર જનરલના રાજપૂતાના એજન્ટે ઉપરોકત સબંધે જણાવ્યું કે, "દસ વર્ષ પહેલાં જયારે રાજય બ્રિટિશ વહીવટદાર હેઠળ હતું ત્યારે આ સત્તાઓ પાછી ખેંચી લેવામાં આવી હતી અને મુખ્ય જાગીરદારોને દરબાર ક્રિમિનલ કોર્ટની હકૂમત હેઠળ મેજિસ્ટ્રેટ બનાવ્યા હતા. તેઓ અત્યાર સુધી સંપૂર્ણ નાગરિક હકૂમત તેમના ગણોત ઉપર

ભોગવે છે. જાગીર તરફથી નાગરિક કેસો રાજ્યની અદાલતમાં સાંભળવામાં આવતા નથી. સિવાય કે એક અથવા બંને પક્ષો ખાલસા વિષયનો હોય."[૯] ઉપરોક્ત પોલીસ અને નાગરિક વહીવટે ભીલોને ભારે કચડી નાખ્યા હતા. જેણે તેમનામાં અશાંતિ જન્માવી.

૧૯૧૩ ના ભીલ બળવાનું તત્કાલીન કારણ ગોવિંદગુરૂના નેતૃત્વમાં ભીલોની સામાજિક અને ધાર્મિક સુધારા ચળવળ હતી. સત્તાધિશોએ તેને તેમની સત્તા સામે પડકાર તરીકે લીધી, અને તેઓએ ભીલોની સામાજિક પડકાર તરીકે લીધી, તેઓએ ભીલોની સામાજિક અને ધાર્મિક સુધારા ચળવળને સખત શારીરિક દમન દ્વારા દબાવી દેવા પ્રયત્નો કર્યા. રાજ્ય અને જાગીરદારોના આ દમનના પ્રત્યાઘાતરૂપે ભીલો ગોવિંદગુરૂના નેતૃત્વ હેઠળ તેમની સામે લડવા માટે સંગઠિત થયા. બ્રિજ કિશોર શર્મા (૧૯૯૬)માં ઉપરોક્ત પરિસ્થિતિનો સાચો ખુલાસો દક્ષિણ રાજપૂતાના રાજ્યના એજન્ટ દ્વારા તેના મેવાડ પ્રેસિડેન્ટના પત્રમાં કર્યો હતો. તેમણે લખ્યું કે, "ગુરૂઓ દ્વારા કરેલા કાર્યોના કારણે એક ચોકકસ દિશા જન્મી હતી. જેના કારણે આપણે સ્વીકારવું જોઈએ કે જ્યારે બધે જ કચડાયેલો વર્ગ થોડી માનવતા મેળવતો અને તેની જીવિત સ્થિતિમાં સુધારો થતો હતો તેવા સમયે ભીલોની લાગણીઓને અવગણવામાં આવતી હતી. તે તેમની મધ્યે ફરિયાદનું મુખ્ય કારણ હતું. ચોક્કસ છે કે ખરાબ કારણોને કંઈ લાગતું વળગતું નથી. હાલના વર્ષો ખેતી માટે સારા હતા અને આ વર્ષે વાંસવાડામાં ૫૫ ઈંચ વરસાદ થયો હતો. અને તેથી ખાદ્યાન્નનો પુષ્કળ પાક થયો હતો. બધા જ યોગ્ય ન્યાયાધિશોનો અનુભવ ભીલોની સામાન્ય સ્થિતિ માટે ખરાબ હતો. અગાઉ વર્ણવેલ તમામ ફરિયાદો અને જૂના સમયની બેગાર અને સામંતશાહી વ્યવસ્થાનો જુલમ વિરોધી ફરિયાદો વગેરે બધી જ એકબીજા સાથે સંકળાયેલ હતી. જેથી સુધારાવાદી દેખાવો ફેલાયા હતા. પોલીસ ઉપર તેમના ગુરૂઓ અને ભીલોની લૂંટફાટના આરોપો પણ હતા. તેમના ધર્મનું અપમાન જેમ કે જબરદસ્તીથી તેમની ધૂણીઓ અને ધજાઓ પૂજાના સ્થળેથી હટાવવી. મદિરાની પોલીસ અને લાગતા વળગતાઓ દ્વારા ફરજ પાડવી. એક

પછી એક તેમના ઉપદેશકોને રાજ્યની બહાર હાંકી કાઢવા.''[૧૦] ૧૯૦૮ માં ગોવિંદગુરૂએ રાજપૂતાના છોડયું અને ભીલો મધ્યે ગુજરાતના સુંથ અને ઈડર રાજ્યમાં ૧૯૧૦ સુધી ખેતીવાડીના કાર્ય હેઠળ કામ કર્યું. તેણે ઉપરોક્ત રાજ્યના ભીલોને જાગૃત કર્યા અને ભીલોની સામૂહિક ચળવળની રચના ઈડર સ્ટેટના પાલપટ્ટા ઠેકાણામાં કરી. ભીલ ચળવળ દ્વારા ઉદ્દભવેલ પરિસ્થિતિએ ઉપરોક્ત ઠેકાણાના ઠાકુરને ભીલો સાથે અધિકૃત નોંધાયેલ કરારનામા પર સહી કરવાની ફરજ પડી હતી. આ કરારનામા હેઠળ ભીલોને કેટલીક રાહતો મળી હતી. ઉપરોક્ત કરાર ૨૪ ફેબ્રુઆરી ૧૯૧૦ ના રોજ પૂરો થયો. કરારની શરતો અને જોગવાઈઓ નીચે પ્રમાણે હતી.

## કરાર

પાલપટ્ટાના ડુંગરી ગરાસિયા ભીલ.

આપણી વચ્ચેના ઝઘડાનું સમાધાન થયું છે અને નીચે પ્રમાણેના કરારની શરતોમાં દાખલ થઈ છે.

(૧) ઉનાળામાં અને ચોમાસામાં હું કુલ ઉત્પાદનનો ૧/૪ ભાગ લેતો હતો. પરંતુ તમારા વિરોધના કારણે હું તમને નીચે પ્રમાણે રાહત આપું છું.

(અ) ચોમાસાના પાકની ચોખ્ખી ઉપજનો ૧/૫ ભાગ લેવામાં આવશે.

(બ) ઉનાળાની ખેતીના પાકની ચોખ્ખી ઉપજનો ૧/૬ ભાગ લેવામાં આવશે.

(૨) પ્રતિ હળ રૂા. ૩–૮–૦ ના બદલે રૂા. ૩–૪–૦ ના દરથી ફાળો લેવામાં આવશે.

(૩) કન્યા ચોરી (કન્યા ટેક્ષ) ૧૨ આના ઘટાડીને ૬ આના પ્રતિકન્યા કરવામાં આવશે.

(૪) ''બચકા અધિકાર એટલે કે માલ અને મકાઈમાંથી પ્રતિઘર ૧૦ પાઉન્ડ લેવાનું નાબૂદ કરવામાં આવશે.

(૫) ચૂકવણીની શરત ચૂકનાર પાસેથી ઘર દીઠ મકાઈના ૧૦૦ છોડ દીઠ એક મણ મકાઈ લેવામાં આવશે.

(૬) પાકેલા ચણામાંથી ઘરદીઠ ચણાના છોડનો ભારો લેવાની પ્રથા ચાલુ રાખવામાં આવી છે. પરંતુ શરત ચૂકનાર પાસેથી મણ ચણા લેવામાં આવશે.

(૭) તરફદારી દ્વારા મંજૂર કરેલ ફ્રી જમીન જ્યાં સુધી લુપ્ત ન થાય ત્યાં સુધી ચાલું રહેશે. પરંતુ જમીન મેળવનારે મારી સાથે મિત્રતા જાળવી રાખવી પડશે.

(૮) ઘેંસ (Ghens) અનાજ મુખીને આપવાની પ્રથા, જમાદાર, ગુલાબખાનના સમયમાં હતી. તે પ્રમાણે ચાલુ રહેશે.

(૯) પાકની આકારણી અને વેરાની વસૂલાત માટેની મજૂરીની પ્રથા બકરી અને ૧ રૂપિયો નજરાણા પેટે મુખી તરફથી ચાલુ રહેશે.

(૧૦) ગુણી આપવાની પ્રથા એટલે કે જેઓ દરબારમાં વજે લઈ જતા હતા. તેમના મહેનતાણા પેઠે ગુલાબખાનના સમયની જેમ જ ચાલુ રહેશે.

(૧૧) ચઢેલ રકમની વસૂલાત માટે ગામના નેતાઓને જવાબદાર ઠેરવીને તેમના પર અત્યાચાર નહી કરવામાં આવે.

(૧૨) પાકની આકારણી મુખી મતાદાર ગામના નેતાઓની હાજરીમાં કરવામાં આવશે અને તેમના પર કોઈપણ ખોટું દબાણ નહીં લાવવામાં આવે. જો કોઈપણ આકારણીમાં મતભેદ થાય તો, નિરીક્ષકની નિમણૂક કરવામાં આવશે અને નિષ્ફળ થાય તો તેનો ખર્ચ પાર્ટી ભોગવશે. કળતર રજવાડા દ્વારા પાકની આકારણી માટે નિમાયેલ વ્યકિતની બાબતમાં રજવાડું ખર્ચ ભોગવશે. પરંતુ જો મુખી અને મતાદારે સાચી આકારણી ન કરી હોય તો ખર્ચની ચૂકવણી માટે ગણોતને જવાબદાર ઠેરવવામાં આવશે. જો બંને પક્ષો આકારણીમાં નિષ્ફળ

જાય તો ખર્ચ સરખે ભાગે ભોગવવો પડશે. નિમણૂક કરવામાં આવતા નિરીક્ષકોની સંખ્યા ખેતરદીઠ ૨ (બે) કરતાં વધારે નહીં હોય.

(૧૩) સિસોદિયા કાલુસિંગજી નવલસિંગજીને મહેસૂલ બાબતે હસ્તક્ષેપ કરવા દેવામાં નહીં આવે.

(૧૪) તેમની માલિકીના આંબાના ઝાડ અને આંગણામાં આવેલ મહૂડાના ઝાડ પર કોઈ વેરો લેવામાં નહીં આવે રજવાડા દ્વારા મહુડાનાં કેટલાંક સૂકાં લાકડાં લેવામાં આવશે.

(૧૫) વજે અનાજની કિંમતનો દર મારા દ્વારા નક્કી કરવામાં આવશે. પરંતુ જરૂરિયાતના સમયે વજે રોકડેથી લેવા માટે હું બંધાતો નથી.

(૧૬) ખાસ કામ માટે બોલાવેલ મજૂરોને રોજના ૨ આના લેખે ચૂકવવામાં આવશે. બાળકોની બાબતમાં આ દર જુદો હશે. મજૂરી રોકડેથી ચૂકવવામાં આવશે. અને કોઈને રોકડના બદલે અનાજ લેવા માટે ફરજ પાડવામાં નહીં આવે.

(૧૭) મકાઈના ૧૦ શેરનું બનેલું માપ મણ હશે.

(૧૮) "સુખડી" નામનો અધિકાર ઉપલા અને નીચલા પટ્ટામાં ૬ શેરના બદલા ૪ શેર સુખડી તરીકે આમોદરા, મોવતપુરા, લક્ષ્મણપુરા, દઢવાવ અને સામૈયા ગામ પાસેથી ખાસ ઉપકાર તરીકે લેવામાં આવશે.

(૧૯) રખવાળી તરીકેની સેવા લેવાનો અધિકાર ચાલું રહેશે.

(૨૦) દઢવાવના ડામોરો પાસે વેઠ લેવાનો મારો અધિકાર રહેશે. અત્યાર સુધી તેમણે મહેનતાણા તરીકે કશું મેળવ્યું નથી. પરંતુ તેથી કરીને ભાડા વગર જમીનનો ટુકડો દરેક ઘરને તેમની સેવાના બદલામાં આપવામાં આવશે. જમીનનું ક્ષેત્ર દરેક માટે સમાન હશે અને દરેકમાં ૧૦ શેર અનાજનું વાવેતર થઈ શકશે.

(૨૧) ઈડર સ્ટેટમાં મારી વિરુદ્ધ અંગ્રેજોમાં ફરિયાદ દાખલ કરવા માટે મહત્ત્વનો ભાગ લેનાર પાંચ મુખ્ય નેતાઓ – નીનામા કોદર સોમા, પાંડોર કલા દેવજી, ખરાડી જીવા કુશકા, નનામા સાંકળા ધૂળા અને કલા ધૂળાને હું માફ કરું છું.

આ કરારનામા ને ખાસ મારા વિષયોની તરફેણમાં પસાર કરું છું.

અમનગર
તારીખ ૨૪ મી ફેબ્રુઆરી ૧૯૧૦

સહી
પ્રાથી સિંઘ
પાલના ઠાકોર

સ્ત્રોત : Tribal Revolt (1996 : 114, 115, 116)

ઉપરોક્ત કરારનામાએ ભીલોમાં વર્ષો જૂની સામંતશાહી વ્યવસ્થાને શોષણની સામે લડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આમ ઉપરોક્ત સફળતા ગોવિંદગુરૂની ચળવળનું પરિણામ હતી. ત્યારબાદ સામાજિક – ધાર્મિક સુધારા ચળવળે આર્થિક અને રાજકીય સ્વરૂપ લીધું. ગોવિંદગુરૂના નેતૃત્વ હેઠળ ભીલોનો બળવો ગુજરાત અને રાજસ્થાનની સરહદો વચ્ચે વિભાજિત નહોતો થયેલો. તે એક સામાન્ય સિદ્ધાંત પર સંગઠિત હતો. આમ ઉપરોક્ત કરાર ફક્ત ગુજરાતના ભીલોની સફળતા નહતી પરંતુ બંને વિસ્તારના ભીલોની સંયુક્ત સફળતા હતી. સ્પષ્ટ રીતે ભીલોની આ વહેલી સફળતાએ તેમને તેમની ચળવળમાં આગળ વધવા માટે ઉત્સાહિત કર્યા. વાસ્તવમાં કચડાયેલા ભીલો માટે આ ભારે સફળતા હતી કે જેમાં પહેલી વાર સામંતોએ તેમની સાથે સમજૂતી કરવી પડી હતી. આમ, ભીલોની સફળતાએ ત્રણ વર્ષ બાદ સશસ્ત્ર બળવાને જન્મ આપ્યો.

## ❀ ભીલોનો બળવો :

નૈતિક અને ભૌતિક વિકાસ માટેની ચળવળ પ્રત્યે સત્તાધારી વર્ગોની ધારણાઓ અને વર્તનમાં ભીલોની શાંત પ્રક્રિયા તેમના પ્રતિભાવમાં કોઈપણ ફેરફાર લાવી શકી નહીં. ૧૯૧૦ સુધીમાં સામાજિક–રાજકીય ચળવળના પ્રભાવનો ખૂબ બહોળો અને ઊંડે સુધી ફેલાવો થયો હતો. જેમાં ઉદ્દામવાદી વલણની સ્થિતિ હતી. ગોવિંદગુરૂની કામ

કરવાની પદ્ધતિ અને અવાજ બદલાઈ ચૂકયો હતો. જુદી–જુદી રીતે ભીલો પર અને ખાસ કરીને ગોવિંદગુરૂ દ્વારા સ્થાપિત પંથના અનુયાયીઓ પર દમન થયું હતું. તેવા સત્તાધારીને લોકો જવાબ આપવા માટે તૈયાર થયા હતા.

ગોવિંદગુરૂ ૧૯૧૦ સુધી ગુજરાતના ભીલ વિસ્તારમાં રહ્યા. ૧૯૧૧ ની શરૂઆતમાં તેઓ તેમના જન્મસ્થળ ડુંગરપુર રાજયના વેદસામાં આવ્યા. જયાં તેમણે ધૂણી સ્થાપિત કરી તેમજ તેમણે ભીલોના ગામડાઓના કેન્દ્રોમાં ધૂણી સ્થાપિત કરી ગોવિંદગુરૂ દ્વારા નિમાયેલ કોટવાળ દ્વારા દરેક ધૂણીનું રક્ષણ કરવાનું કાર્ય કર્યું. ભીલોને આધુનિક દિશામાં ફકત ધાર્મિક ખ્યાલોનો જ ઉપદેશ ન આપ્યો તેમણે રાજાશાહી અને સામંતશાહી શોષણથી ભીલોની સ્વતંત્રતા માટે ઉપદેશો આપ્યા. આ પ્રવૃત્તિઓ દ્વારા ગોવિંદગુરૂએ સમાન્તર સરકારની સ્થાપના કરી. તેના દ્વારા નિમાયેલ કોટવાળ ફકત ધાર્મિક વડો નહતો પરંતુ તેને તેમના સબંધિત ક્ષેત્રની બધી જ બાબતો માટે હવાલો આપવામાં આવ્યો હતો. તેઓ ભીલોના વિવાદોનો નિકાલ પણ કરતા હતા.

વેદસા ગોવિંદગુરૂની પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યું. ઈડર, સુંથ, વાંસવાડા અને ડુંગરપુર રાજય અને પંચમહાલ, ખેડા જિલ્લાના આદિવાસીઓ ગોવિંદગુરૂ પાસે આવતા હતા. આ ચળવળના પ્રભાવે દક્ષિણ રાજપૂતાના રાજય અને બોમ્બે પ્રેસિડન્સીના બ્રિટિશ વિસ્તારને ઘેરી લીધો હતો. એપ્રિલ ૧૯૧૩ માં ડુંગરપુર પોલીસ દ્વારા ગોવિંદગુરૂની ધરપકડ કરવામાં આવી હતી. તેમના તમામ નજીકના સબંધીઓ પર આરોપો મૂકવામાં આવ્યા હતા. ધાર્મિક વિશ્વાસમાંથી તેમને ખસેડવા માટે તેમને ધમકાવવામાં આવ્યા. તેમના કુટુંબને પણ પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવ્યું હતું. ધરપકડના ત્રણ દિવસમાં તેમને જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા અને ડુંગરપુર રાજ્યની હકૂમતના ક્ષેત્રમાંથી ખસી જવા સલાહ આપવામાં આવી. તે પ્રમાણે તે એપ્રિલ ૧૯૧૩ માં ઈડર રાજયના રાજડા નામના ગામમાં ખસી ગયા. અહીયાં ઈડરના રાજાએ પણ તેમની ધરપકડ કરવાનો પ્રયત્ન કર્યો હતો. ગોવિંદગુરૂ અને તેમના અનુયાયીઓ

પર થયેલા અત્યાચારોના કારણે તેમને ભીલ રાજ્યની સ્થાપનાની માગણી કરવાની ફરજ પડી. તેમની જાતને સામંતશાહી અને સંસ્થાનવાદના હાથમાંથી આઝાદ કર્યા. ગોવિંદગુરૂ તેમના અનુયાયીઓ પર જુલમ કરવા પ્રેરનારાઓ એટલે કે રાજ્ય અને જાગીરદારો વિરૂદ્ધ જવાબ આપ્યા. તેમની પાસેથી રક્ષણ માગ્યું. તેણે ભીલ રાજ્યની સ્થાપના કરવાનું વિચાર્યું. ઈડર રાજ્યમાંથી તેમના અનુયાયીઓ સાથે વાંસવાડા અને સુંથ રાજ્યની માનગઢની ટેકરીએ ખસી ગયા. ગીચ અને ભયાનક જંગલથી ટેકરી ઘેરાયેલી હતી. જે કુદરતી રીતે રક્ષિત હતું. જે તેમના અનુયાયીઓ માટે રક્ષણાત્મક સ્થિતિ બનાવી. આ ડુંગરી પર ખાસ કરીને કિલ્લાત્મક હતી. આ ટેકરીની પસંદગી માટે આ સ્થળની સ્થિતિનો પ્રભાવ મહી નદીની નજીક હોવા અંગે કોઈ શંકા નથી. જે પહેલાંના ડુંગરપુર રાજ્યની સરહદ બતાવતી હતી. આ રીતે વાંસવાડા, ડુંગરપુર, સુંથ, ઈડર રાજ્ય અને અન્ય નજીકના સ્થળો તરફ સહેલાઈથી ભેગા મળેલા લોકો ભાગી શકે. ગોવિંદગુરૂ માનગઢ ટેકરી પર ઓકટોબર ૧૯૧૩ માં પહોંચ્યા અને ભીલોને ટેકરી પર એકઠા કરવા માટે ખેપિયા મોકલ્યા. તેઓ તેમની સાથે મોટા પ્રમાણમાં હથિયારો અને મદદ લાવ્યા. ભીલો સુંથ રાજ્ય પર ૨૫ મી ઓકટોબરના રોજ દિવાળીના ૪ દિવસ પહેલાં હુમલો કરશે તેવી અફવા ફેલાવી હતી. તેથી મજબૂત હરોળના અનુયાયીઓને ટેકરી પર આવવા માટે ગોવિંદગુરૂ દ્વારા કહેવામાં આવ્યું હતું. આ અનુયાયીઓએ માનગઢ જતાં પહેલાં પાલના ભીલોને સત્તાધિકારીઓ સામે સશસ્ત્ર કાર્યવાહી માટે તૈયાર રહેવા સાવચેત કર્યા હતા. એકત્રિત થયેલ ભીલોમાંથી એક ટુકડી માનગઢ પર ભીલ રાજ્યની મુખ્ય ગાદીના રક્ષણ માટે ગોવિંદગુરૂના નેતૃત્વ હેઠળ રહી અને બીજી અન્ય ટુકડીઓ તેમના વિસ્તારમાં તેમના ગુરૂની સૂચના અને આશીર્વાદથી ક્રાંતિકારી નેતૃત્વ કરવા મોકલી આપી. આશરે ૪૦૦૦ ભીલો ટેકરી પર એકઠા થયા હતા. જેમણે સત્તાધિકારીઓને ભયની ચેતવણી આપી.

૩૦ મી ઓકટોબર ૧૯૧૩ ના રોજ સુંથના પોલીસ ઈન્સ્પેકટરે પોલીસ જમાદાર યુસુફખાન અને કોન્સ્ટેબસ ગુલ મોહમદને માનગઢ જઈને ત્યાં શું ચાલી રહ્યું છે તે શોધી

કાઢવા આદેશ આપ્યો. બે પોલીસ જવાન આદેશાનુસાર ટેકરી પર જવા નીકળ્યા. ૩૧મી ઓકટોબરે તેઓ ત્યાં ગયા. જયાં ભીલો દ્વારા બંને પોલીસમેનોને પકડી લેવામાં આવ્યા. એકને મારી નાખ્યો અને બીજાને બહુ માર મારી માનગઢમાં કેદ કર્યો. ૧ લી નવેમ્બરના રોજ ભીલોની ટોળીએ પ્રતાપગઢના સુંથ કિલ્લા પર હુમલો કર્યો. તેમાં તેઓ નિષ્ફળ થઈને પાછા ફર્યા. આથી આ વિસ્તારના સુંથ, વાંસવાડા, ડુંગરપુર અને ઈડર રાજયને ચેતવણી મળી કે માનગઢની ટેકરીઓ પર ભેગા થયેલા ભીલોને તેમના સ્થાનમાં કચડી નાખવા. આ બધા રાજયોએ તેમના લાગતાવળગતા બ્રિટિશ ઓફિસરોનો સંપર્ક કર્યો. ૬ઠ્ઠી અને ૧૦ મી નવેમ્બર ૧૯૧૩ ની વચ્ચે મેવાડ ભીલ કોર્પ્સની બે કંપનીઓ ૧૦૪ મી વેલેસ્લીજ રાયફલ્સ અને એક સાતમી રાજપૂત રેજીમેન્ટની કંપની માનગઢ ટેકરી પર એકઠા થયેલ ભીલોને કચડી નાખવા પહોંચી ગયા. ભીલોના મનમાં ભય ઉત્પન્ન કરવા માટે લશ્કરે અશાંત વિસ્તારોમાંથી કૂચ કરી અને અંતે માનગઢ ટેકરીને ૧૦ મી નવેમ્બર ૧૯૧૩ ના રોજ ઘેરી લીધી. જુદી–જુદી દિશાઓમાંથી ભીલોનાં ટોળાં ટેકરી તરફ આવવા લાગ્યાં. લશ્કરે તેમને તેમના ગામોમાં પાછા ફરવા ફરજ પાડી. ઘણા નિર્દોષ ભીલોની હત્યા તેમને ભયભીત કરવા માટે કરવામાં આવી. લશ્કરે ટેકરીની ચારેબાજુ નાકાબંધી કરી હતી. ત્યાંથી પરત ફરેલા ભીલોએ વિદ્રોહ માટેની તૈયારી માટેના પ્રયત્નોનો વેગ વધારી દીધો હતો. તેમના ગુરૂના આદેશ વગર તેઓ આગળ વધી શકયા નહીં. તેઓ તેમના ગુરૂથી વિખૂટા પડી ગયા હતા. લશ્કરે કરેલી નાકાબંધીએ માનગઢ ટેકરી સાથેના તેમના સંદેશા વ્યવહારને ખોરવી નાખ્યો હતો. ૧૦મી નવેમ્બરની સવારે ઉત્તર ડિવિઝન બોમ્બે સરકારના કમિશ્નર લશ્કરની નાની ટુકડીની આગેવાની હેઠળ માનગઢ તરફ ગયા અને ભીલોની સશસ્ત્ર પાર્ટી સાથે પાછા ફર્યા. લશ્કર માનગઢની બિલકુલ નજીક પહોંચી ગયું હતું અને બ્રિટિશ અધિકારીઓ એ ગોવિંદગુરૂને જોરથી બૂમો પાડીને મળવા માટે પ્રયત્નો કર્યા. ૧૨ મી નવેમ્બરના રોજ ભીલોનું પ્રતિનિધિ મંડળ ટેકરી પરથી નીચે આવ્યું અને તેમની ફરિયાદો અને કરારની સ્થિતિ બાબતના

નિવેદનનો પત્ર આપ્યો. ગોવિંદગુરૂ દ્વારા અપાયેલ પત્રમાં ભીલ રાજનો અવાજ હતો. પ્રદર્શિત સ્થિતિ ખૂબ જ ક્રાંતિકારી પ્રકારની હતી. જણાવેલ પત્ર આ પ્રમાણે હતો.

ખરી રીતે ગામવાસીઓ–વેદસા ડુંગરપુરના રહીશ પરંતુ હાલમાં સુંથ, વાંસવાડાની સરહદે માનગઢ ટેકરી પર રહેતા અને દશનામી પંથમાં માનનાર અરજદાર સંન્યાસી ગોવિંદગુરૂજી રાજગુરૂજીની નમ્ર વિનંતી બ્રિજ કિશોર શર્મા (૧૯૯૬)માં જણાવે છે.

"અગાઉ મેં વેદસા ગામ ડુંગરપુરમાં ઝૂંપડી બાંધી હતી અને હું મારા કુટુંબ સાથે રહેતો હતો. તે સમયે હું ગરીબ, આધીન અને જંગલી લોકો જેવા કે ભીલ, કોળી વગેરે મધ્યે રહેતો હતો. જેમને ઉત્પન્ન કરનાર વિશે કંઈ જ જ્ઞાન નહોતું અને મેં મારી જાતને તે લોકો પાસેથી ભીખ માગીને જાળવી રાખી હતી. જેઓ મારી ઝૂંપડી આવતા હતા. તેમને હું શાહુકારની જેમ વર્તવા સલાહ આપતો હતો. ઈશ્વરની ઈચ્છાથી તે લોકો નુગરાઓ જંગલી જેવા હતા. તેમણે સુગરાઓ સુસંસ્કૃત બનવા માટે ઈચ્છા વ્યકત કરી અને મને તેમનો ગુરૂ માની લીધો. ત્યારબાદ મેં વેદસા અને આજુબાજુના દેશના લોકોને ઉપદેશો આપી મારા અનુયાયી બનાવ્યા તેમાં ઈશ્વરનું ભજન કરવાનું, ચોરી, છીનાળું, છેતરપિંડી વગેરે ન કરવા મેં જણાવ્યું. શત્રુતાની ભાવના ન રાખવા, પરંતુ એકબીજા સાથે ભ્રાતૃભાવથી શાંતિ રાખવા અને એક જ મા–બાપ અને ઈશ્વરના સંતાનો તરીકે એકબીજાને માન આપવા જણાવ્યું. ખેતીવાડી અપનાવવા અને પોતાનું ભરણપોષણ કરવા વીરમાં ન માનવા, જોગણીઓ, ભૂવાઓ વગેરેમાં ન માનવા પરંતુ તેમની સામે સલામતી માટે ધૂણી અને ધજા સ્થાપી તેમની ભકિત કરવા જણાવ્યું. જેઓ મારા શિષ્યો હતા તેમને માથા ઉપર પીળા રંગના સાફા બાંધવા અને ગળામાં રુદ્રાક્ષની માળા રાખવા કહ્યું. તથા ખતરનાક શસ્ત્રો જેવાં કે, તલવાર, રાયફલ, તીરકામઠાં વગેરે ન રાખવા, પરંતુ ફકત લોખંડનો ચીપિયો રાખવા જણાવ્યું. રોજ સવારે નહાવા–ધોવા જણાવ્યું. કોઈપણ પ્રકારના પ્રાણીની હત્યા ન કરવા કહ્યું. આ રીતે મેં સત્યના માર્ગ માટે ઉપદેશ

આપ્યો. આ લોકોનેતે ઘણું સારું અને સહેલું લાગ્યું. તેથી શિષ્યોની સંખ્યા વધી ગઈ. તેમની સંખ્યા હાલમાં લગભગ ૪ થી ૫ લાખ લોકોમાં ભકિત પ્રસરી ગઈ છે. જે આમ છતાં ઘણા લાંબા સમયથી અમારા સાધુઓ સવા રૂપિયે ભેળ અને બાના તરીકે દરેક વ્યકિત પાસેથી શિષ્ય તરીકે દાખલ થનાર પાસેથી લેવામાં આવે છે. પરંતુ મે તે બંધ કર્યું છે અને ફકત દાખલ થનાર શિષ્ય પાસેથી સવા આના લેવાનું શરૂ કર્યું છે. આ સમયગાળા દરમ્યાન તે રાજાના અધિકારીઓએ રાજાને ખોટી માહિતી આપી કે, આ વેશધારી બાવો છે અને પ્રજાને લૂંટે છે. રાજાએ અભિમાન અને ઘમંડથી પોતાની સ્થિતિના કારણે સત્યની તપાસ ન કરી, અહેવાલના આધારે ડુંગરપુરના રાજાએ એકાએક મારી ધરપકડ કરી અને મને જેલમાં પૂરી દીધો. મારી થોડી ભિક્ષાની બચત ટાંચમાં લીધી અને મને મારા ધર્મના ધાર્મિક વિશ્વાસમાંથી ખસી જવા માટે ખૂબ ધમકી આપી. મારા અંગત સગાઓને પણ જેલમાં પૂરવામાં આવ્યા. પરંતુ ઉત્પન્ન કરનાર સત્યનો રક્ષક છે અને તેથી મારા દેવે મને ત્રણ દિવસ પછી જેલમાંથી છોડાવવાની મદદ કરી. હું તે સ્થળેથી ભાગી છૂટયો ઈડર રાજયના રાજડા ગામમાં છૂપાયો. જયાં હું મારી જ્ઞાતિના વણઝારા લોકો સાથે રહ્યો. ત્યારબાદ થોડા સમય માટે હું ત્યાં હતો. આ ધર્મ ત્યાં પણ ફેલાયો. અને ઈડરના રાજાએ મને પકડવા પ્રયત્ન કર્યો. મેં જાણ્યું કે તેમનો ઈરાદો હું જે ધાર્મિક ભકિતનો ઉપદેશ આપતો હતો તેને કચડી નાખી ખતમ કરવાનો હતો. મે આ સ્થળ છોડયું અને કેટલીક સતત ભારે પજવણી ત્રાસ બાદ હું આ હેતુથી ભયાનક જંગલમાં આવ્યો છું. હું જંગલમાં દાખલ નહોતો થયો ત્યારે સુંથ રાજયના આઉટપોસ્ટના જમાદાર ત્યાં આવ્યા અને ઈરાદાપૂર્વક મને હાંકી કાઢવા મારા પર અત્યાચારો કર્યા. ત્યારબાદ તે ભાગી ગયો અને ખોટો રીપોર્ટ આપ્યો કે, ચાંચિયો બાવો જંગલમાં આવ્યો હતો અને તેણે પોલીસ સ્ટેશન સળગાવી દીધું હતું અને જમાદારને મારી નાખ્યો હતો. આ જૂઠા અહેવાલની સત્યના બાબતે તપાસ કરાવ્યા વગર આપને આ જણાવ્યું છે. ત્યારબાદ મે સુંથ દરબારમાં વિનંતી સાથે માણસ મોકલ્યા કે ખેડાપા આઉટપોસ્ટમાં મારા શિષ્યોની જે ધૂણીની ધજાઓ, ચીપિયા, સાફા, તંબૂરાઓ રાખ્યા છે તે મને અથવા મારા

શિષ્યોને પાછા આપી પુનઃસ્થાપન કરવા જણાવ્યું. પરંતુ તેમણે તે ઘ્યાને ન લીધું. પરંતુ મારા માણસો દાખલ થાય તે પહેલાં અને તેમને કશું કહ્યા વગર તેમના પર ગોળીઓ છોડવામાં આવી અને મારા માણસોમાંથી ૧૪ જણાને મારી નાખ્યા. તેમાંથી કેટલાક ના મૃતદેહો હાલમાં પણ પડેલા છે. જો તાત્કાલિક તપાસ કરવામાં આવે તો તમને જણાશે. તપાસમાં બીજાઓ ઘાયલ થયેલ છે તે પણ દેખાશે. અમારા જીવને બચાવવા અમે કોઈપણ પ્રકારના ડર વગર ઈશ્વરની ભક્તિ કરવાના ઉદ્દેશ માત્રથી હું અને મારા શિષ્યો આ ટેકરી છોડીશું. હવે હું સંજેલી, કડાણા વગેરે મારા શિષ્યો વિશે જણાવું છું જેમને નીચે પ્રમાણે ત્રાસ આપવામાં આવ્યો છે. હું ગરીબ અને નિષ્કપટ સાધુ છું. સતત પજવણીના કારણે મારી ભક્તિ ચાલુ રાખવા હું એક જગ્યાએથી બીજી જગ્યાએ દોડું છું. આપ ચારેય દિશાઓના શાસક છો. આથી નીચે પ્રમાણેની મારી ફરિયાદોનું નિરાકરણ લાવવા વિનંતી છે.

દરેક ગામમાં મારા ધાર્મિક સંપ્રદાયની ધૂણી ખોદી કાઢવામાં આવી છે અને મુસલમાનોએ તેને પેશાબખાનાં બનાવ્યાં છે. ચીપિયા, સાફા, ધજા, ધાર્મિક પુસ્તકો, નારિયેળ વગેરે સુંથ રાજ્યના ફોજદારના કબજામાં રાખવામાં આવેલ છે. આ બધુ પરત આપવા હુકમ કરવો જોઈએ.

દરેક ગામમાં મારા સંપ્રદાયની ધૂણી અને ધજાની પહેલાંની મૂળ જગ્યાએ પુનઃસ્થાપના થવી જોઈએ.

પહેલાં હતું તેમ લોકોને, પૂનમના દિવસે અને અગિયારસના દિવસે તથા બીજા હિંદુ રજાઓના દિવસોમાં મેળામાં જવાનો અધિકાર આપવો જોઈએ.

આ ટેકરીના ખરાબાની જગ્યામાં મારા માટે ઘર બાંધી રહેવા માટે મંજૂરીનો આદેશ આપવો જોઈએ.

ધૂણી અને ધજામાંથી મને થતી આવક વિશે રાજ્ય સરકારે હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં.

એવા પ્રકારની વ્યવસ્થા થવી જોઈએ કે, રાજ્યે કોઈપણ પ્રકારના ઉમદા હેતુથી મારા કે શિષ્યોના રહેઠાણની મુલાકાત ન લેવી જોઈએ.

રાજ્ય સિવાય કોઈપણ નીચેના અધિકારીને મારા શિષ્યોની પાસે વેઠ લેવા દેવી ન જોઈએ અને કોઈપણ પાસેથી સામાન્ય કિંમત કરતાં ઓછામાં વસ્તુ ન લેવી જોઈએ.

રાજયાધિકારીઓ દ્વારા મારા ધાર્મિક વિશ્વાસ સબંધે લેવામાં આવેલી લાંચની રકમ અમને પરત આપવા હુકમ કરવો જોઈએ.

મારા માણસોની કોઈપણ કારણ વગર કિલ્લાના થાણેદાર દ્વારા કરેલી હત્યા માટે સાચી તપાસ કરવામાં આવે અને મારા અપમાનના બદલામાં મને વળતર ચૂકવી આપવામાં આવે.

મારા શિષ્યને મુખ્ય વ્યક્તિ તરીકે મેં કોઈપણ નિમણૂક કરી નથી. હવે મારા કેટલાક મુખ્ય શિષ્યો પર રાજદ્રોહનો શક કરવામાં આવે છે. જેમાં પૂંજા ધીરા, ડુંગરપુરના પટેલ અને બટાકવાડા, પ્રતાપગઢ, ક્યાર, બાંદ્રા, ઘુઘાસ, મોલરા, બાબરી, પટવાલ, માગતલાઈ વગેરેના પટેલો. આથી આ બનાવની પતાવટ બાદ સુંથ દરબાર દ્વારા ઉપરના વિદ્રોહની શંકાના કારણે કોઈપણ પ્રકારનો ત્રાસ આપવામાં ન આવે તે માટે ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવે.

મારી કોઈપણ રીતે પજવણી ન થવી જોઈએ અથવા મારા શિષ્યોને એક જગ્યાએથી બીજીજગ્યાએ ઉપદેશ માટે જતાં ન અટકાવવા જોઈએ.

અનામત જંગલમાંથી દરેક ગામમાં ચોમાસામાં મફત ઈમારતી લાકડું મારી ધૂણીઓ ઉપર છાપરું બાંધવા આપવું જોઈએ.

મારા પુત્રોની કબર ઉપર સમાધિ અથવા હેરી બાંધવા માટે મને મંજૂરી આપવી જોઈએ જેમને મોલારા ગામમાં દફનાવવામાં આવેલ છે.

રાજા સિવાય રાજાના સંબંધીઓએ શિષ્યો પાસેથી વેઠ ન લેવી જોઈએ.

તેમને પસંદ હોય તેવી વ્યક્તિને રાજાસાહેબ દિવાન તરીકે કામે રાખે છે અને પ્રજા પર ત્રાસદાયક આદેશો પસાર કરે છે. તે બંધ થવું જોઈએ અને બ્રિટિશ સરકારે તેમના પોતાના દિવાનની નિમણૂક પ્રજાની અને મારી સલામતી માટે કરવી જોઈએ. જેવી રીતે મહારાણા પ્રતાપ સિંઘજીના સમયમાં પારસી દિવાને વિગોટી સ્થિર કરી હતી.

મારી સલામતી માટે ૨૦૦ ભીલ શિષ્યોનું રાઈફલ સાથે લશ્કરી દળ બ્રિટિશ સરકારે સુંથ રાજ્યમાં કામે રાખવું જોઈએ અને મને ૪૦૦ રાઈફલો રાખવાની મંજૂરી આપવી જોઈએ.

મારા શિષ્યોને રાજ્ય માટે કાપવામાં આવતા ઘાસના ૧૦૦૦ ભારાના ૨ રૂા. લેખે ચૂકવી આપવા જોઈએ. હાલમાં રામપુર વિભાગના લોકોને ૧ રૂા. લેખે એકબીજા ગામના લોકોને ૪ ચૂકવવામાં આવે છે તે બંધ કરવું જોઈએ અને ઉપર પ્રમાણે ચૂકવવા જોઈએ.

બાદરોલના બે માણસો કે જેઓ મારા શિષ્યો હતા તેમના પર કોઈપણ પ્રકારના પુરાવા વગર તેમને જેલમાં પૂરી રાખી કાર્યવાહી કરવામાં આવે છે. આ બનાવના કાગળો મોકલવામાં આવે, તપાસ કરવામાં આવે અને તેમને મુકત કરવામાં આવે.

મારા શિષ્યોને પીણું દારૂ પીવા માટે ફરજ પાડવામાં આવે છે અને ધૂણી પર ખોરાક પકવીને સિપાઈઓ દ્વારા પ્રદૂષિત કરવામાં આવે છે. આમ અપવિત્ર કરવાનો શો હેતું હોઈ શકે ?

મારા શિષ્યો રાજ્યની વેઠ કરે છે જે તેમની પાસે સમાન રીતે લેવામાં આવે.

મારા શિષ્યોને તેમની જરૂરી ધાર્મિક વિધિ માટે ઘરેણાં, રંગીન કપડાં પહેરતાં અટકાવવા ન જોઈએ.

મને મળવા આવતા શિષ્યો પાસેથી ૫૦૦૦ રૂા. સલામતી બોન્ડ લેવામાં આવે છે. તે રદ કરવું જોઈએ.

ડુંગરપુરનો પટેલ પૂંજા ધીરજી નિર્દોષ છે. તો પણ તેની ધરપકડ કરવા માટે પોલીસનું વોરંટ કાઢવામાં આવેલ છે. વધુમાં ખેરપ્પાના થાનેદારે ખોટો અહેવાલ આપ્યો છે કે તેણે (પૂંજા) ગદરા આઉટ–પોસ્ટ બાળી નાખી. જમાદારની હત્યા કરી હતી પરંતુ તેણે આવું કંઈ જ કર્યું નથી. આથી તેને નિર્દોષ જાહેર કરવામાં આવે અને માફી આપવામાં આવે.

હાલમાં રાજયના કર્મચારીઓ ગામડામાં ફરે છે અને ધરપકડ કરવાની ધમકી આપી મારા શિષ્યોને મારે છે. તેથી તેમના ફેરા બંધ થવા જોઈએ એ. સુંથ દરબારે તેમને વચન આપવું જોઈએ કે તેમની સતામણી કરવામાં નહી આવે અને માફી આપવામાં આવશે.

દરબારસાહેબ તેનાં લોકોને 'સાળા' કહીને સંબોધે છે. આ ગાળ બંધ થવી જોઈએ અને રાજાની મિત્રતાની ચકાસણી કરી તેને ધર્મના માર્ગે વાળવા જોઈએ.

રાજય દ્વારા મારી નાખવાની ડરથી મારા શિષ્યો જંગલમાં ભાગી ગયા છે અને તેથી તેમના પાકને નુકશાન થયું છે. આથી રાજ્યે તે વેરામાં વધારો કરવો ન જોઈએ અને જેમના પાકને વધારે નુકશાન થયું છે તેમને રાહત આપવી જોઈએ. સિવિલ મુકદ્દમા અને શાહુકારના ચુકાદાઓનો અમલ આ વર્ષ માટે મુલતવી રાખવો જોઈએ.

રામપુરના શેઠ ગુલાબચંદ હમીરચંદને મારી પાસે આવતા, મારા જવાબો અને ખુલાસાઓ મેળવવા માટે હું તેમની મારા મુખત્યાર તરીકે નિમણૂક કરું છું. તેથી રાજયએ

તેની જરૂરિયાત પ્રમાણે માણસ રાખવાનો વિરોધ ન કરવો જોઈએ. તેમજ તેને કે તેના માણસોને ત્રાસ આપવામાં ન આવે તેવો ચોક્કસ બંદોબસ્ત કરવો જોઈએ.

સત્યની તપાસમાં અથવા આ બધા જૂઠાણામાં પ્રજા અને કર્મચારીઓને એક બીજામાં ભળી જવા દેવા ન જોઈએ.

જ્યારે વિષયનો નિકાલ આવે ત્યારે આપ નામદારના સીલ અને સહીનો ઠરાવ મને આપવો જોઈએ.

ઉપરોક્ત મારી અને મારા શિષ્યોની ફરિયાદો છે. તેમનાથી બચાવવા માટે આ મારા શિષ્યોની ફરિયાદો છે. તેમનાથી બચાવવા માટે અને લાખો લોકોના જીવ બચાવનાર તમે જ સર્વસત્તાધિશ છો.

આ પ્રજા રાજાજીની છે અને તેથી મકાનો બાંધવા માટે તેમને ઘણું સહન કરવાનું થાય છે. જ્યારે તેઓ મફત મદદ અને ઘર માટે ઈમારતી લાકડા માટે અરજી કરે ત્યારે તેમને તે બે વર્ષ પછી મળે છે અને તે પણ અપૂરતું. વધુમાં બધી મૃત્યુ પત્ર સિવાયની મિલકત રાજ્ય દ્વારા લેવામાં આવે છે. તેથી મહાલકારીએ જૂની પદ્ધતિ અનુસરવી જોઈએ અને પૂરતા પ્રમાણમાં ઈમારતી લાકડું સત્વરે આપવું જોઈએ. વાંસ કાપવાનો પ્રતિબંધ ઉઠાવી લેવો જોઈએ અને રાજ્યે મૃત્યુપત્ર વગરની મિલકત ન લેવી જોઈએ. વધુમાં વાઘડામાં ૧ રૂા. માં ૪ ભાર તોલા અફીણ વેચાય છે જે અહીં ૧ રૂા. માં ૨ ભાર તોલા વેચાય છે. આથી વાઘડ અને અહીંનો અફીણનો ભાવ સરખો હોવો જોઈએ. ઠંડી સામે રક્ષણ આપવા બળતણનાં લાકડાં ગરીબ લોકોની પ્રાથમિક જરૂરિયાત છે. તેથી સૂકાં બળતણનાં લાકડાં લેવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

તગાવી લોન પર વ્યાજ ન લેવું જોઈએ. ફળના વૃક્ષોની, પથ્થરની ફી, ચૂના કાંકરાની ફી વગેરે એક સાથે દૂર કરવી જોઈએ.

ગરીબ લોકો દ્વારા ખેડવામાં આવતી તમામ જમીન પરનિયત અથવા નિયત કરવામાં આવનાર વિગોટી માફ કરવી જોઈએ અને જમીન મહેસૂલની આકારણી જૂની રીત પ્રમાણે કરવી જોઈએ. પ્રજાને તલવાર અને બંદૂક રાખવા કાયમી પરવાનો આપવો જોઈએ.

અમારો મેળો ૧ મહિનો અને સાડા સાત દિવસ વધારવો જોઈએ. જેથી અમે શાંતિથી બેસીને અમારા ઈશ્વરનું નામ લઈ શકીએ અને આરાધના કરી શકીએ. મારું નિવાસસ્થાન બે સરહદોની વચ્ચે છે. અહીં પાણી અને બળતણની સુવિધાને કારણે મારા શિષ્યો અહીં નવા ચંદ્રના દિવસ પૂનમના મેળામાં ભક્તિ કરવા આવ્યા હતા તે સમયે મારા દુન્યવી તમામ સ્વપ્નો હું ભૂલી ગયો હતો. અહીં ગુપ્ત રહ્યો તોયે મારા શિષ્યોને ત્રાસ આપવામાં આવે છે. તમે જે કરો તેમાં બીજાની લાગણી અને અધિકારનો વિચાર સાવધાનીપૂર્વક કરજો. એકબાજુ અમારો અવાજ છે. જ્યારે બીજીબાજુ આદેશ. એક પક્ષ વેદી સત્ય જાણનાર બીજો પક્ષ ભેદી બધા જ દુન્યવી કાર્યો કરનાર આથી સાહેબ અમારી પ્રવૃત્તિ વિશે અમને ન પૂછતા. અમારા માટે રાજ્યની પ્રવૃત્તિ વિશે પણ ન પૂછતા ભીલ લોકોને તેમને ભક્તિ કરવા દો. તેઓ સર્વ તમારી જ પ્રજા છે, જો તેઓ તમારા કાયદાને ન પાળે તો મને કહેશો, પરંતુ જ્યારે તેઓ ભક્તિ કરવા જતા હોય ત્યારે તમે તેમને મારી નાખશો તો તેનો તમારે ઈશ્વરને જવાબ આપવો પડશે. ગાય અને ભૂંડ ખાનાર તથા પીણાં પીનારા, દ્રવ્યલોભી, વ્યભિચારી કાર્યો કરનારા, નિંદા કરનારા, ચોર, જૂઠું બોલનારા, વિષયલંપટ અને બીજા અન્ય શેતાની કૃત્યો કરનારાને હું મારા શિષ્યોમાં દાખલ નહીં કરું. આ ગરીબ લોકો (ભીલો) ધરતીની હૂંફ મેળવે છે. હાલ સુધી તેઓ જમીનમાં દાણા વાવતા હતા. પાકીટ અને કોળાનું પાત્ર મારું નસીબ છે. તે હું ખુશીથી સ્વીકારું છું. હું કોઈની પાસે માગતો નથી અને જોઈતું નથી. હું તેમની પાસેથી લઉં છું કે જેઓ માગ્યા વગર મને આપે છે તેથી મને ત્રાસ ન આપવા વિનંતી છે. કોઈના પર મારો દાવો નથી. દિવાળીના મહિનામાં હું મારા બાગમાં મુસાફરી કરતો હતો ત્યારે ત્યાં પણ મને ત્રાસ આપ્યો. ઈડરના થાણેદાર, લુણાવાડાના થાણેદાર અને દરબારના સબંધી

વગેરે લોકોએ મારી પાસે લાંચ માગી. જે મેં તેમને ન આપી તેથી તેઓએ કહ્યું કે, તેઓ મારી ધૂણી પર મરઘાં અને બકરાંને તેમાં મારીને અને મારી ધજાને સતાવશે ત્યારે તેમને ચેન પડશે આવું કહીને તેઓ મારી ધરપકડ કરવા આવ્યા. તેથી તે બીકના કારણે હું માનગઢ ટેકરીમાં સંતાયો હતો. આ કળિયુગના સમયમાં તમારું સામ્રાજ્ય પૂરી રીતે ફેલાયેલું છે. તેથી તમારે અમને ન્યાય આપવો જોઈએ અને પાણી તથા દૂધને અલગ કરીને કરોડો લોકોના જીવ બચાવવા જોઈએ. સંજેલીના સત્તાધિશોએ મારી ધજા બાળી નાખી છે. સુંથ દરબાર અમારા પર ભારે જુલમ ગુજારે છે. મે મારી ભક્તિના છ વર્ષ પૂરાં કર્યાં છે અને વધારાનાં છ વર્ષ બાકી છે. હું તમને મળીશ. તમે ખરેખર મહાન એવા કાયદામાં રહીને મનુષ્યને રાખનાર મહાન રાજાઓની જેમ પ્રજાને કાયદામાં રાખનાર છો. આપ નામદાર મારા લવાદનાં પ્રતિનિધિ છો, હું કોઈના પર હુમલો નહી કરું – લૂંટફાટ નહી કરું કે કોઈને મારી નહી નાખું. હું મારી ભક્તિની પ્રક્રિયાને અનુસરીશ. કારણ કે કોઈપણ રાજ્ય મને તેમના ક્ષેત્રમાં રહેવા નહી અને તેઓ મને અને મારી ભક્તિને સતાવશે. તેથી હું આ ટેકરી પર મારી પોતાની પ્રતિષ્ઠા સંપ્રદાય માટે આવ્યો છું. હું નિર્દોષ છું. હું રાજગુરૂજીનો બુંદીના રાજપૂતાના રાજ્યનો શિષ્ય છું. જેઓ સોલાગરજીના શિષ્ય હતા. તેઓ મહાન અખાડા ધોરાગરજીના શિષ્ય હતા. હું સમાજ સાથે જોડાયેલો માણસ છું. મને ત્રાસ અને ઈજા ન કરવા વિનંતી કરું છું. ભેખ એ ભગવાન (ભક્ત)ની નિશાની છે. ઈશ્વરનો ડર રાખવો, બધાયે મૃત્યુ પામવાનું છે. તેથી થોડી દયા અને ધાર્મિક આત્મા રાખવો. મારા ઉપર ગુસ્સે થઈને હુમલો ન કરો. જો મારો ઈરાદો રાજા અને લોકો પ્રત્યે ખરાબ હોય તો મારો ધર્મ મન ગળી જાય. તમે મારી વિરુદ્ધ ખરાબ કરો તો તમારો ધર્મ તમને ગળી જાય. હું આ લોકોનો ગુરૂ છું. ગુરૂ માટે ત્રણ કાર્યો છે. લોકોને ઉગારવા, ગુરૂમંત્રો અને ગુરૂનો શબ્દ. વહેલા કે મોડા બધાએ મૃત્યુ પામવાનું છે. હું ગુરૂના શબ્દો ઉપર વિશ્વાસ રાખું છું અને જો વિશ્વાસનો ભંગ થશે તો અમે અમારા મૃત્યુ સુધી લડીશું. મારા બાળકો મદદ વગરની સ્થિતિમાં રહેશે. જો તમે ભગતના દુશ્મન બનશો તો તેનું પરિણામ સારું નહીં આવે. અહીં મારા રહેઠાણના સ્થળે

દરરોજ ૧૦૦૦ સાધુઓ જમે છે, આ ખર્ચને પહોંચી વળવા માટે તમારે ભેખનો દર નક્કી કરવો જોઈએ. જેથી હું બધી જાતિઓ પાસેથી લઈ શકું. આપના આદેશના સવિનય સન્માન સાથે હું મારા વતી આ બાબતનો ઉકેલ લાવવા વિનંતી કરું છું. જેમાં મારા કેટલાક ટેકેદારો સમસ્યાના ઉકેલ માટે સાથે રાખું છું, જેની સાથે ચર્ચા કરવામાં આવે એવી મારી વિનંતી છે. બ્રિટિશ ઓફિસરોએ ચર્ચા દરમ્યાન તેમને કહ્યું કે તેમની સુધારવાદી ચળવળ પ્રત્યે સહાનુભૂતિ છે. પરંતુ હથિયારો સાથે વિશાળ સંખ્યામાં કિલ્લેબંધ ડુંગર ઉપર ભેગા થવાની વૃત્તિ યોગ્ય નથી. ત્યાર બાદ અંગ્રેજ અધિકારી દ્વારા ગોવિંદગુરૂ અને તેમના અનુયાયીઓની માંગણી સંદર્ભે લેખિતમાં બાહેંધરી આપી કેટલીક બાબતોમાં માગણીઓ સ્વીકારી હતી જેની જાણ ત્યાનાં પોલિટિક્સ એજન્ટ અને રેવાકાંઠાના સુપરીટેન્ડેન્ટને કરી હતી."[૧૧]

ગોવિંદગુરૂએ ધાર્મિક વિચાર ધારાઓને આધારે સામાજિક સુધારણા માટે લોકોને પ્રેરિત કર્યા તેમના સંપ્રદાયનો પ્રભાવ ભીલ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ઊભો થવાના કારણે ભીલ લોકો રાજકીય સતા સામે તેમના હિતો માટે ઊભા થયા હતા. સત્તા દ્વારા ગોવિંદગુરૂના સામાજિક ધાર્મિક સુધારણાના પ્રભાવના કારણે લોકોના વિરોધને અટકાવવા ગોવિંદગુરૂની તેમની સામાજિક ધાર્મિક પ્રવૃત્તિઓ પર નિયંત્રણ મૂકવામાં આવ્યા. જેથી કરીને વિરોધ રોકી શકાય. આ આંદોલન સુધારણા પ્રવૃત્તિમાંથી ભીલોના હિતો અને અધિકારોના સંદર્ભમાં રાજ્યની સામે સંગઠિત બન્યું હતું. અને ભીલોએ તેમના અધિકારો અને હિતો પ્રત્યે ધ્યાન અપાય તેવા પ્રયત્નો સ્વરૂપે માગણીઓ રજૂ કરી હતી જેમાં સામાજિક માળખામાં પરિવર્તન લાવવાના પ્રયત્નો વેગવાન બન્યા હતા.

## ❀ આંદોલનના પરિણામો :

આદિવાસી લોકોમાં તે સમયે કેટલીક પરંપરાગત વિચારધારા અંધશ્રદ્ધા કુરિવાજો જે જોવા મળતા હતા. તેની સામે ગોવિંદગુરૂએ સામાજિક અને ધાર્મિક શિક્ષણને આધાર બનાવી ચળવળને આગળ ધપાવી હતી. રાજસ્થાન, ગુજરાત,

પંચમહાલ અને મધ્યપ્રદેશના વિસ્તારમાં ગોવિંદગુરૂના નૈતિક ઉપદેશોએ આદિવાસીઓમાં પરિવર્તન લાવવામાં મોટો પ્રભાવ ઊભો કર્યો હતો લોકો ભગતના દોરા બાંધી ગુરૂમાર્ગે આગળ ચાલતા હતા. ડો. વિ.કે. વશિષ્ટ (૧૯૯૭) નોંધ પ્રમાણે "૧૯૦૭ થી ૧૯૧૩ ના છ વર્ષમાં પંચમહાલ, દક્ષિણ રાજસ્થાન અને દક્ષિણ–પશ્ચિમ મધ્ય ભારતમાં ભગત સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યામાં ઘણો વધારો થયો હતો જેની અસર દેશી રાજ્યોની દારૂની આવક પર પણ પડી હતી. લોકો વેઠ પ્રથા વિરુદ્ધ પણ જાગૃત બન્યા હતા આ ચળવળનો ફેલાવો એટલા વિસ્તૃત પ્રમાણમાં થયો હતો કે તે સમયની મિશનરી દ્વારા કરવામાં આવેલી નોંધમાં પણ જોવા મળે છે. ગોવિંદગુરૂ જેલવાસના ૧૦ વર્ષના સમય ગાળા પછી આ પ્રદેશમાં પરત ફર્યા હતા ત્યારે પણ તેમના અનુયાયીઓનો ટેકો મજબૂત હતો આદિવાસી લોકોની ઓળખ ગોવિંદગુરૂના અનુયાયી તરીકે કેસરી સાફા અને રૂદ્રાક્ષની માળા ધારણ કરી હજારો ભીલો દારૂ, માંસ તેમજ અન્ય કેટલીક બાબતો કુરિવાજો વગેરે છોડી આ વિસ્તારના લોકો પોતાની અલગ ઓળખ ઊભી કરી રહ્યા હતા."[૧૨]

આ ચળવળ આદિવાસીઓમાં સુધારાની પ્રવૃત્તિ સ્વરૂપે ચાલતી હતી ત્યારે બીજી બાજુ જમીનદારો જાગીરદારો અને દેશી રાજ્યો આદિવાસીઓની સ્થિતિ બદતર બનાવી રહ્યા હતા. આ સુધારાવાદી પ્રવૃત્તિનો વેગ જમીનદારો અને દેશી રાજ્યો દ્વારા કરવામાં આવતા શોષણની સામે ઉગ્ર બન્યો હતો. આ પ્રવૃત્તિને અટકાવવા માટે ડુંગરપુરના રાજા આગળ આવ્યા અને બ્રિટિશ લશ્કરી સહયોગ મેળવી કાયદો અને વ્યવસ્થા જાળવાવાના પ્રયાસ સ્વરૂપે એક મોટો હત્યાકાંડ સર્જાયો હતો. જેને માનગઢ હત્યાકાંડ તરીકે ઓળખવામાં આવે છે.

## ❀ માનગઢ હત્યાકાંડ :

ગોવિંદગુરૂ આંદોલનના ભાગરૂપે ૧૭ નવેમ્બર ૧૯૧૩ના રોજ માનગઢમાં એક મોટો હત્યાકાંડ સર્જાયો હતો. આ હત્યાકાંડ પંચમહાલ આદિવાસી વિસ્તારમાં દેશી

રાજ્યો અને જાગીરદારી પ્રથાના વિરોધમાંથી થયો હતો. આ આંદોલનની શરૂઆતની અવસ્થા શાંતિપૂર્ણ રીતે સમાજ સુધારણા સ્વરૂપે ચાલતી હતી, પરંતુ આ સમાજ સુધારણાની અસરથી લોકોમાં જાગૃતિ ઊભી થઈ હતી. પછીથી તે રાજકીય સ્વરૂપમાં ફેરવાઈ ગઈ હતી. આ આંદોલનમાં વેઠ પ્રથાનો વિરોધ, મધપાન નિષેધ વગેરેના કારણે દેશી રાજ્યોની આવક ઘટવા લાગી તેમની આર્થિક વ્યવસ્થા પર તેની સીધી અસર ઊભી થઈ સદીઓથી ચાલી આવતી સામંતશાહી અને રાજાશાહી વ્યવસ્થા સામે આદિવાસીઓ જાગૃત થયા હતા. આ સુધારાવાદી પ્રવૃત્તિથી લોકોમાં વેઠ પ્રથા સામે વિરોધનું વાતાવરણ ઊભું થયું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભીલો ને જાતે શામંતશાહી વ્યવસ્થાથી શોષિત થતા હોવાની અનુભૂતિ થવાની શરૂઆત થઈ હતી. ભગત ચળવળથી દેશી રાજ્યોના પરંપરાગત અર્થતંત્રમાં મોટી ખોટ પડી રહી હતી જેના પ્રત્યાઘાત સ્વરૂપે દેશી રાજ્યોએ આ આંદોલનનો કચડી નાખવા તૈયાર થયા હતા. આમ શરૂઆત ભગત આંદોલનના ટેકેદારો અને તેમના નેતાની સામે કેટલાક શિક્ષાત્મક પગલાંઓ થી શરૂઆત કરી હતી વિ.કે. વશિષ્ટ (૧૯૯૭) પ્રમાણે "દેશી રાજ્યના શાસકોએ આ સંપ્રદાયને દબાવવા અને અટકાવવા સખત પ્રયત્નો કર્યા. કેટલાક અધિકારીઓ અને પ્રજાનો એક વર્ગ એમ સાથે મળી ગોવિંદગુરૂ અને તેમના અનુયાયીઓને ધૂણીઓને પ્રસ્થાપિત કરતાં અટકાવવા માટે દરેક ગામની ધૂણીઓ ખોદી કાઢી અને મુસલમાનોએ ધૂણીઓ પર અપકૃત્યો કરવા પ્રેરિત કર્યા હતા. સિપાઈઓ દ્વારા ભીલોને દારૂ પી હિસાનું વાતાવરણ ટકાવી રાખે તેવું પ્રોત્સાહન પૂરું પાડયું. જૂની ટેવો ફરીથી અપનાવવા પણ દબાણ કર્યું. આ ઉપરાંત ભગતે ભીલોમાં ધાર્મિક સાધનોની જપ્તિ વગેરે કારણે સતામણી અને કેદની સજા સંપ્રદાય ને ઓળખવાળા કપડા અને ઘરેણા પહેરવા પર પ્રતિબંધ, ધાર્મિક, પ્રવાસોની મનાઈ વગેરે અવરોધો દેશી રાજ્યો દ્વારા અવાર નવાર ઊભા કરવામાં આવતા હતા. જેના કારણે આદિવાસીઓમાં ભીલ રાજ્યની ચિનગારી પ્રજવલિત થઈ હતી."[૧૩] આ આદિવાસી લોકો અત્યાચાર અને શોષણથી ત્રસ્ત હતા. તે સમયે ગોવિંદગુરૂ દ્વારા માનગઢમાં જાહેર સભાનું આયોજન

કરવામાં આવ્યું હતું. આ સભામાં ગોવિંદગુરૂ તેમના ટેકેદારા તથા સરહદી રાજ્યોના આદિવાસી આગેવાનો ભેગા મળી ભીલ રાજ્યની સ્થાપના કરવાનું આયોજન વી.કે. વશિષ્ટ (૧૯૯૭)ના મતે "૧૯૧૩ ઓકટોબરમાં માનગઢ સ્થળ ઉપર એકત્રિત થવાનું નક્કી કર્યું. તે દરમ્યાન સંતરામપુર, રાજયના જમાદાર ગુલમહમ્મદની ગોવિંદગુરૂના ટેકેદારા દ્વારા હત્યા કરવામાં આવી ત્યાર બાદ ભગત ભીલો દ્વારા સંતરામપુર રાજયના પ્રતાપગઢ કિલ્લા પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનાઓના કારણે આ આંદોલન સુધારવાદી ચળવળ સ્વરૂપમાંથી રાજકીય ધારણ કર્યું હતું."[૧૪]

આ આંદોલન ગોવિંદગુરૂ દ્વારા કારતક સુદ પૂનમ ૧૭ નવેમ્બર ૧૯૧૩ના રોજ માનગઢ મુકામે ભીલોના એક મોટા મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં ભગત સંપ્રદાયના ઝંડાઓ ભીલ વિસ્તારમાં વહેચવામાં આવ્યા હતા અને લોકો આ મેળામાં નારિયેળ અને એક આનો રોકડો લઈ ત્યાં ૩૦૦૦ જેટલા લોકો ભેગા થયા હતા અરૂણ વાઘેલા (૨૦૦૩) તેમના અભ્યાસમાં જણાવે છે કે "ત્યાંના સ્થાનિક લોકોના મતે આ સંખ્યા એકથી દોઢ લાખની હતી. તેમાં લોકો ધાર્મિક વિધિની વસ્તુઓ બંદૂક, તલવાર, તીરકામઠાં અને ગોફણથી સુસજ્જ હતા અને ગુરૂને સંપૂર્ણ સમર્પિત હતા. ગોવિંદગુરૂ અને આદિવાસી ભીલ ટેકેદારો વિશાળ સંખ્યામાં એકઠા થવાથી કુશલગઢ, વાંસવાડા, ડુંગરપુરના દેશી રાજયોમાં દહેશતની લાગણી ઊભી થઈ. આથી સંતરામપુરના શાસકે ગોવિંદગુરૂની, ધરપકડ કરી માનગઢ પરથી ભીલોને વિખેરી નાખવા, પોલિટિકલ એજન્ટને વિનંતી કરી. અહી એકત્રિત થયેલા લોકો આક્રમક સ્વરૂપે ભેગા થયા હતા. જેથી તેમને વિખેરવા મુશ્કેલ હતા. ૧૯૧૩ના રોજ ગોવિંદગુરૂએ રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટને દેશી રાજ્યો તરફથી વેઠવી પડતી વેઠ અને શોષણ સામે રજૂઆત કરી તેમના સંપ્રદાય આડે નહી આવવા, અડચણ નહી કરવા અને અસભ્ય વ્યવહાર નહી કરવા રજૂઆત કરી હતી. તેના જવાબમાં દેશી રાજ્યો તરફથી આ સમુદાય અને ભીલ લોકો પ્રત્યે સહાનુભૂતિ બતાવી. તેમને માનગઢ પરથી છૂટા થઈ જવા વિનંતી કરી હતી. ગોવિંદગુરૂ અને તેમના ટેકેદારોને તે પૂરતું ન હતું. પોલિટિકલ

એજન્ટની વિનંતી અને ચેતવણીઓ છતાં માનગઢ પરથી ભીલો વિખેરાયા નહી. તેથી દેશી રાજયો અને બ્રિટિશ શાસને કાયદો અને વ્યવસ્થા સાચવવા લશ્કરી ટુકડી મેવાડે ભીલ કોર્પ્સ અને સુંથ, ડુંગરપુરના દેશી રાજયોના સૈનિકોએ ૧૭ નવેમ્બર ૧૯૧૩ના રોજ માનગઢ ટેકરી પર હુમલો કર્યો. જેનો સામનો કરતાં આદિવાસી ભગત લોકો ગોવિંદગુરૂના ચમત્કારિક પ્રભાવના કારણે સામે લડત ચલાવી હતી, પરંતુ સૈનિકો, હથિયાર સાથે સજજ હોવાના કારણે તેમની ગોળી બારીથી ઘણી સંખ્યાના લોકો મૃત્યુ પામ્યા હતા. સત્તાવાર આંકડા પ્રમાણે ૧૫૦૦ જેટલા આદિવાસી લોકો મૃત્યુ પામ્યા હતા. ઘણાની ધરપકડ કરવામાં આવી હતી."

આ હત્યાકાંડમાં ભગત લોકોના સંપ્રદાય અને ગુરૂની ચમત્કારિક વાતોના કારણે ઘણા આદિવાસીઓ શહીદ થયા હતા. આ ઘટનાના સંદર્ભે લોકોમાં ઘણા વર્ષો સુધી હત્યાકાંડ સંદર્ભને વણી લેતાં ગીતો ગાવામાં આવતાં હતાં.

દોલત ભટ્ટ (૨૦૦૬) તેમના લેખ "તો જંગલમાં વસનારાઓનું જુદું રાજય સ્થપાયું હોત" માં જણાવે છે કે "ડુંગરપુર ક્ષેત્રમાં અને પંચમહાલના જંગલોમાં ગોવિંદગુરૂ નામનો ગુરૂ ભીલોમાં ફરતો હતો. જંગલ સાથે જોડાયેલા ભીલ લોકોનુ ધાર્મિક વાતો જણાવતો હતો. ભીલોએ ગોવિંદગુરૂને ગુરૂ માન્યા, ગોવિંદગુરૂએ સમાજ સાથે સબંધ નથી તેવા અલિપ્ત જંગલમાં રહેનાર લોકોને પોતાના રાજયની વાત કરી. વાંસવાડા, ડુંગરપુર પંચમહાલના ક્ષેત્રોમાં ફેલાવો કર્યો આ ક્ષેત્રના ભીલો ગોવિંદગુરૂના ટેકામાં જોડાયા હતા.

ગોવિદગુરૂ જંગલમાં રહેતા લોકોને જણાવતા હતા કે જંગલને જાળવો જંગલમાં રહો નદી, નાળાં, વખંભર કોતરો, જંગલી પ્રાણીઓ સામે ઝઝૂમો તમારા ઉપર બીજા રાજ કરે તે કુદરતના કાનૂનની વિરૂદ્ધ છે. આ વાતમાં આદિવાસીઓ સક્રિય રીતે જોડાયા હતા. ગોવિંદગુરૂએ ભીલોને સંદેશા મોકલ્યા કે માનગઢની ટેકરીએ બધાએ ભેગા મળવાનું છે. જેના સમાચાર મળતાં ભીલો ભાલા તીર કામઠા લઈને એકત્રિત થયા હતા.

તેમાં ગોવિંદગુરૂ અને પૂંજા પારગી નામના બે નેતાઓ એ આ આંદોલનનું સુકાન સંભાળ્યું. જંગલ પરના તેમના અધિકારો પુન : સ્થાપિત થાય, તેવા પ્રયત્ન સ્વરૂપે આગળ વધ્યા હતા. આ એકત્રિત થયેલા સમૂહે પોલીસ થાણા પર હુમલો કર્યો, જયા એક પોલીસને મારી નાખ્યો, બીજાને જીવતો પકડયો હતો અને પોલીસ થાણાને લૂંટ ચલાવી હતી માનગઢ ક્ષેત્રના ગોવિંદગુરૂ અને પૂંજા પારગીના આંદોલનને કારણે ત્યાંના દેશી રજવાડા આ પરિસ્થિતિથી ચિંતિત બની ગયા હતા. તેમણે બ્રિટિશ કંપનીઓને સમાચાર મોકલ્યા કે માનગઢમાં લોકો મોટી સંખ્યામાં ભેગા થયા છે. આથી બ્રિટિશ કંપની સિપાઈઓ સાથે સુંથ ક્ષેત્રમાં આવી હતી. અંગ્રેજોની હથિયારધારી ટુકડી એ માનગઢ ડુંગરને ઘેરો ઘાલ્યો અને ગોવિંદગુરૂને શરણે આવવાની હાકલ કરી, પરંતુ તેની કોઈ અસર ગોવિંદગુરૂ પર થઈ ન હતી. આથી હથિયાર ધારી ટુકડીનું કામ ભીલોને પકડવાનું મુશ્કેલ બન્યું હતું. આથી સુંથના સૈન્યને તાત્કાલિક મોકલવા તાર કરવામાં આવ્યો હતો તાર મળતા જ સૈન્ય ત્યાંથી માનગઢમાં આવી પહોંચ્યું સિપાઈઓને આદેશ આપતાં પહેલાં અંગ્રેજ અમલદારે આખરી ચેતવણી આપી હતી કે શરણે આવો અથવા મૃત્યુ માટે તૈયાર થાઓ, પરંતુ ગોવિંદગુરૂ માન્યા નહી અને લશ્કરના અધિકારીઓએ લશ્કરને આદેશ આપવામાં આવ્યો જેમાં અસંખ્ય માણસો મૃત્યુ પામ્યા અને એક મોટો હત્યાકાંડ સર્જાયો ગોવિંદગુરૂ અને પૂંજા પારગી સહિતને ધરપકડ કરવામાં આવી."[૧૫]

દોલત ભટ્ટ (૨૦૦૬) જણાવે છે કે "આ બનાવ ૧૯૧૨ના વર્ષમાં બન્યો હતો. પહેલા છાપો ૩૧–૧૦–૧૯૧૨ ના રોજ માર્યો હતો ૧૭–૧૧–૧૯૧૨ ના રોજ ગોવિંદગુરૂ સહિતના ભીલ આગેવાનોને કેદ પકડવામાં આવ્યા હતા. આ ક્રાન્તિકારીઓને કેસ ચલાવવા એક ખાસ અદાલત ઈ.સ. ૧૯૧૪ ફેબ્રુઆરીમાં બેઠી હતી તેના ન્યાયાધીશ તરીકે મેજર ગફ અને મી.એલિસન આઈ.સી.એસ. નિમાયા હતા. તેમાં ગોવિંદગુરૂને ફાંસી અને પૂંજા પારગીને દેશ નિકાલ કરવામાં આવ્યા ત્યાર બાદ ઉત્તર વિભાગના કમિશ્નરે અપીલ કરતાં ફાંસીની સજા માફ કરી આજીવન કેદની સજા ફરમાવી હતી અન્યની સજામાં પણ ઘટાડો કરવામાં આવ્યો હતો. અંગ્રેજો એ આ

વિપ્લવને દાબ્યો ન હોત તો જંગલમાં વસનારાઓનું અલગ રાજ્ય સ્થપાયું હોત."[૧૮] જે આ પરિસ્થિતિમાં શક્ય બન્યું ન હતું.

## ❀ ભગત આંદોલનની અસર :

ગોવિંદગુરૂ દ્વારા સામાજિક સુધારણાની પ્રવૃત્તિમાં પંચમહાલના આદિવાસી સમાજ અને તેમાંયે ખાસ કરીને આદિવાસી જંગલ વિસ્તારમાં રહેતા લોકોમાં તેમના ઉપદેશોનું સારું મહત્ત્વ જોવા મળતું હતું. તેમાં સ્વચ્છતા, દારૂ નિષેધ, એકેશ્વરવાદ, અંધશ્રદ્ધા, લૂંટફાટ, માંસ નિષેધ વગેરે ઉપદેશો ભીલ સમુદાયની સુધારણામાં પાયાની બાબત હતી. ગોવિંદગુરૂની આ પ્રવૃત્તિમાં બીજા કેટલાક સંપ્રદાયની અસર હતી. ભગત સંપ્રદાય પર આર્યસમાજ, જૈન ધર્મ ભકિત સંપ્રદાય, કબીર સંપ્રદાય, શૈવધર્મ અને તત્કાલીન બ્રાહ્મણ ધર્મની અસર હોવાનું જોવા મળે છે. ભગત સંપ્રદાયની હવન પ્રવૃત્તિ, વિધવા વિવાહને સમર્થન મૂર્તિપૂજાનો વિરોધ વગેરેમાં આર્ય સમાજની અસર દેખાય છે. ધાર્મિક, હિતોમાં વૈષ્ણવ સંપ્રદાયની અને ભગતો દ્વારા પહેરેલી રૂદ્રાક્ષની માળા પર શૈવધર્મનો પ્રભાવ જણાય છે. ભગત સંપ્રદાય પર જૈન ધર્મની પ્રબળ અસર હતી. ભગત આદિવાસીઓને જૈન ધર્મીઓની સહાનુભૂતિ હતી કારણ કે માંસ ભક્ષણ નિષેધ અને મદ્યપાન નિષેધ જૈન ધર્મમાં પણ જણાવવામાં આવ્યું હતું.

ગોવિંદગુરૂની ચળવળ ડુંગરપુર, વાંસવાડા, ઈડર, સુંથ વગેરે ક્ષેત્રમાં ૧૯૦૭ થી ૧૯૧૩ દરમ્યાન થઈ હતી તેમણે ધાર્મિક વિચારધારાનો ફેલાવો ખૂબ ઝડપથી તે વિસ્તારમાં કર્યો હતો. ૬ વર્ષની અંદર લગભગ ૬ લાખ આદિવાસી લોકો તેમના અનુયાયી તરીકે અસર નીચે આવ્યા હતા. તેથી ગોવિંદગુરૂના ભગતો દ્વારા ભગત વિચારસરણી હેઠળ આદિવાસી લોકો અંધ શ્રદ્ધા, ભૂત, પિશાચ અને ભોપા જેવી માન્યતાઓ ઉપર અસર થઈ હતી. તેમણે લોકોને દારૂથી દૂર રહેવા જણાવ્યું, માંસ, મટન, મચ્છીનો ત્યાગ કરી લોકોને આ બધુ મૂકી રોજ સ્નાન કરવું સ્નાન કર્યા બાદ રૂદ્રાક્ષની માળા લોકોએ પહેરવી. તેની અસર આદિવાસી સમાજ ઉપર મોટા પાયે ઊભી

થઈ હતી. તેઓ ઉચ્ચ જ્ઞાતિની જેમ સમાન દરજ્જો તેમને મળવો જોઈએ તેવી પણ માગણી કરવામાં આવી હતી.

સામાજિક આર્થિક સુધારણા દ્વારા ભગત ભીલોની અંદર કેટલાંક પરિવર્તનો આવ્યાં હતાં. તેમની ભગત અને બિનભગત સમૂહો વચ્ચે કેટલીક અનુકૂળતા સામાજિક વ્યવસ્થાની રીતે કરવી પડી હતી. ભગત ભીલો તેમની સંસ્કૃતિ અને મૂલ્યોની જાળવણી કરતા હતા ભગત ભીલો માટે દારૂ અને માંસનો ઉપયોગ કરતા બિનભગત ભીલો સાથે સબંધો રાખવા મુશ્કેલ હતું. તેમની વચ્ચે નાના નાના સંઘર્ષો સમજૂતીને આધારે જ્ઞાતિ પંચાયત દ્વારા ઉકેલ લાવવામાં આવતો હતો. તેઓ તેમના સામજિક ઉત્સવો હોળી, દિવાળી, દશેરા તેમજ કેટલાક પ્રસંગો લગ્ન, જન્મ, મરણ, વગેરે સમય સાથે મળી ભાગ લેતા હતા. છતાં ભગત લોકો એક અલગ ઓળખ ધરાવતા જૂથ તરીકે જોવા મળતા હતા.

ભગત ભીલો જુદી જુદી ઊંચી જ્ઞાતિના લોકો સાથે સંપર્કમાં આવ્યા ત્યાં હિન્દુ વિચારધારાની અસર ઊભી થઈ હતી. ૧૯૨૩ થી ૧૯૨૭ ના સમયગાળા દરમ્યાન ભગત ભીલોના વ્યવહારમાં તેમની વિચારધારા બિનભગત ભીલોમાં જોવા મળતી હતી. વાંસવાડાના ભગત ભીલોનું જોડાણ ભીલ સેવા મંડળ સાથે ઊભું થયું હતું. તેઓ તેની વાર્ષિક સભામાં પણ સક્રિય ભાગ લેતા હતા. તેઓ તેમના આચારો પ્રત્યે બિલકુલ સભાન હતા આથી જ બિનભગત ભીલો સાથેના વ્યવહારો તેમણે બંધ કરી દીધા હતા.

આ સમયથી ભગત ચળવળ શરૂઆતના વર્ષોથી જ ભગત સમુદાય ના કારણે ભગત અને બિનભગત વચ્ચેની એકતા હતી. તેઓ વિઘટિત બની ગયા હતા. આ સમૂહ ભગત અને બિનભગત લોકો વચ્ચેના વિરોધાભાસ વધતો જતો હોવાના કારણે આ વિભાજનમાં કેટલાક તનાવો પણ ઊભા થયા હતા. ભગત ભીલો દ્વારા ભૂકિયા આણંદપુરીમાં ગોવિંદગુરૂના નામનું મંદિર બનાવવાનું આયોજન કર્યું હતું. તેના દ્વારા પણ આદિવાસી લોકોની એકતા તૂટી હતી. પરંતુ સામાજિક વ્યવહારોમાં તેમના વચ્ચે

સબંધો જોવા મળતા હતા. બિનભગત ભીલની કન્યા ભગત ભીલ દ્વારા સ્વીકારવામાં આવતી હતી. ભીલ કન્યા જો ભક્તિના આચાર વિચારો અપનાવે તો. આમ તેઓના સંબંધો પારસ્પરિકતા રહેલી જોવા મળે છે.

વી.કે. વશિષ્ટ (૧૯૯૭)ના મતે "ભગત આંદોલનમાં ભગત અને બિનભગત ભીલો વચ્ચે જ સંઘર્ષ હતો એવું નથી પરંતુ આ વિષયમાં રાજ્યના અધિકારીઓ દ્વારા પણ ૧૯૩૧ સુધી વાંસવાડા, સુંથ, ડુંગરપુર રાજ્યના ભીલ ભગતોને દારૂ પીવા અને વેચવા માટેના પ્રયત્નો કર્યા હતા. દારૂના કોન્ટ્રાકટર અને તેના એજન્ટને રાજ્ય સરકાર તરફથી ટેકો પ્રાપ્ત થતો હતો. ભગત ભીલોને દારૂ પીવા અને માંસ ખાવા માટે દબાણ કરવામાં આવતું હતું. રાજ્યના અધિકારીઓ ગોવિંદગુરૂ અને તેમના અનુયાયીઓની ભગત અસર ઓછી થાય તેના માટે આતુર હતા. જેથી કરીને તેમના દારૂનું વેચાણ સારી રીતે થઈ શકે. ગોવિંદગુરૂ તેમના અનુયાયીઓ અને ભીલો સાથે લઈને ભીલ રાજ માટે પ્રોત્સાહિત કરતા હતા જે બ્રિટિશ શાસન અને દેશી રાજ્યો સામે મોટા પડકારો ઊભા થયા હતા. જેમાં નવેમ્બર ૧૯૭૬માં માનગઢ મુકામે આ સંદર્ભે એકત્રિત આદિવાસી સમૂહ ના વિરોધને દબાવી દેવામાં આવ્યો હતો. ગોવિંદગુરૂ અને તેમના ટેકેદારોની ધરપકડ કરવામાં આવી હતી. આદિવાસી ભીલો ગોવિંદગુરૂના ભગત સંપ્રદાયમાં જોડાવાનાં દોર ચાલુ રહ્યો હતો. જેનાથી વાંસવાડા સ્ટેટના અમલદારો ચિંતિત બન્યા હતા. રાજ્ય સત્તાધીશો દ્વારા ભગત ભીલોને ચેતવણી પણ આપવામાં આવી હતી કે તેઓ ભગત સંપ્રદાયમાં જોડાય નહી અને ભગત સંપ્રદાયમાં જોડાવા પર પ્રતિબંધ મૂકયો હતો, પરંતુ રાજ્ય સત્તાધીશો તેમાં સફળ થયા ન હતા. ભગત ચળવળની ધૂણી અને તેની અસર આદિવાસી ભીલોમાં બની રહી હતી."[૧૭]

વાંસવાડા, ડુંગરપુર, સુંથ અને ઈડર રાજ્યના રાજાઓ દ્વારા ભગત ચળવળને તેમના પોતાના હિતો જેવા કે કર, દારૂના વેચાણ પરના કર તેમજ અન્ય બાબતો ને લઈને રોકવાનો પ્રયત્ન કરવામાં આવતો હતો. પરંતુ બ્રિટિશ શાસનના અધિકારીઓ

દ્વારા સહાનુભૂતિ બતાવી આદિવાસી ભીલોને તેમના અધિકારોમાં છૂટછાટ આપવામાં આવી હતી. તેમજ તેમના પ્રત્યે કેટલીક વિશેષ જોગવાઈ કરવામાં આવી હતી. ભગત ભીલો દારૂથી દૂર રહેવાના કારણે અન્ય માંસાહારથી દૂર રહીને બિન માંસાહારી ખોરાક અને ખેતી કરવા માટે પ્રોત્સાહન પ્રાપ્ત થયું. તેમના આ પ્રકારના અહિંસક વિશ્વાસના કારણે વાંસવાડા, ડુંગરપુર, પ્રતાપગઢ રાજયના ક્ષેત્રમાં સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાણ ઊભું કર્યું તેમણે પરંપરાગત આદિવાસી, પંચાયત અને વૈકલ્પિક વ્યવસ્થા સ્વરૂપે બ્રિટિશ ઢબની કોર્ટની સ્થાપના કરવામાં આવી ભગત ભીલો બિનમાંસાહાર ખોરાકને અને પશુ હત્યાથી દૂર રહેવાની સ્થિતિને વળગી રહ્યા હતા. ભગત ભીલો ખેતી વ્યવસાય અને ડેરી વ્યવસ્યાય સ્વરૂપે વૈકલ્પિક વ્યવસ્થામાં પણ વળ્યા હતા. રાજય દ્વારા વન્ય જીવો અને જંગલને આરક્ષિત કરવામાં આવેલ હોવાના કારણે તેમની જીવન જરૂરિયાતની વસ્તુ તેઓ મેળવી શકતા ન હતા ભગત ભીલો ગોવિંદગુરૂના ભીલો સંપ્રદાયમાં જોડાયેલા ભીલો ભૂતપ્રેતની માન્યતાઓમાંથી પણ દૂર થયા હતા તેઓ ભોપાઓના નિયંત્રણોમાંથી પણ મુકત બન્યા હતા અને જાણીતી અને આધુનિક પ્રકારની દવાઓ રસીઓ સ્વીકારતા થયા હતા. ભીલો ગુનાહિત પ્રવૃત્તિઓ થી દૂર રહેતા હતા. સરકાર દ્વારા તેમાં કેટલીક સગવડનું અને વિકાસના સંદર્ભમાં સરકારી ટપાલ સેવા પહોચાડવાના પ્રયત્નો કરવામાં આવ્યા. ભીલો તેમના પરંપરાગત જીવનની ઢબને છોડી ખેતી ક્ષેત્રમાં જોડાયા હતા અને તેમનો નિયમિત કર ભરવા અને તેને નિયંત્રિત સ્વરૂપે રાખવા સાથે જોડાવા સંમત થયા હતા.

આ બધી સામાજિક આર્થિક પરિવર્તન ભગત ભીલો દ્વારા બ્રિટિશ શાસનમાં દક્ષિણ રાજપૂતાના રાજયમાં આધુનિક મૂલ્યો અને ભીલો અનુકૂલિત વ્યવસ્થા ઊભી કરવામાં સફળ થયા હતા. રાજય દ્વારા ૧૯૧૧માં વસ્તી ગણતરીનું કામ હાથમાં લીધું હતું અને ભગત ચળવળના કારણે ભગત સંપ્રદાયના વિચાર મૂલ્યો માન્યતા અને તેની અસર નીચે આવેલા લોકોની પણ નોંધ કરવામાં આવી હતી.

સર ઈલિયોટ ગ્રેહામ કેલ્વિન રાજપૂતાનાના ગવર્નર જનરલના એજન્ટ હતા તેમણે ભગત ચળવળ દ્વારા આદિવાસી લોકોમાં જ ગતિશીલતા, ઊભી થઈ અને ભીલોએ નવી બાબતો સ્વીકારી તે તરફી સહાનુભૂતિ બતાવી જણાવ્યું કે "ગોવિંદગુરૂ આ હત્યાકાંડમાં પોતે સુરક્ષિત રહ્યા હતા અને તેમણે કેટલીક વિનંતી ભગત ચળવળમાં માનગઢ હત્યાકાંડના કારણે નુકશાન પામેલા લોકો અને ભીલોના નિર્માણ માટે કરી હતી. માનગઢ હત્યાકાંડના કારણે ભીલોમાં કેટલીક અસ્તવ્યસ્તતા ઊભી થઈ હતી. તેમણે વિશિષ્ટ દેખરેખ રાજપૂતાના નિયમો અને જાગીરદારો તેમજ તેમના અધિકારીઓ પર ચાલુ કરી હતી અને આદિવાસીઓ પાસે દબાણથી બેગાર જે લેવામાં આવતું હતું તેનાં પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. તેમજ તેમને દારૂ પીવડાવવાની જે ફરજ પાડવામાં આવતી હતી તે બંધ કરાવવામાં આવ્યુ. ધાર્મિક માન્યતા ભગત સંપ્રદાય સ્વીકારવા જે અડચણો ઊભી કરવામાં આવતી હતી તેને પણ અટકાવવામાં આવી તેમણે આ ભીલ વિસ્તારને નિયંત્રણ હેઠળ રાખી કેટલાક સુધારણાલક્ષી નિયમો બનાવી બોમ્બે સ્ટેટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ રાજપૂતાના નિયમો બેગાર સબંધી દૂર કરવામાં આવ્યા અને રાજય દ્વારા નવી નીતિઓ અજ્ઞાની આદિવાસીઓ માટે ઊભી કરવામાં આવી. જેમાં તેમને તેમના પોતાના હિતો જળવાય અને ભીલોની પછાતતા અને અજ્ઞાનતા દૂર થાય તેવા પ્રકારની નીતિના માર્ગદર્શક નીતિઓ તરીકે લાગુ કરવામાં આવી."[૧૮]

રાજપૂતાના સ્ટેટમાં સામંતશાહી માળખામાં ખેત ગુલામ ગણોતિયા એક મહત્ત્વનું પરિબળ હતું. રાજપૂતાના અમલદારો જાગીરદારો અને તેમના મુનીમ ભીલ ભગતોમાં અને ઊંચી જ્ઞાતિઓ વચ્ચે સામાજિક સમાનતામાં તેઓ માનતા ન હતા, પરંતુ ભીલ ભગતો દ્વારા સામાજિક સમાનતા ઊંચી જ્ઞાતિ જેટલા જ અધિકારો અને દારૂ તેમજ બેગાર આપવા માંથી મુક્તિનો દાવો કરવામાં આવ્યો હતો. રાજપૂતાના સ્ટેટ અને તેમાં ચોકકસ વાંસવાડા સ્ટેટ દ્વારા ચીજવસ્તુઓની જે શરતો હતી તેમાં તેમના સ્થાપિત હિતોમાં કોઈ સુધારા કર્યો ન હતો, જેના વિરોધમાં વાંસવાડા સ્ટેટની સામે ભગત

ચળવળ ૧૯૨૭ થી ૧૯૩૧ સુધી ચાલુ જ રહી હતી. ત્યાર બાદ પણ ૧૯૪૦ સુધી આ ક્ષેત્રમાં ભીલ ચળવળ વધુ અસરકારક રીતે આગળ વધી હતી.

આજ રીતે ભગત ચળવળ રાજકીય સ્વરૂપે આગળ વધી હતી અને ભીલોમાં ભીલ રાજની નવી આશા ઊભી થઈ હતી ભીલોએ આ ચળવળમાં સુંથ અને વાંસવાડા રાજયનો સત્તાધીશો પાસે ભીલ રાજ્યની માગણી કરી હતી. આ પ્રકારના ચળવળમાં બદલાતા સ્વરૂપના આધારે ભીલ મિશનના ફ્રેચ કેથોલિક મિશનરી ને ભગત ચળવળ ઊભી થવા પાછળ શંકા ઊભી થઈ હતી. મેજર આર.ઈ.એ. હેમિલ્ટન દક્ષિણ રાજપૂતાના પોલિટિકલ એજન્ટ હતા તેમણે નવેમ્બર ૧૯૧૩ માં જણાવ્યું કે "ગોવિંદગુરૂ ભગત ચળવળના જનક નથી પણ તે ધાર્મિક તત્ત્વો આધારે રાજકીય પ્રવૃત્તિઓનું જોડાણ કરે છે ગોવિંદગુરૂ પ્રજાને ઉશ્કેરનાર છે અને ગેરકાયદેસર અને અનૈતિક આંદોલન ચલાવે છે"[૧૯] ગવર્નર જનરલના એજન્ટ કેલ્વીને આ પ્રકારની નકારાત્મક દૃઢ વલણને વળગી રહેલા અમલદારોને વિશ્વાસમાં લીધા હતા અને બતાવ્યું હતું કે "ગોવિંદગુરૂ કોઈપણ પ્રકારનું બાહ્ય રાજકીય જોડાણ ધરાવતા નથી. આથી ભગત ચળવળને ગોવિંદગુરૂના નેતૃત્વમાં માની લેવામાં આવી હતી. તેમની સાથે ભીલ આગેવાનો સામાજિક આર્થિક સંદર્ભમાં આંદોલનને આગળ ચલાવી રહ્યા હતા અને તેના આધારે ભીલ રાજ્ય સ્થાપવાની તેમની ઈચ્છા હતી પરંતુ માનગઢ ઘટના પછી ભીલ રાજ્ય સ્થાપવાની ઉપર મોટી અસર થઈ હતી."[૨૦]

ગોવિંદગુરૂ દ્વારા ધાર્મિક પ્રવૃત્તિઓ જ ચાલુ કરી હતી તે હિંદુ વિચારધારા સાથે રાખી તે આગળ વધ્યા હતા તે સમય ખ્રિસ્તી મિશનરીઓ આ વિસ્તારમાં દાખલ થયા હતા. ગોવિંદગુરૂ આ વિસ્તારમાં ભગત સંપ્રદાયનો ફેલાવો કરી આદિવાસીઓમાં જાગૃતિ ઊભી કરી હતી તેથી ભીલ ભગતો વાર્ષિક ભીલ સંમેલનોમાં ભાગ લેતા થયા હતા ભીલો ના બાળકોના શિક્ષણ માટે ભીલ સેવા મંડળ દ્વારા સ્કૂલો ચાલુ કરવામાં આવી હતી. ભીલ સેવા મંડળ વાંસવાડા, સુંથ, રામપુર, દેવગઢ બારીયા, જાંબુઆ વગેરે

ક્ષેત્રોમાં શૈક્ષણિક કાર્ય ચાલુ થયું હતું તેના કારણે ભગત ભીલોના બાળકો ઉચ્ચ જ્ઞાતિ અને હિંદુ વિચારધારા તેમજ જુદા જુદા સામાજિક સ્તરના બાળકો સાથે સંપર્કમાં આવે અને હિંદુ વિચારધારામાં તેઓ જોડાય તેવો તેમનો આશય હતો.

ગોવિંદગુરૂનો ઉદ્દેશ્ય ભીલોમાં સાંસ્કૃતિક બદલાવ લાવવાનો નહી પણ તેના આધારે તેમની ભગત વિચારધારામાં લોકો જોડાય અને તેની સાથે સાથે ખેતી સાથે તેઓ જોડાય, તેમજ તેમને સમાજમાં સન્માન પ્રાપ્ત થાય.

૧૯૩૧માં ગોવિંદગુરૂના મૃત્યુ પછી ભગત ભીલો દ્વારા ગોવિંદગુરૂના નામની ઘૂણી, બનાવી  હતી અને તેમના નિયમોને તેઓ અનુસરતા હતા આમ તેમના મૃત્યુ પછી કેટલાક સમય સુધી ભગત ચળવળ ચાલુ રહી હતી.

આ ચળવળ આ ક્ષેત્રમાં સામાજિક ધાર્મિક બાબતોમાં સક્ષમ બની હતી સાથે રાજકીય બાબતોમાં પણ સક્ષમ બની હતી, પરંતુ માનગઢ ઘટના બાદ ગોવિંદગુરૂએ તેમના સિદ્ધાંતોમાં ભગત ચળવળના સાંપ્રદાયિક તત્ત્વોને વધારે આગળ વધાર્યા હતા. ભગત ભીલો અને બિનભગત ભીલો વચ્ચેનો તફાવત ૧૯૪૦ પછી ઓછો થઈ ગયો હતો. ભગત ભીલો પરંપરાગતતાની દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા તેઓ શાંતિપૂર્વક ખેતીમાં જોડાયા તેમજ બ્રિટિશ શાસનનું ન્યાય અને વહીવટી મોડેલ તેમણે સ્વીકાર્ય : તેમણે ભીલોને બ્રિટિશ સરકાર તરફથી સહાનુભૂતિ પણ પ્રાપ્ત થઈ હતી. તમામ ચળવળની અસર દક્ષિણ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં થઈ હતી. માનગઢમાં આદિવાસી મેળો ભીલો દ્વારા ભરવામાં આવતો હતો જેના આધારે રાજસ્થાનના પાડોશી રાજયોમાં ગુજરાત અને મધ્યપ્રદેશના આદિવાસીઓમાં એકતાનો સંચાર થયો હતો. ગોવિંદગુરૂની વિચારધારા અને ઓળખના આધારે સ્વાતંત્ર્ય બાદ કેટલીક વ્યવસ્થામાં બદલાવ ઊભા થયેલા જોઈ શકાય છે.

સુધારણાના પૂર્વેના સમયગાળામાં પંચમહાલમાં લૂંટફાટ મારધાડની પ્રવૃત્તિઓ ચાલતી હતી. આ સમયે જૈનો પોતાની વ્યાપારી પ્રવૃત્તિઓ માટે જાણીતા હતા. આ ક્ષેત્ર

ઉદયપુર, વાંસવાડા, શ્રીનાથજી જેવા ધાર્મિક કેન્દ્રો અને આર્થિક ક્ષેત્રો સાથે આ આદિવાસી વિસ્તાર સંકળાયેલો હતા. આથી ગોવિંદગુરૂ દ્વારા ચાલતી લડતમાં મદ્યનિષેધ, માંસાહાર નિષેધ વગેરે જેવા મૂલ્યો સંપ્રદાય દ્વારા ઊભા થયાં તો જૈન વૈષ્ણવ લોકોના સ્થાપિત હિતોની સલામતી વધે જે એક સ્વાભાવિક બાબત હતી આ રીતે જુદા જુદા સંપ્રદાયના સિદ્ધાંતો કાર્યપ્રણાલી આ ચળવળમાં સાંકળી આદિવાસીઓને આ આંદોલન માટે એક પૃષ્ઠભૂમિ ઊભી કરી હતી.

ગોવિંદગુરૂની આ ચળવળ સામાજિક અને ધાર્મિક સુધારા સ્વરૂપે ચાલી હતી પરંતુ પાછળથી તેને રાજકીય સ્વરૂપ લઈ લીધું હતું. આ ચળવળના કારણે આદિવાસી લોકોના જીવનમાં ઘણા પરિવર્તનો ઊભાં થયાં હતાં. આ ચળવળના પરિણામે ભગત સંપ્રદાયની સાથે જોડાયેલા લોકો અલગ વિચારધારા જીવન શૈલી અને ઓળખ ઊભી કરી હતી. જેની અસર લાંબા ગાળા સુધી ટકી રહી હતી વર્તમાનમાં પણ ગોંવિદગુરૂ દ્વારા સ્થાપિત ભગત સંપ્રદાય સાથે ચાલતા ઘણા લોકો જોવા મળે છે. જેની માનગઢમાં ગોવિંદગુરૂ દ્વારા સ્થાપિત ધૂણીઓ અને તેમાં લોકોની ભક્તિ ઉપરથી પણ જોવા મળે છે.

આ આંદોલનની આદિવાસી સમુદાય ઉપર કેટલીક મુખ્ય અસરો જે થઈ તે આ મુજબ છે.

આદિવાસી લોકો પરંપરાગત રીતે માંસ, મચ્છી, મદ્યપાન સાથે ખૂબ નજદિકથી જોડાયેલા હતા, પરંતુ આ સંપ્રદાયના પ્રભાવના કારણે લોકો આ બાબતો છોડી ભગત તરીકે ઓળખાતા થયા. આ સાથે ભગત સંપ્રદાયે સ્વચ્છતા ઉપર પણ ભાર મૂક્યો હતો. જેની અસર આદિવાસી સમાજમાં મોટા પાયે ઊભી થઈ હતી અને લોકોની જીવનશૈલીમાં બદલાવ આવ્યો હતો. તેમાનો પહેરવેશ કપડા, ઘર વગેરે સ્વચ્છ રહે તેવા પ્રયત્નો ભગત અનુયાયીઓમાં જોવા મળતા હતા. આ વિસ્તારમાં ભગત સંપ્રદાયના આચાર વિચારની અસર લોકોની જીવન પર સ્પષ્ટ જોવા મળતી હતી. ચોરી લૂંટફાટ ના થાય તેવા પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું હતું. ભીલ સેવા મંડળ દ્વારા પણ

ગોવિંદગુરૂના આંદોલનના કારણે જે પરિવર્તનો થયાં તેની નોંધ કરવામાં આવી છે. જેમાં જોવા મળે છે કે આ ચળવળ ના કારણે આદિવાસીઓ ભકિત તરફ વળ્યા હતા. સ્વચ્છતા, મદ્યપાન નિષેધને અનુસરતા હતા. ગોવિંદગુરૂની ધૂણી ધર્મમાં શ્રદ્ધા વગેરે બાબતમાં ઘણા આદિવાસી લોકો સુધારાના માર્ગે વળેલા જોવા મળે છે.

આદિવાસી સમાજમાં બીજી કેટલીક બાબતો સામાજિક કુરિવાજ, કુરીતીઓ સામે પણ ગોવિંદગુરૂની ચળવળ દ્વારા પડકારો ઊભા કરવામાં આવ્યા હતા. સામાજિક દુષણોનો વ્યાપ વધતો અટકાવવામાં આવ્યો હતો. તેમજ ભીલ સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા માન્યતાઓ વગેરેમાં ધાર્મિક વિધિ વિધાનોમાં ચાલતા પ્રભુત્વ પર પણ અસર થઈ હતી વી.કે. વશિષ્ટ (૧૯૯૭) માં "લોકો જે માન્યતા અંધશ્રદ્ધાના આધારે અંગ્રેજી નિદાન કરાવતા હતા તેની જગ્યાએ ભીલો આધુનિક પદ્ધતિથી માન્યતાઓ અને અંધશ્રદ્ધાથી દૂર થઈ આધુનિક દવાઓનો ઉપયોગ કરતા જોવા મળે છે. જેમાં પરિવર્તનનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળે છે."[૨૧]

આ આંદોલનમાં ભગત સંપ્રદાય હિન્દુ વિચારધારા સાથે શરૂઆતથી જ સંકળાયેલો હતો. હિંદુ વિચારધારા સાથે આદિવાસી લોકોને અને સમગ્ર રાષ્ટ્રને સાંકળી પરિવર્તન કરી શકાય તેવું તેઓ માનતા હતા. આ સંપ્રદાયના કારણે આદિવાસી લોકોમાં હિન્દુકરણની પ્રક્રિયા ઊભી થઈ હતી. આદિવાસી લોકો પરંપરાગત પ્રકૃતિને પૂજતા હતા. પહાડ નદી પર્વત વગેરે ની આરાધના કરવામાં આવતી હતી. ગોવિંદગુરૂના હિંદુ વિચારધારા ના ઉપદેશોના કારણે હિન્દુ ધર્મના તત્ત્વોનો ફેલાવો આદિવાસી સમુદાયમાં થયો હતો. ઘણા ભગત લોકો પોતાની ઓળખ હિંદુ તરીકે ઓળખાવતા હતા. આમ એક અલગ વર્ગ આ વિચાર ધારા સાથે જોડાયો હતો.

આ આંદોલનના કારણો આદિવાસી સમાજમાં આર્થિક માળખામાં પણ કેટલાક પરિવર્તન આવ્યા હતાં. જેમાં ભીલ લોકો મહેનત કરી સ્થાયી ખેતી કરી ઉત્પાદન પ્રાપ્ત કરી સહાયક રોજગાર ધંધો કરવા પ્રેરાયા હતા.

અત્યાચાર અને શોષણ આદિવાસી લોકોમાં ઘણા વર્ષો સુધી જોવા મળ્યું. જેમાં દેશી રાજ્યો જાગીરદારો અને બ્રિટિશ શાસન લોકોનું શોષણ કરતા હતા. જેના કારણે ભીલો અને દેશી રાજ્યો પરસ્પર સંઘર્ષમાં આવ્યા હતા. આ વિરોધ થવાના કારણે દેશી રાજ્યો દ્વારા પણ વેઠ પ્રથામાં છૂટછાટ મૂકવી પડી હતી. ભીલો સાથે કુનેહપૂર્વક અને સહાનુભૂતિ પૂર્વક વર્તવાની ફરજ પડી હતી. આ ક્ષેત્રમાં રાજ્યના રાજાઓ દ્વારા જરૂરિયાત સિવાયની વેઠ પ્રથા મોટા પ્રમાણમાં બંધ કરી હતી. જમીન મહેસૂલી કરમાં ઘણી બાંધછોડ સત્તા દ્વારા કરવામાં આવી જંગલનો અધિકાર લોકોને પ્રાપ્ત થાય અને તેના ઉપયોગમાં પણ છૂટ આપવામાં આવી હતી.

## ❀ રાજકીય અસર :

ગોવિંદગુરૂના આંદોલનના કારણે આદિવાસી લોકોમાં સામાજિક આર્થિક અસરો ઊભી થઈ હતી. તેની સાથે સાથે રાજકીય અસરો થયેલી જોવા મળે છે. આ આંદોલનનો સમયગાળો સ્વાતંત્ર્ય આંદોલનની શરૂઆતનો સમયગાળો હોવાના કારણે રાષ્ટ્રીય ચળવળોનો પ્રભાવ પણ વિશેષ હતો. ઘણાં આંદોલનો સામાજિક, ધાર્મિક, આર્થિક પાસાઓમાંથી રાજકીય સ્વરૂપે બદલાઈ ગયાં હતાં. આ આંદોલનમાં પણ ધાર્મિક વિચારધારા સાથે સુધારણા પ્રવૃત્તિ ચાલુ કરવામાં આવી હતી. આથી આ ચળવળ ભગત સંપ્રદાય સાથે ચાલુ રહી હતી. સ્વાતંત્ર્ય લડતમાં લોકોને સંગઠિત કરવા ભગત અનુયાયીઓના ફાળો ઘણો મોટો હતો. આ આંદોલનમાં ગોવિંદગુરૂને ગાંધીજી તરીકે ઓળખવામાં આવતા હતા. ગાંધી વિચારનો પ્રભાવ પણ આ ક્ષેત્રમાં વિશેષ જોવા મળતો હતો. રેંટિયો, સહકારી મંડળી દવાખાના વગેરે સાર્વજનિક ક્ષેત્રનો પ્રસાર કરવામાં જાગૃત આદિવાસી લોકો દ્વારા ઘણો સહકાર ઊભો કરવામાં આવ્યો હતો.

## ❀ સમાપન :

ગોવિંદગુરૂના આંદોલનમાં ગુજરાતના પંચમહાલ અને રાજસ્થાનના સરહદી વિસ્તાર ડુંગરપુર, વાંસવાડા વગેરે ક્ષેત્રમાં સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય બાબતો સંદર્ભમાં આ આંદોલન ચલાવવામાં આવ્યું હતું. આ આંદોલનનું નેતૃત્વ એક બિન આદિવાસી દ્વારા કરવામાં આવ્યું હતું. આ આંદોલનમાં સૌથી વિશેષ સામાજિક સુધારણા મદ્યપાન, દારૂ નિષેધ, માંસાહાર નહી કરવો, સ્વચ્છતા જાળવવી વગેરે બાબતો માટે તેમણે જુદો જુદો ધાર્મિક આધારા લીધો હતો. ખ્રિસ્તી, જૈન, વૈષ્ણવ વગેરે ઉપરાંત મુખ્યત્વે તેઓ હિંદુ ધર્મ સાથે જોડાયેલા હતા. તેમણે ધર્મ આધારિત કેટલાક સિદ્ધાંતો આદિવાસી સમાજમાં પ્રસ્થાપિત કર્યા હતા. આ સિદ્ધાંતો આધારે તેમણે સુધારણા પ્રવૃત્તિ સાંકળી હતી.

ગોવિંદગુરૂના આ ચળવળના પ્રભાવના કારણે આદિવાસી સમાજના સામાજિક ધાર્મિક ફેરફારો થયા હતા. તેમાં તેમણે શિક્ષણનો પણ આગ્રહ રાખ્યો હતો. અંધશ્રદ્ધા માન્યતાઓ મધપાન, દારૂ નિષેધ વગેરે તેમના ઉપદેશોમાં મુખ્ય બાબત જોવા મળતી હતી. આ આંદોલન સામાજિક સુધારણા અને ધાર્મિક સ્વરૂપે ઊભું થયું હતું, પરંતુ દેશી રાજ્યો અને જાગીરદારોના વેઠ અને જુલમી વ્યવહારના કારણે આર્થિક અને રાજકીય સ્વરૂપ પણ આ આંદોલનમાં ફેરવાયું હતું. ગોવિંદગુરૂની સુધારાવાદી પ્રવૃત્તિના કારણે લોકોમાં જાગૃતિ ઊભી થઈ હતી. સભાનતાનો વિકાસ થયો હતો. તેમનું સત્તાશાહી વર્ગ દ્વારા શોષણ થઈ રહ્યું છે તેની જાગૃતિ પણ આવી હતી.

આ પરિસ્થિતિના કારણે ગોવિંદગુરૂનો અને સામાજિક ધાર્મિક સુધારણાનો પ્રભાવ અને લોકોમાં વિરોધ ઊભો થવાના કારણે ડુંગરપુરના મહારાવળ ભયભીત બન્યા હતા. ૧૯૧૩માંથી તેમને આ વિસ્તાર છોડી જવા આદેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ઈડરમાં જઈ તેમણે ભગત સંપ્રદાયનો ફેલાવો કર્યો હતો, ત્યાંથી તેમણે કેટલાક ભગતો સાથે પંચમહાલ વાંસવાડાની સરકારી વિસ્તારમાં માનગઢના પહાડી

વિસ્તારમાં તેમની ધૂણી સ્થાપિત કરી અને લોકોને માનગઢમાં એકત્રિત થવા જાહેરાત કરી હતી. આ રીતે એકત્રિત કરવાનો તેમનો આશય વેઠ પ્રથાનો વિરોધ કરવાનો હતો તેમની સુધારાવાદી પ્રવૃત્તિમાં દેશી રાજ્યો દ્વારા કેટલીક કનડગતો કરવામાં આવતી હતી. જે પણ મુખ્ય બાબત હતી આના કારણે ગોવિંદગુરૂ અને આદિવાસી આગેવાનો દ્વારા ભીલ રાજ્યની માગણી કરવાની અને અલગ રાજ્ય ઊભું કરી આદિવાસીઓને અત્યાચાર અને શોષણમાંથી મુકત કરી શકાય તેવું તેમનું માનવું હતું. આ સંદર્ભે ૧૭ નવેમ્બર ૧૯૧૩ના રોજ માનગઢમાં ભરાયેલી સભામાં લોકો નારિયેળ અને એક આનો રોકડો લઈ ૩૦૦૦ જેટલા લોકો દેશી બંદૂકો, તલવાર, તીરકામઠા અને ગોફણથી સુસજ્જ બની ભેગા થયા હતા. આની જાણ કુશલગઢ, વાંસવાડા ડુંગરપુરના રાજાને થતાં દેશી રાજ્યોના લશ્કરી ટુકડી અને બ્રિટિશ લશ્કરી ટુકડી દ્વારા લોકોને વિનંતી કરવામાં આવી હતી, પરંતુ તેમ નહી થતા બંને ટુકડીઓ દ્વારા હુમલો થતા ૧૫૦૦ જેટલા લોકો મૃત્યુ પામ્યા હતા.

આ સંપ્રદાય દ્વારા ચાલતી આ ચળવળમાં અન્ય સંપ્રદાયની અસર પણ જોવા મળતી હતી. લોકોમાં ઘણાં પરિવર્તનો આવ્યાં હતાં. લોકો દારૂ માંસ છોડી ભગત જીવન તરફ આકર્ષાયા હતા. અંધશ્રદ્ધા, માન્યતાઓ વગેરેમાંથી તેઓ બહાર આવ્યા હતા. આર્થિક માળખામા પણ ફેરફારો ઊભા થયા હતા. તેઓ ખેત ઉત્પાદનમાં વધુ ઉત્પાદન થાય અને રોજગારી ઊભી કરવા પ્રેરાયા હતા. તેમનો વિરોધ અને મજબૂત સંગઠન થવાના કારણે દેશી રાજ્યો દ્વારા ઘણી વેઠ પ્રથા અને કરમાંથી છૂટછાટ મૂકવાની ફરજ પડી હતી. આદિવાસીઓ પ્રત્યે સન્માન પૂર્વક વ્યવહાર કરવો જંગલના અધિકારો તેમને આપવાની વ્યવસ્થા કરવી વગેરે છૂટછાટ મૂકેલી જોવા મળતી હતી. આમ વ્યવસ્થામાં ઘણા ફેરફારો આ આંદોલનના કારણે ઊભા થયા હતા.

પાદટીપ :

| *સંદર્ભ ક્રમ* | *પુસ્તકનું નામ* | *લેખકનું નામ* | *પૃષ્ઠ સંખ્યા* |
|---|---|---|---|
| ૧. | સામાજિક આંદોલન કા સમાજશાસ્ત્ર | પી.સી. જૈન | ૧૨૨,૧૨૩ |
| ૨. | પંચમહાલ જિલ્લાના આદિવાસીઓના સામાજિક રાજકીય આર્થિક અને સામાજિક પરિવર્તનનાા ઈતિહાસ | અરૂણલાલ વાઘેલા | ૩૫ |
| ૩. | એજન | | ૪૨ |
| ૪. | સામાજિક આંદોલન કા સમાજશાસ્ત્ર | પી.સી. જૈન | ૧૨૪, ૧૨૫ |
| ૫. | Tribal Revolt | Brijkishor Sharma | ૧૦૬, ૧૦૭ |
| ૬. | એજન | | ૧૦૮ |
| ૭. | એજન | | ૧૧૧ |
| ૮. | એજન | | ૧૧૨ |
| ૯. | એજન | | ૧૧૨,૧૧૩ |
| ૧૦. | એજન | | ૧૧૩,૧૧૪ |
| ૧૧. | એજન | | ૧૧૪–૧૨૮ |
| ૧૨ | Bhagat Movement | V.K. Vashistha | ૯૪,૯૫ |
| ૧૩. | એજન | | ૨૯ |
| ૧૪. | એજન | | ૪૦,૪૧ |
| ૧૫. | ધરતીનો ધબકાર – ગુજરાત સમાચાર | દોલન ભટ્ટ | ૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૬. | એજન | | ૮ |
| ૧૭. | Bhagat Movement | V.K. Vashistha | ૯૭ |
| ૧૮. | એજન | | ૯૯ |
| ૧૯. | એજન | | ૧૦૦ |
| ૨૦. | એજન | | ૧૦૦ |
| ૨૧. | એજન | | ૯૮ |

❀❀❀

# પ્રકરણ-૬

# તુલનાત્મક મૂલ્યાંકન

# પ્રકરણ-૯
# તુલનાત્મક મૂલ્યાંકન

પ્રત્યેક સમાજમાં પરિવર્તન કોઈને કોઈ કારણોસર થતું રહે છે. સમાજના વિભિન્ન ભાગો તેમની વચ્ચેની પારસ્પરિકતા અને જુદા જુદા પરિબળોથી પ્રભાવિત થાય છે. બ્રિટિશરોના લાંબા શાસનને કારણે ભારતીય સમાજ વ્યવસ્થાને ઘણી અસર પહોંચી હતી. સામાન્ય રીતે સામાજિક પરિવર્તનમાં સમાજના કેટલાક ભાગોમાં પરિવર્તનની અસર ઝડપથી થાય છે, તો કેટલાક ભાગમાં પરિવર્તન અસરકારક બનતું નથી. તેનો આધાર સમાજ વ્યવસ્થા અને અસરકારક પરિબળો ઉપર આધાર રાખે છે. સમાજમાં પરિવર્તન આંતરિક અને બાહ્ય બન્ને સ્વરૂપે ઉદ્દભવે છે. આંતરિક સ્વરૂપે સમાજમાં આંતરિક વ્યવસ્થા બદલાય છે તે વિભિન્ન સ્વરૂપે અસરકારક બને છે અને સમાજ પરિવર્તન પામે છે. બાહ્ય પરિવર્તનમાં સમાજના બાહ્ય પરિબળોના પ્રભાવને કારણે ઊભો થાય છે. આમ સમાજમાં ઉભય પ્રકારના ફેરફાર થાય છે.

આમ જોઈએ તો પરિવર્તન નિરંતર ચાલતી પ્રક્રિયા છે. તેમાં કેટલાંક પરિવર્તનો લોકો દ્વારા તેમના ધ્યેયો પ્રાપ્ત કરવા માટે લાવવામાં આવે છે, તેમાં લોકો સંગઠિત બને છે અને સમાજના ઘણા બધા લોકો એવી ઈચ્છા ધરાવે છે ત્યારે તેવા પ્રકારનું પરિવર્તન સામાજિક આંદોલન ગણવામાં આવે છે.

સામાજિક આંદોલનમાં કેટલીક પાયાની બાબતો તેમાં જોડાયેલી હોય છે જેમાં આંદોલન કોનું પ્રતિનિધિત્વ કરે છે તે અગત્યની બાબત છે તેમાં દૃષ્ટિકોણ કોઈ એક વિશિષ્ટ સમૂહ અથવા સંપૂર્ણ સમૂહના સંદર્ભમાં જોવા મળે છે.

આંદોલનમાં વિરોધની ભાવના મોટાભાગના આંદોલનમાં જોવા મળે છે. સમૂહના લોકો વ્યવસ્થાની સામે તેના અમલીકરણ કરનારાઓની સામે તેમના સ્થાપિત

હિતોને લઈને વિરોધ કરે છે અને તે સંગઠિત સ્વરૂપે આગળ વધે છે. માર્કસવાદ અનુસાર સમાજમાં પરિવર્તન માટે સંઘર્ષ મુખ્ય છે. તેના આધારે આંદોલન થતાં જોવા મળે છે. સંઘર્ષો અનેક પ્રકારના હોય છે. સામજિક, આર્થિક, ધાર્મિક, રાજનૈતિક વગેરે જેના આધારે એક વર્ગ બીજા વર્ગ પર પ્રભુત્વ જન્માવે છે. આર્થિક સંરચના ઉત્પાદન વિતરણ વ્યવસ્થામાં એક વર્ગ આર્થિક વર્ચસ્વ ધરાવે છે જયારે બીજો વર્ગ આર્થિક વંચિતતાનું સ્થાન ધરાવે છે. વર્ચસ્વ ધરાવતો હોય એવો વર્ગ જેની પાસે ઉત્પાદનનાં સાધનો છે, જે રાજનૈતિક વ્યવસ્થા પર પોતાનું નિયંત્રણ રાખે છે અને ઉત્પાદનનો મોટો ભાગ તે મેળવે છે. સામંતવાદી વ્યવસ્થા અને મૂડીવાદી વ્યવસ્થામાં આ પ્રકારના નિયંત્રણો ઊભાં કરવામાં આવ્યાં હતાં. આથી આર્થિક વર્ચસ્વ ધરાવતો વર્ગ અને વંચિત વર્ગ વચ્ચે સંઘર્ષ ઊભો થયો હતો. માર્કસવાદી અભિગમ પ્રમાણે સામાજિક આંદોલનમાં વિરોધની સાથે સાથે શોષક વર્ગની સામાજિક સંસ્થામાં સુધારણાનું કામ તેમજ તેમની શકિતમાં વૃદ્ધિ કરે છે. શોષિત વર્ગનો સંઘર્ષ કયારેક હિંસાત્મક, આક્રમક તેમજ અહિંસાત્મક સ્વરૂપનો પણ હોય છે.

ભારતમાં મૂડીવાદી સમાજ વ્યવસ્થામાં લાભથી વંચિત એવા લોકો ગ્રામીણ વિસ્તારમાં જમીન, જંગલ, પાણી વગેરે સંશાધનોથી વંચિત રહેવાના કારણે લોકો રાજ્ય અને પ્રભાવશાળી વર્ગ સામે વિરોધ કરવા માટે આગળ આવ્યા હતા.

ભારતમાં સામાજિક સુધારણા આંદોલનો જુદા જુદા સમાજ સુધારકો દ્વારા ચલાવવામાં આવ્યાં. તેનો ઉદ્દેશ્ય એક નવી વિચારધારા ઊભી કરવાનો હતો. તેમણે રાષ્ટ્રીય આંદોલનોને વેગ આપવાનું અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિની ૨૦મી સદીની શરૂઆતમાં જે આંદોલનો થયાં તેને ટેકો આપવાનું કામ સામાજિક ધાર્મિક આંદોલનએ કર્યું. તેમાં એક ઈશ્વર, વેદોનું શિક્ષણ, પશ્ચિમની સંસ્કૃતિની સારી બાબતો સ્વીકારવી કુરીતિઓ, મૂર્તિપૂજા દૂર કરવા, આંતરજ્ઞાતિય લગ્ન, સ્ત્રીને સંપત્તિનો અધિકાર, બાળલગ્ન પર પ્રતિબંધ, વિધવા લગ્ન, બહુ લગ્ન, પડદા પ્રથા પર પ્રતિબંધ, મદ્યપાન પર પ્રતિબંધ,

સ્ત્રી ઉત્કર્ષ, બાળ કલ્યાણ, શિક્ષણમાં આધુનિકરણ, દલિત વર્ગ સંગઠન, વિધવા આશ્રમ, બાળ આશ્રમ, જ્ઞાતિવાદ, અસ્પૃશ્યતા દૂર કરવી, શિક્ષણ સંસ્થાઓ, દવાખાનાઓ, અનાથાશ્રમ, પુસ્તકાલય વગેરે બાબતોને આધારે સમાજ સુધારણાનું કામ કરવામાં આવ્યું. જેની સમાજના વિભિન્ન પાસાઓ ઉપર મોટી અસર થઈ.

ભારતમાં ૧૮મી સદીથી ૨૦મી સદી સુધી આદિવાસી સમાજોમાં આંદોલનો અને બળવાઓ વિભિન્ન સ્વરૂપે થતા આવ્યા છે. આદિવાસી લોકો જંગલ અને જમીનના સદીઓથી જે હકકો ભોગવતા હતા તેના પર સત્તા દ્વારા નિયંત્રણો ઊભાં થયાં આ ઉપરાંત તેમનું અનેક રીતે શોષણ થવા લાગ્યું જેના કારણે જુદા જુદા સ્વરૂપે વિરોધની સ્થિતિ ઊભી થઈ.

ભારતમાં મુખ્યત્વે આદિવાસી વસ્તી, મિઝોરમ, લક્ષદ્વીપ, નાગાલેન્ડ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ, દાદરા નગર હવેલી, મણિપુર, છત્તીસગઢ ત્રિપુરા ઝારખંડ, ઓરિસ્સા, સિકિકમ, મધ્યપ્રદેશ, ગુજરાત અને રાજસ્થાનમાં જોવા મળે છે. આ ક્ષેત્રમાં જુદા જુદા બાહ્ય દબાણો ઊભાં થયાં. ૧૮મી સદીમાં છોટાનાગપુર વિસ્તારમાં આદિવાસીઓએ બ્રિટિશરોનો વિરોધ કર્યો કોલ લોકોએ તેમની જમીન ઝૂંટવાઈ જવાના કારણે બળવો કર્યો. ૧૮૫૭ નો ઐતિહાસિક વિપ્લવ થયો તે પહેલો ૧૮૫૫ માં સાંથાલો દ્વારા શાહુકારો અને જમીનદારો સામે મોટા પાયે બળવો કર્યો તેને સત્તા દ્વારા દાબી દેવામાં આવ્યો. ૧૮૬૯ અને ૧૮૭૦ માં ધનબાદમાં જમીનદારો સામે અને શાહુકારો સામે સાંથાલોએ મહેસૂલ અને જંગલના હકકોના સંદર્ભમાં સંઘર્ષ કર્યો. ૧૮૮૭માં સરદારી લડાઈ, ૧૯૧૧માં બસ્તરનો બળવો અને ઓરિસ્સામાં તાના ભગતનો બળવો, ૧૯૪૧માં ગોંડ અને કોટડાઓનો બળવો, ૧૭૭૮ છોટા નાગપુર પહાડિયા સરદારોનો બ્રિટિશ સરકાર સામેનો વિદ્રોહ, ૧૭૮૪–૮૫ મહારાષ્ટ્રમાં કોલ વિહોદ્ર, ૧૭૮૯, ૯૪–૯૫ છોટા નાગપુરનો તમાર વિદ્રોહ, ૧૭૯૫, ૧૮૦૦ બિરસા આંદોલન, ૧૭૯૮ પંચટ રિયાસત વિદ્રોહ, ૧૮૦૯–૨૮ ગુજરાતમાં ભીલ વિદ્રોહ, ૧૮૦૧ બિહારમાં

તમાર વિદ્રોહ, ૧૮૧૧–૧૮૧૭ બિહાર કૃષિ જનજાતિય વિદ્રોહ, ૧૮૧૮–૧૮૨૦ કોલી વિદ્રોહ, ૧૮૨૯ આસામના ખાસીઓનો વિદ્રોહ, રાજસ્થાનમાં ૧૯૨૦–૧૯૫૦ માં મીણાઓનું આંદોલન, પૂર્વના રાજયમાં નાગા આદિવાસી લોકોનું આંદોલન વગેરે આંદોલનો આદિવાસી તેમજ રાષ્ટ્રીય સમસ્યાઓ સાથે જોડાયેલાં હતાં. તેમણે હંમેશા પોતાની વિશિષ્ટ સાંસ્કૃતિક રીત રિવાજો અને અલગ વ્યવસ્થા રાખવાની હિમાયત કરી હતી, મેઘાલયમાં વસવાટ કરતા આદિવાસી ખાસી, જેન્તિયા, ગારો દ્વારા ૬૦ના દાયકામાં આસામ ક્ષેત્રમાં આદિવાસી લોકો મધ્યે આદિવાસી આંદોલન ઊભું થયું. ત્યારબાદ ૧૯૭૨માં તેને અલગ રાજય તરીકે સ્થાપિત કરવામાં આવ્યું. મેઘાલયમાં આદિવાસી અને બિન આદિવાસી વચ્ચે જમીન હસ્તાંતરણ અને વિનિમય પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. આ ક્ષેત્રના આદિવાસી સંગઠનોનું એવું માનવું છે કે બહારના લોકો આદિવાસી ક્ષેત્રમાં આવવાથી તેમની સાંસ્કૃતિક ઓળખ ઘટી છે. આમ જુદા જુદા મુદ્દાઓના આધારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. તેનાં કારણે હિંસાત્મક પરિસ્થિતિ પણ ઊભી થયેલી છે.

૧૮૫૪ માં ગુજરાતમાં બ્રિટિશ સરકાર દ્વારા જંગલના ઉપયોગ માટે ગયા ત્યારે આદિવાસીઓએ તેનો વિરોધ કર્યો હતો જંગલ અને જમીન પર સત્તા દ્વારા રાખવામાં આવ્યું.. સ્વતંત્ર્ય ભારતમાં આદિવાસીઓ અને સરકારી વ્યવસ્થા સામે જંગલ ઉપરના તેમના અધિકારો સબંધી વિરોધ ઊભો થઈ રહ્યો હતો તે તેના માટે નાના મોટા સંગઠનો તેમને તેમના અધિકારો પ્રત્યે ધ્યાન અપાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં એકવીસમી સદીમાં બિન આદિવાસી ઉચ્ચજ્ઞાતિના જમીનદારો દ્વારા આદિવાસી ઉપર જે વર્ચસ્વ ઊભું કરવામાં આવ્યું. તેની સામે આંદોલન ચાલું કરવામાં આવ્યું. જંગલ જમીન અને પાણી સંદર્ભમાં તેમના અધિકારો બાબતે વિરોધ અને સંઘર્ષ પણ વધતા જોવા મળે છે.

ગુજરાતમાં ૨૦ મી સદીની શરૂઆતમાં જે આદિવાસી સામાજિક ધાર્મિક સુધારાવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ ચાલું થઈ હતી. તેમાં ગુજરાતમાં દેવી આંદોલન, સત્‌કેવલ, મોક્ષમાર્ગીય, સતી પતિ આપકી જય ચળવળ, રામદાસ મહારાજ, વેડછી આંદોલન, ગોવિંદગુરૂની ભગત ચળવળ, મોતીલાલ તેજાવતનું આંદોલન વગેરે સામાજિક પરિવર્તનના ભાગ સ્વરૂપે જુદા જુદા સંદર્ભમાં ઊભાં થયાં હતાં.

## ❀ મૂલ્યાંકન :

સમાજ શાસ્ત્રીય અભ્યાસોમાં જુદી જુદી ઘટનાઓનું તાર્કિક મૂલ્યાંકન અને તેના આધારે ઘટનાનું સ્પષ્ટીકરણ અને સમજૂતી આપવામાં આવે છે એક ઘટના બીજી ઘટનાનું કારણ એકબીજા પર નિર્ભરતા કેટલી છે, તે સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસી વિસ્તારમાં થયેલા મોતીલાલ તેજાવતના અને ગોવિંદગુરૂના આંદોલનનો તુલનાત્મક પદ્ધતિથી નીચે મુજબના પાસાઓની સમજૂતી આપવામાં આવી છે.

(૧) નેતૃત્વ
(૨) આંદોલનના હેતુઓ
(૩) અસંતોષના કારણો
(૪) વિસ્તાર
(૫) સમય
(૬) સામાજિક આધાર
(૭) ધાર્મિક આધાર
(૮) રાજનૈતિક આધાર
(૯) પરિણામ

કોઈપણ આંદોલન સામાન્ય રીતે આંદોલનમાં કોઈ નિશ્ચિત જાતિ સમૂહમાં નેતા દ્વારા કોઈક પાસામાં પરિવર્તન લાવવાનો સંગઠિત પ્રયાસ જાગૃત પણે કરવામાં આવે છે. દરેક આંદોલનમાં કોઈ એક નેતૃત્વ અવશ્ય જોવા મળે છે. જે આંદોલનને સંગઠિત રાખી

દિશા આપવાનું કામ કરે છે. વર્તમાન વ્યવસ્થા જયારે સંતોષ આપી શકતી  ન હોય ત્યારે લોકો આંદોલન દ્વારા અસંતોષ પ્રગટ કરે છે. કોઈપણ આંદોલન નિશ્ચિત સમયગાળા સાથે જોડાયેલા હોય છે ઉપરોકત બાબતો દરેક આંદોલનમાં સર્વ સામાન્ય અને આવશ્યક માનવામાં આવે છે પરંતુ નેતૃત્વ, અસંતોષ, વિસ્તાર અને સમય આંદોલન કેવા પ્રકારનું છે સામાજિક, ધાર્મિક, રાજનૈતિક આધાર કેવા પ્રકારનો છે તેના ઉપર આધાર રાખે છે. આવા આંદોલનોમાં પરિણામ હકારાત્મક અને નકારાત્મક સ્વરૂપના આવી શકે છે, કયારેક પરિણામમાં આંદોલન અસરકારક ન હોય તો ન પણ આવે. આ આંદોલનની સમજૂતીના પાસાઓના આધારે આપવામાં આવી.

(૧) નેતૃત્વ :

વિશ્વમાં, ભારતમાં અને દરેક જગ્યાએ આંદોલનમાં વિભિન્ન સ્વરૂપના નેતૃત્વ ઊભાં થયાં હતાં. આંદોલનમાં સફળતા અને નિષ્ફળતાનો મોટો આધાર નેતૃત્વ પર હોય છે. ભારતમાં ઘણાં આંદોલનો સફળ થયાં હતાં, કેટલાક નિષ્ફળ ગયા હતા. તેમાં રાજારામ મોહનરાય, દયાનંદ સરસ્વતી, ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર, કેશવચન્દ્ર સેન, સુભાષચન્દ્ર બોઝ વગેરે નેતાઓએ આંદોલનમાં જુદા જુદા સ્વરૂપે આગેવાની પૂરી પાડી હતી તેવી જ રીતે આદિવાસી સમુદાયમાં બિરસા, મુંડા, ઉરાંવ ભગત તાના ભગત, ગોવિંદગુરૂ, મોતીલાલ તેજાવત વગેરે નેતાઓએ આંદોલનમાં નેતાગીરી પૂરી પાડી હતી.

મોતીલાલ તેજાવત ઉદયપુર જિલ્લાના ઝાડોલ તાલુકાના કોલ્યારી ગામના વતની હતા. તેઓ સામાન્ય શિક્ષણ પ્રાપ્ત કરી ઝાડોલમાં ઠેકેદારની નોકરીમાં જોડાયા, પરંતુ તે લાંબો સમય ચાલી શકી ન હતી. તેનું કારણ ઝાડોલના રાવ દારૂના શોખીન હતા, પોતાની ઈચ્છા પ્રમાણે કર વસૂલ કરતા હતા. તેનો અનુભવ તેજાવત ને પણ થયો હતો. તેમને પણ ઝાડોલમાં દરવાજા પર બંધ કરવામાં આવ્યા હતા આ સમયગાળામાં સામંતવાદી શોષણ અને અત્યાચારના વિરોધમાં કિસાનોમાં અસંતોષ વધી ગયો હતો.

બીજોલિયા બૈગુ વિસ્તારમાં કિસાનો આંદોલનમાં સક્રિય રીતે જોડાઈ ગયા હતા. કિસાનોએ રાજ્ય અને જાગીરદારી શાસનનો બહિષ્કાર કર્યો, તે દરમ્યાન તેજાવતે તેમાંથી પ્રેરણા લઈ ઝાડોલ ઠેકેદારની નોકરી છોડી દીધી હતી. તેમણે આદિવાસીઓનો સંપર્ક કરી લોકોને સંગઠિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. મોતીલાલ તેજાવત જંગલ વિસ્તારમાં સુધારક ઉપદેશો આપવાનું ચાલું કર્યું હતું. તેમાં તેમણે માંસ ખાવાનું બંધ કરો, દારૂ પીવાનું બંધ કરો એ વિશે તેઓ જણાવતા હતા. જેના કારણે તેમને આ ક્ષેત્રમાં મોટી નામના પ્રાપ્ત થઈ હતી, એટલું જ નહી લોકો તેમને દેવ ગણીને પૂજતા હતા. ચારપાઈ પર બેસાડી ચરણ સ્પર્શ કરી પૈસા અને નારિયેળ ચઢાવતા હતા.

આ આદિવાસી વિસ્તારમાં ૨૦મી સદીની શરૂઆતમાં આદિવાસી લોકો પરંપરાગત માન્યતા રીત–રિવાજ સાથે જોડાયેલા હતા. આદિવાસી લોકો તેમના વિવિધ ધાર્મિક પ્રસંગોમાં પશુની બલી આપવાની પ્રથા હતી, તે બંધ કરવા મોતીલાલ તેજાવતે લોકોને જણાવ્યું તેમજ તમાકુ જેવા નશીલા પદાર્થોથી દૂર રહેવા જણાવ્યું. આ પ્રકારના ઉપદેશોની અસર ઊંડાણના આદિવાસી વિસ્તારના લોકોમાં થઈ તેમના નિષેધો દરેક ગામમાં પળાય તેવા પ્રકારના ઠરાવો ગ્રામ પંચાયતમાં થાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી. આમ શોષણની પ્રવૃત્તિના વિરોધની સાથે સાથે તેમણે આદિવાસી સમાજ સુધારણા વિશે પણ ઉપદેશ આપવાનું ચાલું કર્યું હતું. શોષણ સંબંધી તેમણે જણાવ્યું હતું કે આ ક્ષેત્રની જમીન તમારી છે તેના માલિક તમે છો માટે જાગીરદાર અને રાજાઓના અત્યાચાર ને માનશો નહી, સરકારને વેરો ભરશો નહીં. આવા પ્રકારના ઉપદેશોના કારણે લોકો શોષણ સામે વિરોધ કરવા આંદોલનમા જોડાયા હતા.

મોતીલાલ તેજાવત અને મહાત્મા ગાંધી આ આંદોલનને લીધે સંપર્કમાં આવ્યા હતા ગાંધીજીએ આ આંદોલનમાં સમય સમય પર તેમના ટેકેદારોને મોકલી સલાહ સૂચનો મોકલવામાં આવ્યા હતા. તેમાં ગાંધીજીનું માનવું હતું કે જાગીરદારો સાથેનો વિરોધ કે લડતની જગ્યાએ તેમનો સહકાર ઊભો કરી રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા કાર્યો કરી

લોકોની સેવા કરવામાં આવે. તેવી જ રીતે આ આંદોલનમાં પણ ગાંધીવાદી વિચારધારાની જેમ વિરોધ અને લડત અહિંસક સ્વરૂપના જ હતા. પરંતુ કેટલાક હિંસક તત્ત્વો તેમાં દાખલ થયાં હતાં. આ આંદોલનનું સ્વરૂપ સ્વાતંત્ર્યતાની ચળવળ અને વિભિન્ન ચળવળના સંદર્ભમાં તેમના ધ્યેયોમાં ઘણી સામ્યતા હતી, પરંતુ તેને પ્રાપ્ત કરવાના સાધનો અને સંગઠનમાં ઘણી ભિન્નતા હતી. આ આંદોલનમા સાધનો અને સંગઠન લાંબુ ચાલી શકયાં ન હતાં તેનું કારણ સંગઠનમાં હિંસક તત્ત્વો ઊભાં થયાં હતાં અને કેટલીક ચમત્કારિક માન્યતાઓ પણ ઊભી થઈ હતી. જેવી કે બંદૂકની ગોળીઓ છૂટશે નહીં, ગોળીઓના ભમરા બની જશે, બંદૂકની નળીએ પાણી પડશે આવો વિશ્વાસ અજ્ઞાન અને અભણ લોકોમાં ઊભો કરવામાં આવ્યો હતો જેના કારણે સંગઠનમાં મોટા પાયે જાનમાલની હાની થઈ હતી. આ આંદોલનના નેતા આદિવાસી લોકોમાં સફળ નેતૃત્વ આપી શકયા ન હતા. તેમનું નેતૃત્વ અત્યાચાર અને શોષણમાંથી ઊભું થઈ સુધારાવાદી અને કેટલાક ચમત્કારિક તત્ત્વોના આધારે આ વિસ્તારમાં ઊભું થયું હતું. જેમાં પાછળથી રાજનૈતિક તત્ત્વોને લીધે વિરોધ ઊભો થયો હતો.

મોતીલાલ તેજાવતનું આંદોલન અત્યાચાર અને શોષણના સંદર્ભમાંથી ઉદ્દભવ્યું હતું. તેમાં નેતૃત્વ જાગીરદારો અને બ્રિટિશ શાસનના સંપર્ક અને સત્તાના વ્યવહારિક અસંતોષના કારણે નેતાએ આદિવાસી લોકોને સંપર્ક કરી એકી સંગઠન બનાવ્યું હતું. તેને મજબૂત બનાવવા માટે નેતા દ્વારા સામાજિક સુધારણા પ્રવૃત્તિનો આધાર લેવામાં આવ્યો. જેથી તેઓ લોકોમાં વિશ્વાસ સંપાદિત કરી શકાય, પરંતુ સાથે સાથે તેમણે ચમત્કારિક સ્વરૂપનો પણ આધાર લીધો હતો. જેના કારણે સંગઠન ઝડપથી વિકાસ પામ્યું હતું પરંતુ નેતાના ઉપદેશોના કારણે કેટલીક ઘટનાઓ સર્જાઈ જેથી લોકોમાં અવિશ્વાસ ઊભો થયો અને આંદોલન સફળ થઈ શક્યું ન હતું.

ગોવિંદગુરૂના આંદોલનમાં ગોવિંદગુરૂ ડુંગરપુર ક્ષેત્રના વતની હતા તેમણે સુધારાવાદી પ્રવૃત્તિનો પ્રારંભ ૧૮૯૯–૧૯૦૦ ના દુષ્કાળના સમયથી કર્યો હતો. તેમણે

એકેશ્વરવાદ પર ભાર મૂક્યો. તેમના ઉપદેશોથી ઘણા આદિવાસી લોકો તેમના વિચારો નીચે આવ્યા. જેઓ ભગત તરીકે ઓળખાતા હતા. તેમની સુધારા પ્રવૃત્તિમાં સારા આચાર વિચાર સ્વચ્છતાના પાઠ શિખવાડી દારૂ માંસ અને સામાજિક અને ધાર્મિક દુષણોમાંથી બહાર લાવવાની વાત કરી. જેના કારણે લોકો સામાજિક ધાર્મિક રીતરિવાજો બદલવાની પ્રક્રિયામાં જોડાયા જે દેશી રાજ્યો અને બ્રિટિશ શાસન સામે જોખમ જોવા મળતું હતું. ગોવિંદગુરૂએ કેટલાક સુધારાવાદી સિદ્ધાંતો પ્રમાણે પ્રવૃત્તિ સાંકળી આર્થિક સુધારણાની વાત કરી હતી. તેમાં ખેતી ક્ષેત્રે આર્થિક ઉત્પાદન અને તેના આધારે શોષણ અટકાવવા ઉપર ભાર મૂક્યો સુધારાવાદી પ્રવૃત્તિમાંથી આદિવાસીઓમાં સામાજિક ચેતનાનો વિકાસ અને સભાનતા વિકસી જેથી ગોવિંદગુરૂએ ભીલોને સંગઠિત કરી ભીલ અલગ રાજ્યની માગણી કરી હતી.

ગોવિંદગુરૂ ૧૯૧૦ સુધી ગુજરાતના ભીલ વિસ્તારમાં રહ્યા ૧૯૧૧ની શરૂઆતમાં ડુંગરપુર રાજ્યમાં ગયા ત્યાં તેમણે ધૂણી સ્થાપિત કરી ભીલોને આધુનિક દિશામાં ફક્ત ધાર્મિક ખ્યાલનો જ ઉપદેશ ન આપ્યો પરંતુ રાજાશાહી અને સામંતશાહી શોષણથી ભીલોને સ્વતંત્રતા માટેનો ઉપદેશો આપ્યો. ભીલોના ગામડાઓના કેન્દ્રમાં ધૂણી સ્થાપિત કરી ગોવિંદગુરૂના નિમાયેલા ટેકેદારો દ્વારા ધૂણીનું રક્ષણ કરવામાં આવતું.

ગોવિંદગુરૂના ઉપદેશો અને કલ્યાણકારી પ્રવૃત્તિના કારણે તેમનો પંથ ભીલોમાં પ્રસિદ્ધિ પામતો જતો હતો. ૧૯૦૫માં તેમણે ભીલોને સંગઠિત કરવા સંપસભા સંગઠનની રચના કરી. આ સભાનો ફેલાવો વિશાળ ક્ષેત્ર પર થયો હતો. આ પ્રવૃત્તિના કારણે અધિકારીઓ અને જાગીરદારો સચેત બન્યા હતા તેમને થયું કે ગોવિંદગુરૂ તેમની સત્તા ઉથલાવી નાખશે તેથી તેમને રાજ્યની બહાર કાઢવાનું નક્કી કર્યું. તેના કારણે આ ચળવળ ધીમે ધીમે રાજકીય સ્વરૂપે બહાર આવી. આ સંદર્ભમાં રાજપૂતાનાના ગવર્નર જનરલના એજન્ટે લખ્યું કે તેમના ઉપદેશો ભીલોમાં સામાજિક મહત્ત્વકાંક્ષા જગાડે છે અને આજ્ઞાંકિતતામાં ઘટાડો કરાવે છે. તેમજ મદિરાના વેચાણમાં ઘટાડો કરાવ્યો છે અને

આબકારી મહેસૂલને પણ અસર થઈ છે. આથી રાજ્યના અધિકારીઓએ ગોવિંદગુરૂના પંથના ઉપદેશકોને તેમની હકુમતમાંથી બહાર કાઢવાની શરૂઆત કરી સત્તાધીશો દ્વારા તેમની સાથે દુવ્યવહાર કર્યો અને પંથ છોડવાની ફરજ પાડી તેમજ મદિરા પીવાની ફરજ પાડી, ધજાઓ ફાડી નાખી ધૂણીઓ હોલવી નાખી. આમ સત્તાધીકારીઓના ખરાબ વ્યવહારના કારણે ભીલો સત્તાની સામે રાજકીય માર્ગે વળ્યા હતા. ગોવિંદગુરૂએ દમનકારી સત્તાને ઉખેડી ભીલ પ્રદેશમાં ભીલ સત્તા સ્થાપવાનો ઉપદેશ કર્યો અને ધીમે ધીમે સામાજિક સુધારણા ચળવળ રાજકીય સ્વરૂપે ઊભી થઈ હતી. તેમણે નૈતિક શિક્ષણ સાથે ભીલોને તેમના મૂળભૂત અધિકારો અને રાજ્ય તથા જાગીરદારો દ્વારા સ્વાર્થ માટે થતા તેમના દુરુપયોગ વિશે જાગૃત કર્યા.

ગોવિંદગુરૂનું આંદોલન સુધારાવાદી પ્રવૃત્તિથી ચાલું થયું હતું. તેમાં આંદોલનના નેતા દ્વારા સુધારપ્રવૃત્તિ, સારા આચાર વિચાર, સ્વચ્છતા, દારૂ નિષેધ, સામાજિક, ધાર્મિક દુષણો વગેરેમાંથી લોકો બહાર આવવાના કારણે આદિવાસી લોકોમાં સામાજિક ચેતનાનો વિકાસ થયો આ પ્રવૃત્તિઓના કારણે રાજ્યના અધિકારીઓ દ્વારા તેમના શોષણકારી વ્યવસ્થા પર જોખમ ઊભું થવાની શંકા ઊભી થઈ હતી. તેથી સત્તાધીશો દ્વારા ભીલો સાથે દુવ્યવહાર કરવામાં આવ્યો.

ભારતમાં આદિવાસી આંદોલન થયા તેમાં બિરસા મુંડાનું નેતૃત્વ પણ એક ચમત્કારિક છાપ સ્વરૂપે ઊભું થયું હતું. બિરસાને ભગવાન સ્વરૂપે ગણવામાં આવતા હતા. બિરસા ધાર્મિક છાપની સાથે સાથે સમાજ સુધારણાની વાત પણ કરી તેમણે આદિવાસીઓને દારૂથી દૂર રહેવા જણાવ્યું દારૂના કારણે આદિવાસી લોકોને નુકશાન થયું છે, તેમજ કુટુંબનું પોષણ બરાબર થઈ શકતું નથી, જેથી લોકોએ આમાંથી બહાર આવવું જોઈએ તેના આધારે તેઓ આસપાસના ક્ષેત્રમાં ખૂબ પ્રસિદ્ધ થયાં હતાં. આમ સામાજિક સુધારણા આધારે લોકો તેમના અનુયાયી મોટા પ્રમાણમાં બન્યા હતા. ત્યારબાદ તેમણે સત્તાની સામે તેમના શોષણનો વિરોધ કર્યો અને એક મજબૂત નેતૃત્વ

આધારે લોકોને સંગઠિત કર્યા. બીરસા ભગવાનનું નેતૃત્વ ધાર્મિક સ્વરૂપમાંથી રાજકીય નેતૃત્વ સ્વરૂપે ઊભું થયું હતું ત્યારબાદ એક પછી એક નેતૃત્વ ચઢાવ ઉતારની સ્થિતિમાં અલગ ક્ષેત્ર પ્રસ્થાપિત કરવાના પ્રયાસ સ્વરૂપે ૨૦૦૦ની સાલમાં તે સફળ થયું હતું. જ્યારે બોડો આંદોલન શરૂઆતથી જ રાજકીય સ્વરૂપે ઊભું થયું હતું. તેમાં રાજકીય લડત પ્રકારનો નેતૃત્વનો પ્રભાવ વિશેષ જોવા મળે છે. દેવી આંદોલનમાં દેવીનો પ્રભાવ સુધારાવાદી અને ધાર્મિક સ્વરૂપે રહ્યો છે દેવી ચળવળના કારણે દેવીના અનુયાયીઓ દ્વારા દેવીની આજ્ઞાઓનો પ્રસારના કારણે આદિવાસી શોષણ અને તેમના હકકો માટેની લડતનું સ્વરૂપ ઊભું થયું હતું. જેમાં પણ લોકો પછીથી રાષ્ટ્રીય ચળવળમાં જોડાઈ ગયા હતા. ૧૯૨૧ થી ૨૩ એ રાષ્ટ્રવાદી વિરોધના જ વર્ષો હતા. ખેડૂતોને હકકો માટેના ચળવળના વર્ષો હતાં. આ વિસ્તાર બારડોલી, સુરત અને જલાલપોર વિસ્તારમાં દેવી ચળવળ તેના હકકો માટે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. તેમાં પછીથી રાષ્ટ્રવાદી તત્ત્વોની અસર પણ વિશેષ જોવા મળી હતી. સુરત વિસ્તારમાં જુગતરામ દવેના નેતૃત્વમાં વેડછી વિસ્તારમાં આદિવાસી વિકાસ માટેના જે રચનાત્મક કાર્યક્રમો થયા હતા, જે આદિવાસી સમાજ સુધારણા સ્વરૂપે હતા. વેડછી કાર્યક્રમોથી શરૂઆતની સુધારણા પ્રવૃત્તિઓમાં ગાંધીવાદી વિચારધારાની મોટી અસર હતી, તેનો રાષ્ટ્રીય આંદોલનમાં પણ મોટો ફાળો હતો. આદિવાસી સમાજ સુધારણાની પ્રવૃત્તિના કારણે સુધારણા પામેલા નાનકડા વર્ગની વેડછી કામની શરૂઆત કરવામાં પણ ગાંધીવાદી વિચારધારા એ ઘણી ઉપયોગી ભૂમિકા પૂરી પાડી હતી. શિક્ષિત આદિવાસી લોકો સ્વાતંત્ર્ય આંદોલન અને રચનાત્મક કાર્યમાં ગાંધીવાદી, વિચારધારાની સાથે વેડછી કાર્યક્રમમાં સામેલ થયાં હતાં.

### (૨) આંદોલનના હેતુઓ :

મોતીલાલ તેજાવતના આદિવાસી આંદોલનનો હેતુ રાજયની સત્તા દ્વારા આ ક્ષેત્રમાં વસતા લોકો પરના અત્યાચાર અને શોષણની સામે વિરોધ કરવાનો હતો. આ વિસ્તારના લોકોની સામાજિક આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ નિમ્ન હોવાના કારણે

તેમનામાં જાગૃતિ સભાનતા પણ નહિવત હતી આદિવાસી લોકો અને નેતા ઘણા સમય સુધી સત્તાધીશોની આ વ્યવસ્થાનો ભોગ બન્યા હતા. આનો વિરોધ આદિવાસી લોકો અને નેતાની પરાકાષ્ટાએ હતો તેને સંગઠિત કરવાનો પ્રયત્ન મોતીલાલ તેજાવત દ્વારા કરવામાં આવ્યો જેના મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે.

(૧) શોષણયુકત વ્યવસ્થા બદલવી

(૨) આદિવાસીઓના પરંપરાગત અધિકારો પ્રાપ્ત કરવા

(૩) આદિવાસી સામાજિક આર્થિક માળખાગત હસ્તક્ષેપ અટકાવવો

ઉપરોકત હેતુઓમાં શોષણયુકત વ્યવસ્થામાં વધુ પડતો કર ઉઘરાવવામાં આવતો હતો. તેમજ અયોગ્ય શારીરિક શ્રમ કરી શોષણ કરવામાં આવતુ હતું અને આદિવાસીઓ જંગલ અને જમીન પરના સદીઓથી અધિકાર ધરાવતા હતા. તે અધિકારો લઈ લેવામાં આવ્યા હતા. તેમજ જુદા જુદા સ્વરૂપના આર્થિક હસ્તક્ષેપોનું પ્રમાણ જાગીરદારી વ્યવસ્થામાં વિશેષ પ્રમાણમાં જોવા મળતું હતું. ઉપરોક્ત પરિસ્થિતિનો વિરોધ કરવાના હેતુથી આ આંદોલનનો ઉદ્દભવ થયેલો જોવા મળે છે.

ગોવિંદગુરૂનું આંદોલન સામાજિક ધાર્મિક સુધારણાના પાયા ઉપર ચાલુ થયું હતું. આ આંદોલનમાં ગોવિંદગુરૂએ સામાજિક ધાર્મિક ઉપદેશો ભીલો મધ્યે આપવાનું ચાલુ કર્યું. તેમનો હેતુ ભગત સંપ્રદાયની સ્થાપના કરી ભીલ લોકોમાં આ સંપ્રદાય પ્રસ્થાપિત થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તેમના સામાજિક ધાર્મિક સુધારણામાં હિન્દુ, ખ્રિસ્તી, જૈન, શીખ વિચારધારા સાથે સાંકળી ભીલોને મદ્યપાન અંધશ્રદ્ધાથી દૂર રહેવા અને શાકાહારી જીવનપર ભાર મૂકયો હતો. આ નિશેધો દ્વારા તેમના પંથની ધૂણીઓ સ્થાપિત કરી લોકોને તેની ભકિતમાં સામેલ કરવાનો ઉદ્દેશ્ય જોડાયેલો હતો. આ ભગત સંપ્રદાયના ની ભકિતમાં લોકો જોડાવાના કારણે શાશકો દ્વારા ભગત સંપ્રદાય પર કેટલાક નિયંત્રણો ઊભાં કર્યાં. ત્યારબાદ આ આંદોલન અત્યાચાર અને શોષણના વિરોધમાં શાશકની સામે વ્યવસ્થા બદલવા, ભીલોના

અધિકારો પ્રાપ્ત કરવા અને ભીલોની સામાજિક વ્યવસ્થામાં થતા હસ્તક્ષેપની સામે ઊભું થયું હતું.

ભારતમાં થયેલા આદિવાસી આંદોલનના હેતુઓ સાંથાલ આંદોલન શાસકો દ્વારા શોષણયુક્ત વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. તેની સામે વિરોધ કરી લડત ચલાવવાનો હેતુ હતો. ઝારખંડ આંદોલનનો હેતુ આદિવાસી ક્ષેત્રને અલગ અને સ્વાયત વ્યવસ્થા તરીકે પ્રસ્થાપિત કરવામાં આવે તેને લઈને લડત ચલાવવામાં આવી. બોડો આંદોલન પણ ક્ષેત્રીય સ્વાયતતાના ઉદેશ્યથી સંગઠિત બનેલું જોવા મળે છે. દેવી આંદોલનનો હેતુ સામાજિક ધાર્મિક સુધારણાના આધારે આદિવાસી લોકોને અંધશ્રદ્ધા અને કુરીતિઓમાંથી બહાર લાવવાનો હતો જ્યારે વેડછી આંદોલન આદિવાસી વિકાસ સંદર્ભમાં ચાલતી પ્રવૃત્તિના સંદર્ભમાં રચનાત્મક હેતુ તેમાં જોડાયો હતો.

### (૩) અસંતોષનાં કારણો :

મોતીલાલ તેજાવતના આંદોલનમાં મુખ્ય બાબત અસંતોષ હતી. જાગીરદારોના અત્યાચાર અને શોષણની પરિસ્થિતિનો ભોગ બનતા લોકોનું પ્રમાણ ખૂબ વધી ગયું હતું. આદિવાસી લોકોને ગુલામી જેવા વ્યવહાર કરાવવામાં આવતો હતો. આ પરિસ્થિતિમાંથી આદિવાસી લોકો દ્વારા સત્તાની સામે અવાજ ઉઠાવવાનો નિર્ધાર કર્યો અને લોકોને સંગઠિત કરવાનું કામ ચાલું કર્યું. આ આંદોલન ઉદ્ભવ પાછળ કેટલાંક મુખ્ય કારણો જવાબદાર હતા. આદિવાસી ટેકેદારો અને મોતીલાલ તેજાવતે આદિવાસી પ્રશ્નોને ધ્યાનમાં રાખી  રાજા સામે કેટલાક મુદ્દાઓ આધારિત માગણીઓ કરવામાં આવી હતી. આ માગણીઓનાં સંદર્ભમાં તેજાવતે આદિવાસી લોકો સાથે એકત્રિત થઈ પીછોલા તળાવની પાળ ઉપર ત્રણ દિવસમાં તેમની માગણી આધારિત એક પુસ્તક લખ્યું. જેનું નામ "મેવાડ પુકાર" રાખવામાં આવ્યું. આ પુસ્તકમાં આદિવાસી લોકોની સ્થિતિ તેમના પ્રશ્નો આંદોલન પાછળ મુખ્ય મુદ્દાઓની નોંધ કરવામાં આવી હતી. આ

માગણીઓમાંથી ૧૮ માગણીઓ મહારાણા દ્વારા તરત જ સ્વીકારી લેવામાં આવી, પરંતુ મુખ્ય ત્રણ માગણીઓ સ્વીકારવામાં આવી ન હતી. જે નીચે મુજબ છે.

(૧) જંગલનો ઉપયોગ

(૨) કર અને વેઠ

(૩) પાકેલા અનાજને નુકશાન કરતા જંગલી પશુઓને મારવા પર પ્રતિબંધ.

ઉપરોકત ત્રણ માગણીઓ મુખ્ય હતી. તેના અસ્વીકારના કારણે આદિવાસી લોકોમાં જાગીરદારો અને ઉદયપુરના રાણા પ્રત્યે રોષ ઊભો થયો હતો. આદિવાસીઓ લોકો પાસે અનેક પ્રકારની મહેસૂલ ઉઘરાવવામાં આવતી હતી. જેમાં જમીન, જંગલ, વૃક્ષ, મકાન વગેરે મહેસૂલ મરજી મુજબ ઉઘરાવવામાં આવતી હતી. તેમજ જુદા જુદા પ્રકારની વેઠ કરાવવામાં આવતી હતી અને કશું જ વળતર આપવામાં આવતું ન હતું. રાજપૂતો દ્વારા એવું માનવામાં આવતું હતું કે ભીલ જેવા કાયદાહીન ખેડૂતોને કડકાઈથી જ કબજે રાખવા જોઈએ, પરંતુ રાજાઓના સિપાઈઓ વધુ ક્રુર હતા. તેઓ ભીલ પ્રદેશમાં ફરવા નીકળતા ત્યારે તેઓ વેઠ માગતા જેનાથી ભીલોમાં અસંતોષ વધતો ગયો.

ગોવિંદગુરૂ આંદોલનમાં સામાજિક સુધારણા ચળવળમાંથી આર્થિક અને રાજકીય સ્વરૂપે ઊભું થયું. ભીલોની પરંપરાગત આર્થિક વ્યવસાય જાગીરદારી વ્યવસ્થામાં શોષણયુકત બની ગઈ હતી. ભીલોને નવી આર્થિક વ્યવસ્થા (ખેતી આધારિત) સંતોષ આપી શકી ન હતી. આવી પરિસ્થિતિમાં ભીલો ગૂંચવણ અને મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા ભીલોના બધા જ પરંપરાગત અધિકારો શાસન કરનાર અમલદારોએ ખેંચી લીધા હતા. આમ બદલાવની સ્થિતિમાં શાસક વર્ગ તરફથી ભીલો માટે ન્યાયની સ્થિતિ ઊભી થઈ ન હતી. મેવાડ રાજયના ભીલોની જેમ ડુંગરપુર, વાંસવાડા અને પ્રતાપગઢ રાજયના આદિવાસીઓ પણ અસરગ્રસ્તો હતા. મેવાડ રાજયના ભીલો સતત વિદ્રોહ કરી ૧૯મી સદીના અંત સુધીમાં મહદઅંશે કેટલાક અધિકારો પાછા મેળવવામાં સફળ થયાં હતાં. ભીલોના દબાણમાં આવી મેવાડ ક્ષેત્રમાં ભીલોને આપેલી છૂટછાટ અને

સવલતો દક્ષિણ રાજસ્થાનના બીજા પ્રદેશો સુધી આપવામાં આવી ન હતી. ભીલોમાં આજ અસંતોષનું એક મુખ્ય કારણ હતુ. આથી આ ક્ષેત્રના ભીલો પણ વિદ્રોહ કરવા તૈયાર થયા હતા.

આ ક્ષેત્રના ભીલો મોટા ભાગે શિકાર અને કુદરતી ઉત્પાદન સ્ત્રોતો પર આધાર રાખતા હતા પરંતુ બદલાતી સ્થિતિમાં ઘણા બધા લોકો ખેતી કરી ખેડૂત તરીકે ઓળખાવા લાગ્યા. આથી તેઓ બ્રિટિશ અને જાગીરદારોના સીધા નિયંત્રણમાં આવ્યા હતા. જાગીરદારો ભારે જમીન મહેસૂલ ભીલો પર નાખતા હતા. તેમાં જમીન મહેસૂલની આકારણી ખાસ પ્રચલિત વ્યવસ્થાઓ વજે, ભાગવટી હતી. રાજ્ય અને જાગીરદારો ભાગની આકારણી કલ્તાર (કાચા પાક આધારે આકારણી) વ્યવસ્થા હેઠળ થતી હતી. આ વ્યવસ્થામાં પાકની આકારણી વધુ પ્રમાણમાં થતી આ ચૂકવણી કરવામાં આદિવાસી નિષ્ફળ જાય તો સત્તાધીશો દ્વારા તેમને મારવામાં આવતા હતા, તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવતો હતો તેમજ ભીલો ને જમીનનો કોઈ અધિકાર ન હતો તેથી જમીન રાજ્ય અને જાગીરદારોની માલિકીની ગણાતી બીજી બાજુ ભીલો સાથેની નવી ગોઠવણી નાણાં ધીરનારની વ્યવસ્થા ઊભી થઈ જેમાં ભીલોનું ભારે શોષણ થયું. ભીલોની સ્થિતિ જંગલ પેદાશ સબંધમાં હતી વહીવટની આધુનિક પદ્ધતિએ ભીલોને જંગલની પેદાશ લઈ જવા પર પ્રતિબંધ મૂક્યો. જંગલની પેદાશ તેમની આવશ્યકતા હતી. જંગલના લાકડાનો તેમના ઘર બનાવવામાં ઉપયોગ, જંગલમાં તેમના પશુઓ ચરાવવા વગેરે અધિકારો ભીલોના હતા તેમના પર રાજ્ય દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો અને કરની ચૂકવણી આધારે તેનો અમુક ઉપયોગ કરવા દેવામાં આવતો હતો. આ કર તેમજ જંગલની પેદાશની કિંમત વધતી જતી હતી જે ભીલોમાં અસંતોષનું કારણ બન્યું.

આ ઉપરાંત ભીલોમાં વેઠ બેગારની પ્રથા પ્રચલિત હતી રાજ્ય અને અધિકારીઓ દ્વારા ભીલો ને વેઠ કરાવવા માટે ફરજ પાડવામાં આવતી હતી. જાગીરદારોના જમીન

ખેડવા અને મકાન બાંધવા ભીલોનો જોર જુલમથી ઉપયોગ કરવામાં આવતો હતો. રાજ્યના અધિકારીઓ તેમની પાસે માથા પર સામાન લઈ જવા લાવવા અને તેમના બળદગાડાનો ઉપયોગ વિના મૂલ્યે કરતા હતા.

ઉપરોક્ત કારણો ગોવિંદગુરૂ ચળવળમાં વિરોધ કરવા માટેનાં કારણો હતાં. જે સુધારાવાદી ચળવળના કારણે લોકોમાં શોષણ કરવાના વિરોધ કરવાની ચેતના વિકસી હતી.

ભારતમાં આંદોલનો થયા તેમાં સંથાલ વિદ્રોહ થવા પાછળ પણ કેટલાંક અસંતોષના કારણો હતાં. તેમાં બ્રિટિશ તાબા હેઠળ સરકારે જંગલમાં વસતા ખેતી કરતા સાંથાલોને તેમની ખેતી યોગ્ય જમીન પરથી દૂર કરવામાં આવ્યા હતા. જમીન પરની માલિકી જમીનદારોની બની સાંથાલોને તેમની જ જમીન પર મજૂર તરીકે, કામ કરવું પડતું હતું. આ ક્ષેત્રના ભીલો જમીનદારો અને શાસકીય અધિકારીઓથી ખૂબ પીડાતા હતા તેમની પાસે ખેતી યોગ્ય કોઈ જમીન રહી ન હતી. તેઓ વ્યાજખોરોના અત્યાચારથી પીડિત હતા. આ શોષણ કરનાર લોકો સાંથાલ ક્ષેત્રથી બહારના વિસ્તારમાંથી આવતા તેમને ડીકુ તરીકે ઓળખવામાં આવતા હતા. જમીનદારોએ સાંથાલોને બાંધવા મજૂર બનાવી દીધા હતા. તેમને ધીરાણ આપવાના બદલામાં સાંથાલોને ગમે ત્યારે કામ પર બોલાવવામાં આવતા હતા. તેનું વળતર આપવામાં આવતું ન હતું. સાંથાલોનું શોષણ જમીનદાર વેપારીઓ અને અધિકારીઓ પૂરતુ સિમિત ન હતું, પરંતુ તે સમયે ચાલતા રેલ માર્ગના નિર્માણમાં યુરોપના ઠેકેદાર દ્વારા પણ મરજી પ્રમાણે કામ કરાવવામાં આવતુ હતુ. સાંથાલોના શોષણની ફરિયાદ કોઈપણ સ્તરે ધ્યાનમાં લેવામાં આવતી ન હતી. આ બાબતો સાંથાલો માટે અસંતોષનું કારણ બની હતી. ઝારખંડ આંદોલનમાં બિરસા દ્વારા સુધારાવાદી તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. તેની સાથે સાથે તેમણે રાજનૈતિક વિરોધ પણ કર્યો હતો તેમનો અસંતોષ જમીનદારો ઠેકેદારો તથા બિહારના અન્ય ક્ષેત્રમાંથી આવેલા લોકો દ્વારા

કરવામાં આવતું શોષણ મુખ્ય હતું. તેમની માગણી આ વિસ્તારમાંથી શોષણ કરનાર અમલદારોને બહાર કાઢી મૂકવામાં આવે અને ત્યારબાદ સત્તા સામે આદિવાસી આગેવાનોએ ઝારખંડ અલગ રાજયની વાત રજૂ કરી જેનાથી આદિવાસી સ્થિતિ સુધારી શકાય પરંતુ તેના તરફ સત્તાનું કોઈ ધ્યાન આપવામાં આવ્યું નહી પછી થી આંદોલન સંપૂર્ણ રાજકીય બની ગયું હતું અને તેમની માગણી અલગ રાજયની રહી હતી. ભારતમાં સ્વાતંત્ર્ય પછી અલગ ક્ષેત્રમાં વિભાજનો તેમાં આદિવાસી ક્ષેત્રોના વિભાજનો પણ થવા લાગ્યા હતા, પરંતુ સ્વાતંત્ર્ય પૂર્વે ઉત્તરી પૂર્વ વિસ્તારમાં આદિવાસી ક્ષેત્રોમાં બાહ્ય હસ્તક્ષેપ ઓછો હતો તેમના વિકાસ માટે સત્તા દ્વારા રસ્તાઓ, કૂવાઓ વગેરેનું નિર્માણ કરી આપવામાં આવતું હતું. આદિવાસી તેમની વ્યવસ્થા જાતે રાખતા હતા. તેમની સમસ્યા પ્રશ્નો પરંપરાગત પંચાયત આધારે ઉકેલવામાં આવતા હતા. તેમાં બહારથી કોઈ હસ્તક્ષેપ ન હતો બિનઆદિવાસી લોકોને આદિવાસી ક્ષેત્રમાં જવાની મંજૂરી લેવી પડતી હતી. બ્રિટિશરો દ્વારા જયારે જંગલો પર નિયંત્રણો ઊભાં થયાં ત્યારે આદિવાસીઓમાં વિરોધ ઊભો થયો. આથી બ્રિટિશરોએ તેમની નીતિઓમાં કેટલાક ફેરફાર ઊભો કર્યો તેમને થયું કે તેમને હસ્તક્ષેપ કરવા જોઈએ નહી, ત્યારબાદ વિદ્રોહ કે અલગ ક્ષેત્ર વિભાજનની માગણી થઈ ન હતી, પરંતુ સ્વાતંત્ર્ય ભારતમાં આદિવાસીઓની સામાજિક સંરચનામાં હસ્તક્ષેપ વધવા લાગ્યો. આદિવાસી વિકાસ માટે સરકાર દ્વારા જુદા જુદા પ્રયત્નો કરવામાં આવ્યા. નવી યોજનાઓ દાખલ કરવામાં આવી જેથી બિનઆદિવાસી લોકોએ આદિવાસી ક્ષેત્રમાં જઈ શોષણ કરવાનું ચાલું કર્યું. દારૂના ઠેકેદારો પણ આ ક્ષેત્રમાં પ્રવેશ્યા શાહુકારો અને મહાજનો દ્વારા આદિવાસીઓનું ઘણી માત્રામાં શોષણ કર્યુ આ સ્થિતિ સ્વતંત્ર્ય ભારતમાં બોડો આંદોલન માટે મુખ્ય કારણભૂત હતી. દક્ષિણ ગુજરાતમાં દેવી ચળવળની અસર ઊભી થઈ તે અગાઉ બ્રિટિશ શાસનમાં આદિવાસીઓએ કરની માગણી સંદર્ભમાં અસંમતિ બતાવી હતી. બ્રિટિશ શાસન હેઠળ જંગલ વિસ્તારમાં આદિવાસીઓને ખેતી કરવા પર પ્રતિબંધ હતો. જંગલમાં ઢોર ચરાવવા મહુડાના ફુલ જેવી જંગલની પેદાશ ભેગી કરવા માટે ફી ભરવી પડતી હતી.

કચરો સાફ કરવો, મજૂરી કામ વગેરે માટે દબાણો કરાવવામાં આવતાં હતાં. આમ જુદી જુદી રીતે અમલદારો વ્યક્તિગત સેવાઓ માગતા હતા. આદિવાસીઓને ખેતી માટે બિયારણ, ઓજાર માટે રકમ લેવી પડતી હતી. તેનું બમણું અનાજ શાહુકારોને આપવું પડતું હતું. આદિવાસીઓની જમીનની માલિકી પણ આ વ્યવસ્થામાં ચાલી ગઈ હતી. ત્યારબાદ દેવી આંદોલનની અસરના કારણે આદિવાસીઓ દ્વારા શાહુકારોને ત્યાં કામ કરવાનો બહિષ્કાર કરવામાં આવ્યો અને લડત માટે તેઓ આગળ આવ્યા.

(૪) **વિસ્તાર :**

મોતીલાલ તેજાવતનું આંદોલન રાજસ્થાન અને ગુજરાતના સરહદી વિસ્તારમાં આદિવાસી ક્ષેત્રમાં થયું હતું આંદોલનની શરૂઆત ચિત્તોડ માતૃકુંડિય નામના સ્થળ પર ધાર્મિક મેળાનું આયોજન દર વર્ષે થતું હતું. જયાં લાખોની સંખ્યામા આદિવાસી લોકો એકત્રિત થતા હતા. આદિવાસી કિસાનોએ વેઠ જંગલ પરના અધિકાર પર વિચાર વિમર્શ કરી જાગીરદારી વ્યવસ્થા સામે વિરોધ કરવાનું નક્કી કર્યું, તે સમય, બિજોલિયા આંદોલનના કારણે અસંતોષ ફેલાયેલો જ હતો. જેથી આ વિરોધ પણ મજબૂત બન્યો હતો અને લોકોએ એવું નક્કી કર્યું જયાં સુધી માગણીઓની રજૂઆત સત્તા સામે ન કરવામાં આવે ત્યાં સુધી કોઈએ કર ભરવો નહી. આ વિચારોથી આદિવાસી ટેકેદારોએ તેમનું સમર્થન કર્યું. ત્યારબાદ ઝાડૌલ પલાસિયાના લોકોને એકી સંગઠનમાં જોડયા બાદ નક્કી કરેલા દિવસે સમગ્ર વિસ્તારમાંથી લોકોને આગેવાનો ઉદયપુરમાં એકત્રિત થયા. ૧૯૨૧માં માદડી પટ્ટાના આદિવાસીઓએ કર અને વેઠનો વિરોધ કર્યો. આથી મોતીલાલ તેજાવત વેરો નહી ભરવા ભડકાવવા બદલ ધરપકડ થઈ. આદિવાસીઓએ તેમને છોડાવી લીધા હતાં. આ આંદોલનમાં સફળતા પ્રાપ્ત કર્યા બાદ ૧૯૨૧માં વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું. તેમાં સિરોહી ક્ષેત્રના આદિવાસી લોકો મોટા પ્રમાણમાં સામેલ થયાં હતાં ડુંગરપુર મહીકાંઠા, અને દાંતા વિસ્તારના લોકો પણ તેમાં સામેલ થયાં હતાં. ૧૯૨૨ની શરૂઆતમાં તેજાવત સિરોહી રાજ્યમાં પ્રવેશ્યા ત્યાં જવાસ,

છમ, પાડા, માદડી પટ્ટા, ખેરવાડા વગેરે વિસ્તારમાં કર અને વેઠમાં સત્તાધીશો દ્વારા થોડી રાહત આપવામાં આવી. આ સમયમાં તેજાવત અને તેમના અનુયાયીઓ પર સભા ભરવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. છતાં આ વિસ્તારમાં સાત આઠ હજાર માણસો ભેગા થયા હતા. વિજયનગર દઢવાવમાં મોટી સભા ભરવામાં આવી જેની જાણ ખેરવાડા મેવાડ ભીલ કોર્પ્સને થતા મોટો હત્યાકાંડ સર્જાયો હતો પછીથી પણ સિરોહી રાજ્યમાં બાબોલિયા, ભૂલા અને નયા વાસમાં વિરોધ ચાલું થઈ ગયો હતો. લોકોએ અનાજ આપવાની મનાઈ કરી લોકોએ કોઈએ અનાજ જમા કરાવ્યું નહીં, તેમજ વેઠમાં જવાનો ઈન્કાર કર્યો. આ આંદોલનની અસર સિરોહી વિસ્તારમાં ઊભી થવાના કારણે મેવાડ ભીલ કોરની ટુકડી ત્યાં પહોંચી સંગઠનને દબાવી દેવાનો પ્રયત્ન કર્યો. ત્યાં ઘણી જાન માલની હાની થઈ હતી. ૧૯૨૩માં પોશીના ક્ષેત્રમાં આ આંદોલનમાં ટેકેદારો સક્રિય થયાં હતાં, પરંતુ બોમ્બે સ્ટેટ તરફથી પ્રતિબંધ  હોવાના કારણે સંગઠન નબળું પડયું હતું. આ ઉપરાંત હત્યાકાંડ થવાના કારણે લોકોનો વિશ્વાસ સંગઠનમાં ઘટયો હતો.

ગોવિંદગુરૂનું આંદોલન ગુજરાત અને રાજસ્થાનના સરહદી વિસ્તારમાં જ થયું હતું. આ વિસ્તારમાં સુધારાવાદી પ્રવૃત્તિના સંદર્ભમાં થયેલા પ્રયત્નોમાં સામાજિક અને ધાર્મિક આધાર પર આદિવાસી સમાજમાં રાજકીય, સામાજિક અને આર્થિક પરિવર્તન લાવવામાં મહત્ત્વનું કામ કર્યું. તેમણે ડુંગરપુર ક્ષેત્રમાં સુધારાવાદી પ્રવૃત્તિ ચલાવી તેની ઘણી અસર આદિવાસી લોકો પર પડી. તેના કારણે સત્તા દ્વારા દબાણથી તે વિસ્તાર તેમને છોડવો પડયો હતો, ત્યાંથી ૧૯૧૩ માં તેઓ ઈડર રાજ્યમાં આવ્યા, ઈડર રાજ્યમાં રાજ્ય વિરુદ્ધ વિદ્રોહ કરવાની શંકાના કારણે ત્યાંથી તેમના અનુયાયીઓની ધરપકડ ચાલું કરી ત્યાંથી તેઓ ડુંગરપુર વાંસવાડા ક્ષેત્રમાં ભાગી છૂટયા હતા આ વિસ્તારમાં માનગઢ નામની જગ્યાએ તેમણે ગુરૂદ્વારાની સ્થાપના કરી. આ લડત ૨૦મી સદીના પહેલાના વર્ષોમાં ભીલોમાં બળવાઓની ઉત્પત્તિ ડુંગરપુર અને વાંસવાડા રાજ્યમાંથી ૧૯૦૫ માં સુધારાવાદી અને ધાર્મિક સ્વરૂપે થઈ જે પછી રાજકીય અને

આર્થિક બળવામાં પહોંચી ૧૯૦૮ માં ગોવિંદગુરુ ડુંગરપુર રાજ્યનું વેદસા ગામ અને દક્ષિણ રાજસ્થાનનો ભીલ પ્રદેશ પણ છોડયો. ત્યારબાદ તેમણે ગુજરાતની નજીકમાં આવેલા ભીલ ક્ષેત્રમાં ભીલોને વિરોધ માટે તૈયાર કર્યા. આમ સુંથ, ઈડર, વાંસવાડા, ડુંગરપુર, કુશલગઢ વગેરે ક્ષેત્ર તેમના પ્રભાવ નીચે આવ્યાં હતાં. આ સંગઠનમાં ગોવિંદગુરૂના કહેવાથી હજારોની સંખ્યામાં આદિવાસી લોકો માનગઢ મુકામે નવેમ્બર ૧૯૧૩ માં એકઠા થયા હતા. આથી આદિવાસી ભીલ રાજયની માગણીના કારણે ડુંગરપુર, કુશલગઢના દેશી રાજ્યો અને સત્તાધીશો દ્વારા પરિસ્થિતિ વણસે નહી તે માટે બ્રિટિશ સેના દ્વારા ૧૭ નવેમ્બર ૧૯૧૩માં માનગઢ ટેકરી પર સૈનિકો બોલાવવામાં આવ્યા. પછીથી સંઘર્ષ થતા સૈનિકો દ્વારા હુમલો કરવામાં આવ્યો. તેમાં સંખ્યાબંધ લોકો મૃત્યુ પામ્યા. ઘણાખરા શિષ્યોને પકડવામાં આવ્યા. ગોવિંદગુરૂને રાજય વિરૂદ્ધ પ્રવૃત્તિ કરવા સબંધે ફાંસી અને પાછળથી અપીલ કરતાં ૧૦ વર્ષની જેલની સજા નક્કી કરવામાં આવી ૧૯૨૩માં તેઓ જેલમાંથી મુક્ત થયા તે સમયે તેમની ભગત સંપ્રદાયની અસર અને પ્રભાવ ભીલોમાં ચાલું જ રહ્યો હતો.

ભારતમાં થયેલા આંદોલનોમાં સાંથાલો શરૂઆતથી જ જંગલમાં રહેતા આવ્યા છે. તેઓ પહેલાં ઝુમ ખેતી કરતા હતા જંગલના એક ભાગને બાળી નાખવામાં આવતો હતો અને પછીથી ખેતી યોગ્ય જમીન તૈયાર કરવામાં આવતી પછી અનાજનું વાવેતર કરવામાં આવતું. આ પ્રકારની ખેતી યોગ્ય જમીન ૧૯મી સદીના મધ્ય અને દક્ષિણ બિહારના છોટાનાગપુર વિસ્તારના સાંથાલો દ્વારા કૃષિ યોગ્ય જમીન બનાવવામાં આવતી હતી. જમીનની સ્થાયી વ્યવસ્થા સરકારે ઊભી કરી જમીન જાગીરદારોના નામે કરી ત્યારે સાંથાલોએ બળવો કર્યો. બીજા ક્ષેત્રમાં ભાગલપુર અને રાજમહેલમાં હિંસક વિદ્રોહની શરૂઆત થઈ સાંથાલોએ ભાગલપુર અને રાજમહેલ વચ્ચેનો રેલ ટપાલ વ્યવહાર સમાપ્ત કરી નાંખ્યો હતો અને તે ક્ષેત્રની જમીન પરનો કબજો તેમણે કરી લીધો હતો. ત્યારબાદ બ્રિટિશ સરકાર દ્વારા વધુ સૈનિકો મોકલતા બળવો લાંબા સંઘર્ષ બાદ દબાવવામાં આવ્યો. સામાજિક આંદોલનમાં વિસ્તાર એક અગત્યનું પાસુ છે. ભારતનાં

ઝારખંડ આંદોલન ૨૦મી સદીની શરૂઆતથી જ શરુ થયું હતું તેના પ્રભાવથી દેશમાં રાજનૈતિક ગતિવિધિઓ પ્રભાવિત થઈ હતી. જેના કારણે આ ક્ષેત્રમાં કેટલીક અસ્થિરતા આવી ઝારખંડ નો અર્થ ઝાડ ધરાવતો પ્રદેશ જંગલથી છવાયેલો પ્રદેશ ગણાય છે. આ ક્ષેત્રમાં મોટાભાગે આદિવાસી લોકો વસવાટ કરે છે. ભૌગોલિક રીતે આ વિસ્તાર પશ્ચિમ બંગાળ, બિહાર, ઓરિસ્સા, મધ્યપ્રદેશમાં ફેલાયેલો છે. આ પ્રદેશ બિહાર, ઓરિસ્સા અને મધ્યપ્રદેશના કુલ ૨૧ જિલ્લાઓ મળી ઝારખંડ રાજ્યની માગણી આદિવાસીઓ દ્વારા સ્વાતંત્ર્ય પૂર્વે અને સ્વાતંત્ર્ય બાદ કરવામાં આવી હતી. આ આંદોલન મુખ્યરૂપથી જમીન અને જંગલના અધિકારો, શિક્ષણ, રોજગાર તેમજ સાંસ્કૃતિક સંમિશ્રણ અને અસંતુલિત વિકાસની બાબતમાં થયું હતું. બોડો આંદોલન ઉત્તર પૂર્વભાગના આદિવાસી વિસ્તાર સાથે સંકળાયેલ છે તેઓની રાજનૈતિક વ્યવસ્થા અને સમસ્યાઓ સમાન રીતે જોડાયેલી છે. તેઓ ભૌગોલિક રીતે ત્રણ ભાગમાં વસે છે, જંગલ વિસ્તાર, ખડકવાળો, મેદાની. આ વિસ્તારમા વસતા લોકો નૃજાતિય, ભાષાકીય અને સાંસ્કૃતિક આધાર પર ઘણી ભિન્નતાઓ ધરાવે છે. આ પૂરા ક્ષેત્રમાં પણ આદિવાસી લોકો વસવાટ કરે છે સ્વાતંત્ર્ય પૂર્વે અને બાદ આ આદિવાસી ક્ષેત્રમાં અશાંતિ અને અલગતાની સ્થિતિ મજબૂત બનતી જોવા મળે છે. બોડો આંદોલન બોડો લોકોના અલગ રાજ્યની માગણી સ્વાતંત્ર્ય ભારતમાં અને વર્તમાન સમયમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. બોડો આંદોલન આસામની મેદાની જનજાતિય સ્વાયત્તતા અને ભાષાને લઈને ચલાવવામાં આવ્યું. આ આંદોલનકારીઓનું અંતિમ ધ્યેય અલગ રાજ્ય કાયમ કરવાનું છે. આસામની બ્રહ્મપુત્રા નદી પાસે વસવાટ કરતી જનસંખ્યામાં બોડો મુખ્ય જનજાતિ છે. ૧૯૬૭ માં આસામ મેદાની જનજાતિ પરિષદ દ્વારા ઉદયાંચલની માગણી કરવામાં આવી હતી. ત્યારબાદ તેનું નામ બદલી બીજા સંગઠનો દ્વારા અખિલ બોડો છાત્ર પરિષદ તરીકે થયો. તેમણે બોડોલેન્ડની માગણી કરી. દેવી આંદોલન દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં થયેલું જોવા મળે છે. ગુજરાતના જલાલપોર, નવસારી, ચોપાસી, ઓલપાડ તેમજ સુરત શહેરમાં આ ચળવળની અસર ઊભી થઈ હતી.

૧૯૨૨ની અસહકારની ચળવળ દરમ્યાન જલાલપોર વિસ્તારના લોકોએ ગાંધીજીની હાકલને પ્રોત્સાહન આપ્યું હતું. ૧૯૨૨ ના પછીના સમયગાળામાં આ ચળવળ ગાંધીજીની ચળવળમાં ભળી ગઈ હતી. ૧૮૮૫ માં બ્રિટિશ અમલદારોએ કેટલાક વહીવટી સુધારાઓ કર્યા. જે ૧૯મી સદીના અગાઉ શહેરના શાહુકારો અને આદિવાસી વચ્ચે વર્ણવેલા સબંધો બ્રિટિશરો પહેલાંથી ચાલ્યા આવે છે તેવું જોવા મળ્યું. આજ વિસ્તારના બીજા શાહુકારો નાંદોલ વિસ્તારના પરગણાના ઈજારાદાર હોવાથી ભીલો વધતા ઓછા પ્રમાણમાં તેમના પ્રભાવ નીચે હતા. તેઓ ખેતી માટે અગાઉથી નાણાં ધીરતા અને કાપણી સમય વ્યાજ સાથે લઈ લેતા આથી ભીલો પાસે કશુંજ બચતું ન હતું. ૧૯૦૦ની સાલના દુષ્કાળના સમયે દરમ્યાન જમીનની ફેરબદલી મોટા પ્રમાણમાં થઈ ૧૯૧૩માં એવો અંદાજ કાઢવામાં આવ્યો કે ૧૮૯૫ થી ૧૯૧૩ના સમયગાળા દરમ્યાન વડોદરા રાજયના મહુવા તાલુકામાં ૪૨ ટકા જમીન વેચાણ ગીરો દ્વારા બદલાઈ હતી. આમાંથી મોટા ભાગની જમીન શાહુકારો પાસે ગઈ. ૧૯૨૧–૨૩ રાષ્ટ્રવાદી ચળવળના વિરોધનાજ વર્ષા હોવાના કારણે ખેડૂતોએ પોતાના હકકો માટેની ચળવળ પણ ચાલું કરી. દેવી ચળવળે બારડોલી, સુરત, જલાલપોરમાં પોતાના હકકો માટે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. દેવી ચળવળની નાસિક જિલ્લામાં અને ધરમપુરના ક્ષેત્રમાં પણ મોટી અસર થઈ હતી. સુરતના વેડછી વિસ્તારમાં જુગતરામ દવે દ્વારા વિકાસના કામો અને આશ્રમો સ્થાપી આદિવાસી જાગૃતિનું કામ હાથમાં લીધું હતું વેડછી વિસ્તારમાં તેની આજુબાજુના વિસ્તારમા આદિવાસી સ્થિતિ સુધારવાનું અને સમાજ સુધારણા ઊભી થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા. વેડછી આંદોલનનો વિસ્તાર પૂર્વ જંગલો પર્વતોનો પ્રદેશ જેમાં પશ્ચિમ મેદાની દરિયા કિનારાના કારણે અલગ પડી જાય છે. પશ્ચિમ પટ્ટીમાં વલસાડ, નવસારી, બિલિમોરા, સુરત શહેર, ભરૂચ વગેરે વિસ્તાર છે જ્યાં પૂર્વ પટ્ટાના વિસ્તાર જંગલ અને પર્વતોનો પ્રદેશ છે જેમાં કાળી પરજ તરીકે અને પાછળથી રાની પરજ તરીકે ઓળખાતા આદિવાસી લોકો વસે છે. આમ તો આદિવાસી વિસ્તારમાં ૮૦ વર્ષ લગભગ અગાઉથી આદિવાસી સ્વયં દ્વારા સમાજ સુધારણાની પ્રવૃત્તિ શરૂ થઈ હતી.

આ માટે આ વિસ્તારના ભગત કુટુંબો જાણીતાં છે, પરંતુ ત્યારબાદ દેવી ચળવળ અને વેડછીના રચનાત્મક કાર્યક્રમો દ્વારા સુધારણામાં સારી અસર થઈ હતી.

## (૫) આંદોલનનો સમયગાળો :

મોતીલાલ તેજાવતના આંદોલનનો સમયગાળો ૧૯૨૧–૨૨ નો હતો. તે સમયે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની લડતો પણ પૂર જોશમાં ચાલતી હતી. કિસાન ચળવળ બિજોલિયામાં ચાલું હતી અને આદિવાસીઓમાં પણ અસંતોષ ફેલાયેલો જ હતો. જાગીરદારો અને બ્રિટિશ શાસન દ્વારા કર અને વેઠ અસહય બન્યાં હતાં. તેનો તેજાવતે એકી સંગઠન બનાવીને  વિરોધ કર્યો. આદિવાસી અસંતોષ ના કારણે મોટો સમૂહ વિરોધ કરવા જોડાયો હતો. તેજાવતે આદિવાસી સંપર્ક જુદા જુદા સ્થળો, ધર્મ સ્થળો વગેરેનો આધાર લીધો હતો. વિશેષ આ સમય આદિવાસી વિસ્તાર સંપર્કના માઘ્યમાંથી અલિપ્ત હોવાના કારણે નિરક્ષરતા અને અજ્ઞાનતા મોટા પ્રમાણમાં હતી. આથી લોકોને સંગઠનમાં સામેલ કરવા મુશ્કેલ હતા. જેથી તેમણે ધાર્મિક વિચારધારાનો આધાર લીધો હતો. જાગીરદારો અને બ્રિટિશ શાસન સામેનો વિરોધ રાષ્ટ્રીય લડતનો સમયગાળો હોવાના કારણે મહાત્મા ગાંધી બીજોલિયા અને મોતીલાલ તેજાવતના આંદોલનમાં પણ કેટલેક અંશે સંપર્કમાં આવ્યા હતા. આ લડત શરૂઆતમાં અહિસંક સ્વરૂપે ચાલતી હતી, પરંતુ બાદમાં કેટલાક હિંસક તત્ત્વો ઊભાં થયાં હતાં. તે સમય સિરોહી રાજયમાં પણ આંદોલન ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ તે સમયના ત્યાંના દિવાને આદિવાસીઓ સાથે સમાધાન કરવા માટે રસ લીધા તેમાં તેમણે જણાવ્યું કે આદિવાસીઓ તેમની માગણીઓ રજૂ કરે અને જાગીરદારો તેમને સહકાર આપે પરંતુ આદિવાસીઓને સંતોષ તેમાં પ્રાપ્ત થયો ન હતો.

ગોવિંદગુરૂ ૧૯મી સદીની શરૂઆતના વર્ષોમાં ગરીબ આર્થિક સ્થિતિ અને તેમના દીકરા અને પત્નીના મૃત્યુના કારણે તેઓ આઘ્યાત્મિકતા તરફ વળ્યા હતા. તેમણે જંગલમાં વસતા ભીલ લોકો મઘ્યે ધાર્મિક વિચારો રજૂ કરવાનું ચાલું કર્યું. તે સમયે

આદિવાસીઓ ધાર્મિક વિચારધારા સાથે જોડાયેલા ન હતા. તેમણે ભીલોને શાહુકારોની જેમ વ્યવહાર કરવાની વાત કરી જૂના પરંપરાગત દુષણોમાંથી બહાર આવી લોકોને હિન્દુ વિચારસરણી અનુસરવા, જણાવ્યું જેના પ્રભાવના કારણે લોકો શોષણની સામે પણ ઊભા થયા.

સંથાલ વિદ્રોહ ૧૭૯૩માં જ્યારે જમીનદારી વ્યવસ્થા દાખલ થઈ ત્યારે જમીનદારોની સામે સંથાલો એ વિદ્રોહ કર્યો હતો. સામંતાશાહી અને જમીનદારી વ્યવસ્થાના કારણે આ ક્ષેત્રના લોકો શોષણથી પીડિત હતા. જંગલના અધિકારોમાં હસ્તક્ષેપ, ખેતી ક્ષેત્રે અનાજ જમા કરાવવું, કર ભરવા, જમીનદારોની ખેતીમાં વળતર વગર મજૂરી કરવી વગેરે દરેક દિશામાંથી ભીલ લોકોનું શોષણ થતું હતું. તેની સામે હિંસક લડત આપી હતી.

ભારતના આદિવાસી આંદોલનોમાં સાંથાલ વિદ્રોહના પરિણામે અન્યક્ષેત્ર સંથાલ સિવાયના ક્ષેત્રોમાં પણ વિદ્રોહ ઊભો થયો હતો. ૧૮૭૨માં મરાઠા કિસાન વિદ્રોહ ૧૮૭૫–૭૬માં અમદાવાદમાં પણ કિસાન વિદ્રોહ શરૂ થઈ ગયો હતો. બિરસા મુંડાનું ઝારખંડ આંદોલન પણ શરૂઆતમાં જમીનદાર અને સામંતોની સામે થયું હતું. ભારતમાં શહેરી આંદોલનો ગામડાઓમાં જઈ વિસ્તૃત બન્યા હતા. સાંથાલ, કોલ, ખારિયા વગેરે જનજાતિયઓમાં વિભિન્ન સ્વરૂપે વિદ્રોહ અને બળવાઓ શરૂ થયાં હતાં. બિરસા આંદોલનમાં સિંહભૂમ ક્ષેત્રના સરદારો શરૂઆતથી જ સાથે હતા. આ આંદોલન ઊભું થવામાં કેટલીક પાયાગત ઘટનાઓ બની. જેમાં સુધારાવાદી ધાર્મિક અસર ૧૭૯૫–૧૮૦૦ સુધી ચોરાઈ આંદોલન, ૧૮૩૧–૩૨ કોલ જાગૃતિ, ત્યારબાદ ૧૮૫૦–૫૭ સરદારી લડાઈ આ બધા જ આંદોલનના કારણે ઝારંખડ આંદોલન ઊભું થયું હતું તેમની માગણી અલગ રાજય સબંધી હતી. સ્વાતંત્ર્ય પૂર્વે અને બાદમાં આદિવાસીઓનાં જુદાં જુદાં સંગઠનો દ્વારા અલગ અલગ નેતૃત્વમાં આંદોલન ૨૦૦૦ની સાલ સુધી ચાલું રહ્યું હતું. જે સ્વાતંત્ર્ય બાદ સંપૂર્ણ રાજકીય અસર નીચે હતું.

બોડોલેન્ડની માગણી સ્વાતંત્ર્યબાદ વિશેષ પ્રમાણમાં થયેલી છે. સ્વાતંત્ર્ય પૂર્વે બ્રિટિશ સમયમાં આદિવાસી વ્યવસ્થાને હસ્તક્ષેપ કરવામાં આવ્યો ન હતો, પરંતુ આદિવાસી ક્ષેત્રમાં વિકાસ માટેના રસ્તાઓ અને વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. બ્રિટિશરો દ્વારા જ્યારે જંગલો પર નિયંત્રણો ઊભાં કર્યા ત્યારે આદિવાસીઓમાં વિરોધ ઊભો થયો હતો. ત્યારબાદ આદિવાસી હસ્તક્ષેપ તેમણે બંધ કર્યો અને બોડોલેન્ડની માગણી ન થઈ, સ્વતંત્ર ભારતનાં હસ્તક્ષેપ વધ્યો. આથી કેટલાંક સંગઠનો દ્વારા અલગ રાજ્યની માગણી ચાલું કરવામાં આવી. તેનું એક કારણ આ સમયગાળામાં પૂર્વના રાજ્યો મિઝોરામ, નાગાલેન્ડ, ત્રિપુરા વગેરે રાજ્ય ઓછા ક્ષેત્રફળ ધરાવતા હોવા છતાં અલગ રાજ્ય બનાવવામાં આવ્યાં. જેથી બોડોલેન્ડને પણ માન્યતા આપવામાં આવે તેવી માગણી પ્રવર્તમાન બની. ઈતિહાસમાં જોઈએ તો સામંતશાહી અને રાજાશાહી વ્યવસ્થામાં ૧૭મી સદીથી શોષણ કરવાના આધારો ઊભા થયેલા જોવા મળે છે. ૧૮મી અને ૧૯મી સદીમાં પણ તે બ્રિટિશ શાસન જમીનદારી વ્યવસ્થામાં શોષણ ચાલતું હતું. આ સમય દરમ્યાન ૨૦મી સદીની શરૂઆતમાં દેવી ચળવળ ઊભી થઈ તેમાં ધાર્મિક અને સુધારાવાદી તત્ત્વો હોવા છતાં જમીનદારો અને શાહુકારોનો વિરોધ કરવાનું ચાલું કર્યું. તેમના કામમાં સહકાર આપવાનું બંધ કર્યું હતું. વેડછી આંદોલન ૧૯૨૨ થી ૧૯૬૭ ના સમયગાળા દરમ્યાન ૫૦ વર્ષથી વધુ સમયગાળા સુધી આદિવાસી વિકાસની પ્રવૃત્તિઓ ચાલી. ૧૯૨૭માં સામાજિક કાર્યકર ઠકકરબાપાના અધ્યક્ષપણા નીચે સમિતિ બનાવી આદિવાસી પ્રશ્નોની તપાસ કરી તેમાં એવું જોવા મળ્યું કે આદિવાસી જમીન બિન આદિવાસીઓના હાથમાં જતી રહી છે. દારૂના કારણે તેમની આર્થિક દુર્દશા થઈ છે આદિવાસી સ્ત્રીઓનું બિન આદિવાસી દ્વારા શોષણ વગેરેને ધ્યાનમાં લઈ સુધારણા પ્રવૃત્તિને અગ્રતા આપી વેડછી આંદોલને રચનાત્મક કાર્યને વેગ આપ્યો હતો. સાથે સાથે આ પ્રવૃત્તિ પર રાષ્ટ્રીય પ્રભાવ વિશેષ હતો. આથી આદિવાસી લોકો પણ રાષ્ટ્રીય આંદોલનમાં જોડાયા હતા.

### (૬) સામાજિક આધાર :

સામાજિક આધારમાં મોતીલાલ તેજાવત દ્વારા સામાજિક વ્યવસ્થામાં સુધાર લાવવા પર ભાર મૂક્યો લોકોમાં મદ્યપાન કરવા પર પ્રતિબંધ, સ્ત્રી પુરુષ લગ્ન સબંધી, વિધવા પુનઃલગ્ન, લગ્ન પ્રસંગે લેવડ દેવડ નિષેધ તેમજ લોકોને શાકાહારી બનવા પર ભાર મૂક્યો "દાહોદ ભીલ સેવા મંડળ" દ્વારા સિરોહી વિસ્તારના આદિવાસી સંદર્ભમાં ઠરાવ કરવામાં આવ્યો તેના સભ્ય મોતીલાલ તેજાવત હતા તેમાં સામાજિક વ્યવસ્થાના ભાગરૂપે છૂટાછેડા કે અનૈતિક કાર્ય બદલ દંડ, પુનઃલગ્નમાં સ્ત્રીના મા–બાપ પાસેથી ઠરાવેલી રકમ જ લેવી, દેવ દેવી આગળ કોઈપણ પ્રકારના ભોગ ધરવો નહી, મદ્યપાનની આદત વાળા વડીલને મદ્યપાનની છૂટ આપવી, છોકરાં મધપાન કરે તો દંડ કરવો આ પ્રકારના સુધારાવાદી અભિગમના કારણે આદિવાસી સમાજમાં ઘણી જાગૃતિ અને પરિવર્તન આવ્યું હતું. આ પરિવતન આર્થિક વિરોધની સાથે સાથે ઊભું થયું હતું. તેજાવતે આદિવાસી લોકોને શોષણમાંથી છૂટકારો મેળવવા માટે ઉપદેશ આપતા હતા, પરંતુ સાથે સાથે સમાજમાં લોકોમાં જાગૃતિ લાવી લોકોના સંગઠન આધારે લડત ચલાવવાનો પ્રયત્ન પણ કર્યો હતો.

ભગત આંદોલનમાં તેમણે ભીલોને સામાજિક પારિવારિક પરિવેશમાં રહીને સદ્‌ગુણોનું પાલન કરવું તેમજ અહિંસા અને સત્ય જેવા મૂળભૂત સિદ્ધાંતો તેમના જીવનમાં દોરવણી રૂપ બને તેમ જણાવ્યું. તેમનું ભગત આંદોલન હિંદુ ધર્મ સાથે જોડાયેલું હતું, ભીલોને ભગવાનનું નામ લેવાનું, સામાજિક કુટેવોથી દૂર રહેવું, એકબીજા સાથે ભ્રાતૃભાવનાથી રહેવું, ખેતીવાડીમાં વધુ ધ્યાન આપવું, ભરણપોષણ પોતાની રીતે કરવું, ભૂત, પ્રેત, ભૂવા જોગણીઓમાં ન માનવું, તેમની સામે રક્ષણ મેળવવા સલામતી માટે ધૂણી ધજા સ્થાપી અને તેમની ભક્તિ કરવા લોકોને જણાવ્યું, વધુમાં તેમણે પીળા રંગનો સાફો ભગત સંપ્રદાયના લોકોએ બાંધવો, ગળામાં રૂદ્રાક્ષની માળા રાખવી, ઘાતક શસ્ત્રો, તલવાર, રાયફલ, તીરકામઠાં વગેરે ન રાખવાં. જેના

કારણે તેમના અનુયાયીઓ સંખ્યા ઘણી મોટી થવા લાગી. લોકો એક સંગઠનમાં અને થોડા જાગૃત બન્યા હતા, પરંતુ આ સંગઠન અને જાગૃતિના કારણે શાસકોમાં ભયની લાગણી ઊભી થઈ હતી અને આંદોલનકારીઓની સામે કેટલાંક પગલાં લેવામાં આવ્યાં હતાં. ત્યારબાદ આ સંગઠન શોષણ સામેના વિરોધમાં જોડાયું હતું.

બિરસા, મુંડા દ્વારા પણ સામાજિક સુધારણાની વાત કરતાં જણાવ્યું કે મદ્યપાનથી લોકોએ દૂર રહેવું, સમાજની બદીઓ કુટેવોમાંથી લોકોએ બહાર આવવું અને માનવીય મૂલ્યોની સ્થાપના કરવા પર ભાર મૂક્યો. આ પ્રવૃત્તિના કારણે તેઓની લોકોમાં મોટી અસર ઊભી થઈ. ત્યારબાદ તે સમયની શોષણકારી વ્યસ્થામાં લોકો જે સપડાયેલા હતા, તે વ્યવસ્થાના વિરોધમાં લોકો સંગઠિત બનતા ગયા હતા. જેથી મોટું સંગઠન ઊભું થયું હતું. દેવી ચળવળમાં આંદોલનનો આધાર સામાજિક હતો દેવીના અનુયાયીઓ લોકોને દારૂ નિષેધ, બિન માંસાહારી, અહિંસા, સ્વચ્છતાનો પાઠ ભણાવતા હતા. દેવી ચળવળના કારણે સુધારણાના પાઠ આધારે હિંદુ વિચારસરણીને સ્વીકારવાની દિશામાં આગળ વધ્યા. આ પ્રક્રિયાના કારણે તેમની જીવનશૈલી, મૂલ્યો, માન્યતાઓમાં પરિવર્તન આવ્યું. આ પ્રકારનાં પરિવર્તનોએ તેમને તેમના આર્થિક અધિકારો અને વિરોધ કરવાની ભૂમિકા પૂરી પાડી. વેડછી આંદોલન, આદિવાસી કલ્યાણ અને પ્રગતિના સંદર્ભમાં રચનાત્મક અભિગમ આધારે ચાલું થયું. તેમાં આ વિસ્તારના આદિવાસી લોકોનું રાજકીય સત્તાના ઉપયોગ દ્વારા સામાજિક પરિવર્તન અને પુન : નિર્માણ કરવા પર ભાર મૂકવામાં આવ્યો વેડછી કાર્યક્રમો દ્વારા દારૂ બંધી, ઋણ મુક્તિ, ખાદીના કાર્યક્રમો સહકારી પ્રવૃત્તિ જંગલ સહકારી મંડળી જુદા જુદા તાલીમ વર્ગો, શૈક્ષણિક કાર્યક્રમો ટૂંકાગાળના અભ્યાસક્રમો વગેરે વેડછી વિસ્તારમાં આદિવાસી ઉત્કર્ષ માટેના કાર્યક્રમો કરવામાં આવ્યા. જેના પરિણામે પાછળથી રાષ્ટ્રીય ચળવળમાં આ વિસ્તારના લોકો સક્રિય રીતે જોડાયા હતા.

(૭) ધાર્મિક આધાર :

મોતીલાલ તેજાવતનું આંદોલન ધાર્મિક આધારે પણ વિશેષ રૂપથી જોડાયેલું હતું કારણ કે આ વિસ્તારના આદિવાસી લોકો પરંપરાગત ધાર્મિક માન્યતાઓ સાથે જોડાયેલા હતા. તેમને સંગઠિત કરવા ધાર્મિક તત્ત્વોનો આધાર લીધો હતો. તેઓ એક દૈવી પુરુષ તરીકે લોકોને ઉપદેશો આપતા હતા. તેમાં શોષણનો વિરોધ કરો, વેઠમાં કોઈએ જવું નહી, પોતે તેઓ ચમત્કારિક પુરુષ છે અને લશ્કર થી ગભરાશો નહી, તેઓ તમને કશું કરી શકશે નહી. તેવી ચમત્કારિક છાપ ના કારણે ભીલો વધુ ઉશ્કેરાયા હતા. જયારે સંઘર્ષ થતાં ઘણી જાનહાની થઈ હતી.

ગોવિંદગુરૂ દ્વારા ભગત સંપ્રદાયનો આદિવાસી વિસ્તારમાં ફેલાવો કર્યો તેમણે ગુરૂદ્વારાની સ્થાપના કરી, લોકોને ભક્તિના માર્ગે વાળ્યા હતા. તેમના વિચારોમાં મોટી સંખ્યામાં આદિવાસીઓ આવ્યા. તેઓ ભગત તરીકે ઓળખાતા તેઓ પીળા રંગનો સાફો અને માળા ધારણ કરી ભગત સંપ્રદાયની ધૂણીઓ સ્થાપિત કરતા હતા. લોકો તેમની ભક્તિમાં આવી તેમના વ્યવહારો બદલવા માંડયા હતાં. ત્યારબાદ સત્તાની સામે આંદોલન ઊભું થયું હતું.

દેવી આંદોલનની સુરત વિસ્તારમાં ૧૯૨૧–૨૨ માં દેવીની ભારે અસર થઈ હતી. દેવી અંગે લોકોમાં ઘણા મત મતાંતર હતા, પરંતુ દેવીના જે શિષ્ય હતા તે ગૌવળી કહેવાતા અને દેવીનો સંદેશો તેના આચાર શિષ્ય દ્વારા લોકોને પહોચાડવામાં આવતા તેની અસર વ્યવહારિક સુધારા ઊભા કરવાના સંદર્ભમાં થઈ સાથે સાથે રાષ્ટ્રીય આંદોલનમાં જાગૃતિ ઊભી કરવામાં પણ અગત્યની ભૂમિકા ભજવી હતી. બિરસા મુંડાને લોકો ઈશ્વરી જ્ઞાન પ્રાપ્ત થયું છે તેવું માની તેમની સમસ્યાઓ લઈને આવતા હતા. મુંડા લોકો એવું માનતા હતા કે બિરસાની સ્તુતિ કરવાથી દરેક પ્રકારનું કષ્ટ દૂર થઈ જાય છે. આથી તેમનું સ્મરણ કરવામાં આવતું હતું. બિરસાના અનુયાયી, દિવસે દિવસે ખૂબ વધારો થયો હતો. તેમાં મુંડા લોકો ઉપરાંત ઓરાવ, ખારિયા તેમજ અન્ય

જાતિના લોકો પણ પ્રભાવિત થયાં હતાં તેમના લોકગીતો લગ્નપ્રસંગે ગવાતાં ગીતો વગેરેમાં બિરસાની આરાધના કરવામાં આવતી. બિરસાએ ધાર્મિક આધાર લઈ સુધારણાની વાત કરી અને સાથે સાથે શોષિત વ્યવસ્થા અને તેનાં વિરોધ કરવા માટે સંગઠન બનાવ્યું હતું. સાંથાલ ચળવળમાં પણ શરૂઆતમાં ધાર્મિક સમર્થન પ્રાપ્ત થયું હતું. સાંથાલ આગેવાનોને એવી માન્યતા ઊભી થઈ કે ભગવાન તરફથી તેમને આહવાન આપવામાં આવ્યું. છે કે શોષણખોર જાગીરદાર અને શાહુકારોને સમાપ્ત કરી દો અને ત્યારબાદ થોડા સમય પછી સાંથાલ લોકો શોષણની સામે વિરોધ કરવા ઉતરી આવ્યા હતા. એક મોટા બળવા સ્વરૂપે તે વિરોધ આગળ વધ્યો હતો.

## (૮) રાજકીય આધાર :

ગુજરાત અને રાજસ્થાનના સરહદી ક્ષેત્રમાં થયેલા આ આંદોલનમાં આદિવાસીઓ દ્વારા બ્રિટિશરો અને જાગીરદારોનો પ્રથમ વિરોધ હતો. તેથી ઘણી સફળતા મળી હતી તેમાં વિરોધ સમયાંતરે ચાલું રહ્યો હતો. ૧૯૨૦–૨૨ના સમયગાળો રાજકીય સ્વાતંત્ર્ય ચળવળ માટેનો હતો આ દરમ્યાન રાજસ્થાન સ્ટેટમાં રાજસ્થાન સેવા સંઘની સ્થાપના થઈ પરંતુ ખેડૂત અને આદિવાસી આંદોલન માટે રાજકીય નીતિ સફળ ન થઈ. મોતીલાલ તેજાવતનું આંદોલન રાજાશાહી વ્યવસ્થાની સામે અસંતોષની સ્થિતિમાંથી સત્તાના વિરોધમાં આવ્યું હતું. ત્યારબાદ તેમાં રાજકીય તત્ત્વો વધુ ઉમેરાયાં હતાં. ૧૯૩૮માં મેવાડ પ્રજામંડળ રાજકીય અને આર્થિક સ્વરૂપે અસ્તિત્વમાં આવ્યું. ૧૯૩૯ માં તેજાવતે ફરીથી આદિવાસી ક્ષેત્રમાં જવાનો પ્રયત્નો કર્યા. રાજ્ય સત્તા મંડળ દ્વારા તેમના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પ્રજામંડળ દ્વારા આદિવાસી ક્ષેત્રમાં મુલાકાત કરવામાં ઉદયપુર સ્ટેટ દ્વારા કેટલીક મુશ્કેલીઓ પડતી હતી. ૧૯૪૦માં પ્રજામંડળને આદિવાસી વિસ્તારમાં જવાની મંજૂરી આપવામાં આવી. ત્યારબાદ તેના દ્વારા આદિવાસી ક્ષેત્રમાં સહાયકાર્ય તેમજ તેમની સમસ્યાઓની ચર્ચા પ્રજામંડળના કાર્યકરો સાથે કરવામાં આવતી. આથી રાજ્યની સત્તા દ્વારા તેમના પર પ્રતિબંધ

મૂકવામાં આવ્યો. તેમને એવું લાગ્યું કે આ પ્રવૃત્તિને કારણે સ્ટેટમાં મુશ્કેલીઓ ઊભી થશે. ત્યારબાદ ૧૯૪૧માં ફરીથી પ્રતિબંધ લઈ લેવામાં આવ્યો. ૧૯૪૨માં ઠકકરબાપા ઉદયપુરની મુલાકાતે આવ્યા હતા અને ભીલો અને હરિજનોના સંપર્કમાં આવ્યા પ્રજામંડળે ભીલો અને હરિજનોના ઉત્થાન માટેનું કામ ચાલું કરવામાં આવ્યું, પરંતુ તે સમયે ભારત છોડો આંદોલન ચાલું થઈ ગયું હતું. તેમાં પ્રજામંડળ પણ સક્રિય થઈ ગયું હતું .આદિવાસીઓએ પણ સ્વતંત્ર રીતે લડત ચલાવી પ્રજામંડળ આંદોલન સાથે જોડાયા હતા.

ગોવિંદગુરૂની ચળવળમાં ૧૯મી સદી દરમ્યાન મેવાડ ભીલના વિદ્રોહ બળવા અને ચળવળનું કેન્દ્ર હતું. ડુંગરપુર અને વાંસવાડામાં પણ અશાંત અને છૂટા–છવાયા વિદ્રોહ ચાલતા હતા, તેને અટકાવવા અને નિષ્ક્રિય કરવા અનેક પ્રયત્નો કરવામાં આવ્યા પરંતુ તેમાં તેઓ સફળ ન થયા. છેવટે ભીલો સાથે કેટલીક છૂટછાટ આપવાથી સહમતી થઈ. આ ઉપરાંત બ્રિટિશ સરકાર અને મેવાડ રાજયના સત્તાધીશ દ્વારા બળવો અટકાવવાનાં કેટલાંક પગલાં લીધાં. ૨૦મી સદીના શરૂઆતમાં ગોવિંદગુરૂ ચળવળ ૧૯૦૫માં ડુંગરપુર અને વાંસવાડા રાજયમાં શરુ કરી તેમણે આ ચળવળને સામાજિક ધાર્મિક સુધારણા સ્વરૂપે ભીલોમાં જાગૃતિ ઊભી કરી તે પછીથી સત્તા સામે શોષણનો વિરોધ અને રાજકીય સ્વરૂપે તે આગળ વધી, ૧૯૩૮માં પ્રજામંડળની શરૂઆત થઈ તે પહેલાં ગોવિંદ ગુરૂના નેતૃત્વમાં આ વિસ્તાર મજબૂત રીતે આંદોલનની અસર નીચે આવી ગયો હતો તે સમયે માણેકલાલ વર્મા ડુંગરપુર અને વાંસવાડા સ્ટેટમાં આદિવાસી મધ્યે કામ કરતા હતા. તેમણે આદિવાસી બાળકોને શિક્ષણ તેની સાથે જોડાયેલી આશ્રમ શાળા તેમજ સામાજિક સુધારણા, દારૂ પર પ્રતિબંધ, આર્થિક ક્ષેત્રમાં કામ કરવાની તાલિમ વગેરે કાર્યક્રમો ચાલું કર્યા હતા. ૧૯૪૦ માં માણેકલાલ વર્મા ભોગીલાલ પંડયા, ગૌરીશંકર ઉપાધ્યાયે સાથે મળી 'વનવાસી સેવા સંઘ'ની સ્થાપના કરી તેનો ઉદ્દેશ્ય સામાજિક સુધારાનો હતો. ત્યારબાદ તેઓ રાજકીય રીતે આંદોલનમાં સક્રિય થઈ ગયા

હતા. ૧૯૪૫માં વાંસવાડા પ્રજામંડળની સ્થાપના થઈ તેમાં મોટાભાગે ભીલો જોડાયા હતા. તેઓ પણ રાષ્ટ્રીય લડતમાં સક્રિય બન્યા હતા.

૧૮૫૫નાં સાંથાલ વિદ્રોહ શોષણની સામે સીધો સત્તાનો વિરોધ હતો. તેમાં બ્રિટિશ શાસન, જમીનદારો અને શાહુકારો સામે ક્રાન્તિકારી લડત ઉપાડી હતી. જે ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ ઘટના હતી. તેનો પ્રયત્ન શાસનને હટાવવાનો હતો. આની સામે સરકાર દ્વારા વિશેષ કાયદાનું અમલીકરણ કરી સરકાર સામેની લડાઈની જાહેરાત કરી વિદ્રોહને દબાવવામાં આવ્યો હતો. ઝારખંડ આંદોલન તે સમય આદિવાસી આંદોલન વિદ્રોહ અને બળવાના કારણે ઝારખંડ આંદોલનને નવી દિશા પ્રાપ્ત થઈ હતી. રાજનૈતિક જાગૃતિ પણ ઊભી થઈ હતી. તેમાં આદિવાસી સંગઠનો ઊભાં થયાં. આદિવાસી સંગઠનો દ્વારા તેમના પ્રશ્નોની રજૂઆત સત્તા સામે કરવામાં આવી પરંતુ કઈ અસર થઈ ન હતી તેથી અસંતોષ વિસ્તૃત બન્યો તે ૧૯૪૭માં ભારત આઝાદ થયો. આ આંદોલનકારીઓને લાગ્યું કે ભારત આઝાદ થયો છે. તેમના પ્રશ્નો પર ઘ્યાન અપાશે છતાં તેમના પ્રશ્નો પ્રત્યે સરકારે ઘ્યાન ન આપતાં સંગઠનો ફરી સક્રિય બન્યાં હતાં. તેમના શોષણને અટકાવવા જુદા–જુદા આદિવાસી નેતાઓ આગળ આવ્યા હતા. આ લડત સીધી સત્તા સામેની હતી અને તેમાં રાજકીય આધારપૂર્ણ રીતે સંકળાયેલો હતો.

બોડોલેન્ડનો પ્રશ્ન સ્વાતંત્ર્ય બાદ વધુ સક્રિય બન્યો છે. બોડો પ્રદેશ ભૌગોલિક સામાજિક અને વસ્તીની દષ્ટિએ સાથે જોડાયેલા પ્રદેશને અલગ માન્યતા આપવામાં આવે તેવી તેમની માગણીઓ, સમસ્યાઓને લઈને સરકાર ઘ્યાન આપે તે ઉદ્દેશ્યથી તે લડત રાજકીય રીતે ચલાવવામાં આવી રહી છે. જેનો ઉદ્ભવ પણ રાજકીય આધારે થયો હતો. દેવી ચળવળ ધાર્મિક સામાજિક સુધારણા સંદર્ભમાં ચાલું થઈ હતી, પરંતુ આ ક્ષેત્રના લોકોમાં આ ચળવળના કારણે સત્તાની સામે વિરોધ ચાલું કરવામાં આવ્યા લોકોમાં જે જાગૃતિ આવી તેના કારણે શાસકોની સામે લોકોએ અસહકાર ચાલું કર્યો ત્યારબાદ રાષ્ટ્રીય ચળવળમાં પણ આ ક્ષેત્રના લોકો જોડાયા હતા. વેડછી વિસ્તારની જે

પ્રવૃત્તિ ગાંધીવાદી વિચારધારા સાથે ઊભી થઈ તેના કારણે આદિવાસી લોકોની સ્વાતંત્ર્ય સામેલગીરી વિશેષ ઊભી થઈ હતી. જેનાથી રાષ્ટ્રીય ચળવળ માટેની એક ભૂમિકા ઊભી થઈ હતી.

(૯) પરિણામ :

મોતીલાલ તેજાવતના આદિવાસી આંદોલનમાં પૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ ન હતી. સામાજિક વ્યવસ્થામાં કેટલાંક પરિવર્તનો જરૂર થયાં હતાં. લોકો અત્યાચાર અને શોષણના વિરોધમાં મોટી સંખ્યામાં સભાઓ ભરતા હતા એ જ રીતે ૭ માર્ચ વિજયનગર દઢવાવમાં ૫ હજાર જેટલા લોકો એકત્રિત થયા હતા. સત્તાને તેની જાણ થતા સૈનિકો સાથે ત્યાં આવતા લોકો સાથે સંઘર્ષ થયો. લોકોમાં તેજાવતની સામાજિક અને ધાર્મિક છાપના કારણે લોકો ઉશ્કેરાય તે કારણે ગોળીબારીમાં મોટી સંખ્યામાં લોકો મૃત્યુ પામ્યા હતા, સિરોહી ક્ષેત્રમાં પણ આદિવાસીઓમાં અયોગ્ય કર અને જંગલની સંપત્તિના ઉપયોગ સબંધી, વિરોધ ચાલતો હતો જાગીરદારો અને સંગઠન દ્વારા તેને અટકાવવાના પ્રયત્નો પણ કરવામાં આવ્યા, પરંતુ વિરોધ ચાલું જ રહ્યો હતો ૬ મે ૧૯૨૨માં વિરોધને અટકાવવા સત્તાના સૈનિકો આવવાથી ઘણું જાનમાલનું નુકશાન કરવામાં આવ્યું હતું. આમ ઉપરોકત ઘટના બનવાના કારણે સત્તાના અમલદારો દ્વારા આંદોલનને દબાવી દેવામાં આવ્યું હતું છતાં છૂટા છવાયા વિરોધ ચાલું રહ્યા હતા.

જો કે આ ઘટનાઓ બાદ સિરોહી રાજય દ્વારા આદિવાસી લોકોને કર વેઠ બાબતમાં છૂટછાટ આપવામાં આવી હતી. સાથે સાથે સુધારણા પ્રવૃત્તિની પણ અસર આ ક્ષેત્રમાં ઊભી થઈ હતી અને સ્વાતંત્ર્ય ચળવળ સુધી આ આંદોલનની અસર જોવા મળતી હતી.

ગોવિંદગુરૂના આંદોલનના ભાગરૂપે કેટલીક ઘટના આ સમયે પણ બની હતી તેમાં સુધારણાની પ્રવૃત્તિને કારણે લોકોમાં જાગૃતિ આવી, વેઠપ્રથા મદ્યપાન નિષેધ વગેરેથી દેશી રાજયોની આવકમાં ખોટ પડવાના કારણે જાગીરદારી પ્રથાનો વિરોધ

કરવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં ૧૭ નવેમ્બર ૧૯૧૩ના રોજ માનગઢ મુકામે ભીલો ના એક મોટા મેળાવડાનું આયોજન કર્યું હતું, જ્યાં ઘણા મોટા સમૂહમાં એકથી દોઢ લાખ લોકો દેશી હથિયારો સાથે એકત્રિત થયાં હતાં. આની જાણ રાજ્યના સત્તાધીશને થતાં ૧૭ નવેમ્બરે ૧૯૧૩ના રોજ હુમલો કર્યો. આદિવાસી લોકો ગોવિંદગુરૂના ચમત્કારિક પ્રભાવના કારણે સામે લડત ચલાવી, પરંતુ સૈનિકો હથિયાર સાથે સજ્જ હોવાના કારણે ગોળીબારીમાં ઘણી સંખ્યામાં ૧૫૦૦ જેટલા લોકો મૃત્યુ પામ્યા હતા. તેની સંગઠન ઉપર મોટી અસર પડી. સંગઠન તૂટી ગયું હતું, પરંતુ સામાજિક સુધારણાના કારણે ભગત સંપ્રદાયની અસર ચાલું રહી હતી. ભગત અને બિન ભગત ભીલો વચ્ચે ભિન્નતા ઊભી થઈ હતી. તેમ છતાં ધાર્મિક ઉત્સવો, તહેવારો જેવા કે હોળી, ધુળેટી, દશેરા તેમજ લગ્ન, જન્મ, મરણ પ્રસંગે ભગત અને બિનભગત ભીલો સાથે મળી ભાગ લેતા હતા. સુધારણાની ચળવળના કારણે સમાજમાં કેટલાંક પરિવર્તનો પણ ઊભાં થયાં હતાં.

સાંથાલ બળવામાં ૧૮૫૫ માં સાંથાલોએ તેમની સમસ્યાઓની રજૂઆત કરવા છતાં સરકાર દ્વારા કોઈ પ્રતિક્રિયા ન મળતાં સાંથાલો વિદ્રોહના માર્ગે વળ્યા સરકારી સ્થાનો અને અમલદારો પર પણ હુમલાઓ ચાલું કર્યા હતા. તેને દબાવવા સરકારે ઘણા પ્રયત્નો કર્યા બાદ લશ્કરી છાવણી આ ક્ષેત્રમાં ઊભી કરી અને ભારે સંઘર્ષ થયો હતો તેના પરિણામે યુદ્ધ મેદાનમાં ૫૦ હજારથી વધુ સંખ્યામાં સાંથાલો મૃત્યુ પામ્યા ઘણાઓની ઘરપકડ કરવામાં આવી. આમ સાંથાલો નરમ પડયા હતા. સરકારે પણ તેની કેટલીક નીતિઓમાં બાંધછોડ કરી હતી. આ વિદ્રોહની અસર દેશના અન્ય ક્ષેત્રોમાં પણ પડી હતી. પાછળ જતાં આ ક્ષેત્રને સાંથાલ પરગણાના ક્ષેત્ર તરીકે જાહેર કરવામાં આવ્યું.

ઝારખંડ આંદોલનમાં શરુઆતમાં ધાર્મિક અને સુધારણાવાદી અસર હોવા છતાં બાદમાં પૂર્ણરૂપથી રાજકીય બન્યું હતું. અલગ ક્ષેત્રના નિર્માણની તેની માગણી લાંબા

ગાળાના સંઘર્ષબાદ પૂર્ણ થઈ હતી. બોડો ચળવળ પણ વર્તમાનમાં કેટલીક માગણીઓ આધારે ચાલી રહી છે. તેમાં વિભિન્ન સંગઠનોની રચના જાગૃતિ સ્વરૂપે ઊભી થઈ છે.

ગુજરાતમાં દેવી ચળવળના કારણે દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ પરંપરાવાદી ખ્યાલોમાંથી બહાર આવ્યા. દેવીની આજ્ઞાઓની અસર નીચે આવ્યા તેના કારણે સારી એવી જાગૃતિ લોકોમાં થઈ અને સ્વાતંત્ર્ય ચળવળમાં તેની ચોકકસ ભૂમિકા થઈ હતી. વેડછી આંદોલનની સમગ્ર પ્રવૃત્તિ રચનાત્મક હતી વેડછી વિસ્તારમાં ગાંધીવાદી અભિગમના આધારે આદિવાસી ઉત્કર્ષની પ્રવૃત્તિ ચાલું થઈ હોવાના કારણે લોકોમાં પરિવર્તન અને બદલાવના કારણે પાછળથી રાષ્ટ્રીય લડતમાં પણ લોકો જોડાયા હતા.

## સમાપન :

ગુજરાત અને રાજસ્થાના સરહદી પ્રદેશમાં થયેલી ચળવળ મોતીલાલ તેજાવત અને ગોવિદગુરૂમાં નેતૃત્વ બિન આદિવાસી હતું છતાં આદિવાસી વિસ્તારમાં ઝડપથી તે પ્રભાવી બન્યું હતું. તેમાં જવાબદાર જમીનદારી અને તેની સાથે જોડાયેલી શોષણ વ્યવસ્થા મુખ્ય હતી. વિશેષ આ બંન્ને આંદોલનોનો સરહદી વિસ્તાર ૨૦મી સદીના શરૂઆતના વર્ષોમાં જંગલ અને અરવલ્લીની ગિરિમાળાઓ થી છવાયેલો હોવાના કારણે શિક્ષણ કે સંપર્કના માધ્યમો નહીવત્ હતાં. આથી લોકો પરંપરાગત માન્યતાઓ અને અંધવિશ્વાસ વધુ પ્રમાણમાં ધરાવતા હતા. તેઓ તેમના અધિકારો પ્રત્યે જાગૃત ન હતા, તેથી તેમનું શોષણ સહેલાઈથી થઈ શકતું હતું. આ ચળવળોમાં શરૂઆતમાં ૧૯૦૫માં ગોવિંદગુરૂ દ્વારા સુધારાવાદી પ્રવૃત્તિ અને ધાર્મિક પ્રવૃત્તિ ચાલું કરવામાં આવી તેમણે ભગત સંપ્રદાયની સ્થાપના કરી. આથી ડુંગરપુર, વાંસવાડા, સુંથ વગેરે વિસ્તારમાં તેમના અનુયાયીઓ મોટા પ્રમાણમાં ઊભા થયા હતા. આ સુધારણા અને ધાર્મિક પ્રવૃત્તિના કારણે લોકોમાં સરકાર સામે વિરોધો ઊભા થયા હતા. જયારે મોતીલાલ તેજાવત ૧૯૨૨માં આદિવાસી આંદોલન ઊભું કર્યું તે સીધુ બ્રિટિશ સરકાર અને

જાગીરદારો સામે અસહકાર કરી વિરોધ કરવા તરફનું હતું. તેનું કારણ તેજાવત અને આદિવાસી લોકો અયોગ્ય કર અને શોષણના ભોગ બન્યા હતા, બીજું આ સમયગાળો પૂરા દેશમાં સ્વાતંત્ર્ય ચળવળના સમયગાળો હતો. રાજસ્થાનમાં પણ કિસાનોએ આંદોલનનો માર્ગ લીધો હતો આથી આ ચળવળને વધુ બળ મળ્યું હતું. આ બંન્ને આંદોલનમાં લોકોને સંગઠિત કરવા માટે સામાજિક, ધાર્મિક સુધારણાનો આધાર લેવામાં આવ્યો હતો. બન્ને નેતૃત્વમાં ચમત્કારિક સ્વરૂપ ઊભું કરવામાં આવ્યું હતું. જેના પરિણામ સ્વરૂપે મોતીલાલ તેજાવતના આંદોલનમાં બે હત્યાકાંડ સર્જાયા હતા. જેમાં દઢવાવ હત્યાકાંડમાં ૧૨૦૦ જેટલા અને સિરોહી હત્યાકાંડમાં ૧૫૦૦ થી વધુ સંખ્યામાં જાનહાની થઈ હતી. ગોવિંદગુરૂના આંદોલનમાં ૧૫૦૦ જેટલા લોકો મૃત્યુ પામ્યા હતા. આ દુર્ઘટનાઓના કારણે આંદોલન લાંબો સમય ટકી શકયું ન હતું. સુધારાવાદી અને ધાર્મિક છાપના કારણે લોકા ઝડપથી બન્ને નેતૃત્વની અસરમાં આવ્યા હતા, પરંતુ તેટલા જ ઝડપથી આ આંદોલનો શિથિલ બન્યાં હતાં.

સાંથાલ ઝારખંડ દેવી અને બોડો આંદોલનો સામાજિક, ધાર્મિક સુધારણા સાથે જોડાયેલાં હતાં. તેમાં દેવી આંદોલનમાં સુધારવાદી અને ધાર્મિક પ્રભાવ વિશેષ હતો પણ પછીથી શોષણના વિરોધ સ્વરૂપે રાજકીય સ્વરૂપ ઊભું થયું હતું. સાંથાલ અને ઝારખંડ આંદોલનમાં શરૂઆતમાં ધાર્મિક અને સુધારણાનું સ્વરૂપ જોવા મળ્યું પછીથી સંપૂર્ણ રાજકીય સ્વરૂપે ફેલાયાં હતાં. તે જ રીતે વેડછી આંદોલન સંપૂર્ણ રચનાત્મક કાર્યક્રમો સાથે જોડાયેલું હતું.

મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરૂ ચળવળો શિથિલ બન્યા બાદ કેટલીક સામજિક અસરો ઊભી થઈ હતી. તેમાં ધાર્મિક માન્યતા, મૂલ્યોમાં પરિવર્તન અને લોકોમાં જાગૃત્તિ આવવાના કારણે પછીથી રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય લડતમાં લોકો સક્રિય થયાં હતાં. સાંથાલ  બળવાને પણ મોટી લશ્કરી તાકાતના આધારે લાંબા સંઘર્ષ બાદ દબાવી

દેવામાં આવ્યા હતા. જેમાં ૫૦ હજાર જેટલા લોકોની મોટી જાનહાની થઈ હતી. ઝારખંડ આંદોલન ૨૦૦૦ માં અલગ પ્રદેશ તરીકે પ્રસ્થાપિત થઈ સફળ થયું હતું.

આ બધાં આદિવાસી આંદોલનોમાં કેટલાંક સફળ થયાં હતાં, કેટલાંક નિષ્ફળ ગયાં હતાં. છતાં આંદોલનોના વિરોધને કારણે સત્તા દ્વારા બાંધછોડ કરવાની ફરજ પડી હતી. લડતના કારણે સામાજિક માળખામાં ઘણાં પરિવર્તનો આવ્યાં હતાં.

❀❀❀

# પરિશિષ્ટ

(૧) સંદર્ભ ગ્રંથો
(૨) મોતીલાલ તેજાવતના આંદોલનની તવારીખ
(૩) ગોવિંદગુરૂના આંદોલનની તવારીખ

# પરિશિષ્ટ - ૧
# સંદર્ભ ગ્રંથો


| | | | |
|---|---|---|---|
| ૧. | ગાંધી મો.ક. | ૧૯૨૧-૨૨ | "ગાંધીજીનો અક્ષરદેહ" નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. |
| ૨. | ઝાલા પી.બી. | ૧૯૨૨ | "ભારતમાં ધાર્મિક અને સામાજિક આંદોલનો" ગુર્જર પ્રકાશન, અમદાવાદ |
| ૩. | ડો. જોશી વિદ્યુત | ૧૯૯૭ | "પારિભાષિક કોષ–સમાજશાસ્ત્ર", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય. |
| ૪. | ઝવેરી મહેન્દ્ર કૃષ્ણલાલ | ૧૯૭૭ | "સામાજિક પરિવર્તન" ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| ૫. | દેસાઈ મહાદેવ એચ. | ૧૯૫૭ | "બારડોલી સત્યાગ્રહનો ઈતિહાસ" નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. |
| ૬. | દેસાઈ આઈ.પી. | ૧૯૭૫ | "વેડછી આંદોલન" સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ સુરત. |
| ૭. | દેસાઈ ઊર્મીબહેન | ૧૯૭૬ | "સામાજિક માનવ શાસ્ત્ર" ભારતીય આદિમ જાતિ સંસ્થાઓ, રચના પ્રકાશન, અમદાવાદ. |
| ૮. | પટેલ ઝવેરભાઈ સી. | ૨૦૦૩ | "ગુજરાતના કોલધા જનજાતિ" પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. |
| ૯. | પંડયા મહેશચંદ્ર | ૧૯૮૯ | "આઝાદીની લડત અને સાબરકાંઠા" ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| ૧૦. | ભણાત સ્ટેન્લી એ. | ૨૦૦૫ | "મોતીલાલ તેજાવતનું આદિવાસી આંદોલન" સમાજશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |

| | | | |
|---|---|---|---|
| ૧૧. | ડો. રાવ હેમીક્ષા<br>ડો. કાંતાબેન સાપોવાડીયા<br>પ્રા. નાયક જયશ્રીબેન<br>પ્રા. ભણાત સ્ટેન્લી | ૨૦૦૪ | "સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો" સમાજશાસ્ત્ર, ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ૧૨. | શાહ વિમલ પી. | ૧૯૩૫ | "અહેવાલ લેખન" યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. |
| ૧૩. | શાહ ઘનશ્યામ | ૨૦૦૫ | ભારત મેં સામાજિક આંદોલન ઔર રાજનીતિ, ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વવિદ્યાલય, નવી દિલ્લી |
| ૧૩. | હાર્ડિમન ડેવિડ | ૧૯૮૬ | "દેવી આંદોલન" સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત. |
| ૧૪. | કાંકરીયા પ્રેમસિંહ | ૧૯૮૫ | "ભીલ ક્રાંન્તિ કે પ્રણેતા મોતીલાલ તેજાવત" રાજસ્થાન સાહિત્ય અકાદમી, જયપુર. |
| ૧૫. | કુમાર સુરેશસિંહ | ૧૯૦૬ | "બિરસા મુન્ડા ઔર ઉનકા આંદોલન" કલાસિકલ પબ્લિકેશન, ન્યુ દિલ્હી. |
| ૧૬. | કુસુમનારાયણ | ૧૯૮૬ | "સામાજિક માનવ શાસ્ત્ર" રિસર્ચ પબ્લિકેશન, જયપુર. |
| ૧૭. | જૈન પી.સી. | ૨૦૦૦ | "સામાજિક આંદોલન કા સમાજશાસ્ત્ર" |
| ૧૮. | દ્વિવેદી કૃષ્ણાદ | ૧૯૮૭ | "ભારત મે સામાજિક આંદોલન ઔર પરિવર્તન" વિશ્વવિદ્યાલય પ્રકાશન, વિશાલ ભવન ચોક, વારાણસી. |
| ૧૯. | મુખર્જી રવીન્દ્રનાથ | ૧૯૭૪ | "સામાજિક સર્વેક્ષણ એવમ્ શોધ" સરસ્વતી સદન ૭–પુ એ જવાહરનગર, દિલ્હી. |
| ૨૦. | ભારદ્વાજ | ૧૯૬૬ | "અંધેરે કે સાથી" રાજસ્થાન વિદ્યાપીઠ, ઉદયપુર. |

| | | | |
|---|---|---|---|
| ૨૧. | વ્યાસ આર.પી. | ૧૯૬૫ | "આધુનિક રાજસ્થાન કા બૃહદ્ ઈતિહાસ" રાજસ્થાન હિન્દી ગ્રંથ અકાદમી, જયપુર. |
| ૨૨. | ડો. શર્મા રામનાથ<br>ડો. શર્મા રાજેન્દ્રકુમાર | ૧૯૯૫ | "સામાજિક સર્વેક્ષણ ઔર અનુસંધાન કી વિધિયા ઔર પ્રવિધિયા" એટલાંટિક પબ્લિશર્સ અન્ડ ડિસ્ટ્રીબ્યુટર્સ, નવી દિલ્હી–૧૧૦૦૦૨. |
| ૨૩. | ડો. શશી શ્યામસિંહ | ૧૯૯૦ | "સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુન્ડા" રાષ્ટ્રીય શક્ષિક અનુસંધાન ઔર પરિક્ષણ પરિષદ, નવી દિલ્હી. |
| ૨૪. | જયંતકુમાર બાંઠિયા | ૨૦૦૧ | "ભારત કી જનગણના" ભારતીય પ્રશાસનિક સેવા ભારત કે મહારજિસ્ટ્રાર તથા જનગણના આયુકત. |
| ૨૫. | Bhatt S.C. | 1997 | "The Encyclopedia" District Gazetters of India vol. 47, Gyan Publication, New Delhi. |
| ૨૬. | Dave P.C. | 1960 | "The Grasias" Bharatiya Adimjati Sevak Sangh Kings way, Delhi. |
| ૨૭. | David Hardiman | 1993 | "Peasent Resistance in India", Delhi Oxford University. |
| ૨૮. | Desai A.R. | 1979 | "Peasant Struggle in India", New Delhi. |
| ૨૯. | Dhanagare D.N. | 1983 | "Peasant Movement in India", New Delhi. |
| ૩૦. | Mathur L.P. | 1988 | "Resistance Movement of Tribes of India" Himanshu Publication, Udaipur. |
| ૩૧. | Oman T.K. | 1990 | "Protest and change" sage publication, New Delhi. |

| | | | |
|---|---|---|---|
| ૩૨. | Raghavaiah | 1971 | "Tribal Revolt" Andhra Rashtra Admjati Sevak Sangh, Nelore (A.P.) |
| ૩૩. | Roa M.S.A. | 1978 | "Social Movement in India" New Delhi. |
| ૩૪. | Rajyagor S.B. | 1974 | "Gujarat State Gazatteers Sabarkantha District, Ahmedabad. |
| ૩૫. | Shah Ghanshyam | 1990 | "Social Movement in India" Sage. Publication, New Delhi. |
| ૩૬. | Shah Ghanshyam | 1977 | "Protest Movement two Indian State" Ajanta Book, Delhi. |
| ૩૭. | Shah Ghanshyam | 1975 | Caste Association and political process in Gujarat, Vora & Co. Bldg. Bombay. |
| ૩૮. | Shah Ghanshyam | 2004 | "Social Movement in India" Second and Enlarged Edition Sage Publication New Delhi. |
| ૩૯. | Sharma Brijkishor | 1985 | "Tribal Revolts" pointer publication, Jaipur. |
| ૪૦. | Sharma K.L. | 1986 | "Caste Class and Social Movement Rawest Publication Jaipur. |
| ૪૧. | Sharma Satishkumar | 1985 | "Social Movement and Social Change" B.R. Publishing Corporation, Delhi. |
| ૪૨. | Vashishtha V.K. | 1997 | "Bhagat Movement" Shruti Publication Pvt. Ltd. B/195 University Road, Bapunagar, Jaipur. |
| ૪૩. | Vidhyarthi L.P. | 1977 | "Tribal Culture of India" Concept Publishing Company, Delhi. |

## સામયિક – લેખ

| | | | |
|---|---|---|---|
| ૧. | પટેલ અર્જુન | ૨૦૦૫ | "સાંપ્રત ગુજરાતના આદિવાસીઓમાં ઉગ્ર બનતો જતો અસંતોષ" 'અર્થાત' ગ્રંથ–૨૪, અંક ૧–૨ સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત. |
| ૨. | ઓમવેટ ગેઈલ | ૧૯૯૮ | "આંબેડકર અને પછી ભારતમાં દલિત ચળવળ" અર્થાત સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત. |
| ૩. | જાની ગૌરાંગ અને ગાંગુલી વર્ષા | ૨૦૦૦ | "Problem of land Alienation Among Tribals of Gujarat" અંક–૧૦ "આદિવાસી ગુજરાત" આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪. |
| ૪. | જોશી વિદ્યુત | ૧૯૯૬ | "પૂર્વ ગુજરાત આદિવાસી વિકાસના પ્રશ્નો" અંક–૬, "આદિવાસી ગુજરાત" આદિવાસી સંશોધન અને તાલિમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| ૫. | લાલ આર.બી. અને ડો. સોલંકી સિદ્ધરાજ | ૧૯૭૯ | "આદિવાસી વિકાસમાં સ્વૈચ્છીક સંસ્થાઓનો ફાળો" અંક–૨, "આદિવાસી ગુજરાત" આદિવાસી સંશોધન તાલિમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| ૬. | આયંગર સુદર્શન | ૧૯૯૬ | જંગલ વિરૂદ્ધ આદિવાસીનો દ્વંદ્વ શહેર વિરૂદ્ધ ગામના દ્વંદ્વના પરિપ્રેક્ષમાં અંક–૬, "આદિવાસી ગુજરાત આદિવાસી સંશોધન તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

## સંશોધન પેપર

| | | | |
|---|---|---|---|
| ૧. | જોશી વિદ્યુત | ૨૦૦૬ | "ગુજરાતમાં સમાજ સુધારો", "રાષ્ટ્રીય સેમિનાર" સમાજશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. |

**અપ્રસિદ્ધ અભ્યાસો (મહા નિબંધ)**


| | | |
|---|---|---|
| ૧. | વાઘેલા અરૂણલાલ ટી. ૨૦૦૩ | "પંચમહાલ જિલ્લાના આદિવાસીઓના સામાજિક, રાજકીય, આર્થિક અને સામાજિક પરિવર્તનનો ઈતિહાસ", હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ. |
| ૨. | વલવાઈ પંકજ બી. ૨૦૦૫ | "પંચમહાલ જિલ્લાના આદિવાસીઓની સામાજિક, રાજકીય શૈક્ષણિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિઓ એક વિશ્લેષણાત્મક મુલ્યાંકન", સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |


સમાચાર પત્ર લેખ


| | | |
|---|---|---|
| ૧. | ભટ્ટ દોલત | "તો જંગલમાં વસનારોઓનું જુદુ રાજ્ય સ્થપાયું હોત", "ગુજરાત સમાચાર", ૯ એપ્રિલ, ૨૦૦૬. |

# પરિશિષ્ટ - ૨
# મોતીલાલ તેજાવતના આંદોલનની તવારીખ

| સાલ | માસ | વિગત |
|---|---|---|
| ૧૯૨૧ | | વર્ષના શરૂઆતે ચિત્તોડગઢ જિલ્લાના માતૃકુંડિય સ્થળ પર ધાર્મિક મેળાનું આયોજન થયું તેમાં લગભગ ૧ લાખ આદિવાસી એકત્રિત થયા જેમાં કર વેઠ વિષયક વિચાર વિમર્શ કરી આંદોલન કરવાનો નિર્ણય કર્યો. |
| | જુલાઈ | મેવાડ રાજ્યના ખાલસા ક્ષેત્રના માદડીપટ્ટા, જવાસના આદિવાસીઓએ કર નહી ભરવા અને વેઠમાં નહી જવાનો વિરોધ કર્યો. |
| | ઓગસ્ટ | ઝાડૌલ ઠેકેદાર દ્વારા મોતીલાલ તેજાવતને ભીલ ગરાસિયાઓને ભડકાવવા બદલ ધરપકડ કરવામાં આવી. |
| | ડિસેમ્બર | વિશાળ રેલીનું આયોજન ડુંગરપુર, મહિકાંઠા, દાંતા વિસ્તાર પહાડા, ઝાડૌલ, માદડી, મગરાના આદિવાસીઓ ઉદયપુર સ્ટેટની સામે અસહકારમાં જોડાયા. |
| ૧૯૨૨ | જાન્યુઆરી | બ્રિટિશ સરકારે નિર્ણય કર્યો કે જાગીરદારોના મત આધારિત કેટલીક છુટછાટ આપવી. તેનાથી ઉદયપુર સ્ટેટ આદિવાસી વિરોધને નિયંત્રિત કરવામાં નિષ્ફળ ગયા. |
| | ફેબ્રુઆરી | સિરોહી રાજ્યમાં મોતીલાલ તેજાવત અને આદિવાસી લોકો ભેગા થયા. |
| | માર્ચ | મોતીલાલ તેજાવત અને આદિવાસી આગેવાનો ૨૦૦૦ આદિવાસી લોકો સાથે સાબરકાંઠાના વિજયનગરમાં પ્રવેશ્યા.<br>મેવાડ ભેલ કોર્પ્સને જાણકારી થતાં કમાન્ડન્ટ એક કંપની સાથે પાલ ચિતરીયા (દઢવાવ) આવ્યા ત્યાં સંઘર્ષ થતાં હત્યાકાંડ થયો તેમાં ૧૨૦૦ જેટલા માણસો મૃત્યુ પામ્યા, |

| | | |
|---|---|---|
| | એપ્રિલ | સિરોહી રાજ્યના રોહીડા તાલુકાના બાબોલિયા અને ભૂલા ગામમાં મોતીલાલ તેજાવત અને આગેવાનો પ્રવેશ્યા અને કર અને વેઠનો ઈન્કાર કર્યો. |
| | મે | મેવાડ ભીલ કોર્પ્સની ટુકડી ભૂલા અને બાબોલિયા ગામમાં પ્રવેશી અને કાર્યવાહી કરતાં મોટી જાનમાલનું નુકશાન થયું. મોતીલાલ તેજાવત અજ્ઞાતવાસમાં રહ્યા. |
| ૧૯૨૯ | | ૧૯૨૯નો સમયગાળો રાષ્ટ્રીય ચળવળનો સમયગાળો હોવાના કારણે મહાત્મા ગાંધીએ મોતીલાલ તેજાવતને આત્મસમર્પણ કરવા જણાવ્યું આથી તેમણે ખેડબ્રહ્મામાંથી આત્મસમર્પણ કર્યું. |

# પરિશિષ્ટ - ૩
# ગોવિંદગુરૂના આંદોલનની તવારીખ

| સાલ | માસ | વિગત |
|---|---|---|
| ૧૯૦૦ | | ગોવિંદગુરૂ સુધારણા પ્રવૃતિ સાથે જોડાયા. |
| ૧૯૦૫ | | સામાજિક–ધાર્મિક સુધારણાની ડુંગરપુર વાંસવાડા ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં અસર થઈ. પરિણામે સુધારણા રાજકીય–આર્થિક બળવાનમાં પરિણમી. |
| ૧૯૦૮ | | ડુંગરપુર રાજ્યના જાગીરદારોએ ગોવિંદગુરૂને પ્રદેશ છોડવા ફરજ પાડી. તેઓ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પ્રવેશ્યા. |
| ૧૯૧૦ | | ૧૯૧૦ સુધી ગોવિંદગુરૂ ભીલ વિસ્તારમાં રહ્યા. ૧૯૧૧ની શરૂઆતે તેઓ તેમના જન્મસ્થળ ડુંગરપુરમાં દાખલ થયા. ત્યાં તેમણે ધૂણી સ્થાપિત કરી. અને તેમણે ધાર્મિક સુધારણાના ઉપદેશો સાથે રાજાશાહી અને સામંતશાહી શોષણમાંથી મુક્ત થવા ઉપદેશો આપ્યા. |
| ૧૯૧૩ | એપ્રિલ | એપ્રિલમાં વધતો જતો આદિવાસી વિરોધ અને ગોવિંદગુરૂની સુધારણા પ્રવૃતિના કારણે ગોવિંદગુરૂની ધરપકડ કરવામાં આવી. ત્યારબાદ છોડી મુકવામાં આવ્યા અને ડુંગરપુર રાજ્યમાંથી ખસી જવા, હદપાર કરવામાં આવ્યા. ત્યાંથી તેઓ ઈડર રાજ્યમાં પ્રવેશ્યા. |
| | ઓકટોબર | ગોવિંદગુરૂ આદિવાસી સંખ્યાબળ સાથે ફરીથી ડુંગરપુર વાંસવાડામાં દાખલ થયા. જ્યાં માનગઢની ટેકરી પર ૪૦૦૦ જેટલા માણસો ભેગા થયા. |
| | નવેમ્બર | ૧લી નવેમ્બર ભીલોએ પ્રતાપગઢ, સુંથ કિલ્લા પર હુમલો કર્યો. ૧૦ નવેમ્બર મેવાડ ભીલ કોર્પ્સની બે કંપની માનગઢમાં એકત્રિત ભીલોને દબાવવા પહોંચી. ગોવિંદગુરૂએ તેમની કેટલીક માંગો રજુ કરી અને સમજૂતી ન થઈ. |

| | | |
|---|---|---|
| | | ભીલોની અલગ "ભીલીસ્થાન" રાજયની માંગણી પણ આ આંદોલનમાં કરવામાં આવી હતી.<br>૧૭ નવેમ્બર માનગઢ પર એકત્રિત લોકો પર સમજૂતિ ના થતાં સ્ટેટ સામે ભય ઉભો થયો હતો. આથી કાયદો અને વ્યવસ્થા જાળવવા સૈનિકો દ્વારા હુમલો કર્યો તેમાં ૧૫૦૦ જેટલા માણસો મૃત્યુ પામ્યા. |
| ૧૯૧૪ | ફેબ્રુઆરી | આંદોલનના આગેવાન ગોવિંદગુરૂ અને પુંજા પારગી સામે કાયદાકીય કાર્યવાહી કરી ત્યારબાદ આંદોલન દબાઈ ગયું. |

❀❀❀